પૂ. પૂર્વર્ષિ શ્રી ઉદયકલશ ગણીએ સંકલિત કરેલી
અદ્યાવધિ અપ્રગટ 'अवचूरि' વડે સમલંકૃત તથા
'પંચસૂત્ર પ્રકાશ' નામના ગુજરાતી વિવેચનથી સમૃદ્ધ

# पञ्चसूत्रम्




સંશોધક + વિવેચનકાર
**વિજય હિતવર્ધન સૂરી**

# 'સૂરિ રામચન્દ્ર'ની ૨૫ મી પુન્યતિથિ

**નિશ્રા :** હાલોલ જૈન સંઘ સમુદ્ધારક, ગીતાર્થ પ્રવર

**પૂ.આ.દે.વિ હિતવર્ધન સૂ.મ.**














## પ્રસંગે હાલોલ જૈન સંઘમાં ઉજવાયો,

# ૨૫ દિવસીય મહા મહોત્સવ

### સમગ્ર મહોત્સવનું

## વિહંગાવલોકન

૨૫ દિવસીય મહોત્સવનો પરિચય કરાવતાં મહોત્સવના 'લોગો' સહિતના સ્ટીકર ઢગલાબંધ કારોમાં લાગતાં મહોત્સવની સુગંધ ગામ-પરગામ ફેલાઈ.

રોજે વિરમગામની શહનાઈના સૂરો ત્રણ ટાઈમ ગુંજી ઉઠતાં...

૨૫ સે દિવસ પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ થઈ.

પ્રથમ ત્રણ દિવસ ગુણાનુવાદ સભાઓ થઈ અને ૨૪માં દિવસે સમાપન ગુણાનુવાદ સભા યોજાઈ.

મહોત્સવના તમામ મોટા અનુષ્ઠાનોના આદેશ ઉંચી રકમના ચડાવા પૂર્વક અપાયાં...

બે માસક્ષમણના પારણા મહોત્સવ દરમ્યાન થયાં.

૨૨ પ્રાચીન પૂજાઓ, બે પ્રાચીન મહાપૂજનો, ભવ્ય સ્નાત્ર મહોત્સવ અને 'નેમિનાથ કથા' જેવું અનુષ્ઠાન તેમજ અતિભવ્ય રથયાત્રા તથા મહાપૂજા યોજાઈ.

બે પુસ્તકોના પ્રકાશન અને ૧ મુમુક્ષુની વર્ષીદાન યાત્રા મહોત્સવ દરમ્યાન યોજાઈ.

પૂર્વનિર્ધારિત ૫ + ૨ = ૭ સ્વામીવાત્સલ્યો ૨૫ દિવસમાં થયાં.

રાજમાર્ગ અને શેરીના શણગાર, વિશાળ મંડપ અને આકર્ષક સ્ટેજ સજાવટ...

રોજે પૂજા-પૂજનોમાં સુંદર પ્રભાવનાઓ

પાંચ-પાંચ દિવસ માટે ક્રમસર ૫ નામી સંગીતકારોએ રમઝટ જમાવી.

અંતિમ ૧૦ દિવસો માટે 'સૂરિરામચંદ્ર જીવન દર્શની' નામે ૧૪ રંગોળીઓ અને ૧૦ હાલતી-ચાલતી રચનાઓ ધરાવતું સ્પેશ્યલ એક્ઝિબીશન ગોઠવવામાં આવ્યું.

૨૫ સે ૨૫ દિવસ પ્રવચનસભામાં 'સૂરિરામચંદ્ર'ને શ્રદ્ધાંજલિ આપતાં અલગ-અલગ ગીતો નામી સંગીતજ્ઞો દ્વારા પ્રસ્તુત થયાં.

રોજે વ્યાખ્યાનમાં ૭૦૦-૮૦૦ અને પૂજામાં ૬૦૦-૭૦૦ની હાજરી.

।। नमामि शंखेश्वर पार्श्वनाथम् ।।

।। नमामि नित्यं गुरु रामचन्द्रम् ।।

**પૂ. પૂર્વર્ષિ શ્રી ઉદયકલશ ગણીએ સંકલિત કરેલી**
**અદ્યાવધિ અપ્રગટ 'अवचूरि' વડે સમલંકૃત તથા**
**'પંચસૂત્ર પ્રકાશ' નામના ગુજરાતી વિવેચનથી સમૃદ્ધ**

# पञ्चसूत्रम्

ડિબાર - ૫

**વિવેચનકાર - સંશોધક - સંપાદક**


તપાગચ્છાધિપતિ, ૩૭૮ દીક્ષાદાનેશ્વરી,
પ.પૂ.આ.દે.શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય
પ.પૂ.આ.દે.શ્રી વિજય નયવર્ધન સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય
પૂ.ગુરૂદેવ શ્રી ભવ્યવર્ધન વિજયજી મ.સા.ના શિષ્ય
પૂ.ગુરૂદેવ શ્રી મંગલવર્ધન વિજયજી મ.સા.ના શિષ્ય
**પૂ.આ.ભ.શ્રી.વિ. હિતવર્ધન સૂરી મ.સા.**



**પ્રકાશક + પ્રાપ્તિ સ્થાન :**

**કુસુમ-અમૃત ટ્રસ્ટ**

શાંતિનગર, અલકાપુરી સોસા., વાપી(વે.), પીન : ૩૯૬૧૯૧

# ગ્રંથ પરિચય

| | |
|---|---|
| ✻ ગ્રંથનું નામ | : પઞ્ચસૂત્રમ્ |
| ✻ ગ્રંથકાર મહર્ષિ | : પ્રાયઃ પૂર્વધર ચિરંતનાચાર્ય |
| ✻ ગ્રંથની ભાષા | : પ્રાકૃત – અર્ધમાગધી |
| ✻ અવચૂરી કાર | : પૂ. ઉદયકલશ ગણિવર |
| ✻ અવચૂરીની ભાષા | : સંસ્કૃત |
| ✻ અવચૂરી રચનાનો સમય | : પ્રાયઃ વિક્રમની ૧૮મી શતાબ્દી |
| ✻ ગુજરાતી વિવેચનનું નામ | : 'પંચસૂત્ર પ્રકાશ' |
| ✻ અવસૂરીના સંશોધક + વિવેચનકાર+ બંનેના સંપાદક | : પૂ. પંન્યાસ શ્રી હિતર્વધન વિ. ગણી |
| ✻ અવચૂરી સંશોધનનો સંવત | : વિ.સં. ૨૦૭૦/ઈ.સ.૨૦૧૪ |
| ✻ ગુજરાતી વિવેચનનો લેખન સંવત | : વિ.સં. ૨૦૭૩/ઈ.સ. ૨૦૧૭ |
| ✻ ઐતિહાસિક નિરીક્ષણ | : પૂ. ઉદયકલશ ગણી વડે રચાયેલી આ અવચૂરિ હસ્ત લિખિત પ્રતોના સંશોધન પૂર્વક પ્રથમવાર પ્રગટ થઈ રહી છે. |


આવૃત્તિ : પ્રથમ / પ્રતઃ ૧૦૦૦

પ્રકાશન દિન અને સ્થળ : વિ.સં. ૨૦૭૪, માગશર વદ-૧, તા.૪-૧૨-૨૦૧૭
સંશોધક પૂજ્યશ્રીને સૂરીપદ પ્રદાન પ્રસંગે
કચ્છ-વાગડ સા. ધર્મશાળા, પાલીતાણા.


**સૂચના :** પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન મહદંશે જ્ઞાનદ્રવ્ય વડે થયું છે તેથી ગૃહસ્થે ગ્રંથ વસાવવો હોય તો રૂા. ૧૨૦ અને સ્વાધ્યાય માટે યોગ્ય નકરો જ્ઞાન ખાતામાં ભરવો આવશ્યક છે.

# દ્રવ્ય સહયોગી

## શ્રી નવકાર આરાધના ભવન
## હાલોલ જૈન સંઘ-હાલોલ

## વંદેમાતરમ્ સીટી જૈન સંઘ
ગોતા, અમદાવાદ.

અપ્રગટ અવચૂરિ અને સાંગોપાંગ વિવેચન યુક્ત પ્રસ્તુત પઞ્ચસૂત્રમ્ ગ્રંથના પ્રકાશનમાં પોતાના જ્ઞાનખાતાની વિશાળ રાશિનો સદ્વ્યય કરનારા ઉપરોક્ત બંને સંઘોની વારંવાર પ્રશંસા અને અનુમોદના કરીએ છીએ.

લી.

**કુસુમ-અમૃત ટ્રસ્ટ-વાપી**

જે હસ્ત પ્રતના આધારે પ્રસ્તુત ગ્રંથમાં પ્રગટ થયેલી 'અવચૂરિ'નું સંશોધન થયું છે
તે હસ્તપ્રતના પ્રથમ પૃષ્ઠની તસવીર...



પ્રસ્તુત ગ્રંથમાં પ્રગટ થયેલી 'अवचूरि' નું સંશોધન જે હસ્તપ્રતના આધારે થયું છે
તે હસ્તપ્રતના અંતિમપૃષ્ઠની તસવીર...



# પ્રસ્તાવના

## ॐ નમસ્કાર છે, આ મહાશાસ્ત્રને !

જે મહાશાસ્ત્રના પ્રત્યેક શબ્દમાં જિનાજ્ઞા ખાતર ન્યોચ્છાવર થવાનો થનગનાટ છે, શાસ્ત્રાભ્યાસથી પરિકર્મિત બનેલી બુદ્ધિના પ્રમાણો છે, આત્માર્થી વ્યક્તિનું મુખરિત બનેલું ચિત્તતંત્ર છે, ગણધર અને શ્રુતકેવલી ભગવંતના હૃદયનો રણકાર છે, લઘુકર્મીપણાની પ્રાપ્તિ અને પ્રગતિનો અનન્ય ઉપાય છે અને મોક્ષની તદાકાર થયેલી પ્રીતનો પરમ સ્વર છે... એવું આ મહાશાસ્ત્ર છે **શ્રી પઞ્ચસૂત્રમ્ ।**

**પઞ્ચસૂત્રમ્ ।** શબ્દથી જૈન સંઘમાં કોણ અજાણ્યું હશે ? પ્રાયઃ કોઈ નહીં ! **પઞ્ચસૂત્રમ્** નાં પાંચે પાંચ સૂત્રના પદાર્થોનો ખ્યાલ ઓછાને હશે પરંતુ પ્રથમ સૂત્રના પદાર્થોનો બોધ તો અનેકોને થયેલો જ હશે.

## ॐ સંશોધન અને વિવેચનની ભીંતરમાં

આ **પઞ્ચસૂત્રમ્** ઉપર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, સમર્થ શાસ્ત્રકાર, પૂ. પૂર્વાચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ વિસ્તૃત ટીકા લખી છે અને તેમાં ઈતર ગ્રંથોના અનેક પદાર્થોનું યોગ્ય સંમિશ્રણ કરીને તેમજ પુષ્કળ તર્કો આપીને મૂળગ્રંથના પદાર્થોનું આર-પાર સ્પષ્ટીકરણ કર્યું છે.

આ મહાપુરૂષની ટીકા કેટલાંક અંશે વિસ્તૃત અને દુર્બોધ પણ છે તેથી ઉત્કૃષ્ટ ક્ષયોપશમ નહીં ધરાવનાર આરાધકો માટે તેનું અવગાહન મુશ્કેલ બની રહે છે. જેઓ તે ટીકાનો સ્વાધ્યાય કરે છે તે પૈકી પણ અનેક શ્રમણો-પંડિતો માટે ટીકાના પદાર્થને સાંગોપાંગ સમજવા કઠિન થઈ પડે છે.

**पञ्चसूत्रम्** ના પ્રથમ સૂત્ર ઉપર વિસ્તૃત વિવેચનોના પુસ્તકો દશ-પંદર વર્ષો પૂર્વે જ્યારે જોવા મળતાં ત્યારે મને મનોરથ થયેલો કે પાંચે પાંચ સૂત્ર ઉપર, પદાર્થોનો ઉંડાણભર્યો સ્પર્શ કરાવી દેતી પરંતુ સરળ સંસ્કૃત ટીકા લખવી છે અને તેના આધારે પાંચે સૂત્રોનું સુબોધ ગુજરાતી વિવેચન પણ તૈયાર કરવું છે.

યોગાનુયોગ તે સમયગાળા દરમ્યાન એટલે કે વિ.સં. ૨૦૫૮માં મારે પ્રાચીન લિપિનો અભ્યાસ પણ થયેલો અને તેની પુષ્ટિ માટે અપ્રગટ **सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથનું સંશોધન-સંપાદન કર્યું.

તે ગ્રંથ ઉપર એક પણ ટીકાગ્રંથ ઉપલબ્ધ ન હતો તેથી સૌ પ્રથમ **सम्यक्त्वरहस्य प्रकरणम्** ઉપર સંસ્કૃત ટીકા રચીને **पञ्चसूत्रम्** ઉપર ટીકા રચવાનું વિચાર્યું.

**सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથ ઉપર કંઈક વિસ્તૃત ટીકા વિસ્તૃત ભાવાનુવાદ સાથે તૈયાર કરી. વિ.સં. ૨૦૬૬માં તે સટીક ગ્રંથ પ્રગટ થઈ ચૂક્યો છે. તે પછી પણ **पञ्चसूत्रम्** નું કાર્ય હાથ ધરી શકાયું નહીં કેમકે **सुमतिसम्भवमहाकाव्यम्** નામનો એક ગ્રંથ અપ્રગટ હતો, તેની અધૂરા સંશોધનવાળી પ્રત મને શાસન પ્રભાવક, પૂ.આ.ભ. શ્રી વિ. મુનિચન્દ્ર સૂ.મ.એ મોકલી તેમજ અનુરોધ કર્યો કે આ મહાકાવ્ય કઠિન છે, અપ્રગટ છે, આ ગ્રંથ પર ટીકા રચો તો સારું.

સહજતયા તે ગ્રંથમાં પ્રવેશ કરવાનું બન્યું. લુપ્તપાઠોની પૂર્તિ કરીને અને અવશિષ્ટ રહેલું સંશોધન પૂર્ણ કરીને ટીકા રચવાનો પ્રયાસ શરૂ કર્યો.

**सुमतिसम्भवमहाकाव्यम्** ઉપર ૨૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા અને સટીક ભાવાનુવાદનું લેખન કાર્ય લાંબા શ્રમ પૂર્વક પૂર્ણ કર્યું. જેનું પ્રકાશન વિ.સં. ૨૦૬૯માં થઈ ગયું છે.

બરાબર, વિ.સં. ૨૦૬૯માં જ અમારા સાધ્વીવૃંદને પ્રાચીન લિપિનો અભ્યાસ કરાવવાનો થયો. અભ્યાસ થયા પછી લિપ્યંતરના કાર્યમાં તેઓને પ્રવૃત્ત કરવા માટે અપ્રગટ પ્રાચીન ગ્રંથોની સૂચિ મેં મંગાવી. ૮૦૦ થી વધુ અપ્રગટ પ્રાચીન ગ્રંથોની યાદી મને મળી.

પ્રસ્તુત સૂચિમાં **पञ्चसूत्रम्** ઉપર પૂ. ઉદયકલશ ગણીએ રચેલી **अवचूरि** ની નોંધ દષ્ટિગોચર બની. આ અવચૂરિ અંગે મને જિજ્ઞાસા જાગી. **अवचूरि** ની હસ્તપ્રતો મંગાવી તેનું લિપ્યંતર કરાવ્યું. તે પછી તેનું અવગાહન શરૂ કર્યું ત્યારે જેમ-જેમ અવગાહન આગળ વધતું ગયું તેમ તેમ ચિત્ત પ્રમુદિત બનતું ચાલ્યું કેમકે પ્રસ્તુત **अवचूरि** નૂતન રચના ન હતી પરંતુ યાકિની મહત્તરા સુનુ, પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ.મ.એ **पञ्चसूत्रम्** ઉપર જે ભવ્ય ટીકા લખી છે તેના જ સારભૂત પદાર્થોનું તે જ ટીકાના સાર શબ્દો દ્વારા થયેલું સંકલન હતું. મારો મન મયૂર નાચી ઉઠ્યો. મારો જે મનોરથ હતો કે પંચસૂત્રની બૃહત્ ટીકાના ઉંડા પદાર્થોને સાધારણ ક્ષયોપશમ ધરાવનારાના ગળે પણ ઉતારી દે તેવી સરળ ટીકા લખવી છે. તે કાર્ય થોડી અલગ શૈલિથી અહીં સંપન્ન થતું દેખાયું.

## ૐ સંશોધન અને વિવેચન : નિર્ણયથી અમલીકરણ સુધી...

તત્ક્ષણ નિર્ણય કર્યો કે પ્રસ્તુત અપ્રગટ **अवचूरि** નું સંશોધન કરવું છે, તે પછી તેનું ગુજરાતી વિવેચન પણ એ રીતે લખવું છે કે **अवचूरि** ના પદાર્થો

તો સ્પષ્ટ થાય, ક્યાંક **અવચૂરિ** માં સમાવેશ નહીં પામેલાં પરંતુ બૃહત્ ટીકામાં વર્ણવાયેલાં હોય તેવા અગત્યના પદાર્થોનું પણ સાંગોપાંગ સ્પષ્ટીકરણ થઈ જાય.

પ્રથમ **અવચૂરિ** નું સંશોધન શરૂ કર્યું. સંશોધન કાર્ય તો વિ.સં. ૨૦૭૦માં પ્રારંભ્યું અને પૂર્ણ પણ કર્યું પરંતુ અન્ય કાર્યોની વ્યસ્તતાના કારણે ગુજરાતી વિવેચનના પ્રારંભમાં જ બે વર્ષનો સમય વ્યતીત થઈ ગયો.

અંતે વિ.સં. ૨૦૭૩માં ચૈત્ર વદ-૧૦ના દિને શ્રી પાનસર તીર્થમાં તીર્થાધિપતિ શ્રી વીરપ્રભુની આજ્ઞા ગ્રહણ કરીને વિવેચન લખવાની શરૂઆત કરી અને વૈશાખ સુદ-૫ના દિને કલિકાલ કલ્પતરૂ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની મધુર છત્રછાયા પામીને તે કાર્યનો વેગ વધાર્યો. શ્રીમત્ શંખેશ્વર પ્રભુના પ્રસાદથી વિવેચનનું લેખન જેઠ સુદ-૯ના રોજ સંપન્ન થયું.

## ૐ ગ્રંથકાર અંગેનો પ્રચલિત અભિપ્રાય વિચારણીય છે !

**પઞ્ચસૂત્રમ્** ના કર્તા કોણ છે ? તેનો નિર્ણય થઈ શકે તેમ નથી કારણ કે તે માટે આવશ્યક બને તેવી ઈતિહાસ સામગ્રી પર્યાપ્ત પ્રમાણમાં ઉપલબ્ધ બનતી નથી.

વર્તમાનકાળમાં કેટલાંક સંશોધનકાર સૂરિ ભગવંતોએ એવો દાવો કર્યો છે અને તે દાવાને લિખિતમાં વસ્તુસ્થિતિ તરીકે પણ મુદ્રિત કરી દીધો છે કે **પઞ્ચસૂત્રમ્** ના રચયિતા ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા, પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ. મ. છે પરંતુ આ દાવો વસ્તુસ્થિતિથી વિપરીત જણાઈ રહ્યો છે અને તેના બે કારણો છે.

૧. પ્રસ્તુત ગ્રંથ પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ. મ.ની કૃતિ છે તેવો નિર્ણય કરી આપતું કોઈ પ્રમાણ, ઉલ્લેખ કે પ્રશસ્તિ અદ્યાપિ પ્રાપ્ત થતાં નથી.

૨. ગ્રંથની વર્ણન શૈલી પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ. મ. કૃત ગ્રંથોની વર્ણન શૈલી કરતાં ભિન્ન પ્રકારની છે, ફક્ત પાંચની સંખ્યામાં ગ્રંથના અભિધેયને વિભાજિત કરીને ગ્રંથ બનાવ્યો છે અને એથી '**पञ्चसूत्रम्**' એવું ગ્રંથનું નામ પ્રસારિત થયું છે, એટલી જ હકીકત પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ.મ.ની ગ્રંથ રચના શૈલી સાથે સામ્ય ધરાવે છે. તે સિવાય ઉક્ત સૂરિ ભગવંતના ઉપલબ્ધ અનેક ગ્રંથોમાં વર્ણન કરવાની જે પરિપાટી જોવા મળે છે તે અહીં **पञ्चसूत्रम्** માં દૃષ્ટિ ગોચર બનતી નથી.

ગ્રંથકારનું નામ ન મળતું હોય ત્યારે ગ્રંથકારનો નિર્ણય કરવા માટે ગ્રંથની વર્ણનશૈલિ વધુ અગત્યનું પરિબળ બને છે, નહીં કે ફક્ત ગ્રંથનું નામ નિર્ણીત કરવાની પદ્ધતિ.

**पञ्चसूत्रम्** એવું નામ પૂ.આ.ભ.શ્રી હરિભદ્ર સૂ.મ.એ પંચાશક, પંચવસ્તુ વિગેરે ગ્રંથોના નામ જે પરિપાટીથી નિર્ણીત કર્યા છે તે પરિપાટીને અનુસરીને પ્રચારિત થયેલું છે એ માત્રથી આ ગ્રંથ તેઓશ્રીજીનો રચેલો છે તેવું કહી દેવું થોડું વધુ પડતું કહેવાશે.

## ॐ ગ્રંથકાર અંગે અનુમાન :

**पञ्चसूत्रम्** માં નિરૂપણની જે શૈલિ સાતત્યપૂર્ણ રીતે દૃષ્ટિ ગોચર બને છે તે શૈલિ પૂર્વધર સૂરિ પુંગવોએ રચેલાં સૂત્રોની શૈલિ સાથે ખૂબ નજીકનું સામ્ય ધરાવે છે.

આ મજબૂત Slebના આધારે એવું અનુમાન નકારી નથી શકાતું કે પ્રસ્તુત **पञ्चसूत्रम्** કોક પૂર્વધર મહાપુરૂષની કૃતિ હોઈ શકે છે.

ઉદાહરણો : ...

- ગ્રંથમાં ક્યાંય ગ્રંથકર્તાનો નામોલ્લેખ નથી.

- પાંચે સૂત્રમાં વિષય અલગ-અલગ હોવા છતાં તે-તે વિષય સંબંધી અનેક પદાર્થો પૈકી કોઈ એક જ પદાર્થને તમામ સ્થળે ખૂબ ઉંડાણથી વિસ્તારવામાં આવે છે.
- સૂત્રોના પ્રારંભ સાથે જ વિષયના મધ દરિયે પદન્યાસ થઈ રહેલો નજરે પડે છે.
- સૂત્રમાં વપરાયેલી પ્રાકૃતભાષા પણ તે તરફ ઈશારો કરે છે.
- પદાર્થો અને દૃષ્ટાન્તોના સમકાલીન ઈતિહાસ તેમજ તત્ત્વો પણ કંઈક ઈંગિત કરે છે.
- આ બધી જ બાબતોને આપણે શ્રુત કેવળી પૂર્વધરો તેમજ શેષ પૂર્વધરોએ રચેલાં ગ્રંથો સાથે સરખાવીએ ત્યારે તે સૌમાં અને **पञ्चसूत्रम्** ની ઉક્ત શૈલિમાં એક સમાન સામ્ય નજરે ચડે છે. આથી એવું અનુમાન કરી શકાય કે પ્રસ્તુત **पञ्चसूत्रम्** પણ કોક પૂર્વધર મહાપુરૂષની અમર કૃતિ હોવી જોઈએ.
- અલબત્ત, આ એક અનુમાન છે, નિર્ણય નહીં !

## ॐ अवचूरिकार મહર્ષિ, તેમની ગુરૂ પરંપરા અને સંવત્સર :

**अवचूरि** ની જે હસ્તપ્રત મળી છે તેમાં જ અંત ભાગે અવચૂરિકાર મહર્ષિ અને તેમની પરંપરાનો ઉલ્લેખ થયેલો છે. તદનુસાર આ અવચૂરિ પૂ. પૂર્વર્ષિશ્રી ઉદયકલશ ગણીએ સંકલિત કરેલી છે.

અવચૂરિકાર મહર્ષિએ પોતાના ગુરૂભગવંત અને ગુરૂ પરંપરાના નામો તો નથી આપ્યાં પરંતુ **भट्टारकश्रीज्ञानसागरसूरिपादकमलोपासकेन उदयकलशगणिना लिखितेयम्** એવો ઉલ્લેખ કર્યો છે. આ ઉલ્લેખ પરથી એવું માની શકાય કે અવચૂરિકાર મહર્ષિ શ્રી જ્ઞાનસાગર સૂ.મ.ના નિશ્રાવર્તી હશે.

અવચૂરિ રચનાનો સંવત્સર હસ્તપ્રતમાં દર્શાવ્યો નથી પરંતુ પ્રાપ્ત થયેલ હસ્તપ્રત વિક્રમના અઢારમાં સૈકાની છે અને તે અવચૂરિકારશ્રીએ સ્વયં લખેલી હોય તેવી પણ સંભાવના છે કેમકે લહિયાનું નામ અલગથી લખાયેલું નથી... આથી ગ્રંથકારનો અસ્તિત્વકાળ વિક્રમની અઢારમી શતાબ્દી ગણીએ અને તે જ સમયમાં પ્રસ્તુત અવચૂરિ રચાયેલી હોવાથી તેનો સંવત્સર પણ અઢારમી શતાબ્દીની અંતર્ગત સમજીએ તેમાં આપત્તિ જણાતી નથી.

## ૐ 'પંચસૂત્રપ્રકાશ' વિવેચન અંગે...

પ્રસ્તુત **અવચૂરિ** નું સંશોધન થયાં પછી અમે જે ગુજરાતી વિવેચન લખ્યું તેનું '**પંચસૂત્રપ્રકાશ**' નામકરણ કર્યું છે.

આ વિવેચનમાં વિસ્તારગ્રાહી શૈલી નથી અપનાવી, સંક્ષેપગ્રાહી શૈલિ પણ નથી સ્વીકારી પરંતુ તે બંનેનો યથાસ્થાને સ્વીકાર કરનારી શૈલિ અપનાવી છે.

વિવેચનમાં મૂળ કે **અવચૂરિ** ના શબ્દમાત્રને પ્રાધાન્ય નથી આપ્યું પરંતુ તે શબ્દો વડે જે પરમાર્થી પદાર્થો જે પરમાર્થી ભાવોથી પ્રેરાઈને પ્રગટ કરાયાં છે તે પદાર્થો તે જ ભાવોને પ્રેરે તેવો શબ્દો વડે કંડારવાનો યથામતિ પ્રયત્ન કર્યો છે.

ક્યાંક અવચૂરિમાં જે પદાર્થ સ્થાન પામ્યો નથી કે પછી વધુ સ્પષ્ટ થયો નથી પરંતુ બૃહત્ ટીકામાં કે અન્ય ગ્રંથોમાં તે વિશેષ સ્પષ્ટ થયો છે તો તેવા પદાર્થોને બૃહત્ટીકા કે અન્ય ગ્રંથોના અભિપ્રાયની મર્યાદામાં રહીને વધુ સરળ અને સ્પષ્ટ કરવાનો પણ પુરૂષાર્થ કર્યો છે.

વિવેચનની ભાષા બને તેટલી સરળ રાખવાની મહેનત કરી છે અને જ્યાં જરૂરી નથી ત્યાં વિસ્તારના સ્થાને સંક્ષેપ પણ કર્યો છે.

આ બધું કરવા પાછળ એક જ અરમાન રહ્યો છે કે મૂળગ્રંથ અને બૃહત્‌ટીકાના અદ્‌ભૂત પદાર્થો સાધારણમતિ જીવોને વધુને વધુ સુગમ બને અને તેમના હૃદયમાં સોંસરવા ઉતરી જાય.

મારા આ પ્રયાસમાં અને વિવેચનમાં ક્યાંય ક્ષતિ રહી ગઈ હોય તો અધિકૃત ગીતાર્થોને વિનંતિ કરૂં છું કે તે તરફ મારૂં ધ્યાન દોરજો ! પરિમાર્જન કરજો !

## ॐ સંપાદન પદ્ધતિ :

* પાંચે સૂત્રોની શરૂઆત પહેલાં Full Page કોરા મૂકી જે-તે સૂત્રોના નામ High Light કર્યાં છે.

* સર્વત્ર પ્રથમ અવતરણિકા કે વિષય નિર્દેશિકા, તે પછી **મૂલ** ત્યારબાદ **અવચૂરિ** અને એ પછી ગુજરાતી વિવેચન આપ્યું છે.

* પંચસૂત્રની પ્રસ્તુત અપ્રગટ **અવચૂરિ** નું અમે જે સંશોધન કર્યું તેમાં જ્યાં-જ્યાં અમને પાઠ અધૂરા લાગ્યાં ત્યાં-ત્યાં અમે પાઠની પરિપૂર્તિ કરી છે અને એવી પૂર્તિ કરેલી મેટર [ ] કૌંસમાં મુકાવી છે.

  **ઉદા.(૧) પે. નં. ૪૦ : प्रशान्त [मति]ना पठितव्यम्** । પાઠ છે, અહીં **'मति'** શબ્દ અમે ઉમેર્યો છે કેમકે તેના વિના મૂળ પાઠ સંગત બને તેમ ન હતો.

  **ઉદા.(૨) પે. નં. ૪૩ :** ઉપર **कुशलानुबन्धि [नामु] दय विच्छेदेन** પાઠ છે. અહીં પણ **'नामु'** એટલાં અક્ષરની અમે પૂર્તિ કરી છે. આ જ રીતે સમગ્ર પુસ્તકમાં **मूलम्** તથા **अवचूरि** ની મેટરમાં જ્યાં-જ્યાં કૌંસ કરીને પાઠ આપ્યાં છે ત્યાં તેટલો પાઠ પૂર્તિ કરેલો છે તેમ સમજવું.

* **मूलम्** ના ટાઈપ વધુ મોટા, **अवचूरि** ના ટાઈપ તેથી નાના અને ગુજરાતી વિવેચનના ટાઈપ તેથી પણ નાના રખાવ્યાં છે.

* ટાઈપની બોલ્ડનેશ પણ ઉપરોક્ત રીતે ઉતરતા ક્રમે મૂકાવી છે.

* ગુજરાતી વિવેચનમાં મહત્વના શબ્દો, પદો કે પેરા બોલ્ડ ટાઈપમાં પ્રીન્ટ થયાં છે.

* પ્રત્યેક પેજ નીચે ફિગરમેટર મૂકાવી છે અને તેમાં એકી સંખ્યાના પેજમાં તે તે સૂત્રનો નામોલ્લેખ તેમજ બેકી સંખ્યાના પેજમાં પ્રસ્તુત ગ્રંથની પૂર્ણ વિગતને નિર્દેશતો નામોલ્લેખ કર્યો છે.

## ❁ ઉપસંહાર :

પ્રાંતે, અંતર્મુખ ભાવોના ઉર્ધ્વ શિખર પર બિરાજમાન થયેલાં કોક પરમયોગીની જ્ઞાનજ્યોતિ જેવાં આ ગ્રંથનો સ્વાધ્યાય મારા અને વાચકોના અંતસ્તલમાં આત્માર્થી પરિણામોનો ચિરંતન કલ્લોલ પેદા કરનારો બની રહો તેવી શુભાભિલાષા સેવું છું...

**-પંન્યાસ હિતવર્ધન વિજય ગણી**

વિ.સં. ૨૦૭૩, ભા.વ-૩,
વંદેમાતરમ્ સીટી, અમદાવાદ.

# पञ्चसूत्रम् ना गुजराती विवेचननो
# विषयानुक्रम

## ૧. પાપપ્રતીઘાત-ગુણબીજાધાન સૂત્ર


* સંસાર દુઃખરૂપ - દુખફલક - દુઃખાનુબંધી છે... ૨૩
* ભવ્યત્વ અને તથા ભવ્યત્વ... ૨૫
* તથા ભવ્યત્વ સાધ્ય કક્ષાના વ્યાધિ જેવું છે... ૨૬
* તથા ભવ્યત્વના પરિપાક માટેના ત્રણ સાધનો... ૨૭
* ચાર શરણનો સ્વીકાર... ૨૯
* દુષ્કૃત સેવનના ૧૫ સ્થાનો અને દુષ્કૃત ગર્હા... ૩૨
* ચાર પ્રાર્થના.. ૩૫
* ચાર પ્રણિધાન... ૩૬
* સુકૃત અનુમોદના... ૩૮
* ચાર પ્રકારે પ્રણિધાન વિશુદ્ધિ... ૪૧
* મોહ સંસ્કારોને દૂર કરનારી ચાર ભાવનાઓ... ૪૩
* ચાર પ્રકારના આંતરિક લાભો આ સૂત્રથી મળે છે... ૪૮
* અમોઘ રસાયણનું દૃષ્ટાંત... ૪૯

## ૨. સાધુ ધર્મ પરિભાવના સૂત્ર


* ધર્મનું આઠ પ્રકારે પરિભાવન... ૫૭
* ધર્મ ગુણો પાંચ છે... ૫૯
* ધર્મની યતના માટે જરૂરી ત્રણ બાબતો.. ૬૦
* જિનાજ્ઞાને ચાર ઉપમાઓ... ૬૧
* ધર્મના પાલન માટે જરૂરી નવ પ્રકારની ઉચિત કરણીઓ... ૬૪
* ધર્મમિત્રના સેવન માટેના ચાર દષ્ટાંતો... ૬૯
* ધર્મમિત્ર પ્રત્યે પાંચ પ્રકરણનું ઔચિત્ય... ૭૧
* મુમુક્ષુ માટેની ૧૩ અકરણીય કરણી... ૭૫
* ધર્મ, મૂડી, ભોગ અને પરિવાર... કોને કેટલાં ટકા ?... ૭૭
* પરિવાર પ્રત્યે શ્રાવકની ચાર ફરજ... ૭૮
* ગૃહસ્થનું દિગ્બંધન થઈ શકે ?... ૮૨
* કર્તવ્ય સ્મરણ અને ધર્મજાગરિકા... ૮૪
* મૃત્યુના ચાર દોષો અને ધર્મના ચાર ગુણો... ૮૪


## ૩. પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ સૂત્ર


* અન્યને દુઃખ પહોંચાડ્યાં વિના દીક્ષા લે !... ૯૨
* દીક્ષાની અનુમતિ માટે માત-પિતાને પ્રતિબોધ શી રીતે આપવો ?... ૯૨
* સ્વજનોની સાથે સંયમ લેવું તે પ્રથમ ઉપાય છે... ૯૯
* માત-પિતા દીક્ષા લેવા માટે તૈયાર ન થાય તો શું કરવું ?... ૧૦૪
* તો માયાનું સેવન કરીને મા-બાપની સંમતિ લેવી... ૧૦૫
* છેલ્લો ઉપાય : મા-બાપની ના સંમતિ છતાં દીક્ષા લઈ લો !... ૧૦૬
* આ રીતની દીક્ષાની યોગ્યતાને સિદ્ધ કરતું **ગ્લાનૌષધન્યાય** નું હૃદયભેદી દષ્ટાંત... ૧૦૭

* દૃષ્ટાંતનો ઉપનય... ૧૦૮
* વીરપ્રભુના 'દીક્ષા નહીં' અભિગ્રહનું રહસ્ય... ૧૧૩
* દીક્ષા ગ્રહણપૂર્વેનો વિધિ અને 'પ્રવ્રજ્યા' શબ્દનો અર્થ... ૧૧૩

## ૪. પ્રવ્રજ્યા પરિપાલન સૂત્ર

* તો જ દીક્ષાનું પાલન થઈ થકે... ૧૧૮
* આગમના અભ્યાસ માટે જરૂરી ૧૪ ગુણો... ૧૧૯
* મંત્ર દૃષ્ટાંત અને તનો ઉપનય... ૧૨૧
* શ્રુતની અનારાધનાના ત્રણ પ્રકારો... ૧૨૪
* માર્ગાનુગામીને એકાંતે અનારાધના ન હોઈ શકે !... ૧૨૬
* વિરાધના પૂર્વકનું શ્રુત પણ લાભ કરાવે !... ૧૨૬
* માર્ગાનુગામીને શ્રુત વિરાધનાથી પણ ત્રણ લાભો !... ૧૨૭
* સબીજ સાપાય યોગી અને સબીજ નિરપાય યોગી... ૧૩૧
* શ્રુત આરાધકના બે પ્રકારો... ૧૩૩
* શ્રુત પ્રાપ્તિ : બે રીતે !... ૧૩૩
* ચારિત્ર એટલે આશ્વાસ દ્વીપ / આશ્વાસ દ્વીપનો ઉપનય... ૧૩૪
* જ્ઞાન એટલે પ્રકાશદીપ / પ્રકાશદીપનો ઉપનય... ૧૩૫
* બેમાં અપાય રહિત કોણ ? / પ્રયત્ન ક્ષાયિકભાવ માટે !... ૧૩૭
* અસાધ્ય દર્દીનું અદ્‌ભુત દૃષ્ટાંત અને તેનો ઉપનય... ૧૪૨
* ગુરૂ બહુમાન વિનાનું સંયમપાલન કેવું ?... ૧૫૦
* ગુરૂ બહુમાન ભાવ જ મોક્ષ છે !... ૧૫૧
* તેજો લેશ્યાની વૃદ્ધિનો ક્રમ... ૧૫૨
* તેજો લેશ્યા તેમજ શુકલ-શુક્લાભિભત્યનો અર્થ... ૧૫૩
* લોક સંજ્ઞાનું સ્વરૂપ અને તેનો ત્યાગ... ૧૫૪
* 'ગુરૂ બહુમાન' નો મહિમા... ૧૫૯

* ગુરૂ બહુમાન રહિત આત્મા ધર્મક્ષેત્રમાં અનધિકારી છે ... ૧૬૦
* બીજ એટલે શું અને બીજનું બીજ એટલે શું ?... ૧૬૧

## ૫. પ્રવ્રજ્યા ફલ સૂત્ર

* પ્રવ્રજ્યાનું ફળ મોક્ષ છે... ૧૬૮
* પદાર્થોને સાપેક્ષ આનંદ સાર્વત્રિક દુઃખવાળો છે ! ૧૭૦
* સિદ્ધભગવંતોનો આકાશ સાથે સંયોગ કેમ નહીં ?... ૧૭૨
* વ્યહારનયનો અભિપ્રાય ભિન્ન છે... ૧૭૩
* સિદ્ધોનું અનુભવ ગમ્ય સુખ શબ્દ ગમ્ય શી રીતે બન્યું ?... ૧૭૪
* મોક્ષસુખને સમજાવતું દૃષ્ટાંત અને ઉપનયઃ ... ૧૭૯
* તથાભવ્યત્વ **तथाफलपरिपाकी** છે... ૧૮૧
* અનેકાંતવાદ અને એકાંતવાદ... ૧૮૨
* અનાદિ કર્મબંધની સિદ્ધિ... ૧૮૩
* કર્મબંધ, આત્મા, સંસાર અને મુક્તિ અંગે પક્ષ-વિપક્ષની રોમાંચક દલીલો... ૧૮૬-૧૮૮
* કર્મ એ કોઈ કાલ્પનિક પદાર્થ નથી કે આત્મા પણ નથી... ૧૯૦
* બૌદ્ધને કરારી જવાબો... ૧૯૧
* સિદ્ધો ક્યાં રહે છે ? કેવી રીતે ત્યાં ગમન કર્યું. ?... ૧૯૯
* તો સંસારનો અંત થઈ નહીં જાય ? ૨૦૦
* ભવ્યો અભવ્યથી જુદાં શી રીતે ? ૨૦૧
* દીક્ષા પ્રદાન વ્યવહારનયથી થાય છે... ૨૦૨
* જિનાજ્ઞા અપુનર્બંધકને જ આપવી !... ૨૦૨
* ભવાભિનંદીને દીક્ષા ન આપવામાં **'કરૂણા'** છે... ૨૦૩
* ઉપસંહાર.... ૨૦૪

1

# अथ पापप्रतीघात-गुणबीजाधानसूत्रम् ।

✽ अवचूरिः ।

पापप्रतिघातगुणबीजाधानसूत्रादीनि पञ्चसूत्राणि । न हि प्रायः पापप्रतिघातेन विना गुणबीजाधानं तत्त्वतस्तच्छ्रद्धाभावप्ररोहः, न चाऽसत्यस्मिन् साधुधर्मपरिभावना, न चाऽपरिभावितसाधुधर्मस्य प्रव्रज्याग्रहणविधावधिकारः, न वा [ चाऽ ] प्रतिपन्नस्तां तत्प्रति-पालनाय, न चाऽपालने तत्फलमवाप्नोति ।

✽ 'પંચસૂત્ર પ્રકાશ' :

પ્રસ્તુત ગ્રંથનું નામ પંચસૂત્ર છે. પંચસૂત્ર એવું નામ એટલાં માટે સૂચિત થયું છે કે આ ગ્રંથમાં 'પાપપ્રતિઘાત-ગુણબીજાધાન' વિગેરે અલગ અલગ પાંચ સૂત્રો રહેલાં છે.

૧. પાપપ્રતિઘાત-ગુણબીજાધાન સૂત્ર,
૨. સાધુધર્મ પરિભાવના સૂત્ર,
૩. પ્રવ્રજ્યા ગ્રહણવિધિ સૂત્ર,
૪. પ્રવ્રજ્યાપરિપાલન સૂત્ર,
૫. પ્રવ્રજ્યા ફલ સૂત્ર

આ પાંચ સૂત્રો એક પછી બીજા ક્રમે શા માટે ગોઠવવામાં આવ્યાં તેનું પણ ગૂઢ કારણ છે. તે આ પ્રમાણે -

(૧) જ્યાં સુધી પાપના છેદ દ્વારા ગુણનું બીજ સ્થપાતું નથી ત્યાં સુધી તાત્ત્વિક રીતે **तत्छ्रद्धा** = ગુણની શ્રદ્ધાનો પરિણામ જ ઉગતો નથી તેથી **पञ्चसूत्र** ના પહેલાં સૂત્રમાં પાપના ક્ષય દ્વારા ગુણના બીજનું સ્થાપન કરવાનો ઉપદેશ અપાયો છે.

(૨) ગુણની શ્રદ્ધાનો પરિણામ જ્યાં સુધી પ્રગટે નહીં ત્યાં સુધી સાધુધર્મનો મનોરથ પણ થતો નથી તેથી બીજા સૂત્રમાં સાધુધર્મની પ્રાપ્તિના મનોરથનો ઉપદેશ અપાયો છે.

(૩) સાધુપણાનો મનોરથ જેમને પરિણમ્યો નથી તેમને સાધુધર્મ સ્વીકારવાનો અધિકાર જ નથી તેથી સાધુધર્મના સ્વીકારનો વિધિ ત્રીજા નંબરના સૂત્રમાં વર્ણવવામાં આવ્યો છે.

(૪) દીક્ષાનું પરિપાલન તે કરી શકે જેણે વિધિપૂર્વક તેનો સ્વીકાર કર્યો હોય માટે તેના પરિપાલનનો વિધિ ચોથા સૂત્રમાં દર્શાવ્યો છે.

(૫) દીક્ષાનું પાલન નથી કર્યું તેને દીક્ષાનું ફળ મળે તે શક્ય નથી તેથી તેના ફળનો વિષય પાંચમા સૂત્રમાં ઉપદેશ્યો છે.

❃ मूलम् ।

**णमो वीयरागाणं सव्वण्णूणं देविंदपूइयाणं जहट्ठियवत्थुवाईणं तेलोक्कगुरुणं अरुहंताणं भगवंताणं जे एवमाइक्खंति - इह खलु अणाइजीवे, अणाइजीवस्स भवे अणाइकम्मसंजोगणिव्वत्तिए, दुक्खरूवे, दुक्खफले, दुक्खाणुबंधे ।**

❃ अवचूरिः ।

णमो वीयरागाणमित्यादि, नमो वीतरागस्य [ गेभ्यः ] एतच्च वीतद्वेष-मोहोपलक्षणं, 'जे एवमाइक्खन्ति' ये वीतरागादिविशेषेण विशिष्टा एवमिति वक्ष्यमाणमाचक्षते । अनादिजीवस्य भवः संसारः, किंकृतोऽयमित्याह - अनादिकर्मसंयोगनिर्वर्तितः । अथ भेदं विशिष्यते, दुःखरूपो जन्म-जरा-मरणादिरूपत्वात् एतेषाञ्च

दुःखत्वात्, दुःखफलो गत्यन्तरेऽपि जन्मादि भावात्, दुःखानु-बन्धोऽनेकभववेदनीय कर्माऽऽवहत्वात् ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

જેમના રાગ, દ્વેષ કે અજ્ઞાન સર્વથા ક્ષય પામી ગયાં છે તેવા ભગવંતને નમસ્કાર થાઓ !

તે ભગવંત કેવા છે ?

- જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ વિચ્છેદ થયો હોવાથી 'સર્વજ્ઞ' છે.
- 'પૂજાતિશય' વિગેરે અતિશયોથી મંડિત બનેલા હોવાથી 'દેવેન્દ્રપૂજિત' છે.
- હંમેશાં સાચું જ કહેનાર હોવાથી 'યથાર્થવાદી' છે.
- ત્રણે લોકના ભવ્યોનો યોગ ક્ષેમ તેમના વડે થાય છે માટે તેઓ 'ત્રિલોકગુરુ' છે.
- તેમના ઘાતીકર્મો ફરી ઉદય પામનાર ન હોવાથી તેઓ **'अरूहन्'** છે.

આવા વીતરાગ ભગવંતો કહી રહ્યાં છે કે -

(૧) આત્મા અનાદિકાલીન છે, તેની કોઈ શરૂઆત નથી હોતી.

(૨) અનાદિકાલીન આત્માનો સંસાર પણ અનાદિકાલીન છે.

(૩) આત્મા અને કર્મનો પરસ્પરનો સંયોગ પણ અનાદિકાલીન છે.

અહીં પ્રશ્ન એ થાય છે કે આત્મા ભલે અનાદિકાલીન હોય, તેનો સંસાર પણ અનાદિથી છે તેવું શી રીતે માની શકાય ? આ પ્રશ્નનો જવાબ એ છે કે સંસાર પણ અનાદિકાલીન છે, સંસારની

પણ શરૂઆત નથી હોતી એવું માનવું જ પડે કેમકે આત્મા અને કર્મનો પરસ્પરનો સંયોગ પણ અનાદિકાલીન છે.

કર્મના સંયોગથી વાસિત આત્મા સંસારમાં જ રહી શકે અને જો આવો સંયોગ અનાદિથી પ્રવર્તે છે તો સંસાર પણ અનાદિથી પ્રવર્તે જ છે તેમ માન્યે જ છૂટકો !

અનાદિકાલીન આત્માને અનાદિથી જે સંસાર મળ્યો છે તે કેવો છે ? (૧) દુઃખરૂપ છે. (૨) દુઃખ ફલક છે. (૩) અને દુઃખાનુબંધી છે.

- સંસારની પ્રત્યેક ગતિમાં જન્મ, મરણ અને વૃદ્ધાવસ્થા રહેલાં જ છે તેથી આ સંસાર અનાદિથી **દુઃખરૂપ** = દુઃખથી ભરેલો છે.

  અહીં, અવચૂરિકાર મહાપુરુષે નોંધ્યું છે કે '**एतेषाञ्च दुःखत्वात्**' જન્મ, મરણ અને ઘડપણ એ દ્રવ્ય દુઃખના પર્યાયો છે અને તે સંસારમાં સર્વત્ર રહેલા હોવાથી સંસાર દુઃખરૂપ છે.
- એક જન્મ પૂરો થયાં પછી બીજા જન્મમાં પણ જન્મ, મરણ અને ઘડપણની પરંપરા ચાલતી રહે છે માટે આ સંસાર **દુઃખફલક** = જેનું ભવિષ્ય પણ દુઃખ જ છે તેવો છે.
- વળી, અશાતા વેદનીય કર્મ તો એક કે બે જ નહીં, અનેક જન્મોની પરંપરા સુધી આત્મા સાથે નિરંતર સંલગ્ન રહેતાં હોવાથી આ સંસાર **દુઃખાનુબંધી** = દુઃખની સાયકલવાળો છે.

❇ मूलम् ।

**एयस्स णं वोच्छित्ती सुध्धधम्माओ ।**
**सुध्धधम्मसंपत्ती पावकम्मविगमाओ ।**
**पावकम्मविगमो तहाभव्वत्ताइभावाओ ।**

तस्स पुण विवागसाहणाणि = चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाणसेवणं । अओ कायव्व-मिणं होउकामेणं सया सुप्पणिहाणं, भुज्जो भुज्जो संकिलिसे, तिकालमसंकिलिसे ।

❋ अवचूरिः ।

एतस्य भवस्य व्यवच्छित्तिः शुद्धधर्मात् ज्ञानादिरूपत्वात्, शुद्धधर्मसंप्राप्तिः पापकर्म मिथ्यात्वमोहनीयादि तद्विगमात्, पापकर्मविगमस्तथाभव्यत्वादिभावात् । भव्यत्वं नाम सिद्धिगमन-योग्यत्वमनादिपारिणामिको भावः, तथाभव्यत्वमिति विशिष्टमेतत्, आदिशब्दात् काल-नियति-कर्म-पुरुषकारणपरिग्रहः ।

साध्यव्याधिकल्पत्वात् तथाभव्यत्वस्य । तस्य पुन-स्तथा-भव्यत्वस्य विपाकसाधनानि अनुभावकारणानि चतुःशरण-गमनादीनि । कृत-कारिताऽनुमतिभेदभिन्ने हि पुन्यपापे । एभि -स्तथास्वाभाव्यात् साध्यव्याधिवत् तथाभव्यत्वं परिपाल्य -[ च्य ] ते ।

अतः कर्तव्यमिदं वक्ष्यमाणं भवितुकामेन मोक्षार्थिना भव्यसत्त्वेन । सदा सुप्रणिधानं यदा यदा क्रियते तदा तदा सुप्रणिधानं कर्तव्यं कर्तव्यम्, सुप्रणिधानस्य फलसिद्धौ प्रधा -नाऽङ्गत्वात् । कर्तव्यमिदं भूयः संक्लेशे सति तीव्ररागादि-

**संवेदनरूपे अरतावुत्पन्नायामिति यावत् । त्रिकालं त्रिसन्ध्यं कर्तव्यमिदमसंक्लेशे प्रकृत्या कालक्रमणे सति ।**

### ❊ 'પંચસૂત્ર પ્રકાશ' :

જે દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે તેવા આ સંસારનો વિચ્છેદ એકમાત્ર શુદ્ધધર્મ દ્વારા જ થઈ શકે.

શુદ્ધધર્મ કોને કહેવાય ? ચિત્તમાં પરિણમેલો સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો પરિણામ એટલે જ શુદ્ધધર્મ. અહીં ગ્રંથકાર મહાપુરુષે માત્ર ધર્મ શબ્દ નથી મૂક્યો પરંતુ શુદ્ધધર્મ એવો શબ્દ મૂક્યો છે તે સૂચક છે. તે એમ સૂચવે છે કે રત્નત્રયીના પરિણામ વગરનો ક્રિયાનો આડંબર શુદ્ધધર્મ નથી બનતો અને તેવા આડંબરથી ભવનો વિચ્છેદ પણ નથી થતો. રત્નત્રયીનો પરિણામ જ ધર્મરૂપ હોવાથી તેના વડે જ સંસારનો વિચ્છેદ શક્ય બને છે.

આવો રત્નત્રયીનો પરિણામ એટલે કે શુદ્ધ ધર્મ શી રીતે આત્માને પ્રાપ્ત થાય ? મિથ્યાત્વ વિગેરે પાપોના પરિહારથી. મિથ્યાત્વની સાથે અહીં જે આદિ શબ્દ મૂક્યો છે તેના દ્વારા અવિરતિને ગ્રહણ કરવાની છે. રત્નત્રયીની પ્રાપ્તિ માટે પ્રથમ મિથ્યાત્વનો વિલય કરવો પડે અને એ પછી અવિરતિને પણ નષ્ટ કરવી પડે.

આમ, મિથ્યાત્વ વિગેરેના ક્ષય કે ઉપશમથી જ આત્માને શુદ્ધધર્મ મળી શકે. મિથ્યાત્વ વિગેરેનો ક્ષય કે ઉપશમ થાય એટલે પાપકર્મનો વિગમ થયો કહેવાય.

### ● ભવ્યત્વ અને તથાભવ્યત્વ :

પાપકર્મનો વિગમ શી રીતે થાય ? તથાભવ્યત્વના પરિપાકથી થાય... તથાભવ્યત્વ વિગેરે બાબતો મિથ્યાત્વ વિગેરે પાપોના વિલયનું

કારણ છે. હવે આપણે તથાભવ્યત્વને સમજીએ. તથાભવ્યત્વને સમજવા માટે પહેલાં ભવ્યત્વને સમજવું પડે.

મોક્ષમાં જઈ શકવા માટેની જે સ્વાભાવિક લાયકાત તેનું નામ ભવ્યત્વ. આ ભવ્યત્વ 'અનાદિપારિણામિકભાવ' છે એટલે કે ભવ્યજીવોમાં અનાદિકાળથી રહેલો મૂળભૂત સ્વભાવ છે.

**આવા ભવ્યત્વનો એટલે કે ભવ્યજીવોની મોક્ષગમન સંબંધી લાયકાતનો ચોક્કસ પ્રકાર એટલે તથાભવ્યત્વ.**

તથાભવ્યત્વનો પરિપાક પાપકર્મના વિલયનું કારણ છે. તથાભવ્યત્વનો પરિપાક એ પાપવિચ્છેદનું મુખ્ય કારણ છે એ જેમ સ્વીકારીએ છીએ તેમ ત્યાં તે પણ સ્વીકારવું રહ્યું કે ગૌણ કારણ તરીકે કાળ, નિયતિ, કર્મ અને પુરુષાર્થ પણ રહેલાં છે.

ક્યારેક ગૌણ કારણો સક્રિય થઈને મુખ્ય કારણને પણ સક્રિય કરે છે અને એ રીતે સક્રિય થયેલાં મુખ્ય કારણ દ્વારા કાર્યની નિષ્પત્તિ થાય છે.

પાપકર્મનો વિચ્છેદ કરનારા મુખ્ય કારણ સ્વરૂપ તથાભવ્યત્વને જો પરિપક્વ બનાવવું હોય તો તે માટે પુરુષાર્થ નામના કારણને સક્રિય કરવું જોઈએ. શાસ્ત્રવિહિત રીતે કરેલો પુરુષાર્થ તથાભવ્યત્વને પરિપક્વ બનાવવામાં અવશ્ય પોતાનો ફાળો આપે છે.

- **તથાભવ્યત્વ સાધ્યવ્યાધિ જેવું છે :**

**જેમ કોઈ વ્યક્તિને રોગ લાગુ પડ્યો હોય, તે રોગ ઉત્પન્ન થયો અશાતા વેદનીય કર્મના લીધે એ તો સાચું જ છે તેમ છતાં રોગ જો હજુ સાધ્યકક્ષાનો છે તો ઔષધસેવનનો પુરુષાર્થ કરીને તે રોગનો વિચ્છેદ કરી શકાય છે. કંઈક એવું જ તથાભવ્યત્વનું છે.** તથાભવ્યત્વ સાધ્યકક્ષાના

વ્યાધિ જેવું છે. તેમાં લાગુ પડેલાં દોષોને સમ્યક્ પુરુષાર્થ દ્વારા નિર્મૂળ કરી શકાય છે અને એ રીતે તેને ગુણોની વધુ ને વધુ નિષ્પત્તિ માટે પરિપક્વ બનાવી શકાય છે.

ચારશરણનો સ્વીકાર, દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના, આ ત્રણે બાબતો આવો જ સમ્યક્ પુરુષાર્થ છે જે તથાભવ્યત્વને પરિપક્વ બનાવી આપનાર છે.

- **તથાભવ્યત્વના પરિપાકના ત્રણ સાધનો :**

તથાભવ્યત્વના પરિપાકનું પહેલું સાધન ચારશરણનો સ્વીકાર, બીજું સાધન પોતે કરેલાં દુષ્કૃતની નિંદા અને ત્રીજું સાધન અન્ય જીવોએ આચરેલાં સુકૃતોની અનુમોદના કરવી તે છે.

દુષ્કૃતોની નિંદાના મુદ્દામાં એ ધ્યાનમાં લેવું જોઈએ કે અન્યત્ર પૂ. પૂર્વાચાર્ય ભગવંત શ્રી હરિભદ્રસૂરિ મહારાજે આ જ સૂત્રની ટીકામાં સ્પષ્ટ કર્યું છે : પોતે કરેલાં દુષ્કૃતની જ નિંદા કરવાની છે. પરકૃત દુષ્કૃતને નિંદાનો વિષય બનાવવાનો નથી.

વધુમાં, આ જ મહાપુરુષે ઉમેર્યું છે કે સુકૃત અનુમોદના કોની કરવી ? સ્વકૃત - પરકૃત સુકૃતની અનુમોદના કરવી.

પારકાંએ જે સુકૃત કર્યા તેની અનુમોદના કરવાથી આપણને શો લાભ થાય ? ચોક્કસ લાભ થાય કેમકે પુન્ય બંધ અને પાપ ક્ષય બંને ત્રણ-ત્રણ રીતે થનારા પરિબળો છે. (૧) કરવાથી (૨) કરાવવાથી (૩) અનુમોદનાથી...

**પારકાંએ કરેલાં સુકૃતની અનુમોદના કરવાથી પણ પોતાના આત્મામાં પડેલો સુકૃતનો વિરોધી પાપપરિણામ નબળો પડે છે માટે આવી અનુમોદના કરવી જ જોઈએ.**

આમ, ચાર શરણાનો સ્વીકાર, સ્વકૃત દુષ્કૃતની નિંદા અને સુકૃતની અનુમોદના, મોક્ષના અભિલાષી ભવ્ય જીવોએ હંમેશા આચરવા જોઈએ.

જ્યારે જ્યારે ચાર શરણવિગેરેનો સ્વીકાર વિગેરે કરીએ ત્યારે અત્યંત શુદ્ધ અને મક્કમ પ્રણિધાન = સંકલ્પ પણ કરવો જોઈએ. "અરિહંત આદિના શરણનો સ્વીકાર જ મારા પાપછેદનું સાધન છે, આ શરણ સ્વીકાર મારામાં એકરસ બની રહો." આવો મનોભાવ સુપ્રણિધાન છે. તેની બેહદ જરૂર છે કેમકે જેટલું પ્રણિધાન દૃઢ અને નિર્મળ એટલી જ ફળની ઉત્તમ નિષ્પત્તિ થાય છે.

ચારશરણનો સ્વીકાર, દુષ્કૃત નિંદા અને સુકૃત અનુમોદના ક્યારે ક્યારે કરવા ? જ્યારે જ્યારે રાગ-દ્વેષનાં તીવ્ર સંવેદનો ચિત્તમાં જાગે ત્યારે ત્યારે તત્કાળ આ ત્રણેનો અમલ કરવો ! સ્વીકારેલાં વ્રતો મહાવ્રતો માટે જો અરતિ જાગી જાય તો તે પણ તીવ્ર કોટિનો સંક્લેશ છે માટે જ્યારે જ્યારે સ્વીકારેલાં વ્રતો-મહાવ્રતોમાં અરતિ ઉત્પન્ન થાય ત્યારે ત્યારે સાધુએ પણ ચાર શરણ સ્વીકારવા જોઈએ. દુષ્કૃત ગર્હા કરવી જોઈએ. સુકૃત અનુમોદના કરવી જોઈએ.

સંક્લેશ જાગે ત્યારે વારંવાર શરણ સ્વીકારવાં અને જ્યારે સંક્લેશનો ઉપર કહ્યો છે તે મુજબનો પરિણામ ન જાગતો હોય ત્યારે પણ ત્રણ સંધ્યાએ એટલે કે સવારે, મધ્યાહ્ને અને સૂતાં પહેલાં એમ ત્રણ વાર તો અવશ્ય આ કાર્ય અદા કરવું જોઈએ.

❁ मूलम् ।

**जावज्जीवं मे भगवंतो परमतिलोगणाहा अणुत्तरपुण्णसंभारा खीणरागदोसमोहा अचिंतचिंतामणी भवजलहिपोया एगंतसरण्णा अरहंता सरणं ।**

**तहा पहीणजरामरणा अवेयकम्मकलंका पणट्ठ-वाबाहा केवलनाणदंसणा सिध्धिपुरवासी णिरुवम सुहसंगया सव्वहा कयकिच्चा सिद्धा सरणं ।**

**तहा पसंतगंभीरासया सावज्जजोगविरया पंच-विहायारजाणगा परोवयारनिरया पउमाइणिदंसणा झाणज्झयणसंगया विसुज्झमाणभावा साहू सरणं ।**

**तहा सुरासुरमणुयपूइओ मोहतिमिरंसुमाली राग-दोसविसपरममंतो हेऊ सयलकल्लाणाणं कम्मवण-विहावसू साहगो सिद्धभावस्स केवलि-पण्णत्तो धम्मो जावज्जीवं मे भगवंतं सरणं ॥**

**❋ 'પંચસૂત્ર પ્રકાશ' :**

ત્રણ લોકના સ્વામી, જેનાથી ચડિયાતી પુન્યાઈ બીજી છે નહીં તેવા પુન્યસમૂહના ધારક, રાગ અને દ્વેષનો ક્ષય કરનારા, ચિંતામણીરત્ન સમાન, સંસાર સમુદ્રમાં જહાજ સમ, એકાંતે શરણયોગ્ય એવા અરિહંત ભગવંતનું મને જીવન પર્યંત શરણ હો !

જેમની બધી જ બાધાઓનો અંત થયો છે અને જેઓ કર્મરૂપ કલંકથી રહિત થયા છે તેવા મૃત્યુ અને વ્યાધિ વિનાના, કેવળજ્ઞાન અને કેવળદર્શનને પામેલાં, મોક્ષનગરમાં વસેલાં, અનિર્વચનીય સુખના સંભોક્તા તેમજ પૂરેપૂરાં કૃતકૃત્ય એવા સિદ્ધભગવંતો મને જીવનભર શરણરૂપ બનો !

ગંભીર અને ઉપશાંત મન વાળા, સાવદ્ય યોગોને સર્વથા ત્યજી દેનારાં, પંચાચારના પાલનમાં રત રહેનારાં, પરોપકાર રસિક, આગમમાં જેમને **'પદ્મ'** વિગેરે દૃષ્ટાંતો અપાયાં છે તેવાં, જ્ઞાન અને ધ્યાનમાં મસ્ત, ખૂબ કોમળ મનોભાવને ધરનારાં સાધુ ભગવંતો મને યાવજ્જીવ શરણરૂપ થજો !

દેવો, દાનવો અને મનુષ્યો વડે પૂજાયેલાં, રાગ અને દ્વેષના ઝેરને ઉતારી દેનારા મંત્રસમાન, મોહના અંધકારને ભેદી નાંખનારા સૂર્ય જેવા, કર્મના જંગલને બાળનારા દાવાનળ સમાન, સમસ્ત કલ્યાણના હેતુરૂપ અને મોક્ષના સાધક એવા કેવળજ્ઞાની વડે કહેવાયેલાં ધર્મનું મારે જીવનપર્યંત શરણ છે !

❉ मूलम् ।

**सरणमुवगओ य एएसिं गरिहामि दुक्कडं - जण्णं अरहंतेसु वा, सिद्धेसु वा, आयरिएसु वा, उवज्झाएसु वा, साहूसु वा, साहुणीसु वा, अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु पूयणिज्जेसु, तहा माईसु वा, पिईसु वा, बंधूसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु मग्गट्ठिएसु अमग्गट्ठिएसु, मग्गसाहणेसु अमग्गसाहणेसु, जं किंचि वितहमा -यरियं अणायरियव्वं अणिच्छियव्वं पावं पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेण वा वायाए वा काएण**

वा कयं वा कारावियं वा अणुमोइयं वा रागेण वा दोसेण वा मोहेण वा, एत्थ वा जम्मे जम्मं -तरेसु वा, गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेयं, विआणियं मए कल्लाणमित्तगुरुभगवंतवयणाओ, एवमे यंति रोइयं सध्धाए, अरिहंत-सिध्धसमक्खं गरहामि अहमिणं 'दुक्कडमेयं उज्झियव्वमेयं'। एत्थ मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं, मिच्छामि दुक्कडं ।

❇ अवचूरिः ।

यत् कर्तव्यं तदाह - यावज्जीवं मे भगवन्तो अरिहन्ता शरणमिति योगः, शरणगमनानन्तरं दुष्कृतगर्होक्ता, तामाह- शरणमुपगतश्च सन्नेतेषामर्हदादीनां गर्हे दुष्कृतम् । किंविशिष्टमित्याह - जण्णं अरहंतेसुवेत्यादि । अर्हदादिविषयं ओघेन वा जीवेषु मार्गस्थितेषु सम्यग्दर्शनादियुक्तेषु, अमार्गस्थितेषु एतद्विपरीतेषु, मार्गसाधनेषु पुस्तकादिषु, अमार्गसाधनेषु खड्गादिषु । यत् किञ्चिद् वितथमाचरितमविधि भोगादि = अनाचरितं क्रियया, अनेष्टव्यं मनसा, पापं पापकारणत्वेन, पापानुबन्धि तथाविपाकभावेन, गर्हितमेतत् कुत्सास्पदम्, दुष्कृतमेतत् सद्धर्मबाह्यत्वेन, उज्झि -तव्यमेतद् हेयतया, विज्ञातं मया कल्याणमित्रगुरुभगवद्वचनात्,

**एवमेतदिति रोचितं श्रद्धया तथा कर्मक्षयोपशमजया अर्हत्सिद्धसमक्षं गर्हेऽहम् । कथमित्याह- दुष्कृतमेव अत्र व्यतिकरे 'मिच्छामि दुक्कडम्' वारत्रयं पाठः ।**

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

અરિહંત વિગેરે ચારના શુભ શરણને પામેલો હું મેં જે પૂર્વે આચર્યાં છે તે દુષ્કૃતોની ગર્હા કરું છું.

- **દુષ્કૃત સેવનના ૧૫ સ્થાનો :**

(૧) અરિહંતના વિષયમાં,

(૨) સિદ્ધના વિષયમાં,

(૩-૪-૫) આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત કે સાધ્વીજીના વિષયમાં,

(૬) સદ્ધર્મને પામેલાં અન્ય પણ આદરપાત્ર અને બહુમાનપાત્ર જીવોના વિષયમાં,

(૭-૮-૯-૧૦-૧૧) માતા-પિતા પ્રત્યે કે પછી ભાઈ, મિત્ર અને મારા પર જેમનો ઉપકાર રહેલો છે તેવા ઉપકારી પ્રત્યે,

(૧૨) કમ સે કમ સમ્યગ્દર્શનને જેઓ પામ્યાં છે તેવા જીવોને માર્ગસ્થિત કહેવાય. આવા માર્ગસ્થ જીવો પ્રત્યે કે પછી -

(૧૩) સમ્યક્ત્વને પણ નહીં પામેલાં મિથ્યાત્વી જીવો પ્રત્યે

(૧૪) મોક્ષમાર્ગના સાધનભૂત શાસ્ત્રગ્રંથો વિગેરે ઉપકરણો પ્રત્યે -

(૧૫) કે પછી - તલવાર વિગેરે ઉન્માર્ગના સાધનો પ્રત્યે,

આમ, આ પંદર સ્થાનો પ્રત્યે પાપને વશ મેં અનેકવાર ઔચિત્યનો પરિહાર કર્યો છે, પ્રતિકૂળ આચરણ કર્યું છે, અવિધિથી તે તે સ્થાનોનો ઉપભોગ કર્યો છે, ખરેખર તે દુષ્કૃત રૂપ છે.

પંદરે પંદર સ્થાનો પ્રત્યેનું મારું દુષ્કૃત કેવું છે ?

(૧) તે ક્રિયા વડે નહીં સેવવા યોગ્ય છે,

(૨) મન વડે નહીં ઈચ્છવા યોગ્ય છે,

(૩) પાપના બંધનું કારણ હોવાથી તે સ્વયં પાપ છે,

(૪) ફરી ફરીને પાપ કાર્ય કરાવનાર હોવાથી પાપાનુબંધી છે,

આવું આ દુષ્કૃત મેં સૂક્ષ્મ કે બાદર રૂપે, મનથી, વચનથી કે કાયાથી, કર્યું, કરાવ્યું કે અનુમોદ્યું હોય, રાગ કે દ્વેષને વશ થઈને આ જન્મમાં અથવા જન્માંતરમાં મેં તેનું જે કંઈ પણ સેવન કર્યું તે સઘળું દુષ્કૃત ધર્મબાહ્ય હોવાથી ખરેખર જ દુષ્કાર્ય રૂપ છે, હેય હોવાથી છોડી દેવા લાયક છે એવું મને કલ્યાણમિત્ર એવા સદ્‌ગુરુદેવના ઉપદેશથી સમજાયું છે, મારા અંતરમાં જાગેલી શુભ શ્રદ્ધા વડે આ વાત મને રૂચિકર પણ બની છે તેથી હવે હું શ્રી અરિહંત ભગવંત સમક્ષ અને શ્રી સિદ્ધ ભગવંત સમક્ષ તે દુષ્કૃતની ગર્હા કરું છું, मिच्छा मि दुक्कडम्, मिच्छा मि दुक्कडम्... मिच्छा मि दुक्कडम्...

❋ मूलम् ।

**होउ मे एसा सम्मं गरहा । होउ मे अकरण-नियमो । बहुमयं ममेयं ति इच्छामि अणुसट्ठिं अरहं-ताणं भगवंताणं गुरूणं कल्लाणमित्ताणं ति । होउ मे एएहिं संजोगो । होउ मे एसा सुपत्थणा । होउ मे एत्थ बहुमाणो । होउ मे इओ मोक्खबीयं । पत्तेसु एएसु अहं सेवारिहे सिया, आणारिहे सिया, पडिवत्तिजुत्ते सिया, निरइआरपारगे सिया ।**

❋ अवचूरिः ।

भवतु ममैषा ऽ नन्तरोदिता सम्यग्गर्हा भावरूपा । भवतु मे -ऽ करणनियमो ग्रन्थिभेदवत् तदबन्धरूपो गर्हाविषयः ।

बहुमतं ममैतदित्यस्मादिच्छाम्यनुशास्तिं उदितप्रपञ्चबीजभूतां, केषामित्याह - अर्हतां भगवतां तथा गुरूणां कल्याणमित्राणाम् ।

प्रणिध्यन्तरमाह - भवतु मम एभिरर्हदा [ दि ] भिः संयोगः । भवतु ममैषा सुप्रार्थनाऽर्हदादिसंयोगविषया । भवतु ममाऽत्र बहुमानः प्रार्थनायाम् । भवतु ममेतः प्रार्थनातो मोक्षबीजं, प्रवाहतः कुश -लानुबन्धिकर्मेत्यर्थः । तथा प्राप्तेष्वेतेष्वर्हदादिष्वहं सेवार्हः स्या मर्हदादीनामेव, आज्ञार्हः स्यामेतेषामेव, प्रतिपत्तियुक्तः स्यामेतेषामेव, निरतिचारपारगः स्यामेतदाज्ञायाः ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

પૂર્વે જે પ્રકારના દુષ્કૃતોની જે રીતની ગર્હાનું પ્રતિપાદન થયું તેવા જે જે દુષ્કૃત મેં કર્યા હોય તેની તેવી જ રીતની ગર્હાનો પરિણામ મારા ચિત્તમાં પરિણત બનો. મારી દુષ્કૃત ગર્હા સમ્યક્ બનો અર્થાત્ દુષ્કૃતને નિંદવાની પરિણતિપૂર્વકની બનો !

વળી, જે દુષ્કૃતોને હું ગર્હું છું તે પાપ ફરીવાર નહીં કરવાનો મારે નિયમ થાઓ ! જેમ ગ્રંથિભેદ કરનારો આત્મા રાગ-દ્વેષના તેવા કુટિલ પરિણામોને ફરીવાર કદાપિ ધારણ કરતો નથી તે જ રીતે જે દુષ્કૃતને મેં નિંદ્યા છે તે દુષ્કૃત તેવા પરિણામ પૂર્વક મને કદી ન સ્પર્શો...

આમ, એક દુષ્કૃતગર્હા અને બે, પાપનો અકરણ નિયમ મને અત્યંત માન્ય છે તેથી આ બંને બાબતમાં હું બે મહાન તત્ત્વોનું સતત અનુશાસન ઇચ્છું છું. (૧) ભગવત્ સ્વરૂપને પામેલાં શ્રી અરિહંતોનું (૨) કલ્યાણમિત્ર સમાન શ્રી ગુરુભગવંતોનું...

- **ચાર પ્રાર્થના :**

દુષ્કૃત ગર્હા અને દુષ્કૃત અકરણ માટે દેવ અને ગુરુનું અનુશાસન જોઈએ. તે માંગ્યા પછી તે અનુશાસનની પ્રાપ્તિ માટે જરૂરી ચાર પ્રાર્થનાઓ અહીં માંગી રહ્યાં છે -

(૧) શ્રી અરિહંત ભગવંતો અને કલ્યાણમિત્ર એવા ગુરુદેવો સાથે મારો હંમેશા ઉચિત સંબંધ થાઓ !

તેઓ શરણદાતા બને અને મારો આત્મા તેમના શરણનો આશ્રય કરનાર બને તે અહીં ઉચિત સંબંધ (સંયોગ) છે તે સમજવું રહ્યું !

(૨) શ્રી અરિહંત ભગવંતો તથા કલ્યાણમિત્ર એવા ગુરુદેવો સાથેનો ઉચિત સંબંધ મને મળો એવી અભ્યર્થના = ઇચ્છા = તલપ હંમેશાં મારા હૃદયમાં રહો.

(૩) શ્રી અરિહંતો અને ગુરુદેવો પ્રત્યે મારા હૈયામાં સતત બહુમાન ભાવ વહેતો રહો !

(૪) તેઓ ઉભય પ્રત્યેનો મારો આ બહુમાન ભાવ મારા મોક્ષનું બીજ બનો ! કેમકે દેવ-ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ સ્તો મોક્ષબીજ તરીકે જિનેશ્વરને માન્ય છે ને !

ઊંડાણથી જોતાં દેવ-ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ જ કુશલાનુબંધી કર્મ એટલે કે પુન્યાનુબંધી પુન્યનો પ્રવાહ રચી દેનારું પરિબળ છે. જે કુશળ અનુબંધ ભવાંતરમાં પણ તથાભવ્યત્વના પરિપાકની સાધનાને ફરીથી ઉજ્જીવિત કરી દે છે...

દેવ-ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ 'મોક્ષબીજ' બનો એ વિધાનનો અર્થ એ છે કે આ બહુમાન ભાવ કુશળ અનુબંધવાળો બનો, જેથી ભવાંતરમાં ફરી ફરીને તે પ્રાપ્ત થતો રહે.

અહીં, પુન્યની માંગણી નથી પરંતુ પુન્યના અનુબંધની માંગણી છે તે લક્ષમાં રાખવું ઘટે !

- **ચાર પ્રણિધાન :**

શ્રી અરિહંતો અને ગુરુદેવોનો સંયોગ મળે, તેમનો બહુમાન ભાવ અને તેની પરંપરા મળે એથી પણ ઇષ્ટની સિદ્ધિ પરિપૂર્ણ નથી થતી તેથી, અહીં ચાર પ્રકારનું પ્રણિધાન સૂચવવામાં આવે છે -

અરિહંત ભગવંતો અને કલ્યાણમિત્ર એવા ગુરુદેવોનો સંયોગ, તેઓ પ્રત્યે પ્રાર્થના, બહુમાનભાવ અને બહુમાનભાવનો અનુબંધ પ્રાપ્ત થાય એ પછી...

(૧) હું દેવ અને ગુરુની સેવા - વૈયાવૃત્યને પાત્ર બનું જેથી તેમની સેવા સુંદર રીતે કરી શકું.

(૨) સાચી સેવા તો જ થાય જ્યારે આજ્ઞાનો સ્વીકાર થાય માટે હું દેવ-ગુરુની આજ્ઞાને લાયક બનું.

(૩) માત્ર લાયક બનીને અટકી ન રહું પણ તે પછી તેઓની આજ્ઞાનું સંપૂર્ણ પરિપાલન કરનારો પણ બનું...

(૪) આજ્ઞાના પરિપાલનમાં જે અનેક અતિચારોનો સંભવ છે, હું તેવા તમામ અતિચારોથી બચું અને અત્યંત નિરતિચાર પણે આજ્ઞાને ધારણ કરનારો બનું = નિરતિચાર પાલક બનું...

❈ अवतरणिका ।

एवं सानुषङ्गां दुष्कृतगर्हामभिधाय सुकृतिसेवनामाह-

❈ मूलम् ।

**संविग्गो जहासत्तीए सेवेमि सुकडं । अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मोक्खसाहणजोगे, एवं सव्वेसिं देवाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे ।**

❈ अवचूरिः ।

संविग्नः सन् यथाशक्ति सेवे सुकृतम् । एतदेवाह - अनुमोदेऽहं सर्वेषांमर्हतामनुष्ठानं धर्मकथादि, सिद्धानां सिद्धभावमव्याबाधा -दिरूपम्, [ सर्वेषामाचार्याणामाचारं ज्ञानाचारादिलक्षणम्,सर्वेषामु -पाध्यायानां सूत्रप्रदानं सद्विधिवत्, सर्वेषां साधूनां साधुक्रियां

**सत्स्वाध्यायादिरूपाम् ] एवं श्रावकाणां मोक्षसाधनयोगान् वैयावृत्त्यादीन्, सर्वेषां देवानामिन्द्रादीनां सर्वेषां जीवानां सामान्येनैव भवितुकामासन्नभव्यानां कल्याणाशयानां मार्गसाधनयोगान् सामान्येन कुशलव्यापाराननुमोद इति क्रियानुवृत्तिः ।**

**❀ 'પંચસૂત્ર પ્રકાશ' :**

પૂર્વે દુષ્કૃતની ગર્હાનું નિરૂપણ કર્યું તેની સાથે આનુસાંગિક રીતે જોડાયેલી બાબત સુકૃતનું આસેવન છે કેમકે તથાભવ્યત્વનો પરિપાક કરનારા જે સાધનો દર્શાવ્યાં તેમાં દુષ્કૃત ગર્હા અને સુકૃતઅનુમોદના, બંનેને ક્રમસર મૂકવામાં આવ્યાં છે. આમ, સુકૃતની અનુમોદના દુષ્કૃતની ગર્હા સાથે આનુસંગિક બની જતી હોવાથી હવે તેનું નિરૂપણ કરે છે...

મોક્ષના અભિલાષ વાળો મારો આત્મા હવે સુકૃતનું આસેવન કરે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે સુકૃતનું આસેવન અત્રે પ્રાસંગિક વિષય છે કે પછી સુકૃતની અનુમોદના ? તો તેનો જવાબ એ છે કે સુકૃતની અનુમોદના પણ પારમાર્થિક રીતે સુકૃતનું આસેવન જ બની રહેતું હોવાથી અવચૂરિકાર મહાપુરુષે સુકૃતની અનુમોદના માટે 'સુકૃતસેવન' એવો જે શબ્દ વાપર્યો તે સમુચિત જ છે.

(૧) હું તમામ અરિહંત ભગવંતોના સદનુષ્ઠાનની અનુમોદના કરું છું. અરિહંત પદને પામ્યાં પછી પણ તેઓ ધર્મદિશનાનું જે અતિ ઉત્તમ અનુષ્ઠાન આચરે છે તેની અનુમોદના થજો !

(૨) જ્ઞાનાદિગુણોની જે અવ્યાબાધ પરિણતિને સિદ્ધભગવંતો પામ્યાં છે તે તેમની સિદ્ધાવસ્થા છે. તેની પણ હું અનુમોદના કરું છું.

(૩) અકાળે જ્ઞાનનું પ્રવર્તન રોકવું વિગેરે જ્ઞાનાચાર છે. જ્ઞાનાચાર વિગેરે પાંચે આચારનું વહન અને પ્રવર્તન કરવું તે આચાર્યોનો

આચાર છે. આચાર્યોના આવા આચારની હું અનુમોદના કરું છું.

(૪) વિનય વિગેરે વિધિનું આસેવન કરાવવાપૂર્વક સૂત્રનું પ્રદાન કરવું તે ઉપાધ્યાયોનો ગુણ છે તેની પણ હું અનુમોદના કરું છું.

(૫) હજ્જારો પ્રકારની સાધુક્રિયાઓમાં અપેક્ષાએ મુખ્યતા સ્વાધ્યાયની છે. સર્વે સાધુભગવંતની આવી સ્વાધ્યાય વિગેરે સાધુક્રિયાની હું અનુમોદના કરું છું.

(૬) શ્રાવકો અને ઉપલક્ષણથી સમ્યગ્દષ્ટિ જીવો, બંને દ્વારા દેવ-ગુરુ અને સાધર્મિકની વૈયાવચ્ચ જે થાય છે તે જ તેમના માટે મોક્ષની સાધના રૂપ છે. તેમની તેવી મોક્ષસાધનાને હું અનુમોદું છું.

(૭) ઈન્દ્રાદિ દેવો અને આસન્નભવ્યપણાના ઈચ્છુક એવા તમામ જીવો કે જેમના ચિત્તના આશય કુશળ અર્થાત્ પાપના અનુબંધથી નિર્મુક્ત બન્યા છે. પુન્યનો અનુબંધ કરાવનારા તેમના શુભ વ્યાપારોની અનુમોદના કરું છું.

❋ **अवतरणिका ।**

**प्रणिधिशुद्धिमाह-**

❋ **मूलम् ।**

**होउ मे एषा अणुमोयणा सम्मं विहिपुव्विगा, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूवा, सम्मं निरइयारा, परमगुणजुत्तअरहंतादिसामत्थओ । अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो वीयरागा सव्वण्णू परमकल्लाणा परमकल्लाण हेऊ सत्ताणं । मूढे अम्हि**

**पावे अणाइमोहवासिए अणभिण्णे भावओ हिया-हियाणं अभिण्णे सिया, अहियनिवित्ते सिया, हियपवित्ते सिया, आराहगे सिया, उचियपडिवत्तीए सव्वसत्ताणं, सहियंति इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं ।**

❉ अवचूरिः ।

भवतु ममैषानुमोदना सम्यग्विधिपूर्विका सूत्रानुसारेण । सम्यक् शुद्धाशया कर्मविगमेन । सम्यक् प्रतिपत्तिरूपा क्रियारूपेण। सम्यग्निरतिचारा सन्निर्वाहणेन । कुत इत्याह - परमगुणयुक्ताऽ-र्हदादिसामर्थ्यतः । अचिन्त्यशक्तियुक्ता हि ते भगवन्तोऽर्हदादयो-वीतरागाः सर्वज्ञाः, प्रायः आचार्या [ दीनामप्ये ] तद् वीतरागादि-त्वमस्तीत्येवमभिधानं, तद्विशेषापेक्षमाह- परमकल्याणा आचार्या-दयोऽपि परमकल्याणहेतवः सत्त्वानां तैस्तैरूपायैः सर्व एवैते ।

मूढश्चाऽस्मि पाप एतेषां विशिष्टानां प्रतिपत्तिं प्रति । अनादिमोहवासितोऽनभिज्ञो भावतः हिताऽहितयोरभिज्ञः स्यामे-तत्सामर्थ्येन । तथाऽहितनिर्वृत्तः स्यां [ हितप्रवृत्तः स्यां ] एवमा-राधकः स्यामुचितप्रतिपत्त्या सर्वसत्त्वानां संबन्धिन्या । किमित्याह - स्वहितमिति इच्छामि सुकृतं ( ३ ) एवं वारत्रयं पाठः ।

✽ 'પંચસૂત્ર પ્રકાશ' :

સુકૃતની અનુમોદનાનો જે અધિકાર ઉપર વર્ણવ્યો તે તથા-ભવ્યત્વના પરિપાક રૂપ ફળને ત્યારે જ આપી શકે જ્યારે તે પ્રણિધાનની અત્યંત વિશુદ્ધિને પામે.

પ્રણિધાનની વધુ, વધુ ને વધુ નિર્મળતા પૂર્વક સેવેલી સુકૃતની અનુમોદના જ અનિવાર્ય પણે કર્મલઘુતા કરાવનારી બને છે તેથી હવે અહીં, સુકૃતની અનુમોદના કરી રહેલાં આત્માને પ્રણિધાનની વિશુદ્ધિનો ઉપદેશ આપી રહ્યાં છે.

સુકૃતની અનુમોદના પ્રણિધાનની વિશુદ્ધિવાળી ક્યારે બને ? જ્યારે તે ચાર પ્રકારની વિશુદ્ધિવાળી બને ત્યારે. સુકૃતઅનુમોદનાના પ્રણિધાનની વિશુદ્ધિના ચાર પ્રકાર નીચે મુજબ છે.

(૧) **विहिपुव्वगा सम्मं । :** અરિહંત વિગેરેના ગુણોની મારી આ અનુમોદના વિધિપૂર્વકની બનો. અનુમોદના વિધિપૂર્વકની ક્યારે બને ? જ્યારે તે શાસ્ત્રાનુસારી રીતિ મુજબ પ્રવર્તતી હોય ત્યારે. માટે અહીં કહ્યું છે કે **सूत्रानुसारेण ममैषानुमोदना विधिपूर्विका भवतु ।** અનુમોદના માટે હું શાસ્ત્રાનુસારી રીતિનો સ્વીકાર કરું અને તે રીતે તેને વિધિપૂર્વકની બનાવું છું.

(૨) **सम्मं सुद्धासया । :** મારી આ સુકૃતઅનુમોદના શુદ્ધ આશય-વાળી બનો. અનુમોદના શુદ્ધ આશયવાળી ત્યારે બને જ્યારે કર્મોની લઘુતા કરાવનારા પ્રબળ પરિણામોથી તે યુક્ત બને. મારી આ સુકૃત અનુમોદના કર્મોના લાઘવ દ્વારા વિશુદ્ધ પરિણામવાળી બનો !

(૩) **सम्मं पडिवत्तिरूवा । :** મારી આ અનુમોદના સમ્યગ્ પ્રતિપત્તિને ધારણ કરનારી બનો. સમ્યક્ પ્રતિપત્તિને ધારણ

કરનારી અનુમોદના એટલે અરિહંત વિગેરે અનુમોદનાને યોગ્ય મહાપુરુષો પ્રત્યે ઉચિત ભક્તિ - સત્કાર વિગેરેના આચરણ પૂર્વકની મનોભાવના. મારી અનુમોદના અરિહંતાદિકનો માત્ર માનસિક સત્કાર કરનારી ન બનવી જોઈએ પરંતુ માનસિક બહુમાન ભાવની સાથે સાથે વિનયભર્યા વર્તનવાળી પણ બનવી જોઈએ.

પ્રણિધાનશુદ્ધિના ત્રીજા ચરણ પર આત્મા આવું માંગી રહ્યો છે.

(૪) **सम्मं निरइयारा ।** : મારી આ અનુમોદના અતિચાર વિનાની બનો ! અનુમોદનાના અનુષ્ઠાનમાંથી અતિચારની ધૂળને ત્યારે ખંખેરી શકાય જયારે તેનો સતત નિર્વાહ કરવામાં આવે. નિર્વાહનો પરમાર્થ અહીં એવો હોવો જોઈએ કે જે તત્ત્વની અનુમોદના કરું છું તે અનુમોદનાનો વિષય બદલાઓ નહીં અને તેનું સાતત્ય બની રહો !

ચાર પ્રકારની પ્રણિધાનશુદ્ધિ કેટલી બધી ઊંચા ગજાની છે તે આપણે ઉપર જોયું. આવી પ્રણિધાનશુદ્ધિ મેળવવા માટે આપણો આત્મા જાણે કે વામણો છે તેથી અહીં ભાવના કરવાની છે કે અસામાન્ય કોટિની ગુણસંપત્તિ ધરાવનારા શ્રી અરિહંત ભગવંત આદિના ઉપકાર સામર્થ્યથી મને આવી પ્રણિધાન શુદ્ધિ પ્રાપ્ત થજો !

તે અરિહંત ભગવંત આદિ મહાપુરુષો કલ્પી ન શકાય તેવી શક્તિ ધરાવનારા છે, રાગાદિ દોષથી નિર્મુક્ત બનેલાં છે અને સર્વજ્ઞ છે.

અહીં તાત્પર્ય એ છે કે ભાવ ઉપકાર કરવાનું જે સામર્થ્ય તેમનામાં રહેલું છે અને એમણે કરેલાં ભાવ ઉપકાર દ્વારા કર્મવિવશ આત્મામાં જે અકલ્પિત પરિવર્તન આવી શકે છે તે બંને બાબત

તર્કની પહોંચની બહાર છે. **अचिन्त्यशक्तियुक्ता हि** પદ દ્વારા આ બાબત સૂચિત થાય છે.

અરિહંતની સાથે જે 'આદિ' શબ્દ મૂક્યો છે તેના દ્વારા આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયો અને યાવત્ ગીતાર્થ મુનિઓના સામર્થ્યથી મને આવી પ્રણિધાન શુદ્ધિ મળો તેવી પ્રાર્થના થઈ છે.

આચાર્ય વિગેરે પરમેષ્ઠીઓ પણ સ્વયં લોકોત્તમ કલ્યાણને પામેલાં છે અને અન્યજીવો માટે તેવા કલ્યાણના કારણરૂપ પણ છે કેમકે પ્રણિધાન-શુદ્ધિ વિગેરે ઉપાયોનું સેવન તેઓ અન્યો પાસે કરાવી શકનારા છે.

આવા અરિહંત, આચાર્ય વિગેરેની પ્રતિપત્તિ, સેવા, આજ્ઞા -પાલન વિગેરે માટે મારો આત્મા મૂઢ છે અને પાપી છે. આચાર્ય વિગેરેની આજ્ઞાને યોગ્ય રીતે સમજી શકતો નથી માટે હું મૂઢ છું અને અયોગ્ય રીતે આજ્ઞાનું પાલન કરું છું માટે પાપી છું. મારી આ દશાનું કારણ એ છે કે મારો આત્મા મોહના અનાદિકાલીન કુસંસ્કારોના લીધે હજુ સુધી તત્ત્વથી અપરિચિત જ રહ્યો છે.

તત્ત્વઅપરિચિત દશાથી બચી મોહ સંસ્કારોને દૂર કરવા માટે હું ચાર ભાવનાઓ ભાવું છે.

- **પહેલી ભાવના :**

**हियाहियाणं अभिण्णे सिया ।** આચાર્યભગવંત વિગેરેની પ્રતિપત્તિ દ્વારા મારો આત્મા હિત શું છે અને અહિત શું છે ? તેને જાણનાર બનો !

- **બીજી અને ત્રીજી ભાવના :**

**अहियनिवित्ते सिया, हियपवित्ते सिया ।** હિતના વિષયમાં પ્રવૃત્તિ કરનારો અને અહિતના વિષયોથી નિવૃત્તિ કરનારો મારો આત્મા બનો !

● **ચોથી ભાવના :**

**आराहगे सिया** । મારો આત્મા વિશ્વના સકળ જીવો પ્રત્યે તેમને પ્રાયોગ્ય ઔચિત્યના પાલન દ્વારા માર્ગનો આરાધક બનો !

સુકૃત અનુમોદનાનો અધિકાર અહીં પૂર્ણ થઈ રહ્યો છે ત્યારે તેનો ઉપસંહાર કરતાં કહે છે કે, આમ, આત્મા માટે હિતકારી એવા ઉપરોક્ત સુકૃતોને હું ઇચ્છું છું, ઇચ્છું છું, ઇચ્છું છું.

❈ **अवतरणिका ।**

**सूत्रपाठे फलमाह –**

❈ **मूलम् ।**

**एवमेयं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा निरणुबंधे वासुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं कडगबद्धे विय विसे अप्पफले सिया, सुहावणिज्जे सिया, अपुणभावे सिया ।**

❈ **अवचूरिः ।**

**एवमेतत् सूत्रं सम्यक् पठतः संवेगसारं तथा श्रुण्वतोऽन्यसमीपात्, अनुप्रेक्षमाणस्याऽर्थानुस्मरणद्वारेण । श्लथीभवन्ति मन्दविपाकतया, परिहीयन्ते पुद्गलापसरणेन, क्षीयन्ते निमूलत एवाऽशुभकर्मानुबन्धाः ।**

**किमित्याह - निरनुबन्धा [ न्धं ] चाऽशुभकर्मा [ र्म ] यच्छेष-मास्ते भग्नसामर्थ्यं विपाकप्रवाहमङ्गीकृत्य शुभपरिणामेनाऽन -न्तरोदितसूत्रप्रभावेन कटकबद्धमिव विषं मन्त्रसामर्थ्यतोऽल्पफलं स्यात्, तथा सुखापनेयं स्यात्, तथाऽपुनर्भावं स्यात् पुनस्तथाऽबन्ध -कत्वेन ।**

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

પંચસૂત્રના આ પ્રથમ સૂત્રમાં ત્રણ બાબતો વર્ણવેલી છે : (૧) ચાર શરણનો સ્વીકાર (૨) દુષ્કૃતની ગર્હા (૩) સુકૃતની અનુમોદના. આ ત્રણેનો મોક્ષપ્રાપ્તિના આશય પૂર્વક પાઠ કરવાથી, ગીતાર્થ ગુરુના મુખે તેનું શ્રવણ કરવાથી અને તેના સાંભળેલાં પરમાર્થનું વારંવાર ભાવન કરીને અનુપ્રેક્ષા કરવાથી ચાર મહાન લાભ આત્માને થાય છે.

- એક તો ઉદયમાં રહેલું મોહનીય કર્મ શિથિલ બને છે અને એથી તે દોષોની પ્રબળ જાગૃતિ કરાવવા રૂપ તીવ્ર વિપાકને આપતું અટકે છે.
- બે, તે સહેલાઈથી આત્મા પરથી દૂર થતું જાય છે.
- ત્રણ, ક્રમશઃ તે મૂળથી જ ઉખડી જાય છે, નામશેષ થાય છે.
- ચાર, હવે જે મોહનીય વિગેરે ઘાતી કર્મ નિકાચિત છે કે પછી પ્રબળ છે અને એથી આત્મા પરથી હજી ખસતા નથી તે પણ આ સૂત્રના આ પ્રકારના પાઠ વડે અનુબંધ વિનાના બનતા જાય છે. તે સૌ અનુબંધ વિનાના બની જાય એટલે તેમની તાકાત જ તૂટી પડે. તે પછી આત્મા પર ટકેલાં રહે તો યે અશુભ વિપાકને આપવાની તેમની શક્તિ ખૂબ ઓછી થઈ જાય.

આવા ચાર મહાન આત્મિક લાભો આ સૂત્રના પાઠ વડે આત્માને શી રીતે થાય તે વાત સમજાવવા એક દૃષ્ટાંત અહીં આપવામાં આવે છે. કોકને શરીરમાં ઝેર ફેલાયું છે. ગારૂડિક ત્યાં આવીને સૌ પહેલાં તે વ્યક્તિને જ્યાં ઝેર ચડ્યું છે તે અંગ પર કડું પહેરાવી દે. તે પછી મંત્ર પ્રયોગ શરૂ કરે. કડું બાંધેલા અંગમાં રહેલું ઝેર આગળ પ્રસરતું અટકે છે, તે પછી મંત્રના પ્રભાવથી તે અંગને પણ ખતમ કરવાની તેની શક્તિ તૂટે છે કેમ કે તે નિષ્પ્રભાવી બની રહ્યું છે, ત્યારબાદ તે નિષ્પ્રભાવી બનેલું હોવાથી મંત્ર બળ વડે સુખેથી તેને શરીરમાંથી બહાર કાઢી શકાય છે અને અંતે શરીરના અંગોમાં તે ઝેરના જે અંશો રહ્યાં હોય તેને પણ તેનો ફરી પ્રાદુર્ભાવ ન થાય તેવા બનાવી શકાય છે.

બસ, મંત્રના સ્થાને પંચસૂત્રનું પ્રથમ સૂત્ર છે, શરીરના સ્થાને આત્મા છે, વિષના સ્થાને મોહનીય વિગેરે ઘાતી કર્મ છે અને કડુના સ્થાને અરિહંત-આચાર્યની શરણાગતિ છે. બાકી ચારે પ્રક્રિયાઓ દૃષ્ટાંતની જેમ દ્રાષ્ટાંતિકમાં પણ યથાવત્ ઘટે છે.

### ❋ अवतरणिका ।

**एवमपायपरिहारः फलत्वेनोक्तः, इदानीं सदुपायसिद्धिलक्षणं तदाह-**

### ❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

મોહનીય વિગેરે ઘાતીકર્મો અપાય છે અને પંચસૂત્ર-પ્રથમસૂત્રના પઠન વિગેરે દ્વારા મોહનીય વિગેરે કર્મો અનુબંધ વિનાના બને છે. આમ, અશુભકર્મના અનુબંધરૂપ અપાયનો પરિહાર એ આ સૂત્રના

સ્વાધ્યાયનું પ્રથમ ફળ છે. આ વાત પૂર્વના આલાપકમાં કહી. હવે, દ્વિતીય ફળ તરીકે સમ્યક્ ઉપાયની સિદ્ધિનું વર્ણન કરે છે.

❈ मूलम् ।

**तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा । साणुबंधं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जियं नियमफलयं सुप्पउत्ते विय महागए सुहफले सिया, सुहपवत्तगे सिया, परमसुहसाहगे सिया । अओ अप्पडिबंधमेयं असुहभावनिरोहेणं सुहभावबीयं ति सुप्पणिहाणं सम्मं पढियव्वं सोयव्वं अणुप्पेहियव्वंति ।**

❈ अवचूरिः ।

तथा आसकली क्रियन्ते आक्षिप्यन्त इत्यर्थः, परिपोष्यन्ते भावोपचयेन, निर्माप्यन्ते परिसमाप्तिं नीयते शुभकर्मानुबन्धाः । ततः सानुबन्धं च शुभकर्म प्रकृष्टं प्रकृष्टभावार्जितं नियमफलदम् । सुप्रयुक्त इव महागदः । एकान्तः कल्याणः । शुभफलं स्यादनन्तरोदितं कर्म तथा शुभ प्रवर्तकं स्यात् पारम्पर्येण यत एवमतोऽ प्रतिबन्धमेतदनिदानमित्यर्थः ।

अशुभभावनिरोधेन शुभभावबीजमिति कृत्वा एतत्सूत्रं सुप्रणिधानं सम्यक् प्रशान्त [ मति ]ना पठितव्यम् ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

અશુભકર્મોના અનુબંધોની મંદતા અને ક્ષય એ દુષ્કૃત ગર્હા વિગેરેનું પ્રથમ ફળ છે તો દ્વિતીય ફળ સમ્યક્ ઉપાયની સિદ્ધિ થાય છે તે છે. તે આ રીતે. ચાર શરણ, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના વડે આત્મામાં કુશલાનુબંધી શુભકર્મોના અનુબંધોનો 'આક્ષેપ' થઈ જાય છે. અહીં **आक्षिप्यन्ते** પદ મહત્ત્વનું છે. તેનો સૂચિતાર્થ એ છે કે જેવા શુભ અનુબંધો આત્મામાં અનાદિકાળથી હતાં જ નહીં તેવા શુભ અનુબંધો ઉક્ત પ્રવૃત્તિ વડે ઊભા થાય છે.

- **પંચસૂત્રના સ્વાધ્યાયથી ચાર અંતરંગ લાભો પ્રાપ્ત થાય છે :**

આમ, પંચસૂત્રના પ્રથમ સૂત્રના પઠનાદિ વડે પહેલો ફાયદો થયો કે શુભકર્મોના અનુબંધ આત્મામાં પેદા થયાં. શુભકર્મનો અનુબંધ સમ્યક્ ઉપાય છે કેમકે તે મોક્ષ સુધી લઈ જનાર છે અને તેની સિદ્ધિ થઈ એ મહાન અંતરંગ લાભ છે.

શુભ અનુબંધ પેદા થઈને અટકી જાય તો શા કામના ? તેનું પરિપાલન-લાલન અને સંવૃદ્ધિ થવા જોઈએ. તે પણ આ સૂત્રના સ્વાધ્યાય વડે થાય છે કેમકે આ સૂત્રનો વારંવાર સ્વાધ્યાય કરો અને એથી દુષ્કૃત ગર્હાના ભાવોનો કે પછી શરણ સ્વીકારના ભાવોનો જે ઉલ્લાસ પ્રગટ થયો તે ઉલ્લાસ ક્રમશઃ શુભ અનુબંધોનો સમૂહ તૈયાર કરશે, તેમ થવાથી પ્રથમ પેદા થયેલાં શુભ અનુબંધોનું લાલન અને સંવૃદ્ધિ થઈ કહેવાય. આવું કાર્ય આ સૂત્રના સ્વાધ્યાય વડે થાય છે તે બીજો ફાયદો.

હવે, ત્રીજો અંતરંગ લાભ એ થશે કે આત્મામાં સંચય પામેલા શુભ અનુબંધો વિપાક આપવાની સ્થિતિમાં આવી પહોંચી વિપાક આપવા માંડશે. શુભ અનુબંધો વિપાક આપવા માંડે તેને શુભ

અનુબંધો પરિસંપન્ન બન્યાં કહેવાય. આ સૂત્રના વારંવારના સ્વાધ્યાય વડે વારંવાર પેદા થયેલાં, પેદા થઈને પરસ્પર સંગ્રથિત બનેલા એવા શુભ અનુબંધો અંતે વિપાક આપનારા બને જ છે. વિપાક એટલે મનુષ્યજન્મ, આર્યત્વ, સુદેવતત્ત્વ, સુગુરુતત્ત્વ, પરમાર્થી પરિણામો વિગેરેની જે આત્માને પ્રાપ્તિ થાય તે શુભઅનુબંધોનો વિપાક કહેવાય.

મોક્ષ સુધી લઈ જનારાં આસ્તો પ્રત્યક્ષ ઉપાયો છે : સુદેવ-સુગુરુ તત્ત્વની પુનઃ પુનઃ પ્રાપ્તિ અને તેમના આસેવન વડે પરમાર્થી ભાવોની અનુભૂતિ. આવા ત્રીજા અને પ્રત્યક્ષ સમ્યક્ ઉપાયની સિદ્ધિ પણ આ સૂત્રના સ્વાધ્યાય વડે થાય છે.

એટલું જ નહીં, ચોથા નંબરે આ સૂત્રના પાઠ વડે આત્માને એ અંતરંગ લાભ થાય છે કે વિપાક આપતા થયેલા શુભ અનુબંધ જ્યારે આત્માના જ અતિ ઉત્કૃષ્ટ શુભભાવોથી વાસિત બની જાય ત્યારે તે આત્માને મોક્ષફળમાં અવાંતરિત કરાવી દે છે. શુભ અનુબંધોથી પ્રકૃષ્ટ શુભ ભાવો પ્રગટે છે અને વધુ ને વધુ પ્રકૃષ્ટ રીતે પ્રગટેલાં શુભ ભાવો શુભઅનુબંધને પણ વધુ ને વધુ પ્રકૃષ્ટ કરતાં જાય છે. આ રીતે પ્રકૃષ્ટતમ બનેલા શુભ અનુબંધ કે જે પૂર્વે તત્ત્વપ્રાપ્તિ અને તત્ત્વપરિણતિ કરાવનાર બન્યાં હતાં તે હવે મોક્ષ ફળમાં અવાંતરિત બની જાય છે. શુભ અનુબંધ મોક્ષફળમાં અવાંતરિત બન્યાં એટલે આત્મા તો ત્યાં પહોંચી ગયો ગણાય કેમકે આત્મા અને શુભઅનુબંધ પરસ્પર ભિન્ન નથી. પ્રથમ તે અશુભ હતાં, પછી તે શુભ બન્યાં અને અંતે તે સ્વરૂપરમણતા રૂપ બન્યાં.

- **'અમોઘ રસાયણ'નું દૃષ્ટાંત :**

અહીં 'અમોઘ રસાયણ' દૃષ્ટાંત રૂપ છે. જેમ કોઈ હઠીલાં દર્દીને અમોઘ ઔષધ આપવામાં આવે, પદ્ધતિસર અને વારંવાર

લાંબા સમય માટે આપવામાં આવે તો તે જેમ પ્રથમ દર્દીના દેહમાંથી વિષને, જન્તુને દૂર કરે છે, પછી રસને અને વીર્યને પેદા કરે છે, ક્રમશઃ રસ-વીર્યનો સંચય કરી સંપૂર્ણ રોગને મટાડી દેહની મૂળભૂત કાંતિનું પ્રદાન કરે છે... બસ, આત્મા એ દર્દી છે. ભારેકર્મી પણું એ હઠીલું દર્દ છે અને પંચસૂત્રનું પ્રથમ સૂત્ર એ તેનું અમોઘ રસાયણ છે. આ રસાયણનું વિધિપૂર્વક વારંવાર સેવન કરો તો તે આત્મામાં રહેલાં અશુભ અનુબંધોના વિષને ધીરે-ધીરે મારી હટાવે છે, તે પછી ધીરે ધીરે શુભ અનુબંધો ઉત્પન્ન કરે છે અને અંતે આત્માની સ્વાભાવિક કાંતિ સ્વરૂપ મોક્ષ અવસ્થા આપી દે છે.

આથી, અમોઘ ઔષધની જેમ આ સૂત્ર એકાંતે કલ્યાણી છે. ઉપર કહેલું શુભ ફળ આ સૂત્રપાઠ વડે અવશ્યમેવ પ્રવર્તે છે. પરંપરા રૂપ પણ બને છે અને કર્મની લઘુતા કરવાના કાર્યને તે અંતરાય વિનાનું બનાવી દે છે.

આમ, અશુભ ભાવનાનો અટકાવ કરનારું તેમજ શુભ ભાવોની પેદાશ કરાવનારું આ સૂત્ર હોવાથી મનને અત્યંત શાંત કરીને યથોક્ત સંકલ્પપૂર્વક તેનું અધ્યયન કરવું જોઈએ.

❈ **अवतरणका ।**

**सूत्रपरिसमाप्तौ मङ्गलमाह–**

❈ **मूलम् ।**

**नमो नमियनमियाणं परमगुरुवीयरागाणं । नमो सेसनमोक्कारारिहाणं । जयउ सव्वण्णुसासणं । परम**

संबोहीए सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा, सुहिणो भवंतु जीवा इति ।

पावपडिघायगुणबीजाहाण सुत्तं समत्तं ॥१॥

❈ अवचूरिः ।

नमो नतानतेभ्यः देव-ऋषिवंदितेभ्यः शेषनमस्कारार्हेभ्यः आचार्यादिभ्यः । परमसंबोधिना सुखिनो भवन्तु जीवा इत्यस्य वारत्रयं पाठः । 'पावपडिघायगुण-बीजाधान सुत्तं समत्तमिति' पापप्रतिघातेनाऽकुशलानुबन्धि [ नामु ] दयविच्छेदेन गुणबीजाधानः *भावतः प्राणातिपातादि विरमणमिति तन्न्यासार्थमिवानुबन्धः,* विचित्रविपाकवक्ष्यमाण इत्यर्थः । एतत्सूत्रनामाऽन्वर्थमिति ।

❈ 'પંચસૂત્ર પ્રકાશ' :

પંચસૂત્રનું પ્રથમ સૂત્ર હવે પૂરું થઈ રહ્યું છે ત્યારે સૂત્રના આરંભે જે રીતે મંગલાચરણ કર્યું હતું તે રીતે સમાપન ઉપર પણ મંગલ કરી રહ્યાં છે. તે આ પ્રમાણે. દેવોના ઈન્દ્રો વડે પણ વંદાયેલા અને નમસ્કાર પામેલાં પુન્યવાનો દ્વારા પણ નમાયેલાં એવા વીતરાગ પરમગુરુને નમસ્કાર થાઓ ! તદુપરાંત પણ નમસ્કારને યોગ્ય એવા આચાર્યદિવાદિકને નમસ્કાર થાઓ ! સર્વજ્ઞનું શાસન જય પામો ! લઘુકર્મીપણાની પ્રાપ્તિ સ્વરૂપ તેની સંબોધિ વડે જગતના જીવો સુખને પામો ! સુખને પામો ! સુખને પામો !

'પાપપ્રતીઘાત - ગુણબીજાધાન' એવું આ પ્રથમ સૂત્રનું નામ શી રીતે સાન્વર્થ છે તે અંગે દર્શાવે છે : પાપપ્રતીઘાત એટલે અશુભ અનુબંધના ઉદયનો વિચ્છેદ અને ગુણબીજ એટલે પ્રાણાતિપાત વિગેરેની ભાવવિરતિ સ્વરૂપ જે ગુણ તેનાં બીજ રૂપ સમ્યગ્દર્શન... આ પ્રથમ સૂત્ર - અશુભ અનુબંધનો વિચ્છેદ કરાવનારું તેમજ પ્રાણાતિપાત વિગેરેની ભાવવિરતિના બીજનું આધાન કરાવનારું હોવાથી તેનું 'પાપપ્રતીઘાત-ગુણબીજાધાન' એવું નામ સાન્વર્થ છે...

⁂ ⁂ ⁂

## 2

# अथ साधुधर्मपरिभावना सूत्रम् ।

❉ मूलम् ।

जायाए धम्मगुणपडिवत्तिसद्धाए, भावेज्जा एएसिं सरूवं पयइसुंदरत्तं, अणुगामित्तं, परोवया-रित्तं, परमत्थहेउत्तं । तहा दुरणुचरत्तं, भंगदारूणत्तं, महामोहजणगत्तं, भूयो दुल्लहत्तंति । भावेउणेवं जहासत्तीए उचियविहाणेण अच्चंतभावसारं पडि-वज्जेज्जा । तं जहा - थूलगपाणाइवायविरमणं, थूलग मुसा-वायविरमणं, थूलगअदत्तादानविरमणं, थूलगमेहूण-विरमणं, थूलग परिग्गहविरमणमिच्चाइ ।

❉ अवचूरिः ।

धर्मगुणबीजमाहितं सत् तद् वैचित्र्यात् तत् तत्कालादिनिमित्त-भेदेन विपच्यते तदाभिमुख्येन । तत एव धर्मगुणप्रतिपत्तिश्रद्धोप-जायते । तस्यां समुपजातायां भावं तथाविधकर्मक्षयोपशमेन भावयेदेतेषां धर्मगुणानाम्, स्वरूपं प्रकृतिसुन्दरत्वं जीवसङ्क्लेश-विशुद्ध्या, अनुगामुकत्वं भवान्तरवासनानुगमनेन, परोपकारित्वं तथापीडानिवृत्त्याः, परमार्थहेतुत्वं परम्परया मोक्षसाधनत्वेन, तथा दुरनुचरत्वं सदैवानभ्यासात्, भंगे दारूणत्वं भगवदाज्ञाखण्डनतः, *महामोहजनकत्वं धर्मदूषकत्वेन, भूयो दुर्लभत्वं विपक्षानुबन्धपुष्ट्येति भावयित्वैवं यथाशक्ति ।*

**उचितविधानेन शास्त्रोक्तेन विधिनाऽत्यंतभावसारं प्रतिपद्यते धर्मगुणाँस्तद् यथा - स्थूलप्राणातिपातविरमणम्, स्थूलमृषावाद विरमणम्, स्थूलादत्तादानविरमणम्, स्थूलमैथुनविरमणम्, स्थूल-परिग्रहविरमणमित्यादिः । आदिशब्दाद् दिग्व्रताद्युत्तरगुण परिग्रहः । आदावुपन्यासश्चैषां भावत इत्थमेव प्राप्तेः ।**

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

પંચસૂત્રના પ્રથમસૂત્ર અને દ્વિતીયસૂત્ર વચ્ચે શો સંબંધ રહ્યો છે તે અહીં સૌ પ્રથમ સ્પષ્ટ કરશે. પ્રથમ સૂત્રનો પ્રતિપાદ્ય વિષય હતો : પાપપ્રતિઘાત અને ગુણબીજનું આધાન. બીજા સૂત્રમાં જેનું નિરૂપણ થશે તે વિષય છે : સાધુધર્મની પરિભાવના. ધર્મરૂપી ગુણનું બીજ જ્યારે પ્રથમસૂત્ર વડે આરોપિત થયું છે ત્યારે તે બીજની પરિભાવના કરવી હવે જરૂરી બની જાય છે કેમકે તો જ તે બીજનું રક્ષણ અને પ્રફુલ્લીકરણ શક્ય બને.

આથી અહીં બીજા સૂત્રમાં ધર્મરૂપી ગુણનું પરિભાવન કરવાનો ઉપદેશ અપાશે. પ્રથમ સૂત્ર વડે ધર્મનું બીજ રોપાયેલું હોવાથી હવે તે જ ગુણનું પરિભાવન કરતો ઉપદેશ પરસ્પર સુસંગત અને પોષક બનશે. પહેલાં અને બીજા સૂત્રના વિષય વચ્ચે આવું સાર્થક અનુસંધાન રહેલું છે.

પ્રથમ સૂત્રમાં ચાર શરણનો સ્વીકાર કરાવ્યો, દુષ્કૃતની ગર્હા કરાવી અને સુકૃતની અનુમોદના કરાવી. આ ત્રણ પ્રવૃત્તિ એવી થઈ જેના વડે અનુક્રમે દેવ-ગુરુ તત્ત્વ પ્રત્યેની અભિરૂચિ, પાપનો ભય અને સુકૃતોના આસેવનની પણ અભિરૂચિ આત્મામાં અવશ્ય પેદા થાય... પેદા જ ન થાય, વારંવારના તેના આસેવનથી તે આત્મામાં પરિણમન પણ પામે.

બસ, દેવ-ગુરુતત્ત્વ તરફની અભિરૂચિ, સુકૃતની અભિરૂચિ અને પાપનો ભય... આસ્તો ધર્મનું બીજ છે... આ ત્રણ જેનામાં સંસ્થાપન થયાં તેનામાં ધર્મનું બીજ બેશક, રોપાયું છે. પંચસૂત્રના પ્રથમસૂત્રનો અભ્યાસ કરનારા જીવોમાં ધર્મનું આવું બીજ અવશ્ય રોપાઈ જાય છે એટલે કે પ્રથમ સૂત્રનો પાઠ કરનાર જીવોમાં સુકૃતની અભિરૂચિ જરૂર પેદા થાય છે અને પરિણમન પણ પામે છે, હા, અનુકૂળ કાળ, આત્મ સ્વભાવ અને નિર્બાધક ભવિતવ્યતાને સાપેક્ષ રહીને આવી સુકૃતની અભિરૂચિ પેદા થાય છે તે ખરું અને એથી જ પ્રથમ સૂત્રનો સ્વાધ્યાય કરનારાઓ પૈકી કોકને જલ્દીથી અને કોકને વિલંબથી તો કોકને વધુ વિલંબથી... તે જ રીતે કોકને અલ્પ પ્રમાણમાં, કોકને અધિક પ્રમાણમાં તો કોકને અત્યધિક પ્રમાણમાં સુકૃતની અભિરૂચિ પેદા થાય તેવું જોવા મળી શકે. આમ થવાનું કારણ સુકૃત અનુમોદના વિગેરે નથી પરંતુ વિવિધ જીવોને આશ્રયીને કાળપરિપાક અને તથાભવ્યત્વ વિગેરેનું રહેલું વૈચિત્ર્ય છે.

આમ છતાં, અનુકૂળ કાળ-સ્વભાવ વિગેરે નિમિત્તને પામેલાં જીવો સુકૃત અનુમોદના વિગેરેને આચરે તો જરૂર વહેલી-મોડી પણ તેમનામાં ધર્મરૂપી ગુણના બીજ રૂપ તત્ત્વની અભિરૂચિ પરિણમન પામે જ છે.

જીવોમાં આ રીતે તત્ત્વની અભિરૂચિ પેદા થાય એટલે ધર્મ રૂપી ગુણની નિષ્પત્તિ સ્વરૂપ સમ્યગ્દર્શન પણ તેમનામાં પેદા થયાં વિના ન રહે. જે પ્રથમ સૂત્રના અભ્યાસીને આ રીતે મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ થવાથી ધર્મની નિષ્પત્તિ સમાન સમ્યગ્દર્શન પણ પ્રાપ્ત થયું છે તેમણે હવે, ધર્મના જે-જે ગુણોને સેવવાના છે તેનું પરિભાવન કરવું જોઈએ. પરિભાવન કરવાથી નિષ્પન્ન થયેલો સમ્યગ્દર્શન રૂપી

ધર્મ સ્થિર બને છે અને જેને પ્રાપ્ત કરવાનો છે તેવો હિંસા વિરમણ વિગેરે ધર્મ સુલભ બને છે.

આમ, તત્ત્વની અભિરૂચિ અને એના ફળ સ્વરૂપ સમ્યગ્દર્શનને પામેલાં જીવોએ હવે ધર્મનું જેવું પરિભાવન કરવું જોઈએ તે અહીં બીજા સૂત્રમાં સૌપ્રથમ કહે છે.

- **ધર્મનું આઠ પ્રકારે પરિભાવન કરવું જોઈએ :**

**(૧) ધર્મ પ્રકૃતિસુંદર છે :**

અરિહંતે કહેલો હિંસાત્યાગ વિગેરે ધર્મ જીવોને ચિત્તના સંક્લેશનું શમન કરાવનારો છે તેથી આ ધર્મ સાચે જ સુંદર સ્વભાવવાળો છે. તેનું સ્વરૂપ પણ સુંદર છે.

**(૨) ધર્મ ભવાંતરમાં મદદગાર છે :**

હિંસા વિરમણ વિગેરે દ્વારા ચિત્તના સંક્લેશનું જે ઉપશમન થયું, ઉપશમની તે વાસના ભવાંતરમાં પણ આત્મામાં વારંવાર પેદા થનારી છે. હિંસા ત્યાગ ભલે એક ભવ પૂરતો હોય, તેથી પેદા થયેલી શુભ વાસના તો ભવોભવ આત્મામાં રહેનારી છે અને તે વાસના જ્યારે જ્યારે જાગૃત થશે ત્યારે ત્યારે ભવાંતરમાં પણ તે ક્લેશનું શમન કરાવનાર બનનારી છે. આમ, આ ધર્મ ભવાંતરમાં પણ મદદગાર છે.

**(૩) ધર્મ પરોપકારકારી છે :**

હિંસા વિરમણ વિગેરે ધર્મ સ્વીકાર્યો એટલે એના વડે જગતવર્તી જીવોને પણ અભયદાન મળ્યું. એટલે કે તેમના પર મહાન્ ઉપકાર થયો. જિન ધર્મના સેવનથી સ્વોપકારની સાથે આમ, પરોપકાર પણ થાય છે.

**(૪) ધર્મ પરમાર્થનું સાધન છે :**

હિંસા વિરમણ વિગેરે ધર્મ જ પરંપરા એ મોક્ષ આપનારો છે તેથી પરમાર્થનું સાધન પણ આ જ ધર્મ છે.

**(૫) ધર્મ કઠોર આચારવાળો છે :**

જિનવરે કહેલો આ ધર્મ કઠોર આચાર વાળો છે. Practice નહીં ધરાવનારા માટે તેનું આચરણ અતિશય મુશ્કેલ છે.

**(૬) ધર્મ ભંગ મહાદારૂણ છે :**

હિંસા વિરમણ વિગેરે ધર્મને સ્વીકારો અને એ પછી તેનું જતન ન કરો, વ્રતનો ભંગ કરી દો તો ભંગ કરાયેલો તે ધર્મ મહાદારૂણ ફળ આપનારો પણ બને છે કેમકે વ્રતના સંકલ્પસહિતના ભંગમાં વીતરાગની આજ્ઞાનો પણ ભંગ છે. આજ્ઞાનો ભંગ સૌથી દારૂણ કર્મ બંધાવનારો છે. આમ, આ ધર્મ જેમ પ્રકૃતિસુંદર છે તેમ તેનો ભંગ કરો તો તેટલો જ દારૂણ પણ છે.

**(૭) ધર્મ વિરાધક આત્માઓને મહામોહનીયનો બંધ થાય છે :**

વ્રત ગ્રહણ કરીને છતી શક્તિએ તેનો હેતુપૂર્વક ભંગ કરનારા અને ધર્મ સ્વીકારીને ધર્મ તરફ પરાઙ્મુખ બુદ્ધિવાળા બની ગયેલાં જીવોને પ્રચંડ મોહનીય કર્મ બંધાય છે. તેમને પૂર્વે પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન પણ નાશ પામે છે.

**(૮) ધર્મની વારંવાર પ્રાપ્તિ દુર્લભ છે :**

આ એવો ધર્મ છે, જે મળી ગયાં પછી જો હિંસાદિનું સેવન, સુકૃતની અરૂચિ વિગેરે - અધર્મની પુષ્ટિ કરશો તો ભવાંતરમાં અસંખ્યકાળ સુધી આ ધર્મની પ્રાપ્તિ નહીં થાય...

આમ, આઠ પ્રકારે ધર્મનું પરિભાવન કરવું જોઈએ. આઠ પ્રકારોનું વિશ્લેષણ કરીએ ત્યારે સમજાય છે કે આઠ પૈકી પ્રથમ ચાર પ્રકારો ધર્મનો મહિમા ચિત્તમાં ધારણ કરાવી ધર્મના સ્વીકાર માટે આત્માને ઉત્સાહિત કરનારા છે તથા અંતિમ ચાર પ્રકારો ધર્મની ઉપેક્ષા, વિરાધના અને વિમુખવૃત્તિના અત્યંત કટુફળોને સમજાવી આત્માને સાવધાન બનાવનારા છે. એટલા માટે કે આત્મા રખે ધર્મની વિરાધના કરનારો બની જાય ! ધર્મ સ્વીકારવા જઈ રહ્યો છે તેના માટે ધર્મની વિરાધનાનો ભય રહેલો જ છે. તેવા ભયથી ઉગારી દેનારી અંતિમ ચાર પરિભાવના છે.

- **ધર્મગુણો પાંચ છે :**

આ પ્રમાણે પરિભાવના કરીને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શુભ પરિણામોથી ભરેલાં એવા નિમ્નોક્ત ધર્મગુણોને એટલે કે વ્રતોને હવે સ્વીકારવા જોઈએ. જે વ્રતો સાધુધર્મની ભાવના સ્વરૂપ છે.

(૧) સ્થૂલ હિંસા વિરમણ (૨) સ્થૂલ મૃષાવાદ વિરમણ (૩) સ્થૂલ અદત્તાદાન વિરમણ (૪) સ્થૂલ મૈથુન વિરમણ (૫) સ્થૂલ પરિગ્રહ વિરમણ...

આ પાંચ ધર્મગુણો = વ્રતો છે. આ પાંચની સાથે તેના આનુસાંગિક અંગ સમાન ગુણવ્રતો - શિક્ષાવ્રતો પણ સ્વીકારવા જોઈએ.

અહીં અહિંસા વિગેરે વ્રત પ્રથમ કહ્યાં અને ગુણવ્રતો પછી કહ્યાં તેનું કારણ એ છે કે ભાવવ્રતોની ઉત્પત્તિ આ જ ક્રમે થતી હોય છે.

❋ मूलम् ।

**पडिवज्जिउण पालणे जइज्जा, सयाणागाहगे सिआ, सयाणा भावगे सिआ, सयाणापरतंते सिआ । आणा हि मोहविसपरममंतो, जलं दोसाई जलणस्स, कम्मवाहिचिगिच्छसत्थं, कप्पपायवो सिवफलस्स ।**

❋ अवचूरिः ।

**प्रतिपद्य पालने यतेताऽधिकृतगुणानां कथमित्याह - सदाऽऽज्ञाग्राहकः स्यादनुप्रेक्षाद्वारेण, सदाऽऽज्ञा परतंत्रः स्यादनुष्ठानं प्रति । किमेवमित्याह - आज्ञा हि मोहविषपरममन्त्रस्तदपनयने, जलं द्वेषादिजलनस्य तद्विध्यापनेन, कर्मव्याधिचिकित्साशास्त्रं तत्क्षयकारणत्वेन, कल्पपादपः शिवफलस्य तदवंध्यसाधकत्वेन ।**

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

ધર્મરૂપી ગુણના બીજ સમાન સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયાં પછી હિંસા વિરમણ વિગેરે ધર્મગુણોને જેમ સ્વીકારવા જોઈએ તેમ સાધુધર્મની પરિભાવના સમાન આ હિંસા વિરમણ વિગેરે ધર્મગુણોને સ્વીકારીને તેનું અત્યંત યતનાપૂર્વક પરિપાલન પણ કરવું જોઈએ.

ધર્મગુણોનું પરિપાલન ખૂબ યતનાપૂર્વક થાય તે માટે શું કરવું જોઈએ ? તે માટે ત્રણ બાબત જરૂરી છે. તે આ પ્રમાણે.

(૧) પહેલા નંબરે **આજ્ઞાગ્રાહક** બનવું જોઈએ.

ધર્મગુણો એટલે કે વ્રતોના પાલન માટે આરાધકે હંમેશા અરિહંતની ઉપલક્ષણથી ગીતાર્થની આજ્ઞાને ગ્રહણ કરનારા - સ્વીકાર કરનારા બનવું જોઈએ.

(૨) બીજા નંબરે **આજ્ઞાભાવક** બનવું જોઈએ. અરિહંતની, શાસ્ત્રની, ગીતાર્થની આજ્ઞાની ચિત્તમાં વારંવાર અનુપ્રેક્ષા કરવાથી આત્મા આજ્ઞાભાવક બને છે. આજ્ઞાનો સ્વીકાર કર્યા પછી સ્વીકારેલી આજ્ઞાનું અહોભાવપૂર્વક ભાવન પણ કરવું જોઈએ કેમકે તેમ કરો તો વ્રતોનું પાલન યતનાપૂર્વક થઈ શકે છે.

(૩) ત્રીજા નંબરે **આજ્ઞાપરતંત્ર** બનવું જોઈએ. ધર્મનું જે પણ અનુષ્ઠાન સેવવાનું હોય, તે પ્રત્યેકમાં આ અનુષ્ઠાન આજ્ઞાનુસારી શી રીતે બને તેનો જ મનોરથ અને કાળજી રાખવી તેને આજ્ઞા-પરતંત્ર બન્યાં કહેવાય. આવું આજ્ઞા પરતંત્ર પણું હંમેશા ધારણ કરવું જોઈએ.

આમ, આજ્ઞાના ગ્રાહક, ભાવક અને પરતંત્ર બનવાથી ધર્મનું અધિકૃત રીતે પરિપાલન થાય છે. તાત્પર્ય તે છે કે ધર્મનું પરિપાલન તમે કરો પણ છો છતાં જો આજ્ઞાના ગ્રાહક, ભાવક અને પરતંત્ર નથી બનતાં તો તમારું ધર્મપાલન અધિકૃત નથી બનતું.

- **આજ્ઞાનો મહામહિમા : ચાર ઉપમાઓ :**

આજ્ઞા વડે જ ધર્મનું પાલન અધિકૃત બને છે તેવું વિધાન કેમ કરો છો ? કેમકે આજ્ઞા જ એવી અત્યંત મહિમાશાળી છે. **ધર્મ વડે જે મેળવવું છે તે આજ્ઞાને આધીન છે. આજ્ઞાને સ્વીકારો તો ધર્મનું લક્ષ્ય સિદ્ધ બને.** અહીં આજ્ઞાનો મહિમા બતાવતાં તેને ચાર ઉપમાઓ આપી છે.

– **मोहविसपरममंतो** । જિનાજ્ઞા તો મંત્રતુલ્ય છે જે આત્મામાં પ્રસરેલાં મોહના ઝેરને ઉતારી દે છે.

– **जलं द्वेषादिजलनस्य** । ક્લેશ, વૈર, રોષ, નફરતની લાગણીઓ દાવાનળ છે તો તે દાવાનળને ઠારી દેવાનું જલ જિનાજ્ઞા છે.

– **कम्मवाहिचिगिच्छासत्थं** । આઠ કર્મરૂપી રોગો આત્માને પીડે છે અને આ રોગોનો પ્રતિકાર કરાવનારું ચિકિત્સાશાસ્ત્ર એટલે જિનાજ્ઞા.

– **कप्पपायवो सिवफलस्स** । જે કલ્પવૃક્ષ પર મોક્ષ રૂપી ફળ પ્રગટે છે તે કલ્પવૃક્ષ એટલે જ જિનાજ્ઞા.

❉ मूलम् ।

**वज्जेज्जा अधम्ममित्तजोगं । चिंतेज्जा अभिणवपाविए गुणे, अणाइभवसंगए य अगुणे, उदग्ग सहकारित्तं अधम्ममित्ताणं, उभयलोगगरहियत्तं, असुहजोगपरंपरं च । परिहरेज्जा सम्मं लोगविरुद्धे । अणुकंपापरे जणाणं । न खिंसावेज्ज धम्मं, संकिलेसो खु एसा, परमबोहिबीयं, अबोहिफलमप्पणोत्ति । एवमालोचेज्जा । न खलु एत्तो परो *अणत्थो, अंधत्तमेयं संसाराडवीए जणगमणिट्ठ*वायाणं, अइदारूणं सरूवेणं असुहाणुबंधमच्चत्थं ।**

❋ अवचूरिः ।

तथा वर्जयेदधर्ममित्रयोगं, चिन्तयेदभिनवप्राप्तान् गुणान् स्थूलप्राणातिपातविरमणादीन् अनादिभवसंगतांश्चाऽगुणान् सदै-वाऽविरतत्वेन । उदग्रसहकारित्वं अधर्ममित्राणामगुणान् प्रति, उभयलोकगर्हितत्वं तत्पापानुमत्यादिना, अशुभयोगपरम्परा चाऽ-कुशलानुबन्धतः ।

तथा परिहरेत् सम्यग्लोकविरुद्धानि तदशुभाऽध्यवसाया-दिनिबन्धनानि । करुणापरो जनानाम् मा भूत् तेषामधर्मः । न खिंसयेद् धर्मं न गर्हयेज्जनैरित्यर्थः, संक्लेश एवैषा खिंसाऽ-शुभभावत्वेन, परमबोधिबीजं तत् प्रद्वेषेण, अबोधिफलमात्मनः जनानां तन्निमित्तभावेन ।

तथा एवमालोचयेत् । न खल्वतः परोऽनर्थोऽबोधिफलात् तत् कारणभावाद्वा लोकविरुद्धत्वात् । अन्धत्वमेतत् संसाराटव्यां हितदर्शनाऽभावेन । जनकमनिष्टपातानां नरकाद्युपपातकारणतया । अतिदारूणं स्वरूपेण संक्लेशप्रधानत्वात् । अशुभानुबन्धमत्यर्थ-परम्परोपघातभावेन ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

સાધુધર્મની પરિભાવના માટે એટલે કે ભાવ દેશવિરતિધર્મની પ્રાપ્તિ માટે ધર્મરૂપી ગુણનું આઠ પ્રકારે ભાવન કરવું જોઈએ તેવું આ બીજા સૂત્રમાં સૌ પ્રથમ ઉપદેશ્યું. તે પછી બીજા નંબરે ભાવદેશવિરતિ ધર્મની પ્રાપ્તિ થયાં પછી તેનું પરિપાલન કરવા માટે આજ્ઞાગ્રાહક

વિગેરે બનવું જોઈએ તેવા ત્રણ ગુણોનો બોધ આપ્યો. હવે ત્રીજા નંબરે ભાવદેશવિરતિ ધર્મનું પરિપાલન કરનારાએ તે પરિપાલન સુપેરે થતું રહે તે માટે જે નવ પ્રકારની ઉચિત કરણીઓ કરવી જોઈએ તે નવ પ્રકારનું ઔચિત્ય તમે પાળો ! તેવો ઉપદેશ અહીં વિગતવાર આપી રહ્યાં છે.

(૧) **પહેલી ઉચિત કરણી :**

**वज्जेज्जा अधम्ममित्तजोगं** । હંમેશ માટે અધર્મમિત્રોનો સંગ ત્યજી દેવો જોઈએ. જિનેશ્વર પ્રણીત ધર્મ માટે જેમને અભિરૂચિ છે તેઓ ધર્મમિત્ર છે અને જેમને આ ધર્મ માટે અરૂચિ છે તેઓ અધર્મ મિત્ર છે. આવા અધર્મમિત્રોનો સંગ દેશ વિરતિધર્મને પુષ્ટ કરનારો તો ન જ બને બલ્કે તેનાથી આત્માનું પતન કરાવી દેનારો પણ નીવડે માટે અધર્મ મિત્રોનો સંગ સદાય છોડી દેવો જોઈએ.

(૨) **બીજી ઉચિત કરણી :**

**चिंतेज्जा अभिणवपाविए गुणे** । જે ભાવ દેશવિરતિ ધર્મની તાજી જ પ્રાપ્તિ કરી છે અને એ સાથે સાધુ ધર્મના ગ્રહણ માટેની પરિભાવના ચિત્તમાં જાગૃત થઈ છે, તે ગુણ અનાદિ-કાલીન સંસારમાં લગભગ પૂર્વે નહીં પ્રાપ્ત થયેલો અપ્રાપ્ત-પ્રાયઃપૂર્વી છે. આ ગુણનું ગંભીરતા અને રૂચિપૂર્વક વારંવાર ચિંતન કરવું જોઈએ જેમકે કેવા સાધુધર્મને ગ્રહણ કરવાની મેં ઈચ્છા કરી છે ? કેવો હિંસા વિરમણ વિગેરે વ્રતધર્મ અપનાવ્યો છે ? તેની મહાનતા નાની સૂની નથી.. પ્રાપ્ત કરેલાં નૂતન ગુણનું આ પ્રકારનું ચિંતન ગુણને પરિપુષ્ટ કરે છે.

**(૩) ત્રીજી ઉચિત કરણી :**

**अणाइ भवसंगए य अगुणे ।** અનાદિ કાળથી જે મોહવાસના, વિષયલંપટતા, હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ રૂપી અવગુણો સ્વયંના આત્મામાં રહેલાં છે તેની હાનિકારકતાનું પણ નિયમિત ચિંતન કરવું જોઈએ.

**(૪) ચોથી ઉચિત કરણી :**

**उदग्गसहकारित्तं अधम्ममित्ताणं ।** જે હિંસા વિગેરે અનાદિ-કાલીન દોષો આત્મામાં રહેલાં છે તે દોષો સાથે અધર્મમિત્ર એવા જીવોની પાક્કા પાયે દોસ્તી છે, અધર્મ મિત્રો તે દોષો પ્રત્યે અત્યંત સહયોગી વલણ ધરાવનારાં છે. આ વાસ્તવિકતાનું ગંભીર રીતે ભાવન કરવું જોઈએ. આ ચોથું ઔચિત્ય જે પાળે છે તે અધર્મ મિત્રોથી વેગળા રહેવામાં સહજ રીતે સફળ પૂરવાર થાય છે.

**(૫) પાંચમી ઉચિત કરણી :**

**उभयलोगगरहियत्तं ।** એવું પણ ચિંતન કરવું જોઈએ કે અધર્મમિત્રોની સોબત આલોક અને પરલોક, ઉભયલોકને ગર્હિત બનાવે છે કેમકે દોષો તરફ સહયોગી વલણ રાખનારાં, પ્રીતિ રાખનારા તે અધર્મમિત્રો છે અને તેમનો સંગ જો તમે કરો છો તો તેમનામાં રહેલાં 'દોષપક્ષપાત'માં તમારી પણ અનુમોદના ઊભી થઈ જવાની શક્યતા રહેલી છે. હવે જો 'દોષ પક્ષપાત'માં અનુમોદના ઊભી થઈ ગઈ તો તો આત્માનો વર્તમાન ભવ પણ નિંદનીય બની જાય અને ભાવિજન્મ પણ નિંદ્ય કોટિનો બની જાય. આમ, બંને ભવ વિફળ થઈ જાય.

અહીં તાત્પર્ય તે છે કે દોષોનો પક્ષપાત અથવા તેવા પક્ષપાતમાં અનુમોદના, આ બંને ચીજ અત્યંત ગર્હાપાત્ર છે. દોષના સેવનથી પણ વધુ ખરાબ છે. અધર્મ મિત્રનો સંગ કરવાથી આ રીતે બંને ભવ ગર્હાપાત્ર બને છે.

(૬) **છટ્ઠી ઉચિત કરણી :**

**असुहजोगपरंपरं च** । આગળ વધી એવું પણ ચિંતન કરવું જોઈએ કે અધર્મમિત્રોનો સંગ કરવાથી આ ભવ, ભવાંતર અને ભવાંતરોની પરંપરા... સર્વત્ર અધર્મમિત્રોની જ સોબત આત્માને થતી રહે તેવી પણ ભયાનક સંભાવના રહેલી છે કેમકે અધર્મમિત્રોના સંગથી તેમનામાં રહેલાં દોષ પક્ષપાતમાં જે અનુમોદનાની બુદ્ધિ પેદા થઈ એથી એવું પાપાનુબંધી કર્મ આત્મા બાંધી રહ્યો છે કે જન્મો સુધી તેવો જ દોષોનો પક્ષપાત, તેવા જ અધર્મમિત્રો તરફ હમદર્દી ફરી ફરીને પેદા થતાં રહે. આ તો સૌથી વિકરાળ નુકસાન થયું !

(૭) **સાતમી ઉચિત કરણી :**

**परिहरेज्जा सम्मं लोगविरुद्धे** । લોકવિરોધી કાર્યોનો હંમેશા ત્યાગ કરવો જોઈએ કેમકે લોકવિરુદ્ધ કાર્યો ચિત્તમાં કાયમ ક્લેશ અને સંક્લેશ કરાવનારા હોવાથી તેવા કાર્યો કરવાથી લાભ થાઓ કે પછી હાનિ થાઓ, તે છોડવા લાયક જ છે.

(૮) **આઠમી ઉચિત કરણી :**

**अणुकंपा परे जणाणं** । પ્રજા ધર્મી પણ છે અને અધર્મી પણ છે. ધર્મી અને અધર્મી વર્ગમાં વર્ગીકૃત થયેલી પ્રજા જેવી હોય તેવી, તેના ઉપર નિર્ભેદ રીતે કરૂણા ધારણ કરવી જોઈએ કેમકે

*પ્રજામાં ધર્મ અથવા અધર્મ હોય શકે છે પરંતુ પ્રજા પ્રત્યે અનુકંપા ધારણ કરવી તે તો ધર્મ જ છે.*

**(૯) નવમી ઉચિત કરણી :**

**न खिंसावेज्ज धम्मं ।** પ્રજા ધર્મનું માલિન્ય કરે તેવી ચેષ્ટા કદી પણ કરવી નહીં કેમકે ધર્મનું માલિન્ય કરવું તે અત્યંત અનુચિત કરણી છે, તમામ રીતે અશુભ ભાવોની જનક છે.

એટલું જ નહીં, ધર્મનું માલિન્ય કરવાની પ્રવૃત્તિ તીવ્ર કોટિના મિથ્યાત્વનું બીજ છે. કેમ ? તમે ધર્મ માલિન્ય શી રીતે કર્યું ? પ્રજાને આજ્ઞાનુકૂળ એવી ધર્મની ક્રિયા કે માન્યતા માટે પ્રદ્વેષ પેદા કરાવીને કર્યું. અઢળક જીવોમાં જિનાજ્ઞાનુકૂળ ક્રિયા કે માન્યતા માટે જે પ્રદ્વેષ પેદા કરાવ્યો તે તો તે તમામ જીવોના સમ્યગ્દર્શનને બાળી નાંખનારો દવ બની ગયો. તેમનામાં બોધિ જો આવ્યું નહોતું તો તે આવે જ નહીં તેવો શૂન્યાવકાશ કરનારો તે અનર્થ બની ગયો. આમ, અનેક જીવોના સમ્યક્ત્વ પતનનું કારણ તમારી ધર્મની મલિનતા કરનારી ક્રિયા બની, એથી તીવ્રતમ કક્ષાનું મિથ્યાત્વ તમને બંધાઈ જવાની ભરપૂર શક્યતા પેદા થઈ ગઈ. એવું મિથ્યાત્વ જે અસંખ્ય કાળ સુધી હટે નહીં. આમ, ધર્મમાલિન્ય એ અબોધિનું બીજ બની ગયું.

આગળ વધો, ધર્મનું માલિન્ય કરવાની ચેષ્ટા, તત્કાળ પણ ખુદને અને અન્યને મિથ્યાત્વી બનાવનારી બની જાય છે.

- **લોક વિરુદ્ધ કરણીઓ કેવી ભયાનક છે તેનું પર્યાલોચન :**

અહીં જે નવ પ્રકારની ઉચિત કરણીઓ કહી તે લોક વિરુદ્ધ કાર્યોના ત્યાગ સ્વરૂપ છે અને આવી ઉચિત કરણીથી વિપરીત વર્તન કરવું તે લોકવિરુદ્ધ કાર્ય છે.

હવે લોકવિરુદ્ધ નવ કાર્યોનો ત્યાગ જે વર્ણવ્યો તેનું પર્યાલોચન કરી રહ્યાં છે. નવમી ઉચિત કરણીમાં કહ્યું હતું કે ધર્મનું માલિન્ય કદાપિ કરાવવું નહીં. ધર્મનું માલિન્ય કરાવવાથી સ્વ-પરને મિથ્યાત્વનો બંધ થાય છે. આ વાતના અનુસંધાનમાં પર્યાલોચન કરો કે મિથ્યાત્વથી મોટો અનર્થ આ વિશ્વમાં બીજો નથી. ધર્મની નિંદાથી આવો મોટો અનર્થ થાય છે તેવું શાસ્ત્ર કહે છે ત્યારે ઊંડાણમાં જઈને વિચારો કે ધર્મનું માલિન્ય થવાનું એક કારણ લોકવિરુદ્ધ કરણી પણ છે. જો લોક વિરુદ્ધ કરણી ધર્મનું માલિન્ય કરે અને એથી મિથ્યાત્વની આપત્તિ ઊભી થઈ જાય છે તો લોક વિરુદ્ધ કરણી કેટલી બધી અનર્થકારી છે !

(૧) લોક વિરુદ્ધ કરણી અને મિથ્યાત્વ સંસારરૂપ અટવીમાં અંધાપા જેવા છે. જેને મિથ્યાત્વ અને લોકવિરોધી કરણીની આદત પડી છે તે હિત-અહિતનો વિમર્શ જ કરી શકતાં નથી.

(૨) મિથ્યાત્વ અને લોકવિરોધી કરણી તમામ અનિષ્ટોની જનેતા છે તેમજ નરક વિગેરે દુર્ગતિનો હેતુ છે.

(૩) આ બંને પ્રત્યક્ષપણે પણ ખૂબ દારૂણ છે કેમકે મિથ્યાત્વ અથવા લોક વિરોધી કરણી કરવાથી ચિત્તનો સંક્લેશ જ વધે છે.

(૪) આ બંને અકુશળ અનુબંધ કરાવનારા હોવાથી આત્માની દીર્ઘકાલીન ભવપરંપરાને દૂષિત કરનારા છે.

❋ मूलम् ।

**सेवेज्ज धम्ममित्ते विहाणेणं अंधो विय अणुकड्ढगे, वाहिओ विव वेज्जे, दरिद्दो विय ईसरे,**

भीओ विय महानायगे । न इओ सुंदरतरमन्नं ति बहुमाणजुत्ते सिया, आणाकंखी, आणापडिच्छगे, आणाअविराहगे, आणानिप्फायगेत्ति ।

❈ अवचूरिः ।

तथा सेवेत धर्ममित्राणि विधानेन सत्प्रतिपत्त्यादिना = अंध इवानुकर्षान् पातादिभयेन, व्याधित इव वैद्यान् दुःखभयेन, दरिद्र इव ईश्वरान् स्थितिहेतुत्वेन, भीत इव महानायकानाश्रयणीयत्वेन । तथा न इतो धर्ममित्रसेवनात् सुन्दरतरमन्यदिति कृत्वा बहुमान-युक्तः स्याद् धर्ममित्रेषु, आज्ञाकाङ्क्षी अदत्तायामस्यां तेषां, आज्ञा-प्रतीच्छकः प्रदानकाले तेषामेव, आज्ञाऽविराधकस्तेषामेव, आज्ञा-निष्पादक अविचित्तेन तेषामेव ।

❈ 'પંચસૂત્ર પ્રકાશ' :

અધર્મમિત્રનો સંગ છોડવો જોઈએ અને તે અધર્મમિત્રોનો સંગ કેટલો અપાયકારી છે તે બંને વાત પૂર્વે વર્ણવી દીધી છે. હવે ધર્મમિત્રોનો સંગ કરવો જોઈએ, તે કેટલો ઉપકારકારી છે, શી રીતે ધર્મમિત્રોને સેવવા જોઈએ અને ધર્મમિત્રો પ્રત્યે ઉચિત કરણી શું ? તે વાતોનો ઉપદેશ આપે છે.

● **ધર્મમિત્રોના સેવન માટે ચાર દૃષ્ટાંતો :**

ધર્મના વિહિત પરિપાલન માટે ધર્મમિત્રોનો સંગ પણ કરવો જોઈએ અને તે પણ શાસ્ત્રવિધિ અનુસાર ધર્મમિત્રોના આદર-બહુમાન

વિગેરે કરવા દ્વારા કરવો જોઈએ. ધર્મમિત્રોનો સંગ કરવા માટેનું શાસ્ત્ર વિધાન શું છે ? તે માટે ચાર દષ્ટાંતો અપાયેલાં છે.

(૧) એક વ્યક્તિ અંધ છે, કોક દયાળુ પુરુષે તેને પોતાના ખભા ઉપર વહન કર્યો છે... અંધ વ્યક્તિ આવા દયાળું પુરુષને જેટલા આદરથી સેવે તેટલાં આદરથી આત્માએ ધર્મમિત્રોનું સેવન કરવું જોઈએ.

અંધપુરુષને તેવો ભય રહેલો છે કે દયાળુ પુરુષ પોતાને તરછોડી દેશે તો પોતે પડી મરશે. બસ ! તેવો જ ભય અહીં પણ રાખવો. એવી રીતે કે ધર્મમિત્રોથી તરછોડાઈ જઈશ તો ક્યાંક ધર્મથી પતન થઈ જશે.

(૨) રોગી વ્યક્તિ વૈદ્યને જે રીતે સેવે તે રીતે ધર્મમિત્રને સેવવા જોઈએ. રોગીને વ્યાધિનો ડર સતાવે છે અને તેવા વ્યાધિની ચિકિત્સા વૈદ્ય દ્વારા થશે તેવી આશા છે. બસ, તે રીતે અધર્મ એ વ્યાધિ છે. આત્મા પોતે દર્દી છે અને વૈદ્ય જેવા છે ધર્મમિત્રો. ધર્મમિત્રોના સેવનથી અધર્મરૂપ રોગને દૂર કરી શકાય છે.

(૩) ગરીબ વ્યક્તિ શ્રીમંતની સેવા કરે છે કેમકે ગરીબને શ્રીમંતની સેવા વડે ધન મળી જવાનો વિશ્વાસ છે. બસ, એ જ રીતે ધર્મમિત્રનું સેવન કરવું જોઈએ. તેમના સેવનથી ધર્મરૂપી ધન આત્મારૂપી ગરીબને મળે તેવી શક્યતા રહેલી છે.

(૪) અનાથ આત્મા શરણદાતા રાજાનો સ્વીકાર કરે તે રીતે ધર્મમિત્રનું સેવન કરવું જોઈએ.

● **ધર્મમિત્રો પ્રત્યે આત્માની પાંચ ઉચિત કરણીઓ :**

ધર્મમિત્રોથી વધારે મસ્ત આ દુનિયામાં બીજું પાત્ર નથી તેમ માનીને આરાધક આત્માએ ધર્મમિત્રો પ્રત્યે પાંચ પ્રકારનું ઉચિત વર્તન દાખવવું જોઈએ.

(૧) ધર્મમિત્રો સુંદર છે તેવો આદર ભાવ તેમના પ્રત્યે ધારણ કરવો જોઈએ.

(૨) ધર્મ આ રીતે કરો, આવો કરો, આ રીતે તો ન જ કરો, તેવી આજ્ઞા ધર્મમિત્રો મને ક્યારે આપશે ? મારે તેમનું તેવું માર્ગદર્શન મેળવવું છે, એવી લાગણી તેમના માટે ધારણ કરવી જોઈએ.

આ લાગણી તેમના તરફથી ધર્મ અંગેની Guide line નથી મળી ત્યારે રાખવાની છે.

(૩) ધર્મમિત્રો જ્યારે ધર્મ કરણી અંગે માર્ગદર્શન કરાવે ત્યારે તેનો સ્વીકાર કરો.

(૪) ધર્મમિત્રોએ આપેલી Guide lineની ઉપેક્ષા, વિરાધના કદી ન કરો.

(૫) ધર્મમિત્રોએ જેવી આજ્ઞા આપી તે મુજબની પ્રવૃત્તિ મનથી પણ વિપરીત વિચારણા કર્યા વિના કરવી જોઈએ.

❃ मूलम् ।

**पडिवन्नधम्मगुणारिहं च वट्टिज्जा गिहिसमुचिएसु गिहिसमायारेसु परिसुध्धाणुट्ठाणे परिसुध्धमणकिरिए परिसुध्धवइकिरिए परिसुध्धकायकिरिए ।**

वज्जेज्जाऽणेगोवघायकारणं गरहणिज्जं बहुकिलेसं आयइविराहगं समारंभं । न चिंतेज्ज परपीडं। न भावेज्ज दीणयं । न गच्छेज्ज हरिसं । न सेवेज्जा वितहाभिणिवेसं । उचियमणपवत्तगे सिया । एवं न भासेज्ज अलियं, न फरुसं, न पेसुन्नं, नाणिबद्धं। हिय-मियभासगे सिया । एवं न हिंसेज्ज भूयाणि। न गिण्हेज्ज अदत्तं । न निरिक्खेज्ज परदारं । न कुज्जा अणत्थदंडं । सुहकायजोगे सिया ।

तहालाभोचियदाणे, लाभोचिय भोगे, लाभोचियपरिवारे, लाभोचियनिहिकरे सिया । असंतावगे परिवारस्स, गुणकरे जहासत्तिं, अणुकंपापरे, निम्ममे भावेणं, एवं खु तप्पालणे वि धम्मो जहन्नपालणेत्ति, सव्वे जीवा पुढो पुढो ममत्तबंधकारणं ।

❇ अवचूरिः ।

प्रतिपन्नधर्मगुणाऽर्हश्च वर्तेत सामान्येन । गृहिसमुचितेषु गृहिसमाचारेषु नानाप्रकारेषु परिशुद्धानुष्ठानः परिशुद्धमनःक्रियः, परिशुद्धवाक्क्रियः, परिशुद्धकायक्रियः ।

एतद् विशेषेणाऽऽह - वर्जयेदनेकोपघातकारकं सामान्येन, गर्हणीयं प्रकृत्या, बहुक्लेशं प्रवृत्तौ, आयतिविराधकं परलोक-पीडाकरं समारम्भमङ्गारकर्मादिरूपम् । न चिन्तयेत् परपीडां सामान्येन । न भावयेद् दीनतां कस्यचिदसम्प्रयोगे । न गच्छेद् हर्षं कस्यचित्सम्प्रयोगे । न सेवेत वितथाऽभिनिवेशं अतत्त्वाध्यवसा-यम् । किन्तूचितमनःप्रवर्तकः स्यादेवन्न भाषेताऽनृतमभ्याख्या-नादि, न परूषं निष्ठुरं, न पैशून्यं परप्रीतिहारि, नाऽनिबद्धं विकथादि किन्तु हित-मितभाषकः स्यात्सूत्रनीत्या ।

एवं न हिंस्याद् भूतानि पृथिव्यादीनि । न कुर्यादनर्थ-दण्डमपध्यानचरितादि किन्तु शुभकाययोगः स्यादागमनीत्या । तथा लाभोचितदानो (भोगश्चा) ऽष्टभागाद्यपेक्षया । लाभोचितपरिवार-श्चतुर्भागादिभर्तव्यपरिमाणेन । लाभोचितनिधिकरः स्याच्चतुर्भा-गाद्यपेक्षयैव, उक्तञ्चाऽत्र लौकिकैः -

पादमायान्निधिं कुर्यात्, पादं वित्ताय वर्धयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्तव्यपोषणे ॥

तथाऽन्यैरप्युक्तम्,

आयादर्धं नियुञ्जीत, धर्मे यद्वाऽधिकं ततः ।
शेषेण शेषं कुर्वीत, यत्नतस्तुच्छ मैहिकम् ॥

तथाऽसन्तापकः परिजनस्य स्यादिति वर्तते शुभप्रणिधानेन । गुणकरो यथाशक्ति भवस्थितिकथनशीलत्वेन । अनुकम्पापरः

**प्रतिफलनिरपेक्षतया । निर्ममो भावेन भवस्थित्याऽऽलोचनात् । एवं यस्मात् तत्पालनेऽपि धर्मो - जीवोपकार भावाद् यथाऽन्य-पालनम् ।**

**जीवाऽविशेषेण किमेतदित्याह - सर्वे जीवाः पृथक् पृथक् वर्तन्ते किन्तु ममत्वं बन्धकारणं लोभरूपत्वात् ।**

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

સાધુ ધર્મની જે લાલસા કરે છે અને એથી જ દેશવિરતિધર્મના વ્રતો જેણે અંગીકાર કર્યાં છે તેવા ગૃહસ્થનું સર્વસામાન્ય વર્તન પણ એવું હોવું જોઈએ કે જેથી સ્વીકારેલાં વ્રતોનું પાલન થાય, વ્રતોને હાનિ ન પહોંચે. વ્રતપાલન દુષ્કર ન બને અને પોતાના વર્તનના કારણે પોતાના જ વ્રતની કિંમત ન ઘટે. કંઈ કંઈ બાબતોમાં ગૃહસ્થનું વર્તન ધર્મવ્રતને અનુરૂપ હોવું જોઈએ ? એવો જો પ્રશ્ન થતો હોય તો તેનો જવાબ એ છે કે પોતે ગૃહસ્થ છે, ગૃહસ્થ તરીકે ઘર, પરિવારપાલન, વેપાર વિગેરે ગૃહસ્થીના જે-જે કાર્યો કરવા પડે તે દરેકમાં વ્રતને અનુરૂપ વર્તન રાખવું જોઈએ. કાર્યો ભલે ગૃહસ્થીના કરો પણ તેમાં વર્તણૂક હવે બદલાવી જોઈએ.

વ્રતને અનુરૂપ વર્તન કરીને ગૃહસ્થીને વિશે પણ આજ્ઞા અવિરુદ્ધ અને અશુભ અનુબંધથી રહિત તથા અકારણ પાપસેવન વિનાના શુદ્ધ અનુષ્ઠાન વાળા બનવું જોઈએ. આ બાબતની કાળજી લઈને શુદ્ધ મનોવર્તુળ વાળા, શુદ્ધ વાણીવ્યાપાર વાળા અને શુદ્ધ ક્રિયાકલાપવાળા બનવું જોઈએ.

તાત્પર્ય એ છે કે દેશવિરતિના વ્રતો લેનારે પોતાના મન, વચન તેમજ કાયાનું એવું ઘડતર કરવું જોઈએ જેથી સાધુધર્મ જલ્દીથી

પ્રાપ્ત થાય. સાધુધર્મની પરિભાવનારૂપે તો દેશવિરતિ ધર્મ સ્વીકાર્યો છે, એવું વર્તન, ચિંતન ને વચન કેળવવા પડે કે જેથી સંવેગની - વૈરાગ્યની નિષ્પત્તિ, વૃદ્ધિ અને પ્રતીતિ થાય.

- **સાધુધર્મના કાંક્ષી માટે - ૧૩ અકરણીય કરણીઓ :**

શુદ્ધ મનોવર્તુળવાળા બનીને દેશવિરતિને અનુરૂપ ગૃહસ્થી જ જેને જાળવવી છે તેણે હેય કરણીઓને છોડવી પણ પડે. એકદમ ન છૂટે અને ક્યારેક જીવનપર્યંત ન છૂટે તો પણ તેને છોડી દેવાનો સંકલ્પ અને પ્રયાસ તો સતત અકબંધ જ રાખવા પડે.

આવી ન કરવા લાયક તેર કરણીઓ હવે ગ્રંથકાર સૂચિત કરે છે.

- **પહેલી હેય કરણી : મહારંભ :**

મહારંભ એ પહેલી હેય કરણી છે. પુષ્કળ માત્રામાં પાપસેવન જેમાં થતું હોય તેને મહારંભ કહેવાય. **ખેતી, કોલસાના વેપાર, ઘાણી ચલાવવી વિગેરે મહારંભ છે.** આ અને આવા મહારંભ રૂપ વેપારો અનેક જીવોનું ઉપમર્દન કરાવનારા છે, સ્વભાવથી જ અધર્મીને લાયક છે.

મહારંભ કરો ત્યારે ચિત્તમાં સહજ રીતે પુષ્કળ ક્લેશ રહે છે, **મહારંભ કરનારની દુર્ગતિ લગભગ નક્કી છે,** તે પરલોકની વિડંબના આપનારા છે માટે મહારંભ કાર્યો છોડી દેવા જોઈએ.

- **બીજી હેય કરણી : પરપીડા :**

અન્ય જીવને માનસિક વ્યથા થાય કે શારીરિક પરેશાની નીપજે, બંનેને પરપીડનની વ્યાખ્યામાં જ સમાવવા પડે. પરપીડન કરનારી પ્રવૃત્તિ પણ છોડી દેવી જોઈએ. અરે ! તેવી પ્રવૃત્તિ તો છોડવી જ

જોઈએ, આગળ વધી પરપીડન દોષથી વ્યાકુળ થયેલું ચિંતન પણ છોડી દેવું જોઈએ.

- **ત્રીજું-ચોથું હેય : દીનતા અને હર્ષ :**

મનગમતી કે જરૂરીયાતની વસ્તુ કે વ્યક્તિ ન મળ્યાં, માંગવાથી પણ ન મળ્યાં તો પણ દીનતાને વશ ન બનવું અને વણમાંગ્યે પણ ક્વચિત્ મનગમતી વ્યક્તિ કે વસ્તુ મળી આવ્યાં તો પણ હર્ષ ધારણ કરવો નહીં.

- **પાંચમું હેય : અભિનિવેશ :**

ગલત બાબતને સાચી માની લેવી અને એ પછી તેની પક્કડ છોડવી જ નહીં આને કહેવાય મિથ્યાભિનિવેશ. મિથ્યા અભિનિવેશમાં નકરો અતત્ત્વનો વિલાસ ભર્યો હોય છે. આથી અતત્ત્વના આગ્રહસ્વરૂપ મિથ્યાભિનિવેશને છોડી દેવો જોઈએ અને મનને ઉચિત રીતે સંયમયુક્ત રાખવું જોઈએ.

- **૬, ૭, ૮, ૯ મી અકરણીય કરણીઓ :**

(૬) જૂઠી, ઉપજાવી કાઢેલી, હકીકતથી વેગળી, નિરાધાર વાતો કદી પણ કરવી નહીં.

(૭) કઠોર, તોછડા, ઉદ્ધત શબ્દો કદી બોલવા નહીં. સાચી વાત પણ તોછડાઈથી કરી શકાય નહીં.

(૮) ચાડી ચુગલી કરવી સજ્જનને પણ ન શોભે, તો પછી વ્રતધારીને તો તેવી પિશુનતા ક્યાંથી શોભે ?

(૯) પરસ્પર અસંબદ્ધ અને યદ્વા-તદ્વા પ્રલાપ સમાન, જેને લવારી કહી શકાય તેવા પ્રલાપો કદી કરવા નહીં.

આવા વાણી દોષોથી બચતાં રહીને હંમેશા પરિમીત તેમજ હિતકારી વાણી બોલવી.

- **૧૦, ૧૧, ૧૨, ૧૩ મી હેય પ્રવૃત્તિઓ :**

(૧૦) પૃથ્વી - પાણી - અગ્નિ વિગેરે સમસ્ત જીવનિકાયની હિંસાનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ.

(૧૧) માલિકે નહીં આપેલી ચીજ કદી પણ લેવી નહીં.

(૧૨) પરસ્ત્રીનો ભોગ તો દૂર રહ્યો, પરસ્ત્રીને રસપૂર્વક નિરખવી પણ નહીં.

(૧૩) અનર્થદંડ રૂપ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવો. તીવ્ર દુર્ધ્યાન પણ અનર્થ દંડનો જ હિસ્સો છે. વિશેષ તકેદારી પૂર્વક તીવ્ર દુર્ધ્યાનથી બચવું.

આમ, આ તેર પ્રકારનાં હેય = છોડી દેવા લાયક કાર્યો પ્રતેચ્છુ આત્માએ છોડી દેવા રહ્યાં અને પોતાની તમામ ક્રિયાઓ આગમાનુકૂળ બનીને જ કરવી રહી.

- **દાન-ભોગવટો - પરિવાર પાલન અને Balance Sheet... દરેક માટે કેટલાં ટકા ધનની ફાળવણી કરવી ? :**

ધનની આવકને નજર સામે રાખી તેને અનુરૂપ રહીને જ દાન કરવું, ભોગ ભોગવવા, બચત કરવી અને પરિવાર પાલન માટે ખર્ચ કરવો.

- **લૌકિકશાસ્ત્રમાં પણ કહ્યું છે કે -**

**पादमायान्निधिं कुर्यात् पादं वित्ताय वर्धयेत् ।**
**धर्मोपभोगयोः पादं पादं भर्तव्यपोषणे ॥**

જેટલી આવક હોય તેના ચાર ભાગ કરવા. એક ભાગ બચત તરીકે બચાવવો, એક ભાગ વેપાર માટે ખર્ચવો, એક ભાગ ધર્મ માર્ગે સદ્વ્યય કરવો અને એક ભાગ વડે પરિવાર પાલન કરવું અને ભોગ ભોગવવા.

- **અન્યમતાનુસાર તો -**

**आयादर्धं नियुञ्जीत धर्मे यद्वा ऽधिकं ततः ।**

**शेषेण शेषं कुर्वीत यत्नतस्तुच्छमैहिकम् ॥**

પચાસ ટકા આવક ધર્મ માર્ગે સદ્વ્યય કરવી અને એ પછી બાકીના પચાસ ટકામાંથી બાકી રહેલાં તમામ કાર્યો કરવા કેમકે ઐહિક કાર્યો તો તુચ્છ છે.

- **શ્રાવકની પરિવાર પ્રત્યેની ચાર ફરજો :**

**(૧) અસંતાપકારી વ્યવહાર :**

પરિવારના સભ્યો સાથે સંતાપરહિત વ્યવહાર કરવો જોઈએ. સંતાપરહિત વ્યવહારનો અર્થ તેવો નથી કે શ્રાવકના વ્યવહારથી પરિવારના કોઈ પણ સભ્યને કદી પણ સંતાપની અનુભૂતિ ન જ થાય કેમકે તે વસ્તુ તો એકપક્ષીય નથી. પરસ્પર બંનેના પુન્ય અને લાયકાતને આધીન છે. સંતાપ રહિત વ્યવહારનો અર્થ એ છે કે શ્રાવકના પોતાના અંતઃકરણમાં પરિવારના એક પણ સભ્ય માટે અશુભ સંકલ્પ ન હોવો જોઈએ. તમામ સભ્યો માટે શુભવૃત્તિથી પ્રેરાયેલો જ વ્યવહાર હોવો જોઈએ. આવા વ્યવહારને અસંતાપકારી વ્યવહાર કહેવાય.

**(૨) ગુણકારી વ્યવહાર :**

શ્રાવક પોતાના આવા શુભવૃત્તિથી ભરેલાં વ્યવહારની સાથે પરિવારજનો સમક્ષ સંસારની સ્થિતિની એવી સમજ આપતો રહે કે

જેને સાંભળીને લાયક પરિવારજનો ગુણને પામે. એ પછી તો એવી સ્થિતિ સર્જાય જાય કે ફક્ત વડીલના વ્યવહારને જોઈને પણ તેઓ ગુણની પ્રાપ્તિ કરનારા બની જાય.

**(૩) અનુકંપાપૂર્ણ વ્યવહાર :**

પરિવારજનો પાસે બદલાની અપેક્ષા રાખ્યાં વિના તેમના પ્રત્યે પ્રેમાળ વર્તન રાખવું. તેમના પ્રત્યે કરૂણા બુદ્ધિ રાખવી. હું પરિવારને સાચવીશ તો વૃદ્ધવયમાં મને સારો બદલો તેમના તરફથી મળશે તેવી અપેક્ષા પણ કરવી નહીં. માત્ર કરૂણા બુદ્ધિથી તેમને સાચવવા.

**(૪) નિર્મમ વ્યવહાર :**

આ પરિવાર તો મારો છે, મને તેવો ગર્વ છે તેવા મમત્વ, પક્ષપાત કે રાગના આવેશ વિનાનો તેમજ પરિવાર પ્રત્યેના અધિકાર-ભાવ વિનાનો વ્યવહાર તેમના પ્રત્યે કરવો. આવા વ્યવહારને મમત્વ-રહિત = નિર્મમ વ્યવહાર કહેવાય.

પરિવાર સાથે જો આવો ચાર ગુણસંપન્ન વ્યવહાર કરવામાં આવે તો **તેવા વ્યવહાર સહિતનું પરિવારપાલન પણ ધર્મ બની જાય છે કેમકે તેવા પરિવારપાલનમાં રાગનો આવેશ કારણભૂતથી બનતો પરંતુ ઉપકારબુદ્ધિ કારણભૂત બને છે.**

જેમ જીવ પ્રત્યેની માત્ર ઉપકારબુદ્ધિથી કરેલી જીવદયાની પ્રવૃત્તિ ધર્મરૂપ બને છે તે જ રીતે પરિવાર જનો પ્રત્યે ઉપર્યુક્ત ગુણોથી યુક્ત એવો વ્યવહાર જો કરતાં આવડી જાય તો પરિવાર પાલન પણ ધર્મ બની જાય.

જીવો પરિવારરૂપે સંકળાયેલાં હોય કે સંકળાયેલા ન પણ હોય, આખરે તે સૌ જુદાં-જુદાં જ છે. તે કંઈ એકમેકમાં કર્મનો આરોપ

નથી કરતાં પરંતુ તાત્ત્વિક રીતે તો આત્મામાં પ્રગટેલી મમત્વબુદ્ધિ જ કર્મબંધનું કારણ બને છે.

❖ मूलम् ।

तहा तेसु तेसु समायारेसु सइसमन्नागए सिया, अमुगे अहं, अमुगकुले, अमुगसीसे, अमुगधम्म-ट्ठाणट्ठिए, न मे तव्विराहणा, न मे तदारंभो, वुड्ढी ममेयस्स, एयमेत्थ सारं, एयमायभूयं, एवं हियं । असारमन्नं सव्वं विसेसओ अविहिगहणेणं विवाग-दारूणं चेत्ति । एवमाह तिलोगबंधू परमकारूणिगे सम्मं संबुद्धे भगवं अरहंते त्ति । एवं समालोचिय तदविरुद्धेसु समायारेसु सम्मं वट्टेज्जा । भाव-मंगलमेयं तन्निप्फत्तीए ।

तहा जागरिज्ज धम्मजागरियाए । को मम कालो, किमेयस्स उचियं, असारा विसया नियमगामिणो विरसावसाणा । भीसणो मच्चू, सव्वाभावकारी, अ-विन्नायागमणो, अणिवारणिज्जो पुणो पुणोऽणुबंधी । धम्मो एयस्स ओसहं एगंतविसुद्धो महापुरिससेविओ सव्वहियकारी निरइयारो परमाणंदहेऊ ।

❋ अवचूरिः ।

तथा तेषु तेषु समाचारेषु गृहिसमुचितेषु इति वर्तते । स्मृतिसमन्वागतः स्यादाभोगयुक्तः स्याद् । कथमित्याह- अमुकोऽहं देवदत्तादिनामा, अमुककुल इक्ष्वाक्वाद्यपेक्षया, अमुकशिष्यो धर्मतस्तत् तदाचार्याद्यपेक्षया । न मम तदारम्भे विराधनारम्भः । तथा वृद्धिर्ममैतस्य धर्मस्थानस्य । एतदत्र सारं धर्मस्थानम् । एत -दात्मभूतमात्मानुगामुकत्वेन । असारमन्यत् सर्वमर्थजातादि, विशेष-तोऽविधिग्रहणेन विपाकदारूणत्वात् । एवमाह त्रिलोकबन्धुः, परमकारूणिकस्तथाभव्यत्वनियोगात् । सम्यक् प्रबुद्धोऽनुत्तर-बोधिबीजतः, भगवनर्हन् । एवमालोच्य तदविरूद्धेषु समाचारेषु सम्यग् वर्तेत सूत्रनीत्या । भावमङ्गलमेतद्विधिना वर्तनं, तन्निष्प -त्तेरधिकृतसमाचारनिष्पत्तेः ।

तथा जागृयाद् भावनिद्राविरहेण । धर्मजागरया तत्त्वालोचन-रूपया । को मम कालो वयोऽवस्थारूपः, किम्मे तस्यामुचितं धर्मानुष्ठानम् । असारा विषयास्तुच्छाः शब्दादयः, नियमगामिनो, वियोगान्ताः, विरसावसानाः, परिणामदारुणाः ।

तथा भयानको मृत्युः, सर्वाभावकारी तत्साध्यार्थक्रियाऽ-भावात्, अविज्ञाताऽऽगमनोऽदृष्टस्वभावत्वान्मृत्योः, अनिवारणीयः स्वजनादिबलेन, पुनः पुनरनुबन्धी अनेकयोनिभावेन । धर्म एतस्यौ -षधं मृत्योर्व्याधिकल्पस्य, एकान्तविशुद्धः, महापुरुषसेवितः,

**सर्वहितकारी मैत्र्यादिरूपतया, निरतिचारो यथागृहीतपालनेन, परमानन्दहेतुर्निर्वाणकारणम् ।**

**❋ 'પંચસૂત્ર પ્રકાશ' :**

સાધુધર્મના અભિલાષુક એવા ગૃહસ્થે સાધુધર્મની પરિભાવના સ્વરૂપ જે દેશવિરતિ ધર્મ સ્વીકાર્યો છે તેના વ્રતોને વિશે સદાય ઉપયોગવંત રહેવું જોઈએ. વ્રતધારી ગૃહસ્થની ગૃહસ્થજીવન અંગેની જે ફરજ, કરણી અને આચાર હોવા જોઈએ તે દરેક બાબત અંગે પણ ઉપયોગવંત બનવું જોઈએ.

કહેવાનો આશય એ છે કે વ્રતો સ્વીકારીને ભૂલી જવાના નથી, પરિવારપાલન વ્રતધારીને કેવી રીતનું શોભે, હેય કરણીઓ કંઈ કંઈ છે અને સંસારનિર્વાહ કેવી રીતે કરવો તે અંગે ઉપર્યુક્ત પ્રકરણોમાં જે ઉપદેશ અપાયો તે સતત યાદ રાખવો જોઈએ.

- **રોજ કર્તવ્ય સ્મરણ કરો / ગૃહસ્થનું દિગ્બંધન થઈ શકે ?**

તેની જ જેમ શ્રાવકે સદા પોતાના કર્તવ્યનું સ્મરણ કરવું ઘટે.

તે આ રીતે (૧) મારું અમુક નામ છે (૨) ઈક્ષ્વાકુ વિગેરે અમુક કુળ, વંશ-જાતિ આદિમાં મારો જન્મ થયો છે. (૩) હું અમુક આચાર્યનો ધર્મશિષ્ય છું.

અહીં એ સમજવાનું છે કે **સાધુઓમાં ગુરુ-શિષ્ય તરીકેનું જેવું દિગ્બંધન હોય છે તેવું સાધુ અને ગૃહસ્થોમાં હોઈ શકતું નથી કેમકે દિગ્બંધન કરાયેલાં શિષ્યને ગુરુ પોતાના અધિકાર તળે લે છે. ગૃહસ્થ અવિરતિધારી છે તેથી તેને દીક્ષિત શિષ્યની જેમ અધિકારમાં લઈ શકાય નહીં.** તો પછી 'અહીં અમુક આચાર્યનો હું શિષ્ય છું' એવું સ્મરણ કરવાનું કેમ કહ્યું ? તેનું તાત્પર્ય એ છે કે ગૃહસ્થ પોતાને યોગ્ય લાગે તેવા તત્ત્વાનુકૂળ આચરણા-પ્રરૂપણા ધરાવનારા ઉપકારી ગુરુને ગુરુ

તરીકે સ્વીકારે અને એવા ગુરુની પરંપરામાં જે માન્યતા - સામાચારી પ્રવર્તેલી હોય તેનો તે અનુયાયી બન્યો રહે. **આ અપેક્ષા પૂરતું ગૃહસ્થનું શિષ્યત્વ છે અને એટલું જ ગૃહસ્થ માટે ગ્રંથકારને પણ ઈષ્ટ છે તેથી ગ્રંથકારે 'धर्मतः शिष्यः ધર્મને આશ્રયીને અમુક ગુરુનો શિષ્ય છું'** તેવું લખ્યું છે.

એ પછી સ્મરણ કરે કે - (૪) દેશવરિતિગુણસ્થાનક અને તેના અમુક વ્રતોના સ્થાન પર હું રહ્યો છું. (૫) મારા ગુણસ્થાનક પર હું યથાવત્ અવસ્થિત જ છું તેથી મારા ગુણસ્થાનકથી મારું પતન = વિરાધના પણ નથી. (૬) વિરાધના નથી એટલે મારા ગુણ સ્થાનકની વૃદ્ધિ જ પ્રવર્તે છે. (૭) મારા ગૃહસ્થજીવનમાં સારભૂત ચીજ હોય તો તે ફક્ત મારો ધર્મ જ છે. (૮) મારો આ દેશવિરતિ ધર્મ જ મારો આત્મા છે કેમકે તે જ ભવાંતરયાયી બની શકે તેમ છે. અન્ય સ્વજનો નહીં.

(૯) મારા ધર્મ સિવાય, મારા જીવનમાં રહેલાં ધન-વેપાર કે કુટુંબ સારભૂત નથી. સારભૂત તો નથી જ, આગળ વધી તે સૌ તો અવિધિ પૂર્વક જો ગ્રહણ કર્યા - ભોગવ્યા એટલે કે શાસ્ત્રે જે રીતે તેમના પ્રત્યે વર્તવાનું કહ્યું છે તેથી વિપરીત રીતે જો ત્યાં વર્તન કર્યું તો તેઓ મહાદારૂણ વિપાકને આપનારાં છે.

આવો ઉપદેશ પરમકારૂણિક, ત્રિલોકબંધુ અને સ્વયંસંબુદ્ધ એવા અરિહંતે આપ્યો છે.

આમ, આ રીતે નવ પ્રકારે કર્તવ્ય સ્મરણ કરી અરિહંતની આજ્ઞાથી અવિરુદ્ધ રીતે ગૃહસ્થાશ્રમના કાર્યોમાં પ્રવર્તવું. શાસ્ત્રનીતિને સંસારી જીવનના કાર્યોમાં પણ ક્યાંય ધક્કો ન લાગે તેની કાળજી રાખવી. આ રીતે **શાસ્ત્રનીતિ પૂર્વકનું ગૃહસ્થજીવન પણ ભાવમંગલ**

**રૂપ છે કેમકે શાસ્ત્રનીતિની નિષ્પત્તિ જ્યાં થાય છે ત્યાં કક્ષાનુરૂપ આચાર-વ્રતની નિષ્પત્તિ પણ થાય જ છે.**

- **શ્રાવકે ધર્મજાગરિકા આ રીતે કરાય :**

મિથ્યાત્વ અને તીવ્ર અવિરતિ વિગેરે દોષો એટલે ભાવનિદ્રા. ભાવનિદ્રાનો સદાય ત્યાગ રાખીને શ્રાવક દિનરાત ધર્મ જાગરિકા કરે. તેમાં રાત્રિ સમયે નિદ્રા ક્ષય થાય ત્યારે, નિદ્રા પહેલાં કે પછી અને અવસરે દિવસે પણ નીચે જણાવ્યું છે તે પ્રમાણેના ચિંતન રૂપ ધર્મ જાગરિકા કરે.

**ધર્મજાગરિકા શબ્દ પારિભાષિક છે અને તેનો પ્રધાન અર્થ તત્ત્વનું ચિંતન કરવું તેવો થાય છે.**

(૧) કયો સમય મારે ચાલે છે ? વ્રતપાલનનો કે વ્રતસમાપનનો? (૨) મારી અવસ્થા કંઈ છે ? (૩) આ ઉંમરે મારા માટે ઉચિત શું છે ? કેવું ધર્મકાર્ય આ ઉંમરે સવિશેષપણે કરવું જોઈએ ? (૪) શબ્દ, રૂપ, સ્પર્શ વિગેરે ઈન્દ્રિય વિષયો તો (A) તુચ્છ છે, (B) નિશ્ચિત રીતે ચાલી જનારા છે, (C) અવશ્યમેવ વિયોગ આપનારા છે (D) અંતે હંમેશા સ્વાદહીન લાગનારા છે અને (E) પરભવમાં દારૂણ ફળને આપનારા છે.

- **મૃત્યુના ચાર દોષો અને ધર્મના ચાર ગુણો :**

(૪) મૃત્યુ ચાર-ચાર અપાયોથી ભરેલું છે માટે ભયાનક છે.

☞ મૃત્યુ તમામ ઈષ્ટ ચીજોનો અભાવ કરી દેનારું છે.

☞ મૃત્યુનું આગમન સામાન્ય પ્રાણી વડે કદી જાણી શકાય તેમ નથી.

☞ સ્વજન-સૈન્યબળ વિગેરે દ્વારા મૃત્યુને અટકાવી શકાય તેમ નથી.

☞ મૃત્યુ, ભવપંરપરા છે ત્યાં સુધી સાનુબંધ પણે આવનારું છે. આમ, ચાર દોષો મૃત્યુ વિશે રહેલાં છે.

આવું મૃત્યુ જો દર્દ છે તો તેનું ઔષધ ફક્ત ધર્મ છે. ધર્મના ચાર ગુણો પણ છે. જેમકે -

☞ ધર્મ એકાંતે વિશુદ્ધ છે.

☞ અરિહંત જેવા મહાપુરુષો વડે આશ્રય કરાયેલો છે.

☞ મૈત્રી વિગેરે ભાવનાઓથી સભર હોવાથી ધર્મ સર્વજન હિતકારી છે.

☞ ધર્મ જેવો ગ્રહણ કર્યો તે જ રીતે નિરતિચારપણે પાળવાથી નિર્વાણ સુખને આપનારો છે.

❈ मूलम् ।

**नमो इमस्स धम्मस्स । नमो एयधम्मपयासगाणं, नमो एयधम्मपालगाणं, नमो एयधम्मपरूवगाणं, नमो एयधम्मपवज्जगाणं । इच्छामि अहमिणं धम्मं पडिवज्जित्तए सम्मं मण-वयण-काय जोगेहिं । होउ ममेयं कल्लाणं परमकल्लाणाणं जिणाणमणुभाव-ओ । सुप्पणिहाणमेवं चिंतेज्जा पुणो-पुणो । एय धम्मजुत्ताणं अववायकारी सिया । पहाणं मोहच्छे-**

यणमेयं । एवं विसुज्झमाणे विसुज्झमाणे भावणाए कम्मापगमेणं उवेइ एयस्स जोग्गयं । तहा संसार-विरत्ते संविग्गे भवइ अममे अपरोवयावी विसुध्धे विसुज्झमाणभावेत्ति ।

॥ इइ साहुधम्मपरिभावणासुत्तं ॥ २ ॥

❈ अवचूरिः ।

नम एतस्मै धर्माय । नम एतद्धर्मप्रकाशकेभ्योऽर्हद्भ्यः । नम एतद् धर्मपालकेभ्यो यतिभ्य एव । [ नम एतद्धर्मप्ररूपकेभ्यो गीतार्थमुनिभ्य एव ] । नम एतद् धर्म प्रतिपत्तृभ्यः श्रावकादिभ्यः । इच्छाम्यहमेनं धर्मं प्रतिपत्तुमनेनैतत्पक्षपातमाह, सम्यक् मनोवाक्-काययोगैरनेन तु सम्पूर्णप्रतिपत्तिरूपं प्रणिधिविशेषमाह ।

भवतु ममैतत् कल्याणमधिकृतधर्मप्रतिपत्तिरूपं परम-कल्याणानां जिनाना मनुभावतस्तदनुग्रहेणेत्यर्थः । सुप्रणिधानमेवं चिन्तयेत् पुनः पुनः । तथैतद् धर्मयुक्तानां यतीनामवपातकारी स्याद् आज्ञाकारीति भावः । प्रधानं मोहच्छेदनमेतत् तदाज्ञाकारित्वं । एवं कुशलाभ्यासेन विशुध्यमानो भावनयोक्तरूपतया कर्मापगमेन हेतुना उपैत्येतस्य धर्मस्य योग्यताम् ।

**एतदेवाह - तथा संसारविरक्तस्तद् दोषभावनया, संविग्नो भवति मोक्षार्थी, अममः, अपरोपतापी, विशुद्धो ग्रंथ्यादिभेदेन, विशुध्यमानभावः शुभकण्डकवृद्ध्या ।**

**॥ इति साधुधर्मपरिभावनासूत्रम् ॥**

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

પંચસૂત્રનું આ બીજું સૂત્ર છે. આ સાધુધર્મ પરિભાવના સૂત્રનો હવે ઉપસંહાર થઈ રહ્યો હોવાથી ગ્રંથકાર સમાપનમંગલ કહી રહ્યાં છેઃ

જિનધર્મને નમસ્કાર થાઓ ! આ ધર્મનું પ્રકાશન કરનારાં અરિહંત ભગવંતોને નમસ્કાર થાઓ ! જિનધર્મના સંપૂર્ણ પાલક તો મહાવ્રતધારીઓ જ છે તેથી ધર્મના પાલક તરીકે તેમનો ઉલ્લેખ કરતાં કહે છે કે જિનધર્મના પાલક મુનિવરોને નમસ્કાર થાઓ ! જિનધર્મનું યથાર્થ વ્યાખ્યાન કરનારાં ગીતાર્થમુનિવરોને નમસ્કાર થાઓ !

જિનધર્મનો સ્વીકાર કરનારા શ્રાવકોને પણ નમસ્કાર થાઓ !

હું સાધુધર્મ સ્વરૂપ જિનધર્મને ઈચ્છું છું, મારા મન, વચન અને કાયા આ સાધુધર્મમય બનો !

અહીં સાધુધર્મને ઈચ્છું છું એવા ઉલ્લેખ વડે સાધુધર્મનો પક્ષપાત વ્યક્ત થાય છે અને મન-વચન-કાયા વડે ઈચ્છું છું એવા ઉલ્લેખ વડે સાધુધર્મ સ્વીકારવાનો સંકલ્પ વ્યક્ત થાય છે.

'પરમકલ્યાણમય એવા અરિહંતોના અનુગ્રહથી મને અત્યંત કલ્યાણ રૂપ એવા સાધુધર્મની પ્રાપ્તિ થાઓ !' વારંવાર આવી ભાવના કરવી. તે જ રીતે નિર્મળ સાધુતાના ધારક એવા સાધુઓનો આજ્ઞાંકિત હું સદાય બન્યો રહું તેવી ભાવના પણ વારંવાર કરવી

કેમકે **મહાવ્રતધર ગુરુનું આજ્ઞાંકિત પણું સ્તો મોહને ઉખેડી ફેંકવાનું મુખ્ય શસ્ત્ર છે.**

આ રીતે ઉપર્યુક્ત ભાવોના કુશળ અભ્યાસ વડે ધીરે ધીરે એવી કર્મલઘુતા પ્રગટે છે જેના બળે સાધુધર્મ માટેની યોગ્યતાને આત્મા પામી જાય.

એ યોગ્યતાને પામેલો આત્મા, સંસારને દોષમય માનતો હોવાથી તેનાથી વૈરાગ્યને પામે છે, મોક્ષનો ચાહક બને છે, કદી પરપીડા નથી કરતો, અચૂક ગ્રંથિભેદ કરે છે તેમજ શુભ કર્મ ફળ વધવાથી ઉત્તરોત્તર શુદ્ધિને ધારણ કરે છે.

❁ ❁ ❁

3

# अथ प्रव्रज्याग्रहणविधिसूत्रम् ।

❋ **अवतरणिका ।**

**साधुधर्मे परिभाविते यत्कर्तव्यं तदभिधातुमाह-**

❋ **ભાવાનુવાદ :**

હવે પંચસૂત્ર પૈકી ત્રીજા સૂત્રનો પ્રારંભ કરી રહ્યાં છે. પ્રારંભ કરતાં પહેલાં આ ત્રીજા સૂત્રનું પૂર્વે વર્ણવેલાં દ્વિતીય સૂત્ર સાથે કેવું અનુસંધાન છે તે વાત સ્પષ્ટ કરે છે.

બીજા સૂત્રમાં શ્રદ્ધાની નિષ્પત્તિ જેનામાં થઈ છે તેવો આત્મા સાધુધર્મની અભિલાષા વાળો શી રીતે બને અને સાધુધર્મની અભિલાષાવાળા બનીને કેવી-કેવી ભાવના તથા આચરણા વડે સાધુધર્મની પરિભાવના કરે તેનો ઉપદેશ આપ્યો. હવે બીજા સૂત્રના નિર્દેશ મુજબ સાધુધર્મની પરિભાવના વાળા બનેલાં શ્રાવકે તે પછી શું કરવું જોઈએ તે કહી રહ્યાં છે :-

❋ **मूलम् ।**

**परिभाविए साहुधम्मे, जहोदियगुणे जएज्जा सम्ममेयं पडिवज्जित्तए अपरोवतावं, परोवतावो हि तप्पडिवत्तिविग्घो । अणुपाओ खु एसो । न खलु अकुसलारंभो हियं । अप्पडिबुध्धे कहिंचि पडि- बोहज्जा अम्मापियरे । उभयलोगसफलं जीवियं, समुदायकडा कम्मा समुदायफलत्ति । एवं सुदीहो अविओगो अण्णहा एगरुक्खनिवासिसउणतुल्लमेयं ।**

❋ अवचूरिः ।

परिभाविते साधुधर्मे यथोदितगुणः संसारविरक्तः संविग्नोऽममोऽपरोपतापी विशुद्धो विशुद्ध्यमानभावः सन् यतेत साधुधर्मं प्रतिपत्तुम् । कथमित्याह- अपरोपतापमिति क्रियाविशेषणम्, परोपतापो हि तत्प्रतिपत्तिविघ्नो धर्मप्रतिपत्त्यन्तरायः । एतदेवाह - अनपाय एव एष धर्मप्रतिपत्तौ परोपतापः । कथमित्याह - न खलु कुशलारम्भतोहितम्, अकुशलारम्भश्च धर्मप्रतिपत्तावपि परोपतापः ।

अप्रतिबुद्धौ कथञ्चित् कर्मवैचित्र्यतः प्रतिबोधयेन्माता-पितरौ । कथमित्याह-उभयलोकः सफलः, जीवितं प्रशस्यते इति शेषस्तथा समुदायकृतानि कर्माणि प्रक्रमाच्छुभानि समुदायफलानीत्यनेन भूयोऽपि योगाऽऽक्षेपः । तथा चाह- एवं सुदीर्घोऽवियोगो भवपरम्परया सर्वेषामस्माकम्, अन्यथैवमकरणे एकवृक्षनिवासिशकुनतुल्यमेत -च्चेष्टितमितिशेषः ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

સાધુધર્મ ગ્રહણ કરવાનો મનોરથ જેને થયો છે, તેથી દેશવિરતિ ધર્મ ગ્રહણ કરીને તેના વ્રતો જેણે પાળ્યાં છે અને એ રીતે સાધુધર્મની પરિભાવનાથી જે ભાવિત બનેલો છે તેવો ગૃહસ્થ બીજા સૂત્રમાં નિર્દેશ્યાં છે તેવા ગુણોવાળો બને છે, સંસારથી પરાઙ્મુખ બનીને વૈરાગ્યવંત બને છે, મોક્ષની પ્રકૃષ્ટ અભિલાષા જાગી હોવાથી સંવિગ્ન બને છે અને પોતાના નિમિત્તે અન્યને ક્યાંય દુઃખ ન પહોંચે તેવા મનોભાવ થયાં હોવાથી અન્યને પીડા નહીં પહોંચાડનાર પણ બને છે.

આ રીતે વિશુદ્ધિને પામેલાં, મનોભાવોનું સતત ઉર્ધ્વીકરણ કરતાં એવા શ્રાવકે સાધુધર્મના સ્વીકાર માટે પ્રયત્ન કરવો જોઈએ.

- **અન્યને દુઃખ પહોંચાડ્યાં વિના દીક્ષા લે ! :**

દીક્ષા શી રીતે લેવી જોઈએ ? માતા-પિતાને પૂછ્યાં વિના, તેમને નોંધારા મૂકીને, સ્વજનો, પત્ની વિગેરેને રઝળતાં કરીને કે તેમની અનુમતિ ગ્રહણ કરીને ?

રાજમાર્ગ તે જ છે કે માત-પિતા, પુત્ર-પત્ની વિગેરે અન્યજીવો = સ્વજનોને વ્યથા પહોંચાડ્યાં વિના દીક્ષા ગ્રહણ કરવી કારણ કે પરપીડન એ સાધુધર્મના પ્રગટીકરણમાં પણ અંતરાય કરનારું અશુભ પરિબળ છે, એવું નથી કે તે ફક્ત અન્યજનોને જ વ્યથા પહોંચાડે છે.

આમ, પરપીડન ધર્મગુણના પ્રગટીકરણમાં પણ વિઘ્ન કરનાર હોવાથી સ્વજનોને દુઃખી-દુઃખી કરીને દીક્ષા લેવી સામાન્યથી ઉપાય રૂપ નથી. અર્થાત્ તેવો ઉપાય સંયમ પ્રાપ્તિ માટે ઇષ્ટ નથી કેમકે તેવું કરવાથી દીક્ષાર્થીને પણ અકુશળ કર્મનો બંધ થાય છે એટલે કે પાપબંધ થાય છે. પાપબંધ તો હિતકારી નથી જ ને ? પાપબંધ ધર્મના ઉત્થાનમાં અવરોધ રૂપ છે.

- **માત-પિતાદિ સ્વજનોને દીક્ષાની અનુમતિ માટે પ્રતિબોધ શી રીતે આપવો ?**

એક તરફ સ્વજનની સંમતિ વિના દીક્ષા લેવી ઉચિત નથી અને બીજી તરફ સંમતિ માંગવા છતાં સ્વજનો સંમતિ આપતાં નથી... હવે શું કરવું ?

સંમતિ ન આપનાર કોણ છે ? તેનો અહીં વિચાર કરો. પ્રાયઃ દીક્ષા માટે નાસંમત થનારી વ્યક્તિઓમાં પોતાના માતા-પિતા જ મુખ્ય બન્યાં હશે.

કર્મની વિચિત્રતાના કારણે ધર્મનો પ્રતિબોધ નહીં પામેલાં મા-બાપ પુત્ર વિગેરેને સંયમની સંમતિ આપતાં નથી હોતા. આવી સ્થિતિમાં મૂકાયેલાં દીક્ષાર્થીએ સંયમની ઇચ્છા ત્યજી ન દેવી પરંતુ મા-બાપ વિગેરે સ્વજનોને એવો પ્રતિબોધ આપવો કે તમે અમને સંયમ માટે કેમ ના કહો છો ? અમારા પ્રત્યે તમને મોહ છે, અમે સંયમ લેશું તો તમને અમારો વિયોગ થશે, એ વિયોગ તમને અકારો લાગે છે, માટે જ ને ?

તો એક કામ કરો : તમે પણ પ્રતિબોધ પામો અને સંયમ લેવા માટે કટિબદ્ધ બનો. આપણે સાથે-સાથે સંયમ લઈશું. સંયમ લેવાથી તમારો અને અમારો આલોક તેમજ પરલોક; બંને સફળ બનશે. વર્તમાન જિંદગી પ્રશસ્તકારી ગણાશે.

વળી, સાથે સંયમ લેશું અને સાથે પાળીશું તો પુનર્જન્મમાં પણ આપણે ફરીવાર એકઠા થઈશું, ભેગા મળીને ફરી સંયમ લઈશું કેમકે સામુદાયિક રૂપે કરેલાં શુભ કે અશુભ કાર્યોના ફળ સામુદાયિક રૂપે જ ભોગવવાના આવે છે.

આમ થવાથી, અમારો વિયોગ જે તમને આ ભવના ઉત્તરકાળમાં અકારો લાગે છે તે આ જન્મમાં તો નહીં જ થાય, આવતાં ભવમાં પણ નહીં થાય. આમ, દીર્ઘકાળ સુધી પરસ્પર અવિયોગ સર્જાશે.

આ રીતે જો નહીં કરીએ તો વર્તમાન જન્મમાં થયેલો આપણો સંયોગ ઘેઘૂર વૃક્ષ પર એક રાત પૂરતાં ભેગા વસેલાં જુદાં-જુદાં પંખીઓ જેવો જ બની જશે. વિશેષ કશું નહીં.

❈ मूलम् ।

उद्दामो मच्चू पच्चासण्णो य । दुल्लहं मणुयत्तं समुद्दपडि[ य ]रयण - लाभतुल्लं अइप्पभूया अन्ने भवा दुक्खबहुला मोहंधयारा अकुसलाणुबंधिणो अजोग्गा सुध्धधम्मस्स । जोग्गं च एयं पोयभूयं भवसमुद्दे, जुत्तं सकज्जे निउंजिउं, संवरच्छिद्दं नाणकण्णधारं तवपवणजवणं ।

खणे एस दुल्लहे सव्वकज्जोवमाईए सिद्धि साहगधम्मसाहगत्तेण । उवादेया य एसा जीवाणं । जं न इमीए जम्मो, न जरा, न मरणं, न इट्ठवि- ओगो, नाणिट्ठसंपओगो, न खुहा, न पिवासा, न अ अन्नो कोइ दोसो, सव्वहा अपरतंतं जीवावत्थाणं असुभरागाइरहियं संतं सिवं अव्वाबाहं ति ।

❈ अवचूरिः ।

एतदेव स्पष्टयन्नाह । उद्दामोमृत्युरनिवारितप्रसरः । प्रत्यासन्नश्चाऽल्पायुश्चिन्ता । दुर्लभं मनुजत्वं भवाऽब्धाविति शेषः। एतदेवाह- भवोऽयमिति समुद्रपतितरत्नलाभतुल्यमतिदुरापम् । कुत- इत्याह - अतिप्रभूता अन्ये भवाः पृथिवीकायादिसम्बन्धिनः

कायस्थित्या । एते च दुःखबहुला उत्कटाऽशातावेदनीयाः, मोहान्धकारास्तदुदयतीव्रतया, अकुशलानुबन्धिनः, अतोऽयोग्याः शुद्धधर्मस्य चारित्रलक्षणस्य । योग्यं चैतन्मनुजत्वं पोतभूतं भवसमुद्रे तदुत्तारकत्वेन, अतोयुक्तं स्वकार्ये नियोक्तुं धर्मलक्षणे ।

कथम् ? इत्याह - संवरस्थगितछिद्रं, छिद्राणि प्राणातिपात-विरमणादीनि । तथा ज्ञानकर्णधारमभीक्ष्ण्यं तदुपयोगतः । तपः-पवनजवनमनशनाद्यासेवनतया, एवं युक्तं स्वकार्ये नियोक्तुम् । किमित्यत आह - क्षण एष दुर्लभः । क्षणः प्रस्तावः सर्वकार्यो-पमातीतः, सिद्धिसाधकधर्मसाधकत्वेन हेतुना । उपादेया चैषा जीवानां सिद्धिरेव यन्नाऽस्यां जन्मादिः, नान्यः कश्चन दोषः शीतो-ष्णादिः, सर्वथाऽपरतन्त्रं जीवावस्थानमस्यां सिद्धाविति प्रक्रमः । अशुभरागादिरहितमेतदवस्थानम् ।

एतदेव विशिष्यते । शान्तं शक्तितोऽपि क्रोधाद्यभावेन, शिवं सर्वाऽशिवाऽभावतः, अव्याबाधं निष्क्रियत्वेनेति ।

❈ 'પંચસૂત્ર પ્રકાશ' :

વળી, એ તો વિચારો : મૃત્યુ શું નથી આવવાનું ? આ ભવના સંયોગને તે ક્ષણભરમાં ખંડિત નહીં કરી દે ? મૃત્યુના પ્રસારને એક પણ ઉપાય વડે અટકાવી શકાય તેમ નથી તેથી મૃત્યુ ઉદ્દામ છે. એટલું જ નહીં, જો આપણે અલ્પ આયુષ્યવાન હોઈશું તો તો તે મૃત્યુ અત્યંત કરીબ પણ હોઈ શકે ! કેટલી ચિંતાકારી બાબત છે !

તો વળી, મળેલો મનુષ્ય જન્મ સંસારસાગરમાં કેટલો બધો દુર્લભ છે ? ખળભળતા સમુદ્રમાં કોઈ વ્યક્તિનું રત્ન પડી ગયું હોય, હવે તેની શોધ ચલાવીએ તો તે ક્યારે મળે ? બસ એવી જ સ્થિતી આ માનવભવની છે. એકવાર માનવભવ મેળવ્યાં પછી જો તેને મોહાદિને વશ બનીને વિફળ કરી દઈએ તો તેની ફરીવાર પ્રાપ્તિ થવી દુર્લભ છે.

આવું શા માટે ? તેનું કારણ તે છે કે પૃથ્વિકાય વિગેરેની કાયસ્થિતિ અતિસંખ્યક છે અને મનુષ્યભવની કાયસ્થિતિ અત્યલ્પ સંખ્યક છે. એટલું જ નહીં, પૃથ્વીકાય વિગેરેની યોનિઓ દુઃખપ્રચૂર છે કેમકે ત્યાં જીવને અશાતાવેદનીયનો ઉદય જ નિરંતર પ્રવર્તે છે અને તે પણ ઉત્કટ પ્રમાણમાં... હવે દુઃખની ઓછપ ક્યાંથી થાય? તે પૃથ્વીકાય આદિના જન્મો મોહના અંધકારથી સતત ગ્રસ્ત રહેનારા પણ છે કારણ કે તે જન્મોમાં મોહનીય કર્મનો તીવ્રતમ ઉદય સહજ રીતે આત્માને થયો હોય છે. તે ભવો પ્રાયઃ પાપના અનુબંધથી પણ ભરેલાં હોય છે... આમ, ચારિત્ર ધર્મના ગ્રહણ અને પરિણમન માટે પૃથ્વીકાય વિગેરે ભવો સંપૂર્ણપણે ગેરલાયક છે.

ચારિત્રધર્મના ગ્રહણ અને પરિણમન માટે યોગ્ય છે ફક્ત મનુષ્ય જન્મ. આ જન્મ દુર્લભ છે, સંસારસાગરથી પાર ઉતારનાર હોવાથી સંસારસાગરમાં જહાજ સમાન છે અને એથી જ વિરતિધર્મ માટે યોગ્ય છે.

મનુષ્યજન્મને સંસારસાગરથી તારનારું જહાજ કેમ કહો છો ? એ અપેક્ષાએ કે ચારિત્ર ધર્મ અહીં આત્મા પામી શકે છે. ચારિત્રધર્મથી વેષ્ટિત બનેલાં આત્માનો માનવભવ એ સાચે જ એવું જહાજ છે જેમાં વ્રતરૂપી સંવર વડે છિદ્રો પૂરી દેવામાં આવેલાં છે. હિંસા-જૂઠ

વિગેરેનું સેવન એ માનવભવરૂપી જહાજના છિદ્રો છે અને વિરતિનો સ્વીકાર તે છિદ્રોનું PLASTAR છે.

ચારિત્રયુક્ત માનવજન્મ એવું જહાજ છે, જેમાં જ્ઞાનરૂપી કર્ણધાર બિરાજે છે અને ૧૨ પ્રકારના તપસેવન રૂપ અનુકૂળ પવન વડે તે વેગવાન બનેલું છે.

આવા ચારિત્રધર્મના સેવનની ક્ષણ તો માનવભવમાં પણ અતિ દુર્લભ છે કેમકે તે મોક્ષૈકલક્ષી ધર્મનો હેતુ બની રહેનારી છે.

આત્મા માટે મેળવવા લાયક કશું પણ હોય તો તે મોક્ષ જ છે કેમકે મોક્ષમાં જન્મ નથી, વૃદ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, સંયોગ નથી, વિયોગ નથી, ભૂખ નથી કે તરસ નથી, એટલું જ નહીં, ઠંડી-ગરમી વિગેરે એક પણ દોષ મોક્ષમાં નથી.

આત્માની સંપૂર્ણ સ્વતંત્ર અવસ્થા એટલે આ મોક્ષ. મોક્ષમાં રાગ-દ્વેષ-અજ્ઞાન વિગેરે એકેય અશુભ નથી. મોક્ષમાં શક્તિ છે પણ ક્રોધ નથી તેથી મોક્ષાવસ્થા શાંત છે. ત્યાં ક્રિયા જ નથી તેથી કોઈ આબાધા પેદા થતી નથી. ત્યાં એકેય અશિવ-ઉપદ્રવ નથી તેથી અત્યંત કલ્યાણકારી આ અવસ્થા છે.

❇ मूलम् ।

**विवरीओ य संसारो इमीए अणवट्ठियसहावो । एत्थ खलु सुही वि असुही, संतमसंतं, सुविणे वि सव्वमाउलं ति । ता अलमेत्थ पडिबंधेणं । करेह मे अणुग्गहं । उज्जमह एवं वोच्छिंदित्तए ।**

अहं पि तुम्हाणुमईए सा हेमि एयं निव्विण्णो जम्ममरणेहिं । समिज्झइ य मे समीहियं गुरूपभावेणं। एवं सेसे वि बोहेज्जा । तओ सममेएहिं सेवेज्ज धम्मं । करेज्जोचियकरणिज्जं निरासंसो हु सव्वदा । एयं परममुणि सासणं ।

❉ अवचूरिः ।

विपरीतश्च संसारोऽस्याः सिद्धेर्जन्मादिरूपत्वात् सर्वोपद्रवालयः । अत एवाह - अनवस्थितः संसारः, अत्र खलु सुख्य-प्यसुखी पर्यायतः सदप्यसत्, स्वप्न इव सर्वमाकुलमास्थाऽभावेनेति तदलमत्र प्रतिबन्धेन संसारे । कुरूत ममाऽनुग्रहम् । कथम् ? इत्याह - उद्यच्छतैनं व्यवच्छेत्तुं संसारं यूयम्, अहमपि युष्माकमनुमत्या साधयाम्येतस्य व्यवच्छेदनम् । किमित्यत आह-निर्विण्णोजन्म-मरणाभ्याम्, सम्यग् यदिदम्मे समीहितं संसार-व्यवच्छेदनं गुरूप्रभावतः ।

एवं शेषाण्यपि भार्यादीनि बोधयेदौचित्योपन्यासेन । ततः सममेभिर्मातापित्रादिभिः सेवेत धर्मं चारित्रलक्षणम् । कथमित्याह - निराशंस एव सर्वदा । एतत्परममुनिशासनं वीतरागवचनम् ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

મોક્ષમાં આત્માની જેવી અવસ્થા હોય છે તેથી સંપૂર્ણતઃ વિપરીત સ્થિતિ સંસારમાં હોય છે. સંસારનું સ્વરૂપ મોક્ષ કરતાં તદ્દન વિરુદ્ધ છે. અહીં, જન્મ-મરણની પરંપરા નિરંતર ચાલ્યાં કરે છે અને એથી તમામ ઉપદ્રવોની પેદાશ કાળાંતરે અને ક્ષેત્રાંતરે થતી જ રહે છે.

**પર્યાયનયથી જોતાં સંસારમાં જે સુખી છે તે પણ દુઃખી જ છે અને જે-જે વસ્તુ સદ્ભુત છે તે પણ અસદ્ભુત છે. સંસાર જ તેવો વિપર્યાસમય અને વિરોધાભાસી છે.**

સંસારની સમગ્ર સ્થિતિ સ્વપ્ન જેવી છે જે પરસ્પર અત્યંત આકુળ-વ્યાકુળ અને અસ્થિર બનેલી હોય છે. તેથી હે પ્રિયજનો ! સંસાર પ્રત્યેના રાગથી સર્યું. મારા ઉપર હવે તમે ઉપકાર કરો અને આવા અનર્થમય સંસારને ત્યજી દેવા માટે તમે તત્પર બનો ! હું પણ તમારી સાથે સંસાર છેદ કરીશ. હું જન્મ-મરણથી કંટાળી ગયો છું. ગુરુકૃપાથી હવે મારું ઇચ્છિત આવા સંસારનો ત્યાગ જ છે.

- **સ્વજનોની સાથે સંયમ લેવું તે પ્રથમ ઉપાય છે :**

આ પ્રમાણે સંયમેચ્છુ આત્મા માતા-પિતાને પ્રતિબોધ આપે. એ જ રીતે પત્ની વિગેરેને પણ તેમની ભૂમિકાનુસાર બોધ આપે અને તે સૌ તત્પર બને તો માત-પિતા-પત્ની વિગેરેની સાથે સંયમ ગ્રહણ કરે.

દીક્ષા લેવા માટેનો પ્રથમ ઉપાય આ છે એવું અરિહંતનું વચન છે.

❈ मूलम् ।

अबुज्झमाणेसु य कम्मपरिणईए विहेज्जा जहासत्तिं तदुवकरणं आओवायविसुद्धं समईए। कयण्णुया खु एसा । करुणा य धम्मप्पहाणजणणी जणम्मि । तओ अणुण्णाए पडिवज्जेज्ज धम्मं । अण्णहा अणुवहे चेवोवहाजुत्ते सिया । धम्माराहणं खु हियं सव्वसत्ताणं । तहा तहेयं संपाडेज्जा । सव्वहा अपडिवज्जमाणे चएज्ज ते अट्ठाणगिलाणोसहत्थचागनाएणं ।

से जहा केइ पुरिसे कहंचि कंतारगए अम्मापितिसमेए तप्पडिबध्धे वच्चेज्जा । तेसिं तत्थ नियमघाई पुरिसमित्तासज्झे संभवंतोसहे महायंके सिया । तत्थ से पुरिसे तप्पडिबंधाओ एवमालोचिय 'न भवंति एए नियमओ ओसहमंतरेण, ओसह भावे य संसओ, कालसहाणि य एयाणि' तहा संठविय संठविय तदोसहनिमित्तं सवित्तिनिमित्तं च चयमाणे साहू ।

एस चाए अचाए । अचाए एव चाए । फल -मेत्थ पहाणं बुहाणं । धीरा एयदंसिणो ।

स ते ओसहसंपाडणेण जीवावेज्जा । संभवाओ पुरिसोचियमेयं । एवं सुक्कपक्खिगे महापुरिसे संसारकंतारपडिअे अम्मापिइसंगए धम्मपडिबध्धे विहरेज्जा । तेसिं तत्थ नियमविणासगे अपत्तबीजाइ-पुरिसमित्तासज्झे संभवंतसम्मत्ताइ ओसहे मरणाइ-विवागे कम्मायंके सिया । तत्थ से सुक्कपक्खि-गपुरिसे धम्मपडिबंधाओ एवं समालोचिय 'विणस्संति एए अवस्सं सम्मत्ताइ ओसह विरहेण, तस्संपायणे विभासा, कालसहाणि य एयाणि ववहारओ', तहा संठविय संठविय इहलोगचिंताए तेसिं सम्मत्ताइ *ओसहनिमित्तं विसिट्ठगुरुमाइभावेणं सवित्तिनिमित्तं* च किच्चकरणेण चयमाणे संयमपडिवत्तीए ते साहू सिध्धीए । एस चाए अचाए, तत्तभावणाओ । अचाए चेव चाए, मिच्छाभावणाओ । तत्तफलमेत्थ-पहाणं बुहाणं परमत्थओ । धीरा एयदंसिणो आसन्न-भव्वा ।

✲ अवचूरिः ।

अबुध्यमानेषु माता-पित्रादिषु कर्मपरिणत्या हेतुभूतया, विदध्याद् यथाशक्ति तदुपकरणमर्थजातादीत्यर्थः । आयोपायशुद्धं स्वमत्या । ततोऽन्यसंभूतिरायः कलान्तरादिरूप उपायः । किमेतदेवं कुर्याद् ? इत्याह - कृतज्ञतैवैषा वर्तते, करूणा च धर्मप्रधानजननी, जने शासनोन्नतिनिमित्तमित्यर्थः ।

ततोऽनुज्ञातः सन् माता-पित्रादिभिरिति प्रक्रमः । प्रतिपद्यते धर्मम् । अन्यथा एवमपि तदनुज्ञाऽभावे अनुपध एव भावत उपधायुक्तः स्याद् । उक्तञ्च -

निर्माय एव भावेन मायावाँस्तु भवेत् क्वचित् ।
पश्येत् स्व-परयोर्यत्र सानुबन्धं हितोदयम् ।।

एवञ्च धर्माराधनमेव हितं सर्वसत्त्वानां । तथा तथैतद् दुःस्वप्नादिकथनेन सम्पादयेद् धर्माराधनम् । सर्वथाऽप्रतिपद्यमाना -स्त्यजेत् तान् माता-पित्रादीन्, अस्थानग्लानौषधार्थत्यागज्ञातेन, ज्ञातमुदाहरणम् ।

एतदेवाह - तद्यथा नाम कश्चित् पुरुषः कथञ्चित् कान्तारगतः सन् माता-पितृसमेतोभार्याद्युपलक्षणमेतत् । तत्प्रतिबद्धोव्रजेत् । तयोर्माता-पित्रोस्तत्र कान्तारे नियमघाती, पुरुषमात्राऽसाध्यः, सम्भवदौषधो महातङ्कः स्यात् । आतंकः सद्यो घातीरोगः । तत्राऽसौ पुरुषस्तत्प्रतिबंधात् माता-पितृप्रतिबन्धेन एवमालोच्य 'न

भवत एतौ माता-पितरौ नियमत औषधमन्तरेण औषधभावे च संशयः ।

कदाचिद् भवतोऽपि कालसहौ चैतौ माता-पितरौ । तथा तेन वृत्त्याच्छादनादिना प्रकारेण संस्थाप्य संस्थाप्य तदौषधनिमित्तं स्ववृत्तिनिमित्तं च त्यजन् साधुः शोभनः । कथम् ? इत्याह - एष त्यागो ऽ त्यागः संयोगफलत्वात्, अत्याग एव त्यागो वियोगफल -त्वात् । यदि नामैवं ततः किम् ? इत्याह- फलमत्र प्रधानं बुधानां पण्डितानां, धीरा एतद्दर्शिनो निपुणबुद्ध्या फलदर्शिनः । स पुरुषस्तौ माता-पितरौ औषधसंपादनेन जीवयेत् । सम्भवत्येतदत एवाह - सम्भवात् पुरुषोचितमेतत् यदुतेत्थं त्यागः । एष दृष्टान्तः ।

अयमर्थोपनय इत्याह - एवं शुक्लपाक्षिको महापुरुषः परित्तसंसारीत्यर्थः । संसारकान्तारपतितस्सन् माता-पितृसंगत उपलक्षणमेतद् भार्यादीनाम्, धर्मप्रतिबद्धोविहरेत् । तयोर्माता-पित्रोस्तत्र संसारकान्तारे नियमविनाशकोऽप्राप्तबीजादि = पुरूष-मात्राऽसाध्यः सम्भवत्सम्यक्त्वाद्यौषधो मरणादिविपाकः कर्मात -ङ्कः स्यात् ।

तत्राऽसौ शुक्लपाक्षिकः पुरुषो धर्मप्रतिबन्धाद्धेतो रेवं समालोच्य - 'विनश्यत एतौ माता-पितरौ अवश्यं सम्यक्त्वाद्यौ -षधविरहेण । तत् संपादने सम्यक्त्वाद्यौषधसम्पादने विभाषा, कदाचित् संपादयितुं शक्यते कदाचिन्न, इत्येवं रूपौ कालसहौ

**चैतौ व्यवहारतस्तथा जीवनसम्भवात् । निश्चयतस्तु न । यथोक्तं-**

आयुषि बहूपसर्गे वाताहतसलिलबुद्बुदा नित्यन्तरे ।

उच्छ्वस्य निःश्वसिति यः सुप्तो वा यद् विबुध्यते चित्रम् ।।

**तथा तेन सौविहित्यापादनप्रकारेण संस्थाप्य संस्थाप्य इहलोकचिन्तया तयोर्माता-पित्रोः सम्यक्त्वाद्यौषधनिमित्तं विशिष्ट-गुर्वादिभावेन धर्मकथादिभावात् स्ववृत्तिनिमित्तं च कृत्यकरणहेतुना त्यजन् संयमप्रतिपत्त्या माता-पितरौ साधुर्धर्मशीलः सिद्धौ सिद्धि-विषये ।**

**किमित्येतदेवाह - एष त्यागोऽत्यागः, तत्त्वभावनातस्त -द्धितप्रवृत्तेः । [ अत्याग एव त्यागः, मिथ्याभावनातस्तदहित-प्रवृत्तेः ] तत्त्वफलं सानुबन्धमत्र प्रधानं बुधानाम् । परमार्थतो धीरा एतद्दर्शिन आसन्नभव्या नाऽन्ये ।**

❖ 'પંચસૂત્ર પ્રકાશ' :

- **માતા-પિતા દીક્ષા લેવા માટે તૈયાર ન થાય તો શું કરવું ? :**

કર્મ પરિણતિનો કોઈ વિચિત્ર ઉદય માતા-પિતાદિક સ્વજનોને સતાવતો હોય તો તેવું પણ બને કે દીક્ષાર્થી મહાનુભાવ તેમને સાથે જ સંયમ લેવાનો અને તેના અદ્‌ભુત ફાયદાનો ઉપર વર્ણવ્યો છે તે મુજબનો ઉપદેશ આપે તો પણ માતા-પિતા વિગેરે સ્વજનો પુત્ર સાથે સંયમ લેવા માટે તત્પર ન બને.

હવે આવી સ્થિતિમાં શું કરવું ? માતા-પિતા વિગેરે દીક્ષા ન લેવા માંગે તો પુત્રે પણ અટકી જવાની જરૂર નથી પરંતુ તેવી

સ્થિતિમાં સૌપ્રથમ માતા-પિતા-પત્ની-પુત્ર વિગેરે સ્વજનોના નિર્વાહનો બંદોબસ્ત પર્યાપ્તમાત્રામાં કરી આપવો.

આજીવિકા માટે જરૂરી ઘર, ધન, દુકાન, કળા વિગેરે તેમને એ રીતે આપી દેવા જેથી પોતાની ગેરહાજરીમાં તેઓ દુઃખી થાય નહીં.

મા-બાપ-પત્ની વિગેરેને જીવનપર્યંત ચાલે તેવી આજીવિકા આપી શકે એટલું સામર્થ્ય દીક્ષાર્થી પાસે હોય નહીં અને મા-બાપ પાસે પણ પોતાનો નિર્વાહ કરી શકે તેવી મૂડી વિગેરે ન હોય તો થોડો સમય સંસારમાં રહી, ધન એકત્ર કરી મા-બાપ-પત્ની વિગેરેને નિર્વાહનું કંઈક પણ સાધન આપી દેવું.

આમ કહેવા પાછળનો શાસ્ત્રનો આશય શું છે ? એક જ આશય છે કે દીક્ષાર્થી કૃતઘ્ન ન બનવો જોઈએ. તેનામાં કૃતજ્ઞતા ગુણ વિકસિત બનેલો છે તેથી ઉપકારી માતા-પિતાને નિર્વાહના ફાંફા પડે તેમ હોય તો તેવી સ્થિતિમાં તેમનો ત્યાગ કરવો દીક્ષાર્થીને શોભે નહીં. તેમને નિર્વાહનું પૂરતું સાધન આપવું તે દીક્ષાર્થી પુત્રની ફરજ છે, કૃતજ્ઞતા છે.

દીક્ષાર્થીએ યાદ રાખવું ઘટે કે કરૂણા સ્તો ધર્મની જનેતા છે અને જગતમાં જિનશાસનની ઉન્નતિ કરાવનાર છે !

આ રીતે માતા-પિતા વિગેરેને નિર્વાહનું પૂરતું સાધન આપીને અંતે દીક્ષાર્થીએ સંયમ ગ્રહણ કરવું.

- **તો દ્રવ્યથી માયાનું સેવન કરીને મા-બાપની સંમતિ લેવી :**

હવે, મા-બાપ-પત્ની વિગેરે દીક્ષા તો ન લે, તેમને પૂરતી આજીવિકા ગોઠવી આપ્યાં પછી પણ જો તેઓ દીક્ષા લેવાની આજ્ઞા ન આપે તો શું કરવું ?

તેવી સ્થિતિમાં અંતકરણથી નિર્દંભ રહીને બહારથી દંભનો આશ્રય કરવો અને મા-બાપ વિગેરે પાસે દંભપૂર્વક એવું કહેવું કે મને આવા-આવા દુઃસ્વપ્નો આવે છે જેનો અર્થ તો એ જ થાય કે હવે મારું આયુષ્ય અલ્પ છે. તમે અજાણ્યા જ્યોતિષીને પૂછીને મારા આ સ્વપ્નોનું ફળકથન જાણો. ખાત્રી કરી લો અને જો ખરેખર મારી શંકા પ્રમાણે મારા સ્વપ્નોનું ફળ મારા અલ્પાયુષ્યને જણાવનારું હોય તો કૃપા કરીને દીક્ષાની સંમતિ આપો !

થોડો સમય જીવનનો બાકી છે. સંયમ વિના મારે મરવું નથી. એમ પણ જો હું અલ્પાયુષી છું તો તમને મદદગાર બનનાર નથી તો પછી મારા આત્માનું હિત શા માટે નથી કરવા દેતાં ?

આ રીતે દુઃસ્વપ્ન વિગેરે કહેવા. એથી ભયભીત બનેલાં મા-બાપ જ્યોતિષીઓને તે સ્વપ્નોના ફળ પૂછવા જશે. તેમના દ્વારા પણ જ્યારે તેમને જાણવા મળશે કે હા, આવા સ્વપ્નો જોનાર તો જલ્દીથી મરણ પામનાર બને છે ત્યારે દયાળુ થઈને તેઓ દીક્ષાની પરવાનગી આપી દેશે.

અહીં એ પ્રશ્ન થાય કે આ તો મા-બાપ કે પત્ની સાથેની છેતરપીંડી થઈ કહેવાય. આવી માયા કરીને દીક્ષા લેવાય ? તો તેનો જવાબ એ છે કે અહીં માયા કરનારનો આશય માયાથી કલુષિત થયેલો નથી બલ્કે મા-બાપના મોહના બંધનને શિથિલ કરવાનો છે તેથી આ રીતે કરેલું દંભસેવન પણ ભાવથી તો સ્વ-પરને શુભ અનુબંધ કરાવનાર બને છે.

- **છેલ્લો ઉપાય : મા-બાપની નાસંમતિ છતાં દીક્ષા લઈ લો !**

આ રીતે ત્રણ-ત્રણ ઉપાયો કર્યાં. (૧) તેમને સાથે જ દીક્ષા લેવા માટે સમજાવ્યાં. (૨) તૈયાર ન થયાં તો તેમના નિર્વાહની

પૂરતી વ્યવસ્થા કરી આપી. (૩) પછી પણ ન માન્યાં તો દ્રવ્યથી દંભ કરીને દુઃસ્વપ્ન વિગેરે કહીને તેમની રજા લેવાની કોશિષ કરી...

આમ છતાં જો માતા-પિતા કે પત્ની વિગેરે દીક્ષા લેવાની રજા ન જ આપે **તો અંતે તેમની નાસંમતિની ઉપરવટ જઈને તેમનો ત્યાગ કરવો, દીક્ષા લેવી.**

**આ રીતે લીધેલી દીક્ષા એ મા-બાપ કે પત્નીને તરછોડવાની ધૃષ્ટતા નથી પરંતુ ગ્લાનૌષધ દૃષ્ટાંતના ન્યાયથી તેમના જ હિતની કામના છે, તેમના જ ભાવરોગની ચિકિત્સા છે** તેથી તે તેમની સાથેનો અન્યાય નથી.

આ રીતે લીધેલી દીક્ષા વ્યવહારથી પણ ન્યાયોચિત છે. *ગ્લાનૌષધ દૃષ્ટાંત ન્યાય અહીં સાક્ષીરૂપ છે.*

- **'ગ્લાનૌષધદૃષ્ટાંતન્યાય'નું હૃદયભેદી દૃષ્ટાંત :**

કોઈ સજ્જન પુરુષ એકવાર ઘોર અટવીમાં ગયો. પોતાની સાથે વૃદ્ધ માતા-પિતાને અને પત્નીને પણ તે લઈ ગયો. ઘોર જંગલમાં સૌ મધવચાળે પહોંચ્યાં. ત્યાં કોઈ દુર્દૈવના ઉદયથી મા-બાપ અને પત્નીને અસાધ્ય રોગ પેદા થઈ ગયો. એવો અસાધ્યરોગ કે જેની દવા શક્ય છે પરંતુ દવા જો કરવામાં ન આવે તો તે રોગીને નિયમા મારી નાંખે તેવો છે.

હવે આ સંયોગોમાં મૂકાયેલો સજ્જનપુત્ર વિચારે છે કે ઔષધ ન થયું તો મા-બાપનું જીવન નહીં જ ટકે તે નિશ્ચિત છે અને ઔષધ કરું તો જીવન ટકી પણ જાય. વળી, ઔષધ લઈને આવું ત્યાં સુધી તેમનું જીવન ટકી રહે તેવું છે, ક્ષણભરમાં પૂરું થાય તેવું નથી... તો શું કરું ?

અંતે તે બુદ્ધિમાન પુરુષે મા-બાપની અનિચ્છા હોવા છતાં તેમને અને પોતાના પત્નીને જંગલમાં જ એક સુરક્ષિત વૃક્ષ નીચે બેસાડ્યાં. તેમના પર કપડું વિગેરે ઢાંકી દીધું અને એ પછી તેમને ત્યાં જ છોડી દઈને નજીકના ગામમાં તેમનું ઔષધ લેવા માટે તેમજ પોતાની આજીવિકા મેળવવા માટે ચાલ્યો.

કોક ગામમાં જઈ ક્યાંક થોડી મહેનત કરી થોડું ધન કમાઈને ઔષધ ખરીદ્યાં. ઔષધ લઈને તે ફરી અટવીમાં આવ્યો. મા-બાપને અને પત્નીને તેમના મહારોગના ઔષધ પીવડાવ્યાં અને તે દ્વારા તેમને મૃત્યુના ભયથી ઉગારી લીધાં. તેમના જીવન બચાવ્યાં.

હવે, અહીં એ વિચારો કે આ પુરુષે જંગલમાં બિમાર પડેલાં મા-બાપ વિગેરેને છોડી દીધાં તે યોગ્ય કર્યું કે અયોગ્ય ?

સર્વશાસ્ત્રવેદીઓનો અભિપ્રાય છે કે તેણે યોગ્ય કર્યું એમ જ કહેવાય. જંગલમાં બિમાર પડેલા મા-બાપનો તેણે જે ત્યાગ કર્યો તે તેને ફરીવાર મા-બાપ સાથે લાંબો સમય સંયોગ કરાવી આપનાર હોવાથી નિર્દોષ છે. આ સ્થિતિમાં જો તેણે મા-બાપ વિગેરેનો ત્યાગ કર્યો ન હોત તો તેઓ જીવિત જ ન રહત અને તેથી તેમનો વિયોગ સદા માટે થઈ જાત. તેથી પુત્રે કરેલો મા-બાપનો ત્યાગ ઉચિત છે.

- **દૃષ્ટાંતનો ઉપનય :-**

બસ, આ છે ગ્લાનૌષધદૃષ્ટાંત. હવે તેનો ઉપનય વિચારીએ. કોઈ નિકટભવમોક્ષગામી, અલ્પસંસારી પુરુષ એટલે પેલો અટવીમાં ગમન કરનારો સજ્જન. સ્વજન-પરિવારના અનુરાગ-પાલન વિગેરે પ્રવૃત્તિથી ભરેલો સંસાર વાસ એ અટવીના સ્થાને છે. અલ્પ સંસારી

પુરુષ આવા અટવી તુલ્ય સંસારવાસમાં કર્મવશ પડ્યો છે, માતા-પિતા અને પત્ની વિગેરેથી બંધાયેલો છે.

અસાધ્યરોગના સ્થાને છે મોહનો પ્રબળ જ્વર. મા-બાપ વિગેરે સ્વજનોને મોહના પ્રબળ જ્વરની બિમારી સંસાર અટવીમાં પેદા થઈ છે તેથી તેઓ પુત્રને સંસારત્યાગનો નિષેધ કરે છે. મોહના જ્વરની બિમારી એવી છે કે જે સમ્યક્ત્વ વિગેરે ઔષધ વડે ઉપશાંત થઈ પણ શકે છે પરંતુ જો તેવું ઔષધ ન લીધું તો તે અવશ્ય માત-પિતા-પત્ની વિગેરેનો નાશ કરી દેનારી છે.

હવે આ સ્થિતિમાં સપડાયેલો દીક્ષાર્થી સંસારવાસ રૂપી અટવીમાં માત-પિતાદિકના દ્રવ્ય નિર્વાહની વ્યવસ્થા કરીને તેમનો ત્યાગ કરે છે અને તેમના જ મોહરૂપી અસાધ્યરોગનું ઔષધ મેળવવા માટે ગીતાર્થ ગુરુના શરણે તે પોતાનું જીવન સમર્પણ કરે છે.

ગુરુકુળવાસમાં વરસો વ્યતીત થતાં જ્યારે પોતાનામાં યોગ્યતા અને સામર્થ્ય પ્રગટશે તેમજ ગુરુદેવ પણ આજ્ઞા આપશે ત્યારે તે પોતાના મોહાકુલ માતા-પિતા-પત્ની પાસે આવી તેમને વિશિષ્ટ પ્રતિબોધ આપી તેમના મોહરોગનું ઉપશમન કરશે, તેમને સમ્યક્ત્વ પમાડી દેશે. એથી તેમનો મોહરોગથી થનારો વિનિપાત અટકી જશે અને તેઓ આત્મિકજીવન પામશે.

આમ, દીક્ષાર્થીએ મા-બાપની નામરજી ઉપરાંત પણ દીક્ષા માટે કરેલો મા-બાપનો ત્યાગ તાત્ત્વિક રીતે તત્ત્વભાવનાથી પ્રેરાયેલો હોવાથી અને મા-બાપનું જ સરવાળે હિત કરનારો હોવાથી સુંદર છે, યોગ્ય છે અને જો તેવી સ્થિતિમાં દીક્ષાર્થી દીક્ષા માટે મા-બાપની નાસંમતિને વશ થઈ તેમનો ત્યાગ ન કરે તો તે પ્રવૃત્તિ મિથ્યા ભાવનાઓથી પ્રેરાયેલી હોવાથી તથા સરવાળે મા-બાપ વિગેરેનું જ અહિત કરનારી હોવાથી અનુચિત છે.

આ રીતે ગ્લાનૌષધ દૃષ્ટાંત ન્યાયે દીક્ષા માટે મા-બાપ કે પત્ની વિગેરેની નાસંમતિ છતાં તેમનો ત્યાગ કરવો પડે તો તે યોગ્ય છે.

❃ मूलम् ।

**स ते सम्मत्ताइओसहसंपाडणेण जीवावेज्जा अच्चंतियं अमरणमरणावंझबीअजोगेणं । संभवाओ सुपुरिसोचियमेयं । दुप्पडियाराणि अम्मापिईणि । एष धम्मो सयाणं । भगवं एत्थ नायं परिहरमाणे अकुसलाणुबंधि अम्मापिइसोगं ति । एवमपरोवतावं सव्वहा सुगुरुसमीवे, पूजिउण भगवंते वीयरागे साहू य, तोसिऊण विहवोचियं किवणाई, सुप्पउत्तावस्सगे सुविसुध्धनिमित्ते समहिवासिए विसुध्धजोगे विसुज्झमाणे महया पमोएणं सम्मं पव्वएज्जा लोगधम्मेहिंतो लोगुत्तरधम्मगमणेणं । एषा जिणाणमाणा महाकल्लाणत्ति न विराहियव्वा बुहेणं महाणत्थभयाओ सिध्धिकंखिण त्ति ।**

**पव्वज्जागहणविहिसुत्तं समत्तं ॥३॥**

❈ अवचूरिः ।

स शुक्लपाक्षिकः पुरुषस्तौ माता-पितरौ सम्यक्त्वाद्यौषध सम्पादनेन जीवयेत् आत्यन्तिकम् । कथम् ? इत्याह - अमरणा-वंध्यबीजयोगेन अमरणाऽवंध्यकारणसम्यक्त्वादियोगेनेत्यर्थः । संभवत्येतदत एवाह-सम्भवात् पुरुषोचितमेतद् । यदुतैवं तत्त्यागः किमित्यत आह-दुष्प्रतिकारौ माता-पितरौ' इति कृत्वा, एष धर्मः, सतां सत्पुरूषाणां, भगवानत्र ज्ञातम् ।

महावीर एव परिहरन् गर्भाभिग्रहप्रतिपत्त्याऽकुशलानुबंधिनं तथा कर्मपरिणत्या माता-पितृशोकं प्रव्रज्याग्रहणोद्भवमिति ।

प्रस्तुतनिगमनायाह - एवमपरोपतापं सर्वथा सम्यग् प्रव्रजेदिति योगः । विधिविशेषमाह - सुगुरुसमीपे नान्यत्र, पूजयित्वा भगवतो वीतरागान् तथा साधून्, तोषयित्वा विभवोचितं कृपणादीन् दुःखितसत्त्वानित्यर्थः । सुप्रयुक्तावश्यकः सन्नुचितं नेपथ्यादिना, विशुद्धनिमित्तः, समभिवासितो गुरूणा गुरूमन्त्रेण, विशुद्ध्यमानो -महता प्रमोदेन लोकोत्तरसम्यग्भाववन्दनादिशुद्ध्या प्रव्रजेत् । किमुक्तं भवति ? लोकधर्मेभ्यो लोकोत्तरधर्मगमनेन प्रकर्षेण प्रव्रजेदित्यर्थः ।

एषा जिनाज्ञा यदुतैवं प्रव्रजितव्यं, इयञ्च महाकल्याणेति कृत्वा न विराधितव्या बुधेन, नान्यथा कर्तव्येत्यर्थः । कस्माद् ? इत्याह-महानर्थभयात्, सिद्धिकाङ्क्षिणा न खल्वाराधनातोऽन्यः सिद्धिपथ इति भावनीयम् ॥

॥ इति प्रव्रज्याग्रहणविधि सूत्रम् ॥

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

અલ્પસંસારી અને શુક્લપાક્ષિક એવો દીક્ષાર્થી દીક્ષાના સ્વીકાર માટે જ્યારે નિરૂપાય બની જાય ત્યારે અંતે માતા-પિતા કે પત્નીની નાસંમતિ હોવા છતાં પણ તેમનો ત્યાગ કરીને દીક્ષા લઈ લે. આ રીતે ગ્રહણ કરેલી દીક્ષા પણ સરવાળે માતા-પિતાના આત્મિક ઔષધરૂપ હોવાથી યોગ્ય છે.

દીક્ષાર્થી દીક્ષા લઈને અને કાળક્રમે તેવું સામર્થ્ય પામીને પોતાના સંયમના વિરોધી તેવા મા-બાપ વિગેરેને સમ્યક્ત્વ પમાડી દે છે. જે સમ્યક્ત્વ મા-બાપ વિગેરે સ્વજનોનું આત્મિક ઔષધ છે; જ્યાં મરણ જ નથી તેવા મોક્ષની પ્રાપ્તિનું અમોઘ બીજ છે અને જે મરણ પછી મોક્ષની પ્રાપ્તિ સુનિશ્ચિત છે તેવા અંતિમ મરણ રૂપ નિર્વાણનું કારણ છે.

લાયક પુરુષે આ રીતે પણ આવું સમ્યક્ત્વ રૂપ ઔષધ આપીને મા-બાપને જીવાડવા જ જોઈએ.

અહીં પ્રશ્ન એ થાય કે, વિરાગી બનેલાં સંતાને વૈરાગ્યનો માર્ગ ગ્રહણ કરવા માટે માતા-પિતાની સંમતિ શા માટે લેવાની ? તેમની સંમતિ માટે આટલી મહેનત કેમ કરવાની ? તો તેનો જવાબ એ છે કે માતા-પિતા વ્યક્તિના અનંત ઉપકારી છે. તેમનાં ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી : **दुष्प्रतीकारौ माता-पितरौ** । આવા અપ્રતિકાર્ય ઉપકારોને કરનારા મા-બાપને અસમાધિ થાય, તેઓ પાપાનુબંધી પાપ બાંધે, તેમના આત્માનું અહિત થાય તેવું સજ્જન વ્યક્તિ સ્વપ્ને પણ ઈચ્છી શકે નહીં. સ્વયંનું આત્મહિત પણ તેમને પાપાનુબંધી પાપ ન બંધાવે તે રીતે કરવું તે જ સજ્જનોને યોગ્ય ધર્મ છે. ૨૪માં અરિહંત અહીં દૃષ્ટાંત રૂપ છે.

- **વીર પ્રભુના 'દીક્ષા નહીં' અભિગ્રહનું રહસ્ય :**

માત-પિતાને પાપાનુબંધી પાપ ન બંધાય તે માટે વીરપ્રભુએ દીક્ષાસંબંધી અભિગ્રહ લીધેલો.

૨૪માં તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ ગર્ભાવસ્થામાં જ નિયમ લીધો હતો કે માતા-પિતા જીવંત હશે ત્યાં સુધી દીક્ષા નહીં લઉં. આવો નિયમ એટલાં માટે લીધો કે પ્રભુએ જ્ઞાનબળે જાણ્યું : માતા-પિતાની હયાતીમાં જો હું દીક્ષા લઈશ તો તેઓ એટલો બધો કુટિલ કક્ષાનો શોક કરશે જેનાથી તેમનું મૃત્યુ તો થાય, પાપાનુબંધી પાપ પણ બંધાય. આમ, દ્રવ્ય અને ભાવ, બંને રીતે તેમનું અહિત થાય. અહીં ભાવ અહિત તો ખૂબ નુકસાનકર્તા બની ગયું કહેવાય. આવું ભાવ અહિત માત-પિતાનું ન થાય એ માટે તેમની હયાતીમાં મારે દીક્ષા લેવી નહીં.

આમ, સ્વજનાદિકને પીડા પહોંચાડ્યાં વિના દીક્ષા લેવી. તે પણ સુગુરુ પાસે લેવી, કુગુરુ કે અગીતાર્થ ગુરુ પાસે નહીં.

- **દીક્ષાદિનનો પૂર્વવિધિ અને 'પ્રવ્રજ્યા' શબ્દનો અર્થ :**

દીક્ષાગ્રહણના અવસરે સવારે આવશ્યક ક્રિયા અચૂક કરવી. તે પછી અરિહંત અને ગુરુની યથોચિત પૂજા કરવી. ત્યારબાદ યોગ્ય વસ્ત્રો પહેરી દુઃખી, ગરીબ, નોંધારા અને કૃપણ જીવોને પોતાની સ્થિતિ અનુસાર દાન આપીને ખુશ કરવા. તે પછી સુંદર મુહૂર્ત અને સુંદર શુકનોને સ્વીકારી, પ્રબળ ચિત્તપ્રસન્નતાપૂર્વક, ગુરુ દ્વારા મંત્રિત વાસનિક્ષેપ વડે વાસિત બની, દેવવંદનાદિ વિધિ સહિત પ્રવ્રજ્યા અંગીકાર કરવી.

પ્રવ્રજ્યા શબ્દનો અર્થ શું છે ? આજ સુધી સંસારમાં અનેક રીતિના લૌકિક ધર્મો - વ્યવહારો પાળ્યાં. **લૌકિકધર્મો-વ્યવહારોને છોડીને લોકોત્તર એવા ચારિત્ર ધર્મ તરફ જવું તેનું નામ પ્રવ્રજ્યા.**

અહીં દીક્ષાગ્રહણ કરવાનો જે વિધિ કહ્યો છે તે જિનાજ્ઞા છે. જિનાજ્ઞા છે માટે જ તે મહાકલ્યાણકારી છે તેવી પાક્કી શ્રદ્ધા કરીને આ વિધિની તેમજ સ્વીકારેલી પ્રવ્રજ્યાની કદી વિરાધના ન કરવી કેમકે વિરાધેલી જિનાજ્ઞા, અસીમ અનર્થો આપનારી છે.

મોક્ષના અભિલાષીએ તેથી જ સ્વીકારેલ પ્રવ્રજ્યાને આરાધવી. વિરાધવી નહીં. **પ્રવ્રજ્યાની આરાધના જ મોક્ષનો માર્ગ છે. પ્રવ્રજ્યાની આરાધના સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ અસ્તિત્વમાં નથી.**

4

# अथ प्रव्रज्यापरिपालनासूत्रम् ॥

❊ मूलम् ।

स एवमभिपव्वइए समाणे सुविहिभावओ किरि-याफलेण जुज्झइ, विसुध्धचरणे महासत्ते, न विव-ज्जयमेइ, एयाभावेभिप्पेयसिध्धि उवायपवित्तीओ। नाविवज्जत्थोणुवाए पयट्टइ उवाओ य उवेयसाहगो नियमेण । तस्स तत्तच्चाओ अण्णहा, अइप्पसंगाओ, निच्छयमयमेयं ।

से समलेट्ठुकंचणे समसत्तुमित्ते नियत्तग्गहदुक्खे पसमसुहसमेए सम्मं सिक्खमाइयइ, गुरुकुलवासी, गुरुपडिबध्धे, विणीए, भूयत्थदरिसी, न इओ हियतरं-ति मन्नइ, सुस्सूसाइगुणजुत्ते तत्ताभिनिवेसा विहिपरे परममंतो त्ति अहिज्जइ सुत्तं बध्धलक्खे आसंसा-विप्पमुक्के आययट्ठी, स तमवेइ सव्वहा, तओ सम्मं निउंजइ, एयं धीराण सासणं, अण्णहा अणिओगो, अविहिगहियमंतनाएणं ।

❊ अवचूरिः ।

स मुमुक्षुरेवमुक्तेन विधिनाऽभिप्रव्रजितः सन् सुविधिना भावतः कारणात् क्रियाफलेन युज्यते । सम्यक् क्रियात्वा-

दधिकृतक्रियायाः । स एव विशिष्यते । विशुद्धचरणः महासत्त्वः, यत एवम्भूतोऽतो न विपर्ययमेति मिथ्याज्ञानरूपम् । एतदभावे विपर्ययाऽभावेऽभिप्रेतसिद्धिः सामान्येन । कुतः? इत्याह- उपाय-प्रवृत्तेरियमेव । कुतः ? इत्याह - नाऽविपर्यस्तोऽनुपाये प्रवर्तते, इयमेवाऽविपर्यस्तस्याऽविपर्यस्तता यदुतोपाये प्रवृत्तिः । अन्यथा तस्मिन्नेव विपर्ययः ।

एवमपि किम् ? इत्याह - उपायश्चोपेयसाधको नियमेन कारणं कार्याऽव्यभिचारीत्यर्थः । तत् स्वतत्त्वत्याग एवोपायस्व-तत्त्वत्याग एवाऽन्यथा स्वयमेव साधयतामतिप्रसङ्गात् । तदसाध -कत्वाविशेषेणानुपायस्याऽप्युपायत्वप्रसङ्गात् । न चैवं व्यवहारो -च्छेद आशंकनीय इत्याह - निश्चयनयमेतत्, अतिसूक्ष्मबुद्धिगम्यम् ।

स एवमभिप्रव्रजितः, समलोष्टकाञ्चनः सन् समशत्रु-मित्रं एवं निवृत्ताग्रहदुःखोऽतः प्रशमसुखसमेतः सम्यक् शिक्षामादत्ते ग्रहणाऽऽसेवनारूपाम् । कथम् ? इत्याह - गुरुकुलवासी तदनिर्ग -मनेन । गुरूप्रतिबद्धस्तद्बहुमानात् । विनीतो बाह्यविनयेन । भूतार्थदर्शी न इतो गुरूकुलवासात् हिततरमिति मन्यते, वचना-नुसारित्वात् । वचनञ्च -

नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य ।

धन्ना आवकहाए गुरुकुलवासं न मुञ्चन्ति ॥

[ पञ्चाशक-११/१६ ]

स खल्वत्र शुश्रुषादिगुणयुक्तः । तत्त्वाभिनिवेशाद् विधिपरः सन् किमित्याह - परममन्त्रो रागादिविषघ्नतयेति कृत्वाऽधीते सूत्रं पाठश्रवणाभ्याम् । बद्धलक्ष्योऽनुष्ठेयं प्रति । आशंसाविप्रमुक्त इहलोकाद्यपेक्षया । आयतार्थी मोक्षार्थी । अत एव स एवम्भूतं तत्सूत्रमवैति सर्वथा याथातथ्येन । ततोऽवगमात् सम्यग् नियुङ्क्ते तत्सूत्रम् ।

एतद् धीराणां शासनं यदुतैवमधीतं सम्यग् नियुङ्क्त मन्यथाऽ -विध्यध्ययिनोऽनियोगो विपर्ययः । अत एवाऽऽह - अविधिगृहीत - मन्त्रज्ञातेन, तत्रापि ग्रहादिभावात् ।

❄ **'પંચસૂત્ર પ્રકાશ' :**

મુમુક્ષુ આત્મા પંચસૂત્રના ત્રીજા સૂત્રમાં સંયમ ગ્રહણનો જે વિધિ દર્શાવ્યો તે વિધિનું અખંડ અને સમ્યક્ પાલન કરીને દીક્ષા પામ્યો હોય છે ત્યારે ભાવથી પ્રવ્રજ્યાના પાલન સાથે પણ તે જોડાય છે કેમકે ક્રિયાનું ફળ કારણોને આધીન હોય છે. યોગ્ય કારણો પૂર્વક જે ક્રિયા થાય તે જ અધિકૃત ક્રિયા બને અને તેવી અધિકૃત ક્રિયા જ ક્રિયાના ફળ સાથે આપણને જોડી શકે.

● **મિથ્યાઅભિપ્રાયને વશ ન બનો તો જ દીક્ષાનું પાલન થાય !**

તાત્પર્ય એ છે કે ભાવપૂર્વકનું પ્રવ્રજ્યાનું પાલન એ પ્રવ્રજ્યા ગ્રહણની ક્રિયાનું ફળ છે અને આ ફળની સિદ્ધિમાં કારણ તરીકે રહેલું પરિબળ છે : વિધિપૂર્વક જ કરેલો દીક્ષાનો સ્વીકાર. વિધિપૂર્વક દીક્ષા લો તો તે અધિકૃત દીક્ષા કહેવાય અને અધિકૃત દીક્ષા જ સમ્યક્ દીક્ષા બનવાની લાયકાત ધરાવે છે. વિધિને તરછોડીને દીક્ષા લો તો

તે અનધિકૃત દીક્ષા કહેવાય અને તેવી અનધિકૃત દીક્ષા સમ્યક્ દીક્ષા બની શકતી નથી.

મુમુક્ષુ આત્મા અધિકૃત રીતે દીક્ષા પામેલો હોવાથી ભાવપૂર્વકના સંયમપાલન સાથે તે જોડાઈ રહ્યો છે અને એથી તે મહાસત્ત્વશાળી બને છે, ચારિત્રના વિશુદ્ધ આચરણવાળો બને છે, કદી પણ વિપર્યયને વશ થતો નથી એટલે કે ચારિત્ર, ચારિત્રની વિધિઓ કે ચારિત્રના ફળ જેવા વિષયોમાં મિથ્યા અભિપ્રાયને આધીન બનતો નથી.

આ સ્તો મોટી સિદ્ધિ છે. જે ક્રિયાનો આરંભ કરીએ તેમાં જો વિપર્યય ન પ્રવેશી જાય તો જ અભિપ્રેત બાબતની સિદ્ધિ થઈ શકે. વિપર્યય જો પ્રવેશી જાય તો ઉપેયને સિદ્ધ કરનારો ઉપાય જ ભ્રાન્ત બની જાય અને ઉપાયો ભ્રાન્ત થયાં પછી ઉપેયની સિદ્ધિ કદી થઈ શકે નહીં.

મિથ્યા અભિપ્રાય એ સંયમપાલનમાં વિપર્યય છે અને સમ્યક્ અભિપ્રાય એ ઉપાય છે. આ ઉપાય જ સંયમપાલન રૂપ ઉપેયને સિદ્ધ કરે છે. આવા સમ્યગ્ અભિપ્રાયને દીક્ષિત આત્મા વફાદાર રહે છે ત્યારે તે વિપર્યયને પામતો નથી અને તેથી તે હવે... -

- **૧૪ ગુણો ધરનારો સાધુ આગમના અભ્યાસ માટે લાયક બને !**

(૧) શત્રુ અને મિત્રને સરખા ગણે છે.

(૨) સોનું અને ધૂળ, બે વચ્ચે કોઈ ફર્ક જોતો નથી.

(૩) અપ્રશસ્ત આગ્રહનું દુઃખ તેને રહેતું નથી કેમકે તેવા આગ્રહથી તે નિવૃત્ત થઈ ચૂક્યો છે.

(૪) ઉપશમના સુખને તે સતત સ્પંદે છે.

(૫) કદી ગુરુકુળવાસને ત્યજતો નથી તેથી ગુરુકુળવાસી છે.

(૬) ગુરુ પ્રત્યે હાર્દિક આદર રાખનારો હોવાથી **'ગુરુપ્રતિબદ્ધ'** છે.

(૭) તે એવું પણ માને છે કે ગુરુકુળ વાસ કરતાં ચડિયાતું કોઈ જ આલંબન નથી જે આત્મહિત કરી શકે કેમકે આત્મહિત માટે ગુરુકુળ વાસ જ શ્રેયસ્કર છે તેવી તો જિનાજ્ઞા છે...

શાસ્ત્રમાં કહ્યું છે કે -

**नाणस्स होई भागी थिरयरओ दंसणे चरित्ते य ।**

**धन्ना - आवकहाए गुरुकुलवासं न मुंचन्ति ॥**

તે ધન્ય છે જે જીવનભર ગુરુકુળવાસને છોડતાં નથી, તેઓ જ જ્ઞાનના ભાગી બને છે, શ્રદ્ધાના સ્થૈર્યને અને ચારિત્રની સ્થિરતાને પામે છે...

(૮) આવા ગુણોને અને અભિપ્રાયને પામેલો આ નૂતન દીક્ષિત હવે ગુરુ પાસે ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષાને ગ્રહણ કરે છે.

(૯) ગ્રહણ-આસેવન શિક્ષાને ગ્રહણ કરતાં-કરતાં સૂત્રના અભ્યાસ માટે જરૂરી એવા શુશ્રુષા વિગેરે ગુણોને પોતાના વ્યક્તિત્વમાં પ્રગટ કરે છે.

(૧૦) શુશ્રુષા વિગેરે ગુણોને તે ધારણ કરી શકે તે પછી તે ફક્ત તત્ત્વનો આગ્રહી અને વિધિનો પક્ષપાતી બની જાય છે.

(૧૧) તત્ત્વના જ આગ્રહને વળગેલો તે હવે સૂત્રનો અભ્યાસ કરે. સૂત્રને રાગ-દ્વેષરૂપી ઝેરનું ઉતારણ કરનારા મંત્રાક્ષર માનીને તેનો અભ્યાસ કરે. બે રીતે. એક, ગુરુ મુખે વાંચના સાંભળવા દ્વારા. બે, ગુરુ પાસે સૂત્ર ગ્રહણ કરીને તેને ગોખવા દ્વારા.

(૧૨-૧૩-૧૪) આવો સાધુ પોતાના અનુષ્ઠાનો પ્રત્યે સતત લક્ષ્ય આપનારો રહે અને આ લોકના કોઈ પણ સુખની અપેક્ષા ન રાખે. ફક્ત મોક્ષની જ અપેક્ષા રાખે.

આમ, આવા ૧૪ ગુણવાળો બનીને સૂત્ર ભણે તે સૂત્રને યથા-સ્થિતપણે ભણી શકે અને ભણીને તેનું ક્રિયાપાલનમાં યથાસ્થિત નિયોજન પણ કરી શકે.

- **મંત્રદૃષ્ટાંત અને તેનો ઉપનય :**

આ અરિહંતોની આજ્ઞા છે કે સૂત્રને ભણીને જેઓ તેનો વિધિ અનુસાર અમલ કરતાં નથી તેમનો સૂત્રબોધ 'અવિધિથી ગ્રહણ કરેલાં મંત્રના દૃષ્ટાંત' અનુસાર અન્યથા બને છે.

કોઈ અનભિજ્ઞ આત્માએ અવિધિથી મંત્ર ગ્રહણ કર્યો અને એ પછી તેનો જાપ કર્યો. જાપ કરવાથી ઈષ્ટની સિદ્ધિ તો ન થઈ બલ્કે જેમ જેમ જાપ વધ્યો તેમ તેમ તેનો ઉન્માદ વધવા માંડ્યો... વિપરીત રૂપે પરિણમન પામેલાં મંત્રનો આ દુષ્પ્રભાવ હતો.

અવિધિથી સૂત્ર ગ્રહણ કરે અને તેનું યથાચ્છંદ પણે યોજન = અમલ કરે તો જેમ-જેમ આત્મા બહુશ્રુત બને તેમ તેમ રાગ-દ્વેષના ઝેરના નાશ રૂપ ઈષ્ટની સિદ્ધિ તો ન થાય બલ્કે મોહના ઉન્માદની વૃદ્ધિ જ થતી ચાલે. વિપર્યાસ પામેલાં જ્ઞાનનો આ દુષ્પ્રભાવ હોય છે.

❇ मूलम् ।

**अणाराहणाए न किंचि, तदणारंभओ धुवं, एत्थ मग्गदेसणाए दुक्खं, अवधीरणा, अप्पडिवत्ती ।**

नेवमहीयमहीयं, अवगमविरहेण, न एसा मग्गगा-मिणो । विराहणा अणत्थमुहा, अत्थहेऊ, तस्सा-रंभओ धुवं । एत्थ मग्गदेसणाए अणभिनिवेसो, पडिवत्तिमेत्तं, किरियारंभो । एवं पि अहीयं अहीयं, अवगमलेसजोगओ । अयं सबीओ नियमेण । मग्ग-गामिणो खु एसा अवायबहुलस्स ।

❇ अवचूरिः ।

अनाराधनायामेकान्तेन प्रवृत्तस्य न किञ्चिदिष्टमनिष्टं वा फलं मोक्षोन्मादादि । कथमनाराधनायां न किञ्चिद् ? इत्याह - [तस्या एव अनारम्भात्] । अत्राऽनाराधनायां मार्गदेशनायां तात्त्विकायां दुःखं श्रृण्वतो भवति, उक्तञ्च- 'शुद्धदेशना हि क्षुद्रसत्त्वभृगयूथसन्त्रासनसिंहनादः' ।

तथाऽवधीरणा मनाग् लघुतरकर्मणः, न दुःखं, तथाऽप्रति-पत्तिस्ततोऽपि लघुतरकर्मणः, नावधीरणा । ततः किम् ? इत्याह - नैवमनाराधनयाऽधीतमधीतं सूत्रम् । कुतः ? इत्याह - अवगमविरहेण सम्यग्बोधाऽभावेन । नैषा मार्गगामिन एकान्त-मनाराधना भवति । सम्यक्त्वादिभावे सर्वथाऽसत्क्रियायोगात् । अत एवाह - विराधना प्रक्रमादध्ययनस्याऽनर्थमुखा उन्मादादि-भावेन । इयञ्च गुरुतरदोषापेक्षयार्थहेतुः पारम्पर्येण मोक्षाङ्ग

-मेवेत्यर्थः । कुतः ? इत्याह - तस्याऽऽरम्भाद् ध्रुवं मोक्षगमन -मस्यैवारम्भात् कण्टकज्वरमोहोपेत मार्गगन्तृवद् [ यदुक्तं ]-

मुनेर्मार्गप्रवृत्तिर्या सदोषाऽपि गुणावहा ।

कण्टकज्वरसन्मोहयुक्तस्येव सदध्वनि ॥

एतद् भावलिङ्गमाह - अत्र विराधनायां सत्यां मार्गदेशनायां पारमार्थिकायामनभिनिवेशः श्रृण्वतो भवति हेयोपादेयतामधिकृत्य ।

तथा प्रतिपत्तिमात्रं मनाग् विराधकस्य नाऽनभिनिवेशस्तथा क्रियाऽऽरम्भोऽल्पतरविराधकस्य, न प्रतिपत्तिमात्रम् ।

एवं किम् ? इत्याह - एवमपि विराधनयाऽधीतमधीतं सूत्रं भावतः । कुतः ? इत्याह - अवगमलेशयोगतः । अयं सबीजो नियमेन विराधकः, सम्यग्दर्शनादियुक्त इत्यर्थः । कुतः ? इत्याह - मार्गगामिन एवैषा विराधना प्राप्तबीजस्येति भावः । न सामान्येनैव । किं तर्हि ? अपायबहुलस्य निरूपक्रमक्लिष्ट-कर्मवतः ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

શ્રુતની આરાધનામાં જેઓ એકાંતે પ્રવૃત્તિ જ નથી કરતાં તેમને શ્રુતની આરાધના વડે પેદા થનારું ઈષ્ટ કે અનિષ્ટ, બેમાંથી એક પણ પ્રકારનું ફળ મળતું જ નથી.

શ્રુતની આરાધનાનું ઈષ્ટ ફળ મોક્ષ છે. ઉપલક્ષણથી કુશળ પરિણામોનો પ્રકર્ષ, ચિત્તસમાધિ, સત્ત્વવૃદ્ધિ વિગેરે પણ તેનું ઈષ્ટ ફળ

છે અને ઉન્માદ એ તેનું અનિષ્ટ ફળ છે. અવિધિથી ગ્રહણ કરેલું શ્રુત ઉન્માદ વિગેરેને વશ કરે છે. ઉપલક્ષણથી રોગો, આતંક, ચિત્તત્રાસ, વ્યંતરોનો ઉપદ્રવ વિગેરે પણ ઉન્માદની જેમ શ્રુતનું અનિષ્ટ ફળ છે.

જેઓ એકાંતે સૂત્રને આરાધતાં જ નથી તેમને વિધિ અથવા અવિધિ, બેમાંથી એક પણ વિભાગ લાગુ પડતો ન હોવાથી તેમને મોક્ષફળ પણ મળનાર નથી કે ઉન્માદ વિગેરે અનિષ્ટ ફળ પણ મળનાર નથી.

શાસ્ત્રે એમ કેમ કહ્યું કે શ્રુતના એકાંતે અનારાધકને કેમ ઈષ્ટ અથવા અનિષ્ટ ફળ થતું નથી એવો જો પ્રશ્ન થતો હોય તો તેનો જવાબ તે છે કે તેવા આત્માને શ્રુતની આરાધનાનો હજુ આરંભ જ નથી થયો. જ્યાં શ્રુતની આરાધનાનો જ આરંભ નથી ત્યાં આરાધનાનો વિધિ કે પછી અવિધિ, પ્રવેશ શી રીતે કરે ?

- **માર્ગસ્થ દેશના શ્રુતની આરાધના છે. માર્ગસ્થ દેશનાની અનારાધનાના ત્રણ પ્રકારો :**

શ્રુત એ તત્ત્વદેશના સ્વરૂપ છે. માર્ગસ્થ એવી તાત્ત્વિક દેશનાની અનારાધનાના ત્રણ પ્રકાર છે. (૧) દુઃખ (૨) અવધીરણા (૩) અને અપ્રતિપત્તિ...

- **માર્ગસ્થ દેશનાની પહેલી અનારાધના :**

કેટલાંક જીવો એવા ભારે કર્મી હોય છે કે તેઓ માર્ગસ્થ દેશના જેમ-જેમ સાંભળે તેમ તેમ તેમને ત્રાસ-ત્રાસ અનુભવાય. આમ, તેઓ તાત્ત્વિક દેશનાથી **દુઃખ** પામે છે.

આવું શેં બને કે જીવ તાત્ત્વિક દેશનાથી ત્રાસ અનુભવે ? હા, આવું પણ બને કેમકે તેવા જીવોનું મોહનીય કર્મ તથાપ્રકારક છે.

લલિતવિસ્તરામાં કહ્યું છે કે **शुद्धदेशना हि क्षुद्रसत्त्वमृगयूथ सन्त्रासनसिंहनादः ।** સિંહની ગર્જનાથી હરણના ટોળાઓ જેવો ત્રાસ અનુભવે તેવો ત્રાસ માર્ગસ્થ દેશનાના શ્રવણથી ક્ષુદ્રસત્ત્વવાળા જીવોને પેદા થાય.

- **બીજી અનારાધના :**

જે જીવો ઉપર કહ્યાં તેવા ભારે કર્મી નથી, પહેલાં પ્રકારના જીવોની અપેક્ષાએ થોડાંક લઘુકર્મી છે અને અત્યંત લઘુકર્મી પણ નથી તેવા જીવો માર્ગસ્થ દેશના સાંભળીને ત્રાસ તો નથી અનુભવતાં પણ તેઓ તે દેશનાને આરાધતાં પણ નથી અને તેમને તે દેશના પ્રત્યે **અવધીરણા** થાય છે.

- **ત્રીજી અનારાધના :**

હવે, જે જીવો વિશેષ લઘુકર્મી છે. તેઓને માર્ગસ્થ દેશના સાંભળવાથી દુઃખ પણ નથી થતું કે અવધીરણા પણ નથી થતી પરંતુ તથાક્ષયોપશમના કારણે તેવા જીવોમાં પણ કોક આત્મા માર્ગસ્થ દેશનાની પ્રતિપત્તિ ન કરી શકે તેવું બને. અહીં પ્રતિપત્તિ એટલે સ્વીકાર અને પરિપાલન...

આમ, આ રીતે ત્રણ પ્રકારની અનારાધના શ્રુતને વિશે કહેલી છે. જેઓ શ્રુતની અનારાધનામાં જ પ્રવર્તે છે તેઓ શ્રુત ભણેલ હોય તો પણ તાત્ત્વિક રીતે ભણેલ જ નથી.

તેઓ શ્રુત ભણેલાં હોવા છતા કેમ તેમની પાસે શ્રુત નથી તેમ કહો છો ? કારણ કે તેમની પાસે શ્રુતના અભ્યાસ વડે સમ્યગ્ બોધ નામનું જે ફળ આવવું જોઈએ તે આવ્યું નથી. જ્યાં ફળની નિષ્પત્તિ જ નથી ત્યાં તે વિષયની થયેલી આરાધના પણ અનારાધના જ છે.

- **માર્ગાનુગામીને એકાંતે અનારાધના ન હોઈ શકે :**

માર્ગાનુગામી આરાધકને એકાંતે શ્રુતની અનારાધના કદી ન હોઈ શકે, તેઓ શ્રુતને ભણેલ હોય કે ન પણ ભણેલ હોય... કેમકે સમ્યગ્ બોધ નામનું શ્રુતનું ફળ તેમને અંશતઃ પણ અવશ્યમેવ લાધેલું હોય છે.

*આથીસ્તો કહ્યું છે કે સમ્યક્ત્વ વિગેરે રત્નત્રયીની હાજરીમાં* અસમ્યક્ ક્રિયાનો જ અયોગ છે = અસંભવ છે.

અહીં અયોગ શબ્દનું તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વ વિગેરેની હાજરીમાં શ્રુતના અતિચારનું સેવન જ નથી તેવું નથી પરંતુ શ્રુતના અતિચારનું સેવન હોવા છતાં સમ્યક્ ક્રિયાની શ્રદ્ધાને અને બોધને ચલિત કરનાર તે બનતું નથી તેથી તાત્ત્વિક રીતે તે અતિચાર ફળશૂન્ય બની જાય છે.

- **વિરાધનાપૂર્વકનું પણ શ્રુત લાભ કરાવે છે :**

ઉપરના પ્રકરણમાં જે કહ્યું કે માર્ગાનુગામીને શ્રુતની એકાંતે અનારાધના હોતી નથી તેનો અર્થ એ થયો શ્રુતની અનેકાંત અનારાધના માર્ગસ્થ આત્માને પણ ઘટે છે. આ અનેકાંત અનારાધના એટલે શું ? તો સમજવું પડે કે શાસ્ત્રના અભ્યાસના વિષયમાં કરેલી વિરાધના એટલે જ પ્રસ્તુત અનારાધના...

જેઓ માર્ગાનુગામી જ નથી બન્યાં તેમને તો શાસ્ત્રનો અભ્યાસ હોવા છતાં શ્રુતનો અનારંભ કહી દીધો તેથી તેમને આવી વિરાધનાનો પણ સંભવ ન રહ્યો પરંતુ જેઓ માર્ગાનુગામી બની ચૂક્યાં છે તેવા જીવોને તો શ્રુતનો આરંભ થઈ ગયો છે. તે પછી પણ તેઓ શ્રુતના અધ્યયનમાં જે આરાધનાથી વિપરીત વર્તન કરે છે તે વિરાધના રૂપ છે.

તેમની આવી શ્રુત વિરાધના ઉન્માદ, વ્યંતર પીડા વિગેરે અનર્થો આપનારી જેમ છે તેમ તે જ વિરાધના પરંપરા એ મોક્ષનું અંગ પણ બનનારી છે એટલું જ નહીં, મહામિથ્યાત્વ જેવા ગુરુતર દોષોથી નિર્મુક્ત રહેલી પણ છે તેથી તે અર્થભૂત પણ છે. તાત્પર્ય એ છે કે માર્ગાનુગામી આત્માએ કરેલી વિરાધના પ્રત્યક્ષપણે જેમ ગેરલાભ કરનારી છે તેમ પરંપરાએ લાભનું અંગ પણ બને છે.

- **માર્ગાનુગામીની શ્રુત વિરાધનામાં પણ ત્રણ લાભ રહ્યાં છે :**

એથી સ્તો મૂળસૂત્રકારે અહીં માર્ગસ્થ દેશનાના વિરાધક માટે પણ કહ્યું છે કે **मग्गदेसणाए अणभिणिवेसो, पडिवत्तिमेत्तं, किरियारंभो ।**

માર્ગાનુગામી આત્મા માર્ગસ્થ દેશનાની એટલે કે શ્રુતની વિરાધના કરનાર બન્યો હોય તો પણ તેમાં ત્રણ લાભો સચવાયેલાં રહેવાની સંભાવના છે. **(૧) અનભિનિવેશ (૨) પ્રતિપત્તિ (૩) ક્રિયારંભ...**

(૧) પહેલો લાભ એ કે શ્રુતની વિરાધના કરતો હોવા છતાં પણ આવા માર્ગસ્થ વિરાધકને પારમાર્થિક દેશનામાં વિપરીત અભિનિવેશ નહીં રહે. દુરાગ્રહ નહીં રહે. હેયને ઉપાદેય બતાવવાની હઠ નહીં રહે.

(૨) પહેલાં પ્રકારના વિરાધક કરતાં ઓછી શ્રુતની વિરાધના કરનારો માર્ગસ્થ જીવ માર્ગસ્થ દેશનાની પ્રતિપત્તિ પણ કરશે, સ્વીકાર પણ કરશે. ફક્ત દુરાગ્રહ ત્યજીને અટકી નહીં જાય.

(૩) ત્રીજા પ્રકારના જીવો તો બીજા પ્રકારના જીવો કરતાં પણ શ્રુતના અલ્પતર વિરાધક છે તેથી તેઓ તો શ્રુતની વિરાધના ચાલુ હોવા છતાં ક્રિયાના આરંભનો લાભ પણ પામશે.

આમ, નિષ્કર્ષ એ છે કે માર્ગાનુગામી જીવે કરેલી શ્રુત વિરાધના વિરાધના હોવા છતાં તેમને તેમની કક્ષાનુસાર લાભ પણ કરાવે છે.

આથી સ્તો કહ્યું છે કે -

**मुनेर्मार्गप्रवृत्तिर्या सदोषाऽपि गुणावहा ।**
**कण्टकज्वरसन्मोहयुक्तस्येव सदध्वनि ॥**

કાંટાથી વીંધાયેલ હોય, તાવથી સેકાતો હોય, ઉન્માદને પામેલો હોય તો પણ સાચા માર્ગમાં ટકેલાંને જેમ વિલંબથી પણ મંઝિલ મળે છે તેમ માર્ગસ્થ સાધુની અતિચારમય - દોષમય પ્રવૃત્તિ પણ પરંપરાએ ગુણનું કારણ બને છે.

આમ, માર્ગાનુગામી જીવે વિરાધનાપૂર્વક ભણેલું શ્રુત પણ ભાવથી શ્રુત રૂપ છે કેમકે તે સમ્યગ્ બોધથી ઓછા કે વધુ પ્રમાણમાં સંયુત હોય છે. આવો માર્ગાનુગામી વિરાધક નિયમા સબીજ છે એટલે સમ્યગ્દૃષ્ટિ છે.

**આવી ગુણ અખંડનકારી વિરાધના સમ્યગ્દૃષ્ટિ જીવો જ કરી શકે, અસમ્યગ્દૃષ્ટિ જીવ નહીં.** આવા સમ્યગ્દૃષ્ટિ જીવોના ક્લિષ્ટ કર્મો પ્રાયઃ નિરૂપક્રમ હોય છે તેથી તેઓ વિરાધના કરવા છતાં ગુણનું ખંડન રોકી શકે છે અને કોઈ નિરૂપક્રમ ક્લિષ્ટ કર્મનો ઉદય પણ તેમને થયો છે તેથી તેઓ અપાયો ભરેલી વિરાધનાને વશ પણ બને છે.

❋ मूलम् ।

**निरवाए जहोदिए सुत्तुत्तकारी हवइ पवयण-माइसंगए पंचसमिए तिगुत्ते । अणत्थपरे एयच्चाए अवियत्तस्स, सिसुजणणिचायनाएण । वियत्ते एत्थ**

केवली एयफलभूए । सम्ममेयं वियाणइ दुविहाए परिण्णाए । तहा आसास - पयासदीवं संदीणा -ऽथिराइभेयं । असंदीणथिरत्थमुज्जमइ जहास -त्तिमसंभंते अणूसगे । असंसत्तजोगाराहए भवइ ।

उत्तरुत्तरजोगसिध्धीए मुच्चइ पावकम्मुण त्ति विसुज्झमाणे आभवं भावकिरियमाराहेइ । पसम-सुहमणुहवइ अपीडिए संजम - तवकिरिआए, अव्व -हिए परीसहोवसग्गेहिं, वाहियसुकिरिया नाएणं ।

❉ अवचूरिः ।

निरपायो यथोदितो मार्गगामीतिप्रक्रमः । एतदेवाह - सूत्रोक्तकारी भवति सबीजोनिरपायः । प्रवचनमातृसङ्गतः, सामान्येन तद्युक्तः । *विशेषणैस्तदेवाह* - पञ्चसमितिस्त्रिगुप्तः । *अनर्थपरश्चारित्रप्राणक्षरणेन, एतत्त्यागः प्रवचनमातृत्यागः सम्यगेतद्* विजानातीति योगः । कस्याऽनर्थपर एतत्त्याग इत्याह - अव्यक्तस्य बालभावस्य शिशुजननीत्यागज्ञातेन । शिशुर्हि जननीत्यागाद् विनश्यति । व्यक्तोऽत्र भावचिन्तायां, केवली सर्वज्ञः, एतत्फल-भूतः प्रवचनमातृफलभूतः ।

सम्यग् भावपरिणत्या, एतद् विजानात्यनन्तरोदितम् । एतदेवाह - द्विविधया परिज्ञया, ज्ञपरिज्ञया प्रत्याख्यानपरिज्ञया

च । ज्ञ परिज्ञया [ परिज्ञा ] बोधमात्ररूपा, प्रत्याख्यान परिज्ञया [ परिज्ञा ] तद्‌गर्भक्रियारूपा ।

तथा आश्वास - प्रकाशद्वीपं दीपं वा सम्यग् विजानातीति वर्तते । किं विशिष्टं ? इत्याह - स्पन्दनवदस्थिरादिभेदं । इह भवाब्धावाश्वासद्वीपो मोहान्धकारे च दुःखगमने प्रकाशदीपः । तत्राऽऽद्यः स्पन्दनवानस्पन्दनवांश्चेत्यर्थः । इतरोऽपि स्थिरोऽस्थिरश्चाऽ -प्रतिपाती प्रतिपाती चेत्यर्थः । अयञ्च यथासङ्ख्यं मानुष्ये क्षायो -पशमिक - क्षायिक [ चारित्र ]-ज्ञानरूपश्च । उभयत्राऽऽद्यो नाऽ -क्षेपेणेष्टसिद्धये सप्रत्यपायत्वात् । चरमस्तु सिद्धये निष्प्रत्य -पायत्वात्, सम्यगेतद् विजानाति ।

अस्पन्दनवत् स्थिरार्थमुद्यमं करोति सूत्रनीत्या । कथम् ? इत्याह - यथाशक्ति शक्त्यनुरूपं, असंभ्रान्तो भ्रान्तिरहितः, अनुत्सुक औत्सुक्यरहितः फलं प्रति । असंसक्तयोगाराधको भवति निःसपत्नश्रामण्यव्यापारकर्ता ।

एवमुत्त [ रोत्तर ] योगसिद्ध्या धर्मव्यापारसिद्ध्या । मुच्यते पापकर्मणा तत्र गुणविबन्धकेन । इत्येवं विशुद्ध्यमानः सन् आभवमाजन्म आसंसारं वा भावक्रियां निर्वाणसाधिकामारा -धयति । तथा प्रशमसुखमनुभवति तात्त्विकम् । कथम् ? इत्याह - *अपीडितः संयम - तपः - क्रिययाऽऽश्रवनिरोधाऽनशनादि-* रूपया, तथाऽबाधितस्सन् परीषहोपसर्गैः क्षुद्‌दिव्यादिभिः ।

**कथमेतदेवमिति-निदर्शनमाह - व्याधितसुक्रियाज्ञातेन रोगितस्य शोभनक्रियोदाहरणेन ।**

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

ઉપરના પ્રકરણમાં માર્ગગામી શ્રુત વિરાધકના ત્રણ પ્રકારો કહ્યાં. હવે માર્ગગામી શ્રુત આરાધક અંગે હિતવચન કહી રહ્યાં છે.

પૂર્વે જે ત્રણ પ્રકારના માર્ગગામી શ્રુતવિરાધક કહ્યાં તે **સબીજ સાપાય યોગી** હતાં જ્યારે માર્ગગામી શ્રુત આરાધક **નિરપાય સબીજ યોગી** હોય છે.

**સાપાય એટલે વિરાધનારૂપી અપાયથી યુક્ત અને સબીજ એટલે તેમ છતાં પણ સમ્યક્ત્વરૂપી બીજથી અભ્રષ્ટ.** આમ, સમ્યક્ત્વરૂપી બીજ જેમનામાં વિકસેલું છે છતાં શ્રુતની વિરાધનાનો અપાય પણ જેમનામાં રહેલો છે તેવા સાધુને સબીજ-સાપાય યોગી કહેવાય.

હવે, જેઓ તેવા નથી, બલ્કે સમ્યક્ત્વથી યુક્ત છે જ, શ્રુતની વિરાધનાના અપાયથી પણ રહિત છે તેવા સાધુને સબીજ-નિરપાય યોગી કહેવાય.

આવા બીજા પ્રકારના સાધુને એટલે કે સબીજ શ્રુત આરાધકને ઉદ્દેશીને કહે છે કે આવો સાધુ શ્રુત વિરાધક નથી એટલે અપાય રહિત છે. સૂત્રે જે જે વિધિ કે અનુષ્ઠાન જે રીતે કરવાના કહ્યાં છે તે તે રીતે જ કરનારો આ સાધુ છે તેથી માર્ગગામી છે, શ્રુત આરાધક છે.

શ્રુતઆરાધક અને માર્ગગામી છે તેથી તે અષ્ટપ્રવચનમાતાથી પરિપાલિત છે - પ્રવચનમાતાથી સહિત છે કેમકે માર્ગ એટલે અહીં ચારિત્રધર્મ અને ચારિત્રધર્મમાં ગમન પ્રવચનમાતાની સંગત વડે જ થઈ શકે છે.

આવો સબીજ શ્રુત આરાધક પ્રવચનમાતા વડે સંયુક્ત છે તે વાત સામાન્યથી કહીને તે જ વાતને વિસ્તારથી સૂચવતાં ગ્રંથકારે કહ્યું છે કે પ્રવચન માતાથી સંયુક્ત એવો સાધુ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી મંડિત છે, ગુપ્ત છે. આવા સબીજ શ્રુત આરાધક સાધુને પ્રથમ તો અષ્ટ પ્રવચનમાતાની ખૂબ જરૂર છે કેમકે આવા સાધુમાં ચારિત્રરૂપી પ્રાણ પ્રગટેલાં છે, હવે તેની વધુ ને વધુ નિર્મળતા અને પુષ્ટિ માટે તે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરી રહ્યો છે. જો શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરતાં કરતાં પ્રવચનમાતા જ તેનામાંથી ખરી પડે તો ? કેવું ભયાનક અનિષ્ટ સરજાય જાય ? એવું ભયાનક અનિષ્ટ સરજાઈ જાય કે શ્રુતઆરાધક પણું તો ન ટકે, ચારિત્રરૂપી પ્રાણ જ વિનાશ પામી જાય.

સબીજ શ્રુત આરાધક એવા સાધુ માટે અષ્ટપ્રવચન માતાનો ત્યાગ ચારિત્રરૂપી પ્રાણોનું મરણ કરાવી દેનાર છે કેમકે આવો સાધુ હજુ અવ્યક્ત શ્રુત આરાધક છે અને તેથી તેના જ્ઞાનાદિ ભાવો બાળક તુલ્ય છે.

નાનકડું બાળક જો માતાનો ત્યાગ કરી દે તો તેની વાચા, વિદ્યા અને જીવન, વૃદ્ધિ તો નથી પામતાં, પરંતુ તેના પ્રાણ જ ભયમાં મૂકાય જાય છે. બસ ! તે જ રીતે સબીજ શ્રુત આરાધક એવો સાધુ જો પ્રવચનમાતાને પરિહારી દે તો તેના જ્ઞાનાદિભાવોની પુષ્ટિ, સ્થિતિ અને વૃદ્ધિ તો દૂર રહી, ચારિત્ર રૂપી પ્રાણ જ ખરી પડે તેમ છે.

આમ કેમ કહો છો ? કેમકે હજી આ સાધુ અવ્યક્ત શ્રુત આરાધક છે.

- **શ્રુત આરાધકના બે પ્રકારો :**

જૈનશાસનમાં સબીજ આરાધકોના બે પ્રકારો કહ્યાં છે. એક તો **વ્યક્ત** અને બીજો **અવ્યક્ત**. બંને પ્રકારના આરાધકો પ્રવચન માતાના સંગે ચારિત્રરૂપી પ્રાણને ટકાવીને જ્ઞાનની ઉન્નતિને પામી રહેલાં કે પામેલાં છે.

અહીં, પહેલાં પ્રકારના વ્યક્ત આરાધક એટલે કેવળજ્ઞાની ભગવંતો કે જેઓ પ્રવચનમાતાના આસેવનનું સંપૂર્ણ ફળ પામી ચૂક્યાં છે. પ્રવચન માતાના આસેવનનું પૂર્ણફળ સર્વજ્ઞદશા છે જે કેવળીને પ્રગટેલી છે.

બીજા પ્રકારના અવ્યક્ત આરાધક એટલે કેવળજ્ઞાન નહીં પામેલાં, પરંતુ પ્રવચનમાતાના સેવનમાં નિરંતર ઉદ્યુક્ત એવા શ્રુત આરાધક મુનિઓ.

આવા અવ્યક્ત આરાધક મુનિઓને પ્રવચન માતાનો ત્યાગ પાલવે નહીં કેમકે પ્રવચન માતાના ફળની નિષ્પત્તિ જ હજી તેમને બાકી છે. તેથી પ્રવચન માતાને અખંડ રાખીને શ્રુતની આરાધના તેઓ કરે.

- **શ્રુત પ્રાપ્તિ બે રીતે :**

એક તો જ્ઞ પરિજ્ઞા વડે શ્રુત આરાધના કરે અને બીજા નંબરે પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે શ્રુત આરાધના કરે. પ્રવચન માતાઓને પણ જ્ઞ પરિજ્ઞા તેમજ પ્રત્યાખ્યાન પરિજ્ઞા, બંને વડે આવો સાધુ જાણે. આઠે પ્રવચનમાતાને આ બંને પરિજ્ઞા વડે જાણવી જોઈએ, જો તેનો ત્યાગ નથી કરવો તો... પ્રવચનમાતાના ત્યાગથી બચવા માટે આ જરૂરી છે. **જ્ઞપરિજ્ઞા વસ્તુતત્ત્વનો માત્ર બોધ કરાવનારી છે, જ્યારે પ્રત્યાખ્યાન પરિજ્ઞા યથાસ્થિત બોધપૂર્વકની ક્રિયા કરાવનારી છે.**

## • ચારિત્ર એટલે 'આશ્વાસ દ્વીપ' અને જ્ઞાન એટલે 'પ્રકાશ દીપ':

વળી, આવો સબીજ શ્રુત આરાધક સાધુ કે જે અવ્યક્ત આરાધક છે તેણે જેમ આઠ પ્રવચન માતાઓનું જ્ઞાન જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા વડે મેળવવું જોઈએ તેમ **'આશ્વાસ દ્વીપ'**ને પણ જાણવા જોઈએ અને **'પ્રકાશ દીપ'**નું પણ જ્ઞાન મેળવવું જોઈએ. એટલું જ નહીં, 'આશ્વાસ દ્વીપ'ના પ્રકારો તથા 'પ્રકાશદીપ'ના ભેદો, વિગતવાર તેનું જ્ઞાન મેળવવું જોઈએ અને યથાક્રમે તેની આરાધના પણ કરવી જોઈએ.

## • આશ્વાસ દ્વીપ અને તેનો ઉપનય :

(૧) યોગગ્રંથોમાં 'ચારિત્ર'ને આશ્વાસ દ્વીપ તરીકે ઓળખાવવામાં આવ્યું છે અને 'જ્ઞાન'ને પ્રકાશ દીપ તરીકે પીછાણવામાં આવ્યું છે.

(૨) વિકરાળ સાગરમાં ભૂલાં પડેલાંને જે આશ્રય આપી સાગરના કિનારા સુધી પહોંચાડવામાં મદદ કરે તેને આશ્વાસ દ્વીપ કહેવાય. જે યાત્રીકને સાગરથી બચાવે, ભૂમિ પર ટકાવે, જીવનનું આશ્વાસન આપે.

આવા 'આશ્વાસ દ્વીપ' સાગરમાં બે પ્રકારના હોય છે. એક તો હાલતાં-ચાલતાં, **સ્પંદનવાળા આશ્વાસ દ્વીપ** અને બીજા, એક જ સ્થળે સનાતન રહેનારા, **સ્પંદનરહિત આશ્વાસ દ્વીપ.** સ્પંદનવાળા આશ્વાસ દ્વીપ જે હોય છે તે કોઈક નિમિત્તને પામી સમુદ્રમાં માટી-પત્થર કે લાકડાઓ વિગેરે સપાટી ઉપર આવવાથી કે એકત્ર થવાથી રચાઈ જાય છે અને કાળ ક્રમે માટી-પત્થરો વિખેરાઈ જવાથી નાશ પણ પામે છે. તેનું સનાતન અસ્તિત્વ નથી હોતું, જ્યારે બીજા પ્રકારના સ્પંદનરહિત આશ્વાસ દ્વીપો

પેટાળ સુધી ફેલાયેલા હોવાથી સમુદ્રની આંધી કે તોફાન વડે કદી વિખેરાઈ જતાં નથી...

(૩) ચારિત્રગુણ પણ આશ્વાસ દ્વીપ જેવો છે. તેના બે પ્રકાર છે : પ્રતિપાતી ચારિત્ર અને અપ્રતિપાતી ચારિત્ર. પ્રતિપાતી ચારિત્ર એટલે ક્ષાયોપશમિક ભાવનું ચારિત્ર અને અપ્રતિપાતી ચારિત્ર એટલે ક્ષાયિકભાવનું ચારિત્ર.

**ક્ષાયોપશમિકભાવનું ચારિત્ર 'સ્પંદનયુક્ત આશ્વાસદ્વીપ'** જેવું છે. જે સંસારસાગરમાં રખડતાં આત્માને કર્મલઘુતા થવાથી કર્મના જ ક્ષય-ઉપશમના સહારે પ્રગટ થાય છે. કાળક્રમે કર્મનો તથાવિધ ક્ષયોપશમ ચાલ્યો જવાથી આ ચારિત્ર પતન પણ પામી શકે છે.

(૪) જ્યારે **ક્ષાયિક ભાવનું ચારિત્ર 'સ્પંદન રહિત આશ્વાસ દ્વીપ'** જેવું છે. આ ચારિત્ર મોહનીય કર્મને મૂળમાંથી ફેંકી દઈને આત્માના પેટાળ સુધી વિસ્તરેલું હોવાથી કદી પણ પતન નથી પામતું. પ્રગટ થયાં પછી સદાકાલીન સ્થિર રહે છે. કર્મના આંધી કે તોફાન હવે તેને અસર કરશે નહીં.

(૫) સંસાર સાગરમાં ભટકતાં અને મોક્ષભૂમિના કાંક્ષી એવા જીવો માટે ચારિત્ર એ દ્વીપ જેવું છે. જે અલ્પ કે ચિરંતન સમય માટે ભવસાગરથી મુક્તિનો અહેસાસ કરાવે છે.

- **પ્રકાશદીપ અને તેના ઉપનય :**

(૧) હવે, વાત ઉપસ્થિત થાય છે 'પ્રકાશદીપ'ની. અંધકાર ભરેલી અટવીમાં ભૂલા પડેલાંને માર્ગ જ દેખાય તેમ નથી. માર્ગ જ ન મળે તો વ્યક્તિ ઈષ્ટ સ્થળે તો ન પહોંચે, સ્વયંનું અસ્તિત્વ પણ ન ટકાવી શકે.

*આથી, અટવીમાં ભ્રાન્ત થયેલાંને પ્રકાશની જરૂર છે.* જ્યાં સૂર્ય કે ચન્દ્ર પ્રકાશ આપી શકે તેમ નથી તેવી અટવીમાં પ્રકાશ મેળવવાનો સહારો ફક્ત દીપક જ છે. આવા 'પ્રકાશ-દીપ'ની જરૂર અટવીમાં અટવાયેલાંને રહે છે. પ્રકાશદીપ બે પ્રકારના હોય છે. એક તો **અસ્થિર પ્રકાશદીપ** અને બે, સ્થિર **પ્રકાશદીપ.**

**મશાલ વિગેરેના પ્રકાશને અસ્થિર પ્રકાશદીપ ગણી શકાય** કેમકે તે ઇંધણના જોરે પ્રગટે છે અને હલન-ચલન કરતો રહે છે. ઇંધણ પૂરું થશે એટલે તે સમાપ્ત થઈ જશે.

**જ્યારે મણિ કે રત્નો વડે પ્રકાશતાં દીપને સ્થિર પ્રકાશ દીપ કહી શકાય** કેમકે તેનો પ્રકાશ સ્વયંભૂ હોય છે, ઇંધણ વડે પ્રગટનારો નથી તેમજ હલન-ચલન કરનારો પણ નથી.

(૨) જ્ઞાન એ 'પ્રકાશદીપ' સમાન છે અને મોહનીય કર્મનો ઉદય એ ભાવઅંધકાર ભરેલી ઘોર અટવી છે. મોહના અંધકારમાં અંધવત્ બનેલાંને જ્ઞાન રૂપી 'પ્રકાશ દીપ' જ એક તરણોપાય છે. જે અટવીમાંથી મુક્તિ આપે છે, મુક્તિનો માર્ગ દર્શાવે છે.

(૩) જ્ઞાનગુણના બે પ્રકાર છે. (૧) પ્રતિપાતી જ્ઞાન (૨) અપ્રતિપાતી જ્ઞાન. જ્ઞાયોપશમિકભાવના જ્ઞાનને પ્રતિપાતી જ્ઞાન કહેવાય અને ક્ષાયિકભાવના જ્ઞાનને અપ્રતિપાતી જ્ઞાન કહેવાય.

(૪) ક્ષાયોપશમિક ભાવનું જ્ઞાન **'અસ્થિર પ્રકાશદીપ'** જેવું છે. જે કર્મના ક્ષયોપશમ રૂપ ઈંધણ વડે પ્રગટે છે અને કાળાંતરે ઈંધણ ખૂટી પડતાં દીપકની જેમ આ જ્ઞાનનું પણ પતન થઈ જાય છે.

(૫) ક્ષાયિકભાવનું જ્ઞાન **'સ્થિર પ્રકાશદીપ'** જેવું છે જે કર્મના ક્ષયોપશમ રૂપ ઇંધણ ઉપર નિર્ભર નથી પરંતુ જ્ઞાનાવરણીય

કર્મને મૂળમાંથી નષ્ટ કરીને રત્નદીપકની જેમ સ્વતઃ પ્રકાશિત બનેલું છે. તે 'સ્થિર પ્રકાશદીપ'ની જેમ કદી નાશ પામતું નથી.

- **બેમાં અપાયરહિત કોણ ? :**

સ્પંદનવાળો દ્વીપ અને અસ્થિર એવો પ્રકાશદીપ જેમ અપાયોથી ભરેલા છે, તેના ઉપરનું અવલંબન ભયમુક્ત નથી, બસ ! તે જ રીતે ક્ષાયોપશમિક ચારિત્ર અને ક્ષાયોપશમિક જ્ઞાન, બંને પતન થઈ જવાના અપાયથી ભરેલાં છે અને એથી જ મોક્ષની પ્રાપ્તિમાં ભયરહિત આલંબન રૂપ નથી.

- **પ્રયત્ન, ક્ષાયિકભાવ માટે :**

આમ, ઉપર વર્ણવેલા આશ્વાસ દ્વીપ અને પ્રકાશદીપ તેમજ તેના ઉપનયને બરોબર સમજી સબીજ શ્રુત આરાધક એવા સાધુએ સૂત્રનીતિને વફાદાર રહીને ક્ષાયિકચારિત્રની પ્રાપ્તિ માટે તથા ક્ષાયિક જ્ઞાનના પ્રગટી કરણ માટે પ્રયાસ કરવો.

શી રીતે આવો પ્રયાસ કરી શકાય ? આવો પ્રયાસ કરવા માટે (૧) **અસંભ્રાન્ત** ગુણને કેળવવો અને (૨) **અનુત્સુક્તા** ગુણને કેળવવો. અસંભ્રાન્ત ગુણ આવતાં તત્ત્વમાં ક્યાંય ભ્રાન્તિ રહેતી નથી, લક્ષ્યથી મન વિચલિત થતું નથી. અનુત્સુક્તા ગુણ પ્રગટ થતાં લક્ષ્ય રૂપ અધ્યાત્મ સિવાયની બાબતોમાં કુતૂહલ રહેતું નથી.

આ બે ગુણોના યોગે સાધુએ સાધુધર્મના શત્રુરૂપ વિરાધના સ્થાનોથી બચી શ્રમણધર્મનો યોગ આરાધવો જોઈએ.

આ રીતે જે સબીજ શ્રુત આરાધક સાધુ ક્ષાયિક જ્ઞાન અને ચારિત્ર માટે પ્રયત્ન કરે તે સૌ પ્રથમ ક્ષુધા-પિપાસા વિગેરે પરિષહોથી પરાભૂત થતો અટકી જશે.

પરિષહો વડે તે પરાભૂત થતો નથી એટલે તે પછી, તેના તપ, ક્રિયા અને સંયમ સ્ખલના - પીડાથી રહિત બની જશે.

ત્યારબાદ, તેના તપ-સંયમ અને ક્રિયા અસ્ખલિત રહેતાં હોવાથી તે સતત પ્રશમ સુખને અનુભવશે. તત્ત્વનું સંવેદન એ જ પ્રશમ સુખ છે.

અંતે, સતત પ્રશમ સુખના સંવેદનના કારણે તે વર્તમાન જન્મમાં મૃત્યુ સુધી અને આગળ વધતાં ભવાંતરોમાં અંતિમ નિર્વાણ મળે ત્યાં સુધી નિરંતર ગુણોની વિશુદ્ધિને વધારતાં રહી સકળ પાપકર્મથી મુક્તિ પામશે કે જે પાપ કર્મો ગુણોના અનુભવને રોકનાર હતાં...

ચિરકાલીન રોગીને ઔષધની વિસ્તૃત પ્રક્રિયા વડે જેમ રોગથી મુક્તિ મળે તેમ સબીજ શ્રુત આરાધકને ઉપરોક્ત પ્રક્રિયા વડે પાપરૂપ વ્યાધિથી મુક્તિ મળે છે.

❈ मूलम् ।

**से जहा केइ महावाहिगहिए, अणुभूयतव्वेयणे, विण्णाया सरूवेण, निव्विण्णे तत्तओ, सुवेज्ज-वयणेण सम्मं तमवगच्छिय जहाविहाणओ पवन्ने सुकिरियं, निरूध्धजहिच्छाचारे, तुच्छ-पत्थभोई, मुच्चमाणे वाहिणा नियत्तमाणवेयणे समुवलब्भारोग्गं पवड्ढमाणतब्भावे, तल्लाभनिव्वुईए तप्पडिबंधाओ सिराखाराइजोगे वि, वाहिसमारोग्गविण्णाणेण इट्ठ-**

निप्फत्तीओ अणाकुलभावयाए, किरिओवओगेण अपीडिए, अव्वहिए, सुहलेस्साए वड्ढइ, वेज्जं च बहु मन्नइ ।

एवं कम्मवाहिगहिए, अणुभूयजम्माइवेयणे, विण्णाया दुक्खरूवेणं निव्विण्णे तत्तओ तओ, सुगुरुवयणेण अणुट्ठाणाइणा तमवगच्छिय पुव्वुत्त-विहाणओ पवन्ने सुकिरियं पवज्जं, निरुध्धपमाय-चारे, असारसुध्धभोई, मुच्चमाणे कम्मवाहिणा, नियत्तमाणिट्ठवियोगाइवेयणे, समुवलब्भचरणारोग्गं पवड्ढमाणसुहभावे, तल्लाभनिव्वुईए तप्पडिबंधवि-सेसओ परीसहोवसग्गभावे वि तत्तसंवेयणाओ कुसलासयवुड्ढी थिरासयत्तेण धम्मोवओगाओ सया थिमिए तेउल्लेसाए वड्ढइ, गुरुं च बहु मन्नइ जहो-चियं असंगपडिवत्तीए ।

निसग्गपवित्तिभावेण एसा गुरु वियाहिया भाव-सारा विसेसओ भगवंतबहुमाणेणं, जो मं पडिमन्नइ से गुरू ति तयाणा ।

❈ अवचूरिः ।

एतदेवाऽऽह । तद्यथा, कश्चित् सत्त्वो महाव्याधिगृहीतः कुष्ठादिगृहीतः, अनुभूतस्तद्वेदनोऽनुभूतव्याधिवेदनः, विज्ञाता स्वरूपेण वेदनायाः, न कण्डूगृहीतकण्डूयनकारिवद् विपर्यस्तः । निर्विण्णस्तत्त्वतस्तद्वेदनयेति प्रक्रमः ।

ततः *सुवैद्यवचनेन सम्यक् तं व्याधिमवगम्य* यथा विधानतो देवतापूजादिप्रकारतः, भयात् तुच्छ-पथ्यभोजी व्याध्यानुगुण्यतः, अनेन प्रकारेण मुच्यमानो व्याधिना खसराद्यपगमेन, निवर्तमान-वेदनः, कण्ड्वादेरभावात् समुपलभ्याऽऽरोग्यं, प्रवर्धमान-तद्भावः प्रवर्धमानारोग्यः, तल्लाभनिर्वृत्त्या तत्प्रतिबन्धादारोग्य प्रतिबन्धाद् हेतोः, शिराक्षारादि योगेऽपि शिरावेधक्षारपातभावेऽपि, व्याधिश -मारोग्यविज्ञानेन व्याधिशमादियदारोग्यं तदवबोधेन, इष्टनिष्पत्ते -रारोग्यनिष्पत्तेर्हेतोरनाकुलभावतया ।

तथा क्रियोपभोगेनाऽपीडितोऽव्यथितः शुभलेश्यया प्रशस्त -भावरूपया वर्धते । वैद्यञ्च बहु मन्यते, महापायनिवृत्तिहेतुरयं ममेति सम्यग्ज्ञानात् ।

एषदृष्टान्तोऽयमर्थोपनयः ।

एवं कर्मव्याधिगृहीतः प्राणी अनुभूतजन्मादिवेदनः, विज्ञाता दुःखस्वरूपेण जन्मादिवेदनायाः सुगुरुवचनेन हेतुनाऽनुष्ठानादिना। *तमवगम्य सुगुरूकर्मव्याधिञ्च पूर्वोक्तविधानतः* तृतीयसूत्रोक्तेन

विधानेन प्रपन्नः सन् सुक्रियां प्रव्रज्यां निरूद्धप्रमादाचारोऽसारः शुद्धभोजी संयमानुगुण्येन ।

*अनेन विधिना मुच्यमानः कर्मव्याधिना निवर्तमानेष्ट-वियोगादिवेदनः, तथा मोहनिवृत्त्या समुपलभ्य चरणारोग्यं,* सदुपलम्भेन प्रवर्धमानशुभभावः प्रवर्धमानचरणारोग्यभावः, बहुतरकर्मव्याधि विकारनिवृत्त्याः । तल्लाभनिवृत्त्या तत्प्रतिबन्धात् चरणारोग्यप्रतिबन्धविशेषात्, परीषहोपसर्गाऽभावेऽपि तत्त्व-संवेदनात् सम्यग्ज्ञानाद्धेतोः ।

कुशलाशयवृद्ध्या क्षायोपशमिक भाववृद्धया, स्थिराशयत्वेन चित्तस्थैर्येण हेतुना तथा धर्मोपयोगादितिकर्तव्यताबोधात् कारणात् । सदा स्तिमितो भावद्वन्द्वविरहात् प्रशान्तः । किमित्याह - तेजो-लेश्यया शुभभावरूपया वर्धते गुरुञ्च बहु मन्यते भाववैद्य -कल्पम् ।

कथमित्याह - यथोचितमौचित्येन । असङ्गप्रतिपत्त्या स्नेह-रहिततद्भावप्रतिपत्त्या । किमस्या उपन्यास इत्याह - निसर्ग-प्रवृत्तिभावेन । सांसिद्धिकप्रवृत्तित्वेन हेतुना । एषा असङ्ग-प्रतिपत्तिर्गुर्वी व्याख्याता भगवद्भिः । किमित्यत आह - भावसारात् तथौदयिकभावविरहेण विशेषतोऽसङ्गप्रतिपत्तेः ।

**इहैव युक्त्यन्तरमाह - भगवद् बहुमानेनाऽ चिन्त्यचिन्तामणि कल्पतीर्थङ्करप्रतिबन्धेन । कथमयमित्याह - यो मां प्रतिमन्यते भावतः सुगुरूमित्येवं तदाज्ञा । इत्थं तत्त्वं व्यवस्थितम् ।**

**❋ 'પંચસૂત્ર પ્રકાશ' :**

- **ગુરુ બહુમાન માટે 'ધન્વંતરી'નું હૃદય ભેદી દૃષ્ટાંત :**

કોઈ પ્રાણી કોઢ જેવા અસાધ્ય મહારોગથી ઘેરાયો છે, રોગની વેદનાને નિરંતર અનુભવે છે, એટલું જ નહીં, રોગની બિભીષિકાને પણ બરાબર જાણે છે કેમકે તેણે રોગના સ્વરૂપનું જ્ઞાન મેળવેલું છે.

એવું નથી કે ખરજવાનો દર્દી શરીરને ખણતો રહે, ખણી ખણીને રોગને વધારતો રહે છતાં રોગથી રાહત મેળવ્યાંનો વિપર્યય અનુભવે એવી તેની વિપર્યયગ્રસ્ત દશા છે. તે તો રોગના રૂપને યથાર્થ રીતે જાણે છે અને એથી જ પોતાને થયેલાં મહારોગથી તે કંટાળેલો પણ છે.

આવી સ્થિતિમાં કોઈ નિષ્ણાત વૈદ્ય તેને મળ્યાં. વૈદે તેના મહારોગના લક્ષણોને બરાબર ચકાસ્યા અને એ પછી ચિકિત્સા શરૂ કરી. રોગી પણ વૈદ્યના વચન અનુસાર વિધિપૂર્વક દેવતા વિગેરેની પૂજા કરે છે, યદચ્છાચાર = સ્વેચ્છાચારનો પરિહાર કરીને રોગની શાંતિ માટેની સુક્રિયા સ્વીકારતો જાય છે અને રોગના ભયથી ચિકિત્સાને અનુકૂળ આવે તેવું તુચ્છ અને પથ્ય ભોજન લે છે. આમ, પથ્યસેવન, ઔષધ અને દેવપૂજા વિગેરેના કારણે ધીરે ધીરે શરીર પરથી ખસર વિગેરે દૂર થતાં જાય છે તેથી રોગની નિવૃત્તિને અનુભવે છે, ખણજ પણ ઓછી થઈ રહી છે તેથી વેદનાની શાંતિને અનુભવે છે અને આરોગ્યનો પ્રથમ અંશતઃ અનુભવ કરે છે, ક્રમશઃ વધુ અનુભવ કરે છે...

આરોગ્યનો તેને અહેસાસ થાય છે તેથી વૈદ્ય દ્વારા હવે તેની શિરાઓનો વેધ કરવો, શરીર પર ક્ષારના વિલેપન કરવા, વ્રણમાં ક્ષાર ભરવો વિગેરે જે ક્રિયા કરવામાં આવે છે તે તત્કાળ તો કાળી વેદના કરાવનાર છે છતાં તેના વડે જ રોગની શાંતિ થશે તેવા જ્ઞાન વાળો આ દર્દી તેને સહન કરે છે, આકુળ-વ્યાકુળ થતો નથી.

શિરાવેધ - ક્ષારપાત વિગેરે ક્રિયાથી કંટાળતો નથી અને વૈદ્ય પ્રત્યે પણ બહુમાનને ધારણ કરે છે, 'મને મહાઅપાયથી ઉગારનાર આ વૈદ્ય છે' એવું માને છે...

•

આ દૃષ્ટાંત થયું. હવે તેનો ઉપનય ઘટાવે છે.

બસ ! એ જ રીતે આપણો આત્મા પણ કર્મરૂપી અસાધ્ય મહારોગથી ઘેરાયેલો છે, સતત જન્મ-મરણની વેદનાને અનુભવે છે અને જન્મ પરંપરાની એકાંત દુઃખરૂપતાને પણ હવે જાણી લીધી છે કેમકે સુગુરુ રૂપ વૈદ્યનો ઉપદેશ અને તેમના ઉપદેશ અનુસારના અનુષ્ઠાનની તેને પ્રાપ્તિ થઈ છે.

એથી તે હવે કર્મરૂપ રોગ અને તેથી પેદા થયેલી જન્મપરંપરાથી કંટાળ્યો છે, તે બંનેથી નિવૃત્તિ મેળવવા માટે તેણે પંચસૂત્રના ત્રીજા *સૂત્રમાં ઉપદેશાયેલી વિધિ અનુસાર કર્મરોગની ચિકિત્સા સમાન પ્રવ્રજ્યા* રૂપી સુક્રિયા અંગીકાર કરી છે, સુગુરુરૂપ વૈદ્યના વચનને અનુસરીને તે સંયમમાં પણ પ્રમાદને આધીન નથી બનતો, ૪૨ દોષ રહિત ભિક્ષા ગ્રહણ કરે છે. આ પ્રમાણે સંયમરૂપ સુક્રિયાના કારણે હવે આત્માનો કર્મવ્યાધિ પાછો હટવા લાગ્યો. રોગની મંદતા થઈ એટલે તેના કારણે ઉત્પન્ન થતાં સંયોગ અને વિયોગના સંવેદનો પણ મંદ પડવા લાગ્યાં.

રતિ-અરતિના સ્પંદન મંદ પડવાથી મોહનીય કર્મ પણ નિવૃત્ત થતું ચાલ્યું અને સમ્યક્ ચારિત્ર રૂપ આરોગ્યનો અહેસાસ શરૂ થયો.

૨૨ પરીષહો અને ઉપસર્ગો આવી પડ્યાં તો પણ હૃદયમાં તત્ત્વની સંવેદના અકબંધ હતી તેથી તે કર્મરૂપ મહારોગના વિકારોની પુષ્કળ માત્રામાં શાંતિ કરી દેનારા બન્યાં અને એ રીતે ચારિત્રરૂપ આરોગ્ય ઉત્તરોત્તર વધતું ચાલ્યું...

ચારિત્રરૂપ આરોગ્ય વધવાથી ક્ષાયોપશમિક ભાવ પણ વધ્યો અને એથી શુભપરિણામોની સ્થિરતા પણ વધી. અનુક્રમે ચિત્તની ઉપશાંતિ રૂપ તેજોલેશ્યા પણ આવા સાધુની વધતી ચાલી કેમકે મનના ભાવ દ્વન્દ્વો હવે તદ્દન ઉપશાંત બનેલાં છે...

આવી કર્મરોગની શાંતિ અને નિવૃત્તિ કરાવનારી પ્રક્રિયામાં મૂકાયેલો આ સાધુ, પરીષહ અને ઉપસર્ગો વચ્ચે પણ શુભ પરિણામોની સ્થિરતા ટકી અને ઉપશાંતિ વૃદ્ધિ પણ પામી તે ઉપકાર સુગુરુનો છે તેમ માને છે અને એથી સુગુરુરૂપ ભાવ વૈદ્ય પ્રત્યે હૃદયથી અત્યંત બહુમાન ધારણ કરે છે.

તેનું મંતવ્ય છે કે **કર્મરૂપ મહારોગની નિવૃત્તિ કરાવનાર ધન્વંતરી તો સુગુરુ જ છે ને ?**

**તેનો સુગુરુ પ્રત્યેનો આવો આદર અસંગપ્રતિપત્તિ રૂપ હોય છે. અપ્રશસ્ત સ્નેહરાગ રૂપ તો તેનો ગુરુપ્રેમ નથી જ, પ્રથમ પ્રશસ્ત સ્નેહરાગ રૂપ છે અને ક્રમશઃ સ્નેહરહિત પણે પણ ગુર્વાજ્ઞાની પ્રતિપત્તિ થવાથી તે અસંગ પ્રતિપત્તિ રૂપ છે.**

ખરેખર કર્મવ્યાધિની ચિકિત્સા કરાવનારી આવી ગુરુરૂપ વૈદ્યની અસંગ પ્રતિપત્તિ તીર્થંકરદેવે ખૂબ ગજબની અને મહાન કહી છે કે જેમાં ઔદયિક પરિણામોનો સદંતર અભાવ છે. ફક્ત ક્ષાયોપશમિક

પરિણામના કંડકોની જ નિષ્પત્તિ અને વૃદ્ધિ છે.

એક તરફ ગુરુ તરફ બહુમાન ધરવાનું કહો છો અને બીજી તરફ ઔદયિક સ્નેહ રાગનો અભાવ કહો છો તે પરસ્પર વિરોધી નથી ? આવું શી રીતે બને ?

આવું બનવું અસંભવ નથી. કારણ કે ગુરુ પ્રત્યે જે બહુમાન ધારણ થાય છે તે પારમાર્થિક રીતે તો ગુરુ પણ અરિહંતના વચનને જ પૂર્ણ વફાદાર છે તેવી શ્રદ્ધાથી થાય છે તેથી ગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ પણ પરંપરાએ તીર્થંકર પ્રત્યેના બહુમાન ભાવ સાથે Connected છે.

અરિહંતે પણ કહ્યું છે કે - **"જે મારો આદર કરે છે તે ગુરુનો આદર કરે છે અને જે ગુરુનો આદર કરે છે, તે મારો આદર કરે છે."**

આમ, ગુરુ બહુમાન કરવું એ જિનાજ્ઞા છે. આ તત્ત્વને બરોબર સમજી લો. તેમાં કશો જ ફર્ક નથી.

❉ मूलम् ।

**अन्नहा किरिया अकिरिया कुलडानारीकिरि-यासमा, गरहिया तत्तवेईणं अफलजोगओ । वि-सन्नतत्तीफलमेत्थ नायं । आवट्टे खु तप्फलं असुहाणुबंधे ।**

**आयओ गुरुबहुमाणो अवंझकारणत्तेण । अओ परमगुरूसंजोगो । तओ सिध्धी असंसयं । एसेह**

सुहोदए, पगिट्ठतयणुबंधे, भवरोगहितेगिच्छी । न इओ सुंदरं परं । उवमा एत्थ न विज्जई ।

से एवंपण्णे एवंभावे एवंपरिणामे अप्पडिवडिए वड्ढमाणे तेउलेसाए दुवालसमासिएणं परियाएणं अइक्कमइ सव्वदेवतेउलेसं, एवमाह महामुणी ।

तओ सुक्के सुक्काभिजाई भवइ । पायं छिण्णकम्माणुबंधे खवइ लोगसण्णं । पडिसोयगामी, अणुसोयनियत्ते, सया सुहजोगे, एस जोगी वियाहिए । एस आराहगे सामण्णस्स । जहागहियपइण्णे सव्वोवहासुध्धे संधइ सुध्धगं भवं सम्मं अभवसाहगं भोगकिरिया सुरूवाइकप्पं । तओ ता संपुण्णा पाउणइ अविगलहेउभावओ असंकिलिट्ठ सुहरुवाओ अपरोवताविणीओ सुंदराओ अणुबंधेणं । न य अण्णा संपुण्णा, तत्तत्तखंडणेणं ।

❈ अवचूरिः ।

अन्यथा गुरूबहुमानव्यतिरेकेण क्रिया उपधिप्रत्युपेक्षणा-दिरूपाऽक्रिया । कुटिलानारीक्रियासमा दुःशीलवनितोपवास-क्रियातुल्या । ततोगर्हिता तत्त्ववेदिनाम् । कस्मादित्याह -

अफलयोगतः, इष्टफलादन्यदफलं मोक्षात् सांसारिकमित्यर्थः, तद्योगात् । एतदेवाह - विषान्नतृप्तिफलमत्र ज्ञातम् । एतदेवाह - आवर्त एव तत्फलं, तत्त्वतस्तत्फलं विराधनाविषजन्यम् । किं विशिष्टमित्याह - अशुभानुबन्धस्तथाविराधनोत्कर्षेण ।

एवं सफलं गुर्वबहुमानमभिधाय तद् बहुमानमाह - आयतो - गुरूबहुमानात् तीर्थङ्करसंयोगस्ततः सिद्धिरसंशयम् । यतश्चैवमत एषोऽत्र शुभोदयो गुरूबहुमानः, अयमेव विशिष्यते, प्रकृष्ट -स्तदनुबन्धः प्रधानशुभोदयानुबन्धस्तथा तथाराधनोत्कर्षेण । तथा भवव्याधिचिकित्सकोगुरूबहुमान एव हेतुफलभावात् ।

न इतः सुन्दरं परं गुरूबहुमानात् । उपमाऽत्र न विद्यते गुरूबहुमाने सुन्दरत्वेन । स तावदधिकृतप्रव्रजित एवं प्रज्ञोविमल-विवेकात् । एवं भावो विवेकाभावेऽपि प्रकृत्या । एवं परिणामः सामान्येन गुर्वभावेऽपि क्षयोपशमात् माषतुषवत् । एवमप्रतिपतितः सन् वर्धमानः तेजोलेश्यया शुभभावरूपया । किमित्याह - द्वादश-मासिकेन पर्याये एतत्कालमानया प्रव्रज्ययेत्यर्थः । अतिक्रामति सर्वदेवतेजोलेश्यां सामान्येन शुभभावरूपां, एवमाह मुनिर्भगवान् महावीरः । तथा चागमः-

जेमे अज्जत्ताए समणा णिग्गंथा एते णं कस्स तेउलेसं वीति-वयंति ? गोयमा ! मासपरियाए समणे णिग्गंथे वाणमंतराणं देवाणं तेउलेसं वीइवयइ । एवं दुमासपरियाए समणे णिग्गंथे

असुरिंदवज्जिआणं भवणवासीणं देवाणं तेउलेसं वीतीवयति । तिमासपरियाए समणे णिग्गंथे असुरकुमारिंदाणं देवाणं तेउलेसं वीतीवयति । चउमासपरियाए समणे णिग्गंथे गहगणणक्खत्त-तारारूवाणं जोतिसियाणं तेउलेसं वीतीवयति । पंचमासपरियाए समणे णिग्गंथे चंदिमसूरियाणं जोतिसिंदाणं तेउलेसं वीतीवयति। छम्मासपरियाए समणे णिग्गंथे सोहम्मीसाणाणं देवाणं तेउलेसं वीतीवयति । सत्तमासपरियाए समणे णिग्गंथे सणंकुमारमाहिंदाणं देवाणं तेउलेसं वीतीवयति । अट्ठमासपरियाए समणे णिग्गंथे बंभलोगलंतगाणं देवाणं तेउलेसं वीतीवयति । णवमासपरियाए समणे णिग्गंथे महासुक्कसहस्साराणं देवाणं तेउलेसं वीतीवयति। दसमास-परियाए समणे णिग्गंथे आणयपाणयआरणऽच्चुयाणं देवाणं तेउलेसं वीतीवयति । एक्कारसमासपरियाए समणे णिग्गंथे गेविज्जाणं देवाणं तेउलेसं वीतीवयति । बारसमासपरियाए अणुत्तरोववातियाणं देवाणं तेउलेसं वीतीवयति । तेण परं सुक्के सुक्काभिजाती भवित्ता सिज्झति, जाव अंतं करेति । [भगवती. १४/१]

अत्र तेजोलेश्या चित्तसुखलाभलक्षणा । अत एवाह - शुक्लः शुक्लाभिजात्यो भवति । तत्र शुक्लोनाम अभिन्नवृत्तोऽमत्सरी, कृतज्ञः, सदारम्भी हितानुबन्धी । शुक्लाभिजात्यश्चैतत्प्रधानः । प्रायश्छिन्नकर्मानुबन्धो न तद् वेदयँस्तथाविधमन्यच्च बध्नाति। प्रायोग्रहणम् अचिन्त्यत्वात् कर्मशक्तेः । कदाचिद् बध्नात्यपि ।

एवंभूतः क्षपयति लोकसंज्ञां भगवद्वचनप्रतिकूलां प्रभूत-संसाराभिनन्दिसत्त्वक्रियाप्रीतिरूपाम् । अत एवाह - प्रतिश्रोतोगामी लोकाचारप्रवाहनदीं प्रति । अनुश्रोतोनिवृत्तः ।

एवं सदा शुभयोगः श्रामण्यव्यापारसङ्गत एष योगी व्याख्यातो भगवद्भिः । एष आराधकः श्रामण्यस्य, यथागृहीत-प्रतिज्ञः आदित आरभ्य सम्यक् प्रवृत्तेः । एवं सर्वोपधा-*शुद्धोनिरतिचारत्वेन ।*

किमित्याह - संधत्ते शुद्धं भवं जन्मविशेषलक्षणं भवैरेव । सम्यगभवसाधकं सत्क्रियाकरणेन मोक्षसाधकमित्यर्थः । निदर्शन-माह- भोगक्रिया सरूपादिकल्पं, न रूपादिविकलस्यैताः सम्यग् भवन्ति । यथोक्तं -

'रूप-वयो-वैचक्षण्य-सौभाग्य-माधुर्यैश्वर्यादीनि भोगसाधनम् [ ]'

ततस्ताः सम्पूर्णाः प्राप्नोति सुरूपादिकल्पाद् भवाद् भोगक्रिया इत्यर्थः । अविकलहेतुभावतः कारणात् । असंक्लिष्टसुखरूपा । अपरोपतापिन्यस्तथा सुन्दरा अनुबन्धेन अत एव हेतोः । न चान्याः सम्पूर्णा उक्तलक्षणेभ्यो भोगक्रियाभ्यः । कुत इत्याह तत्तत्त्व-खण्डनेन, सङ्क्लेशादिभ्य उभयलोकापेक्षया भोगक्रियास्वरूप-खण्डनेनेति भावः ।

❇ 'પંચસૂત્ર પ્રકાશ' :

- **ગુરુ બહુમાન વિનાનું સંયમ પાલન કેવું ?**

જે ગુરુ પ્રત્યે બહુમાન ધારણ કરે છે તે જ મને પણ માને છે તેવું તીર્થંકરે કહ્યું છે. હવે ગુરુ બહુમાનથી રહિત સાધુ, સંયમજીવનની પડિલેહણ, પ્રમાર્જના વિગેરે જે પણ ક્રિયાઓ કરે તે બધી જ અસાર છે. કેવી અસાર છે તે અહીં દષ્ટાંતો વડે સમજાવે છે.

(૧) કોઈ કુલટા નારી પતિનું સન્માન કરે કે પછી ઉપવાસ વિગેરે ધર્મક્રિયા કરે તેની કેટલી કિંમત ? કોઈ નહીં. બસ, **ગુર્વાજ્ઞાપ્રેમ વિનાના સંયમીનું ઉગ્ર સંયમ પાલન કુલટા નારીના દાંભિક કુળાચાર જેવું છે.**

(૨) ભોજન ઘણું મધુર અને સ્વાદિષ્ટ છે પરંતુ તેમાં વિષ ભેળવી દેવામાં આવ્યું છે. આવા ભોજનના સ્વાદની અને તેથી થતી તૃપ્તિની કિંમત કેટલી ? જરીક પણ નહીં.

બસ, તે જ રીતે ગુર્વાજ્ઞાપ્રેમ વિનાનું ઉગ્ર સંયમપાલન પણ વિરાધનાના ઝેરથી દૂષિત બની ગયેલું છે. તેવા ઉગ્ર સંયમ પાલનનું ફળ કદી મોક્ષરૂપે પરિણમનાર નથી, આવા ઉગ્રસંયમ પાલનનું ફળ તો સંસાર સાગરની રઝળપાટ જ છે.

(૩) તાત્ત્વિક રીતે ગુરુ બહુમાન વિનાનું ઉગ્ર સંયમપાલન નિષ્ફળ જ છે કેમકે સંયમનું ફળ જે મોક્ષરૂપે હતું તેથી તદ્દન વિપરીત એવી સંસાર ભ્રમણાને વધારનારું તે બને છે અને એથી જ **ગુરુ બહુમાન વિનાનું ઉગ્ર સંયમ પાલન માત્ર નિષ્ફળ ન રહેતાં તત્ત્વવેદી પુરુષોની નજરમાં ગર્હિત પણ છે.**

- **ગુરુ પ્રત્યેનો બહુમાનભાવ જ મોક્ષ છે :**

સુગુરુ પ્રત્યેનો બહુમાન ભાવ જ ઊંડાણથી નિહાળતાં સમગ્ર

મોક્ષ સાધના છે કેમકે મોક્ષસાધનાના તમામ સોપાન આ ગુરુ બહુમાન નામનો ગુણ જ ચડાવે છે.

મોક્ષસાધના પમાડે છે પણ ગુરુ તરફનો બહુમાન ભાવ, મોક્ષ સાધના ટકાવે છે પણ ગુરુ તરફનો બહુમાન ભાવ. અરે ! એટલું જ નહીં, જેને ગુરુ પ્રત્યે બહુમાન છે તેને તીર્થંકરનો સંયોગ પણ નિઃશંક પણે થશે અને તેનો મોક્ષ પણ નિરપવાદ પરિણામ છે.

**આમ, ગુરુ બહુમાન, મોક્ષસાધના છે, તીર્થંકરનો પ્રત્યક્ષ સંયોગ છે અને સાક્ષાત્ મોક્ષ છે.** ગુરુ બહુમાન ધારણ કરે છે તેને વર્તમાન ક્ષણે પણ શુભ કર્મનો ઉદય છે, શુભકર્મના અનુબંધની રચના પણ થઈ રહી છે અને એથી ભાવિકાળમાં પણ ગુરુ બહુમાનનો યોગ, શુભ કર્મોનો જ ઉદય અને અનુબંધ તેને પ્રાપ્ત થશે. તેના પરિણામે તેવા ગુરુ ભક્તની આરાધના સતત ઉત્કર્ષશીલ જ બની રહેશે. આમ, સમગ્રતયા સંસારરૂપ મહાવ્યાધિને મટાડનાર ધન્વંતરી તુલ્ય કોઈ હોય તો તે ગુરુ તરફનો બહુમાન ભાવ છે.

**ખરેખર ગુરુ બહુમાનથી વધુ સુંદર ચીજ બીજી કોઈ નથી.** ગુરુ બહુમાન એટલી સુંદર ચીજ છે, જેને વર્ણવવા માટે કોઈ ઉપમા મળી શકે તેમ નથી. ઉત્તમ, લઘુકર્મી સંયમી ગુરુબહુમાનની મહાનતા અને અનિવાર્યતાને બૌદ્ધિક વિવેક વડે પણ સ્વીકારે છે, સ્વાભાવિક પ્રકૃતિ વડે પણ સ્વીકારે છે અને કર્મક્ષયોપશમના યોગે માષતુષ મુનિની જેમ સહજ પરિણામ વડે પણ સ્વીકારે છે...

આ રીતે ગુરુ બહુમાન વડે **एवंप्रज्ञ, एवंभाव** અને **एवं बहुमान** બનેલો સંયમી શુભપરિણામો રૂપી તેજોલેશ્યાથી કદી પણ પતન પામતો નથી, તેની શુભપરિણામ રૂપ તેજોલેશ્યા સતત વધતી રહે છે. એવી વૃદ્ધિ પામે છે કે ૧૨ મહિનાના પ્રવ્રજ્યા પાલનના

અંતે તો તે સકળ દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય છે એટલે કે અનુત્તર વિમાનવાસી દેવોથી પણ શ્રેષ્ઠ શુભપરિણામોનો તે ધારક બને છે.

- **તેજોલેશ્યાની વૃદ્ધિનો ક્રમ :**

ભગવતી સૂત્રમાં કહ્યું છે કે -

હે ભગવંત ! આજે જે નિર્ગ્રંથ શ્રમણો વર્તે છે તેમને કોના જેવી તેજોલેશ્યા અનુભવાય છે ?

ગૌતમ ! ૧ મહિનાનો સંયમ પર્યાય ધરાવનારો સાધુ વાણવ્યંતર દેવો જેવી તેજોલેશ્યા અનુભવે. ૨ માસનો સંયમ પર્યાય ધરાવનાર સાધુ અસુરકુમાર દેવો જેવી તેજોલેશ્યા અનુભવે. ત્રણ માસનો સંયમ પર્યાય પૂરો થતાં સાધુ અસુરકુમાર દેવોના ઇન્દ્રો જેવી તેજોલેશ્યા અનુભવે. ચાર માસનો સંયમ પર્યાય થતાં સાધુ ગ્રહ-નક્ષત્ર-તારા જેવી તેજોલેશ્યા અનુભવે. પાંચ માસના પર્યાયે સૂર્ય અને ચન્દ્ર જેવી તેજોલેશ્યા અનુભવે. છ માસનો સંયમ પર્યાય થતાં તે સૌધર્મ અને ઈશાન દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય.

સાત મહિનાનો પર્યાય થતાં સાધુ સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય. આઠ મહિનાનો પર્યાય થતાં બ્રહ્મલોક અને લાન્તક દેવલોકના દેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય.

નવ મહિનાનો પર્યાય થતાં સાધુ મહાશુક્ર અને સહસ્રાર દેવલોકના દેવોની તેજોલેશ્યાને અતિક્રમી જાય. દશ મહિનાના સંયમપર્યાયના અંતે તે ૯, ૧૦, ૧૧ અને ૧૨માં દેવલોકના દેવોની તેજોલેશ્યાને પણ અતિક્રમી જાય અને અગ્યાર તેમજ બાર માસનો દીક્ષાપર્યાય પૂરો થતાં સંયમી અનુક્રમે ગ્રૈવેયકદેવો તથા અનુત્તર વિમાનવાસી દેવોની તેજોલેશ્યાને પણ અતિક્રમી જાય છે.

- **તેજોલેશ્યાનો અર્થ :**

તેજોલેશ્યા શબ્દનો અહીં પ્રાકરણિક અર્થ માનસિક સુખનો અનુભવ થવો તે છે. આમ, ૧ વર્ષના સંયમ પર્યાયમાં તો ગુરુ બહુમાન ધરાવનારો સાધુ સર્વદેવોને જેટલું માનસિક સુખ છે તેથી પણ અધિક માનસિક સુખની સ્પર્શના કરી લે છે અને એ પછી ઉત્તરોત્તર શુક્લ શુક્લાભિજાત બનતો જાય છે.

- **શુક્લ અને શુક્લાભિજાત્યનો અર્થ :**

૧૨ = બાર માસથી વધુ દીક્ષા પર્યાયવાળા સાધુને ચિત્તનું સુખ એટલું વિપુલ પ્રમાણમાં છે કે તે તેના કારણે સતત શુક્લ અને શુક્લાભિજાત્ય બનતો જાય છે એવું આગમમાં કહ્યું છે.

(૧) અહીં, **'શુક્લ'**નો અર્થ છે કે એવો મનનો પરિણામ, જેમાં ઈર્ષ્યા નથી, કૃતજ્ઞતા તો ભરપૂર છે, આરંભરહિત વૃત્તિ છે અને હિતનો જ અનુબંધ છે. **શુક્લ એટલે ઈર્ષ્યારહિત, નિરારંભી, કૃતજ્ઞ અને સાનુબંધ હિતબુદ્ધિ પામેલો સાધુ.**

(૨) **શુક્લાભિજાત એટલે કૃતજ્ઞતા, હિતનો અનુબંધ, અનિર્ષ્યા અને નિરારંભભાવ... એવા જે ચાર ગુણો ઉપર કહ્યાં તે જ ગુણોની વિશિષ્ટ પ્રકૃષ્ટતાને પામેલો સંયમી...**

આવા શુક્લ - શુક્લાભિજાત સંયમીને અશુભ કર્મના અનુબંધો પ્રાયઃ એવા તો છેદાઈ ગયેલાં હોય છે કે તે ઈર્ષ્યા - કૃતઘ્નતા જેવા દોષોને સ્પર્શતો સુદ્ધાં નથી અને તેથી તેવા દોષોના નિષ્પાદક અશુભ કર્મનો બંધ પણ પ્રાયઃ કરતો નથી.

'પ્રાયઃ' અહીં કહ્યું એનો સૂચિતાર્થ એ છે કે ક્વચિત્ આવા દોષોનો અનુભવ આવા શુક્લ-શુક્લાભિજાત સંયમીને પણ સંભવી શકે છે. કર્મની તાકાત વિચારી ન શકાય એટલી લાંબી છે.

## • લોકસંજ્ઞાનું સ્વરૂપ અને તેનો ત્યાગ...

આવો સંયમી, અરિહંતના વચનને જે હંમેશાં પ્રતિકૂળ છે તેવી લોકસંજ્ઞાને જીતી લે છે. લોકસંજ્ઞા એટલે બહુલ સંસારી જીવોની જે ભવાભિનંદી ક્રિયાઓ હોય તેના પ્રત્યેની આંતરિક પ્રીતિ...

બહુમતી જીવો ભવાભિનંદી છે, તેમની ધર્મક્રિયાઓ પણ તેમના બહુલસંસારી પણાના કારણે સ્વચ્છંદાચાર જેવા દોષોથી વાસિત બનેલી હોય છે, એવા જીવોની એવી ક્રિયાઓ પ્રત્યે આકર્ષણ થવું તે લોકસંજ્ઞા છે. **મૈથુનસંજ્ઞાના કારણે જેમ મૈથુન પ્રત્યે આકર્ષણ થાય તેમ લોકસંજ્ઞાના કારણે બહુમતીવાદનું આકર્ષણ થાય. આ આકર્ષણ જિનવચનને અત્યંત અમાન્ય છે.**

આવો સાધુ લોકસંજ્ઞાને ત્યજી દે છે, લોકોના પ્રવાહના સામે પૂરે તરે છે, પ્રતિશ્રોત ગમન કરે છે. લોકોના અભિપ્રાયને અનુસરીને રહેવું તે અનુશ્રોત ગમન અને લોકોના અભિપ્રાયથી વિપરીત ગમન કરવું તે પ્રતિશ્રોત ગમન. આવો સાધુ સદા શુભયોગોમાં પ્રવર્તે છે અને શ્રમણધર્મના ક્રિયા-કલાપને શુભ રીતે ધારણ કરે છે તેથી તે યોગી છે એવું અરિહંતે કહ્યું છે. અરિહંતો ઉમેરે છે કે લોકસંજ્ઞા રૂપ નદીમાં સામે પૂરે તરનારો આવો સાધુ સંયમનો આરાધક છે, મહાવ્રતોને જેવા સ્વીકાર્યા છે તેવા યથાગૃહીત પાળનારો છે, અતિચારરહિતપણે સર્વ ઉપધિઓથી વિશુદ્ધ બનતો રહે છે.

હવે, આ સાધુ એવા જ ભવોને ધારણ કરશે કે જે જન્મરહિત અવસ્થા એટલે કે મોક્ષના સંસાધક બનનાર હશે.

જેમ અંધ વ્યક્તિની ભોગક્રિયા નિરસ-નિરર્થક બને છે અને દેખતી વ્યક્તિની ભોગક્રિયા સરસ - સાર્થક ઠરે છે તેમ હવે આવા

સાધુને જેટલાં પણ ભવ કરવા પડશે તે દેખતી વ્યક્તિની ભોગક્રિયા જેવા બની જશે.

તેને મોક્ષ સુધીના તમામ ભવોમાં ભોગ સામગ્રી પણ પરિપૂર્ણ મળશે, તેની ભોગક્રિયા અંધ જેવી એટલા માટે નહીં રહે કે તેને આ ભોગક્રિયા દરમિયાન પણ ચિત્તમાં વિષયજનિત ક્લેશ નહીં રહે.

અંધને ભોગસુખો ભોગવતા મનનો ત્રાસ ઘણો રહે છે કેમકે તે ભોગસાધનને દેખી શકતો નથી, જ્યારે દેખતી વ્યક્તિને તેવો મનનો ત્રાસ હોતો નથી કારણ કે તે ભોગસાધનને જુએ છે.

બસ, તે જ રીતે અશુભ કર્મોના અનુબંધથી પીડાનારને ભોગ સામગ્રીઓથી વિષયજનિત ક્લેશ થાય છે તેથી તે અંધવત્ છે જ્યારે આવા ઉત્તમ સંયમીને ભવાંતરમાં જે ભોગો મળે તેથી પણ લઘુકર્મીપણાના કારણે વિષયજન્ય ક્લેશ થતો નથી તેથી તે દેખતો છે. એટલું જ નહીં, આવા ઉત્તમ યોગીની ભોગક્રિયા હવે અન્યને પીડન કરનારી બનતી નથી કારણ કે તેને પ્રાપ્ત થયેલ વિષય ભોગો પણ શુભ અનુબંધથી યુક્ત છે તેથી વિષય લંપટતા વિગેરે પેદા કરાવી પુષ્કળ હિંસા કરાવનાર તે બનતાં નથી.

ખરેખર, આવા જીવોની ભોગક્રિયા જ સંપૂર્ણ છે અને તેથી અન્ય એટલે કે ભારેકર્મી જીવોની ભોગક્રિયા અપરિપૂર્ણ છે કેમકે ભારેકર્મી જીવોની ભોગક્રિયામાં સંક્લેશ રૂપ તત્ત્વ રહેલું હોય છે. જે આ લોક અને પરલોક, બંનેમાં ભોગક્રિયાના પૂર્ણ સ્વરૂપનું જ ખંડન કરી દે છે, જ્યારે ઉત્તમ યોગી જીવોએ સંક્લેશ રૂપ તત્ત્વનું જ ખંડન કરી દીધું હોવાથી તેમને આલોક-પરલોકમાં પરિપૂર્ણ ભોગની સંપ્રાપ્તિ થાય છે.

❋ मूलम् ।

एयं नाणं ति वुच्चइ । एयम्मि सुहजोगसिध्धी उचियपडिवत्तीपहाणा । एत्थ भावे पवत्तगे । पायं विग्घो न विज्जइ निरणुबंधासुहकम्मभावेण । अक्खित्ता उ इमे जोगा भावाराहणाओ तहा, तओ सम्मं पवत्तइ, निप्फाएइ अणाउले ।

एवं किरिया सुकिरिया एगंतनिक्कलंका नि-क्कलंकत्थ साहिया, तहा सुहाणुबंधा उत्तरूत्तर-जोगसिध्धीए । तओ से साहइ परं परत्थं सम्मं तक्कुसले सया तेहिं तेहिं पगारेहिं साणुबंधं, महोदए बीजबीजादिट्ठावणेणं, कत्तिविरिआइजुत्ते, अवंझ सुहचेट्ठे, समंतभद्दे, सुप्पणिहाणाइहेऊ, मोहतिमिर-दीवे, रागामयवेज्जे, दोसाणलजलनिही, संवेग-सिध्धिकरे हवइ अचिंतचिंतामणिकप्पे ।

से एवं परपरत्थसाहए तहा करूणाइभावओ अणेगेहिं भवेहिं विमुच्चमाणे पावकम्मुणा, पवड्ढमाणे अ सुहभावेहिं अणेगभवियाए आराहणाए पाउणइ सव्वुत्तमं भवं चरमं अचरमभवहेउं अविगलपर-

परत्थनिमित्तं । तत्थ काउण निरवसेसं किच्चं विहूयरयमले सिज्झइ, बुज्झइ, मुच्चइ, परिनिव्वाइ, सव्वदुक्खा-णमंतं करेइत्ति ।

॥ इइ पव्वज्जा परिपालणा सुत्तं ॥ ४ ॥

❇ अवचूरिः ।

एतज्ज्ञानमित्युच्यते यदेवमिष्टवस्तुतत्त्वनिरूपकम् । एत-स्मिन् ज्ञाने सति शुभयोगसिद्धिः, शुभव्यापारनिष्पत्तिर्लोकद्वये ऽपीष्टप्रवृत्तौ । किं विशिष्टेत्याह- उचितप्रतिपत्तिप्रधाना, सज्ज्ञा-नालोचनेन तत्तदनुबन्धेक्षणात् । अत्र भावः प्रवर्तकः प्रस्तुतवृत्तौ सदन्तःकरणलक्षणो न मोहः ।

अत एवाह - प्रायो विघ्नो न विद्यतेऽधिकृतप्रवृत्तौ सदुपाय-योगादित्यर्थः । एतद्बीजमेवाह - निरनुबन्धाऽशुभकर्मभावेन, सानुबन्धाऽशुभकर्मणः सम्यक् प्रव्रज्याऽयोगात् । अत एवाह - आक्षिप्ताः स्वीकृता एवैते योगाः सुप्रव्रज्याव्यापाराः । कुत इत्याह - भावाराधनातस्तथा जन्मान्तरे तद्बहुमानादिप्रकारेण । तत आक्षेपात् सम्यक् प्रवर्तते नियमनिष्पादकत्वेन ।

ततः किमित्याह - निष्पादयत्यनाकुलः सन्निष्ट । एव-मुक्तप्रकारेण क्रिया सुक्रिया स्यात् एकान्तनिष्कलङ्का निरति-चारतया । निष्कलङ्कार्थसाधिका मोक्षसाधिकेत्यर्थः यतस्तथा

शुभानुबन्धाऽव्यवच्छेदेनोत्तरोत्तरयोगसिद्ध्या । ततः शुभानुबन्धायाः सुक्रियायाः सकाशात् । स प्रव्रजितः साधयति परं प्रधानं परार्थं सत्यार्थं सम्यगविपरीतम् ।

तत्कुशलः परार्थसाधनं कुशलः सदा तैस्तैः प्रकारैर्बीज-बीजन्यासादिभिः सानुबन्धं परार्थं । महोदयोऽसौ परपरार्थसाधनात् । एतदेवाह - बीजबीजादिस्थापनेन, बीजं सम्यक्त्वं, बीजबीजं तदाक्षेपकं शासनप्रशंसादि, एतन्न्यासेन । किं विशिष्टोऽयमित्याह- कर्तृवीर्यादियुक्तः परपरार्थं प्रत्यवन्ध्यशुभचेष्ट एनमेवप्रति ।

समन्तभद्रः सर्वाकारसम्पन्नतया । सुप्रणिधानादिहेतुः क्व -चिदप्यन्यूनतया । मोहतिमिरदीपस्तदपनयनस्वभावतया । रागा -मयवैद्यस्तत् चिकित्सासमर्थयोगेन । द्वेषानलजलनिधिस्तद्विध्या -पनशक्तिभावेन । संवेगसिद्धिकरो भवति तद् हेतुयोगेन । अचिन्त्यचिन्तामणिकल्पः सत्त्वसुखहेतुतया । स प्रव्रजित एव -मुक्तनीत्या परपरार्थसाधको धर्मदानेन । कुतो हेतो रित्याह - तथा करुणादि-भावतः प्रधानभव्यतया ।

किमित्याह - अनेकै र्भवै र्विमुच्यमानः पापकर्मणा प्रवर्धमानश्च शुभभावैः संवेगादिभिरनेकभविकयाराधनया पारमार्थिकया प्राप्नोति सर्वोत्तमं भवं तीर्थङ्करादिजन्म । किं विशिष्टमित्याह- चरमं पश्चिममचरमभवहेतुं मोक्षहेतुमित्यर्थः । अविकलपरमार्थनिमित्त -मनुत्तरपुण्यसंभारभावेन । तत्र कृत्वा निरवशेषं कृत्यं यदुचितं महासत्त्वानां विधूतरजोमलः सिध्यति सामान्येनाऽणिमादि ऐश्वर्यं

प्राप्नोति । बुध्यते केवली भवति । मुच्यते भवोपग्राहिकर्मणा । परिनिर्वाति सर्वतः कर्मविगमेन । विमुक्तं भवति, सर्वदुःखानामन्तं करोति ।

॥ इति प्रव्रज्यापरिपालनासूत्रम् ॥

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

- **ગુરુ બહુમાનનો મહિમા :**

ગુરુ બહુમાન એ જ મોક્ષ છે. આવી માન્યતા પણ સમ્યગ્જ્ઞાન છે કેમકે આત્માર્થી મુમુક્ષુને જે ઈષ્ટ છે તેવી વસ્તુતત્ત્વની યથાર્થ જાણકારી ગુરુ બહુમાન વડે જ મળે છે, તેથી **ગુરુ બહુમાન એ જ મોક્ષ છે તેવું કથન પણ સમ્યગ્જ્ઞાન છે.** આવું જ્ઞાન જેમની પાસે છે તેવા જ સંયમીને મોક્ષસાધક શુભયોગોની સિદ્ધિ થાય છે. એટલું જ નહીં, આલોક અને પરલોકની ઈષ્ટ પ્રવૃત્તિમાં પણ શુભ વ્યાપારની નિષ્પત્તિ ગુરુ બહુમાન વડે જ સાંપડે છે.

ગુરુ બહુમાન વડે સિદ્ધ થનારી મોક્ષ સાધક શુભ યોગોની સિદ્ધિ કેવી છે ? આ સિદ્ધિ ઉચિત્ત પ્રતિપત્તિ પ્રધાન છે એટલે સમ્યગ્જ્ઞાનપૂર્વક દરેક પ્રવૃત્તિનું પર્યાલોચન કરનારી છે, હેય-ઉપાદેયના વિવેકરૂપ પ્રતિપત્તિ પૂર્વકની આ યોગસિદ્ધિ છે. તે ત્યાં સુધી કે હું જે ગુરુસેવા વિગેરે મોક્ષ સાધક યોગોને સાધું છું તે કુશળ અનુબંધ કરનાર છે કે અકુશળ અનુબંધ કરનાર છે. તેનું પણ પર્યાલોચન ઉપરોક્ત જ્ઞાન પામેલા આત્માની પ્રવૃત્તિમાં સમાવિષ્ટ હોય છે.

ગુરુ બહુમાનપૂર્વકની આરાધનામાં શુભ અધ્યવસાય જ આરાધનાનો પ્રવર્તક-નિર્યામિક બન્યો રહે છે, મોહ નહીં. આ વિધાનનું તાત્પર્ય એ થયું કે **ગુરુ બહુમાન વિનાની આરાધનામાં આરાધનાનો**

**પ્રવર્તક મોહપરિણામ બની જાય છે, શુભ પરિણામ નહીં. જ્યારે ગુરુ બહુમાનપૂર્વકની આરાધના ચિત્તના નિયામક તરીકે મોહને રહેવા દેતી નથી,** તેના સ્થાને કુશળ અધ્યવસાયને સ્થાપન કરે છે.

ગુરુ બહુમાનપૂર્વકના ધર્મ વ્યાપારમાં પ્રાયઃ વિઘ્નોની સંભાવના પણ રહેતી નથી કેમ કે ગુરુ બહુમાન ધરાવનારો આત્મા ધર્મની અધિકૃત પ્રવૃત્તિઓમાં જ પ્રવેશ કરે છે અને ત્યાં પણ સમ્યગ્ ઉપાયો તેને હાથવગા બનેલાં હોય છે.

- **ગુરુ બહુમાન નથી તેઓ અનધિકારી છે ! :**

આ વિધાનનો સૂચિતાર્થ તે થયો કે ગુરુ બહુમાન વિનાનો આત્મા ધર્મક્ષેત્રમાં અનધિકારી છે અને જે પણ ધર્મ કરે છે તે તેની અનધિકૃત પ્રવૃત્તિ બની જાય છે, વળી તેમાં પણ ઉત્તમ ઉપાયોની યોજના તે કરી જાણતો નથી.

અહીં એક પ્રશ્ન થાય કે ગુરુ બહુમાન ધરાવનાર આત્માને ધર્મક્ષેત્રમાં વિઘ્નો કેમ લગભગ નથી આવતાં ? તેનો જવાબ તે છે કે આવા આત્માઓના અશુભ કર્મો ગુરુબહુમાનની નિરન્તરતાના યોગે અનુબંધ વિનાના બનેલાં હોય છે, હવે તેમને વિઘ્નોની સંભાવના નહિવત્ બને તેમાં આશ્ચર્ય ક્યાં છે ? જો તેમના અશુભ કર્મો અનુબંધયુક્ત હોય તો તો તેમને સફળ પ્રવ્રજ્યાનો જ સંભવ ન રહે. વળી, ધર્મવ્યાપાર તરીકે સ્વીકારાયેલાં સકળ યોગો સમ્યગ્ દીક્ષાના જ અભિન્ન અંગ છે એટલે સમ્યગ્દીક્ષા પામેલા આત્માને અશુભકર્મના અનુબંધની જ સંભાવના ન હોવાથી તેને ધર્મકાર્યમાં વિઘ્નની પણ શક્યતા ન રહી.

આવા આત્માએ પૂર્વકાલીન જન્માંતરોમાં પણ ગુરુ બહુમાન પૂર્વકની આરાધના કરી હોય છે તેથી તેને વર્તમાનમાં પણ ગુરુ બહુમાન પૂર્વકનો ધર્મ નિર્વિઘ્ન પણે પ્રવર્તે છે તેમજ શુભફળની

નિષ્પત્તિ પણ નિયમા કરાવે છે.

આવો આત્મા આકુળ-વ્યાકુળ થતો નથી, ઈષ્ટ આરાધનાને અવશ્ય સિદ્ધ કરે છે, આવા ગુરુબહુમાન યુક્ત આત્માની ક્રિયા અતિચારરહિત અને નિષ્કલંક બને છે, નિષ્કલંક હેતુની સાધક પણ બને છે એટલે મોક્ષસાધક પણ બને છે અને શુભકર્મને ઉત્તરોત્તર સાનુબંધ બનાવીને યોગની સિદ્ધિ કરાવનાર પણ બને છે તેથી આ ક્રિયા સુક્રિયા છે.

હવે, આવી સુક્રિયાને પામનારો સંયમી શાસ્ત્ર અવિપરીત એવો પ્રધાન કક્ષાનો પરોપકાર પણ કરી શકે છે. પ્રધાન કક્ષાનો પરોપકાર એટલે બીજસ્થાપન કરનારો, કમસેકમ બીજનું બીજ સ્થાપન કરનારો ઉપકાર.

- **બીજ એટલે સમ્યક્ત્વ અને બીજનું બીજ એટલે સમ્યક્ત્વને લાવનાર જિનશાસન પ્રશંસા વિગેરે લક્ષણો :**

આમ, આવો પ્રધાન ઉપકાર કરનારો સંયમી ખરેખર મહોદય બને છે, શુભકાર્યના પ્રવર્તક તરીકેના કર્તૃવીર્યથી યુક્ત છે, શ્રેષ્ઠ કોટીના ધ્યેય અને પરોપકાર માટે અમોઘ પુરુષાર્થ કરનારો છે, સમન્તભદ્ર છે કેમકે સકળ શુભ આકારો તેને સંપન્ન થયેલાં છે, સદા સમ્યગ્ પ્રણિધાનવાળો છે કેમકે નીચતા કે લઘુતા કદાપિ તેને સ્પર્શતા નથી...

આવો ગુરુ બહુમાનયુક્ત સંયમી ધર્મવ્યાપારોની ઉત્તરોત્તર સિદ્ધિને પામતો જાય છે ત્યારે જાણે મોહના અંધકારને દૂર કરનારાં દીપક જેવો બને છે, રાગરૂપી રોગની મૂળગામી ચિકિત્સા કરી તેને દૂર કરનારો વૈદ્ય બને છે, દ્વેષ રૂપ દાવાનળને ઠારનાર સમુદ્ર જેવો છે, આશ્રિતમાં પણ સંવેગને ઉતારી દેનારો યોગી છે, જીવમાત્રને શાતાનું

કારણ બનનારો હોવાથી ચિન્તામણી રત્ન સમાન છે અને નિર્બંધ કરુણાભાવનાથી પ્રેરાઈને હવે તે ધર્મના દાન રૂપ પ્રધાનકોટીનો પરોપકાર કરે છે. આવો પરોપકાર તે કેમ કરી શક્યો તેવો જો પ્રશ્ન થાય છે તો તેનો જવાબ તે છે કે તેનું તથાભવ્યત્વ પ્રધાનકોટીનું બનેલું છે માટે.

અનેકાનેક ભવોથી આરાધેલી પારમાર્થિક આરાધના વડે હવે તે અનેક ભવોના પાપોનો ક્ષય કરવા સક્ષમ બન્યો છે અને તેના શુભભાવો નિરંતર પ્રવર્ધમાન બની રહ્યાં છે. અહીં, આવી પારમાર્થિક આરાધના કરીને તે આગળ પણ અનેક ભવો સુધી પારમાર્થિક આરાધનાને પામશે, યાવત્ તીર્થંકર તરીકેના જન્મને પણ પામી શકે. તેવું ન બને તો પણ મોક્ષ આપનારા ચરમ જન્મને તો તે જરૂર પામશે.

ચરમ જન્મમાં પૂર્ણ પરમાર્થને મહાપુણ્યના યોગે આરાધી અણિમા આદિ લબ્ધિઓના ઐશ્વર્યને પ્રથમ સિદ્ધ કરશે, તે પછી કેવળજ્ઞાનને વરશે, બુદ્ધ બનશે, ત્યારબાદ ભવોપગ્રહી કર્મોને પણ ખપાવી દઈ મુક્ત થશે, સકળકર્મનો ક્ષય થવાથી અંતિમ નિર્વાણને પામશે અને એથી સકળ દુઃખોનો શાશ્વતકાલીન અંત કરશે...

❋ ❋ ❋

# 5

# अथ पञ्चमं प्रव्रज्याफलसूत्रम् ॥

❈ मूलम् ।

स एवमभिसिद्धे, परमबंभे, मंगलालए, जम्म-जरामरणरहिए, पहीणासुहे, अणुबंधसत्तिवज्जिए, संपत्तनियसरूवे, अकिरिए, सहावसंठिए, अणंतनाणे, अणंतदंसणे ।

से न सद्दे, न रूवे, न गंधे, न रसे, न फासे, अरूविणी सत्ता, अणित्थंत्थसंठाणा, अणंतवीरिया, कयकिच्चा, सव्वाबाहाविवज्जिया, सव्वहा निरवे-क्खा, थिमिया, पसंता । असंजोगिए एसाणंदे, अओ चेव परे मए ।

❈ अवचूरिः ।

अनन्तरसूत्रे प्रव्रजितस्य चर्योक्ता । इह तु परं तत्फलमभि-धातुमाह - स प्रव्रज्याकारी एवमुक्तेन सुखपरम्पराप्रकारेणा-ऽभिसिद्धः सन् । किम्भूत इत्याह - परमब्रह्मसदाशिवत्वेन। मङ्गलालयो गुणोत्कर्षयोगेन । जन्म-जरामरणरहितो निमित्ता-ऽभावेन। प्रक्षीणाऽशुभ एकान्तेन । अनुबन्धशक्तिवर्जितो ऽशुभमङ्गीकृत्य ।

**अत एव सम्प्राप्तनिजस्वरूपः केवलो जीवः, अक्रियो-गमनादिशून्यः, स्वभावसंस्थितः सांसिद्धिकधर्मवान् । अत एवाह - अनन्तज्ञानोऽनन्तदर्शनोज्ञेयाऽनन्तत्वात् स्वभाव-श्चास्याऽयमेव । यथोक्तं -**

स्थितः स्थितांशुवज्जीवः प्रकृत्या भावशुद्धया ।
चन्द्रिकावच्च विज्ञानं तदावरणमभ्रवत् ।। (यो.दृ. १८३)

**अथ कीदृशोऽसौ वर्ण-रूपाभ्यां इत्याशङ्कापोहायाह - स सिद्धो न शब्दो न रूपं न गन्धो न रसो न स्पर्शः पुद्गल-धर्मत्वादमीषां । अभावस्तर्हि ? इत्येतदपि नेत्याह - अरूपिणी सत्ता ज्ञानवत् । अनित्थंस्थसंस्थाना, इदम्प्रकारमापन्नमित्थं, इत्थं स्थितं इत्थं संस्थानं यस्या अरूपिण्याः सत्ताया सा यथोक्ता । अनन्तवीर्या इयं सत्ता प्रकृत्यैव । तथा कृतकृत्या निष्पादनेन निवृत्ततच्छक्तिः । सर्वबाधाविवर्जिता द्रव्यतो भावतश्च । सर्वथा निरपेक्षा तच्छक्त्यपगमेन । अत एव स्तिमिताः प्रशान्ताः सुख-प्रकर्षादनुकूला निस्तरङ्गमहोदधिकल्पा । अस्या एव परमसुख-त्वमाह- असांयोगिक एष आनन्दः सुखविशेष । अत एव निरपेक्षत्वात् परो मतः प्रधान इष्टः ।**

**❋ 'પંચસૂત્ર પ્રકાશ' :**

પંચસૂત્રના ચોથા સૂત્રમાં સાધુધર્મનું પરિપાલન કેવું કરવું જોઈએ તેનું વર્ણન કર્યું અને હવે સાધુધર્મનું શાસ્ત્રોક્ત પરિપાલન કરનારો આત્મા તેના કેવા પ્રકારના ફળને પામે છે તેનું વ્યાખ્યાન કરીશું.

● **પ્રવ્રજ્યાનું ફળ મોક્ષ છે :**

ચોથા 'પ્રવ્રજ્યા પરિપાલનસૂત્ર'માં જે વિધિ અને પરિણામોનો ઉલ્લાસ દર્શાવ્યો છે તેવા ઉલ્લાસ પૂર્વક તેવી વિધિથી સંયુત, ક્રમ સે ક્રમ સાપેક્ષ બનીને જે સંયમનું પાલન કરે છે તેવો સાધુ ચોથા સૂત્રના ઉત્તરાર્ધમાં વર્ણવેલી સદ્ગતિની પરંપરાને, ચિત્તસુખના પ્રકર્ષની પ્રવર્ધમાન સ્થિતિને અને પ્રશમના અનુભવ રૂપ સુખપરંપરાને નિરંતર પ્રાપ્ત કરીને અંતે મોક્ષને પામે છે, સિદ્ધ બને છે.

મોક્ષમાં આત્માનું સિદ્ધસ્વરૂપ કેવું છે તેનો બોધ હવે કંઈક કરાવીશું. મોક્ષમાં સદાકાળ માટે કલ્યાણકારિતા પ્રવર્તમાન છે માટે આત્મા પરબ્રહ્મરૂપ છે. ગુણોનો ઉત્કર્ષ અસ્ખલિતપણે અનુભવે છે માટે તે સિદ્ધ ભગવંતો સકળ મંગલોનું નિવાસસ્થાન બની રહે છે. ઉદ્દીપક અથવા સંક્રામક, એકે પ્રકારના નિમિત્તોનો મોક્ષમાં સદ્ભાવ નથી તેથી આત્માને મોક્ષમાં જન્મ નથી, વૃદ્ધાવસ્થા નથી કે મરણ પણ નથી.

મોક્ષમાં આત્મા એકાકી છે તેથી અશુભનું અસ્તિત્વ સુદ્ધાં નથી. અશુભ અનુબંધોનો પણ ત્યાં સદંતર અભાવ છે, આત્મા ત્યાં એકલો આત્મસ્વરૂપ જ છે, પુદ્ગલના સંગ અને અધિકારથી પૂર્ણપણે રહિત છે તેથી આત્મસ્વભાવમાં સતત રમણ કરે છે, ગમન-આગમન વિગેરે ક્રિયાનો ત્યાં સદ્ભાવ નથી, માત્ર આત્મસ્વભાવ વાળો આત્મા અહીં છે એટલે સાંસિદ્ધિક ધર્મવાળો છે.

વળી, વિશ્વમાં જ્ઞેય પદાર્થ અનંતા છે અને તે સૌને જાણનારો આત્મા ત્યાં હોવાથી અનંતજ્ઞાન અને અનંતદર્શન વાળો છે. આત્માનો સ્વભાવ પણ અનંતજ્ઞાન અને અનંતદર્શનમાં રમણ કરવું તે જ છે ને ?

**योगदृष्टिप्रकरण** માં કહ્યું છે કે -

**વિશુદ્ધ આત્મભાવો વડે આપણો આત્મા ચન્દ્ર જેવો ઉજ્જ્વળ છે, તેનું વિજ્ઞાન ચન્દ્રની ચન્દ્રિકા જેવું છે અને વાદળો વડે જેમ ચન્દ્રની ચન્દ્રિકા ઢંકાય છે તેમ આત્માનું વિજ્ઞાન કર્મરૂપ વાદળાઓ વડે ઢંકાય છે...**

મોક્ષમાં સિદ્ધસ્વરૂપી આત્માને શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી કે સ્પર્શ નથી... શબ્દ-રૂપ વિગેરે તો પુદ્ગલો છે અને તે મોક્ષસ્થિત આત્માને ક્યાંથી સંભવે ?

તો શું મોક્ષમાં આત્મા અભાવ સ્વરૂપ છે ? એવો જો વિતર્ક થતો હોય તો તેનો જવાબ છે કે ના, આત્મા મોક્ષમાં અભાવ રૂપ નથી, સદ્ભાવ રૂપ જ છે અને જ્ઞાનસત્તાક છે એટલે કે જ્ઞાનસંવેદન એ મોક્ષમાં આત્માનું અસ્તિત્વ છે, સત્તા છે. આ જ્ઞાન સત્તા અરૂપી છે માટે શબ્દાદિનો યોગ તેને સંભવે નહીં.

આત્માની આ સત્તા કેવી છે ? **અનિત્થંસ્થ સંસ્થાન** સત્તા સિદ્ધ ભગવંતોને છે. ઈત્થંસ્થ સત્તા એટલે ચોક્કસ આકારવાળી સત્તા અને અનિત્થંસ્થ સત્તા એટલે ચોક્કસ આકાર વિનાની સત્તા.

પ્રકૃતિથી જ મોક્ષમાં રહેલાં સિદ્ધાત્માની આવી સત્તા અનન્ત વીર્યવાળી છે, કૃતકૃત્યતાનું નિષ્પાદન કરીને તેઓની શક્તિ નિવૃત્ત = સ્વભાવરૂપ થયેલી છે.

તેઓની દ્રવ્ય બાધાઓ પણ તમામ વિનષ્ટ થયેલી છે અને ભાવ બાધાઓ પણ તમામ વિનષ્ટ થયેલી છે. તેઓ સર્વથા અપેક્ષારહિત છે. અપેક્ષાનું અસ્તિત્વ જ દૂર કરી દીધું હોવાથી તેઓને અપેક્ષા હવે સંભવે પણ શી રીતે ?

મોક્ષમાં આત્મા તરંગરહિત મહાસાગરની જેમ અત્યંત અગાધ, સ્થિર અને શાંત એવા સુખના પ્રકર્ષવાળો છે. મોક્ષમાં આત્માને જે

આનંદ છે તે અસાંયોગિક આનંદ છે અને એથીસ્તો તે આનંદ શ્રેષ્ઠ, ઇચ્છવા લાયક અને નિરપેક્ષ કોટીનો છે...

❈ मूलम् ।

**अवेक्खा अणाणंदे, संजोगो विओगकारणं, अफलं फलमेयाओ, विणिवायपरं खु तं, बहुमयं मोहाओ अबुहाणं, जमेत्तो विवज्जओ, तओ अणत्था अपज्जवसिया । एस भाववरिपू परे अओ वुत्ते उ भगवया ।**

**नागासेण जोगो एयस्स । से सरूवसंठिए । नागासमण्णत्थ, न सत्ता सदंतरमुवेइ । अचिंतमेयं केवलिगम्मं तत्तं । निच्छयमयमेयं । विजोगवं च जोगो त्ति न एस जोगो, भिण्णं लक्खणमेयस्स न एत्थावेक्खा, सहावो खु एसो अणंतसुहसहावकप्पो । उपमा एत्थ न विज्जइ । तब्भावेडणुभवो परं तस्सेव । आणा एसा जिणाणं सव्वण्णूणं अवितहा एगंतओ । न वितहत्ते निमित्तं न चानिमित्तं कज्जं ति निदंसण-मेत्तं तु नवरं ।**

❈ अवचूरिः ।

इहैव व्यतिरेकमाह - अपेक्षाऽनानन्द औत्सुक्यदुःखत्वात् । अपेक्षमाणाप्त्या तन्निवृत्तौ दोषमाह - संयोगो वियोगकारणं, तदवसानतया स्वभावत्वात् । अफलं फलमेतस्मात् संयोगात् किमित्यत आह - विनिपातपरमेतत् सांयोगिकफलं बहुमतं मोहादबुधानां पृथग्जनानां ।

निबन्धनमाह - यदतो विपर्ययो मोहादत एवाडफले फलबुद्धिः । ततो विपर्ययादनर्थोडपर्यवसितः सानुबन्धतया । एवमेष भावरिपुः परो मोहः, अत एवोक्तो भगवता तीर्थंकरेण । यथोक्तं -

अण्णाणतो रिपू अण्णो पाणिणं णेव विज्जए ।
एत्तो सक्किरिया तीए अणत्था विस्सतो मुहा ॥

यदि संयोगो दुष्टः कथं सिद्धस्याऽऽकाशेन न स दुष्टः इत्याशङ्क्याह- न आकाशेन सह योग एतस्य सिद्धस्य, किमित्यत आह - नाऽऽकाशमन्यत्राऽऽधारे । अत्रैव युक्तिः - न सत्ता सदन्तरमुपैति, न चाऽन्यथाऽन्यदन्यत्र, अचिन्त्यमेतत् प्रस्तुतं । *तथा निश्चयमतमेतत्, व्यवहारमतं त्वन्यथा ।*

*वियोगवाँश्च योग इति कृत्वा नैष योगः सिद्धाऽऽकाशयोरिति* भिन्नं लक्षणमेतस्याऽधिकृतयोगस्य । न चाऽत्राऽपेक्षा सिद्धस्य । कथं लोकान्ताकाशगमनमित्याह - स्वभाव एवैष तस्य अनन्त -

**सुखस्वभावकल्पः कर्मक्षयो व्यङ्ग्यः । कीदृशमस्यानन्तं सुख-मित्याह - उपमाऽत्र न विद्यते सिद्धसुखे । यथोक्तं -**

स्वयं वेद्यं हि तद् ब्रह्म कुमारी स्त्रीसुखं यथा ।
अयोगी न विजानाति, सम्यग् जात्यन्धवद् घटम् ॥

**तद्भावे सिद्धसुखभावेऽनुभवः परं तस्यैव । एतदपि कथं ज्ञायते इत्याह - आज्ञा एषा जिनानां वचनमित्यर्थः । सर्वज्ञानां । अत एवाऽ वितथैकान्ततः सत्येत्यर्थः । कुत इत्याह - न वितथत्वे निमित्तं रागाद्यभावात्, न चाऽनिमित्तं कार्यमित्यपि जिनाज्ञा, एवं स्वसंवेद्यं सिद्धसुखस्येदं वक्ष्यमाणलक्षणं ।**

❉ **'પંચસૂત્ર પ્રકાશ' :**

અસાંયોગિક આનંદ જ પ્રકૃષ્ટ આનંદ છે અને તે મોક્ષમાં સિદ્ધોને રહેલો છે આવું વિધાન જે પૂર્વે કર્યું તે વિધાનની બીજી બાજુ હવે સ્પષ્ટ કરે છે.

● **પદાર્થોને સાપેક્ષ આનંદ સાર્વત્રિક દુઃખવાળો છે !**

પદાર્થોની સાપેક્ષતા પૂર્વક જે આનંદ નિષ્પન્ન થાય છે તે વસ્તુતઃ આનંદ જ નથી કેમકે અપેક્ષા જ આનંદનો વિપક્ષ છે. જ્યાં અપેક્ષા આવી ત્યાં ઉત્સુકતા આવી અને ઉત્સુક્તા એ સ્વયં દુઃખ રૂપ છે.

ઉત્સુક્તા વિનાની અપેક્ષા હોતી નથી તેથી અપેક્ષા સ્વયં દુઃખ રૂપ છે.

હવે, અહીં કોઈ એવી દલીલ કરે કે જે પદાર્થની અપેક્ષા છે તેમાં ઉત્સુકતાનું દુઃખ તો તે પદાર્થ મળે નહીં ત્યાં સુધી છે, અપેક્ષિત પદાર્થ મળી ગયાં પછી તો દુઃખ નહીં જ રહે ને ? તો પછી અપેક્ષા ને દુઃખ કેમ કહો છો ?

આ દલીલનો જવાબ તે છે કે અપેક્ષિત પદાર્થની પ્રાપ્તિ થયાં પછી પણ દુઃખ તો યથાવત્ રહે છે, ઉત્સુકતાનું દુઃખ નહીં રહે તો પદાર્થ નાશ પામી જશે તો ? તેવા ભયનું દુઃખ ઉપસ્થિત થશે. માટે અપેક્ષા એ આનંદનો વિપક્ષ છે તેવું કથન સાચું જ છે.

સંયોગો સ્વાભાવિક રીતે વિયોગનું કારણ છે. સંયોગોનો સ્વભાવ જ તેવો છે કે તે અવશ્ય અંતને પામે. સંયોગો જ્યારે અવશ્ય વિયોગપરિણામી છે ત્યારે સાંયોગિક આનંદમાં સુખ માનવું નિષ્ફળ છે કેમ કે તે આનંદનો વિનિપાત નિયત જ છે.

આમ, સાંયોગિક ફળ વિનિપાત પરક હોવાથી નિષ્ફળ છે. અહીં એવો પ્રશ્ન થઈ શકે કે જો સંયોગજન્ય આનંદ સફળ નથી તો તેવો સંયોગજન્ય આનંદ બહુમતિ જીવોને આકર્ષણ કેમ કરે છે ? માન્ય કેમ છે ? તેનો જવાબ તે છે કે બહુમતી જીવો મોહના પ્રકૃષ્ટ ઉદયને વશ બનેલાં હોવાથી અબુધ છે, તત્ત્વ-અતત્ત્વના પરિણામને સમજનારાં નથી તેથી તેમને જે સંયોગજનિત સુખ સુખ છે જ નહીં, તેનો આદર કરવાનું મન થાય છે.

મોહનું તો કાર્ય જ તે છે ને ? કે વસ્તુતત્ત્વના વિવેકમાં વિપર્યય પેદા કરવો. સામાન્યથી પણ મોહનું કાર્ય વિપર્યય પેદા કરવાનું છે. બહુમતી જીવો આ મોહના અંધાપાના કારણે જ જે સાંયોગિક આનંદ દુઃખરૂપ જ છે તેને સુખરૂપ માની રહ્યાં છે. આ તેમનો વિપર્યાસ છે. આ વિપર્યાસ એવો છે કે તે સાનુબંધ પણે પ્રવર્તે છે અને એથી

જ અનંતકાળ સુધી વિરમતો નથી. એથીસ્તો તીર્થંકર ભગવંતે મોહને પ્રધાનકોટીનો અંતરંગ શત્રુ કહ્યો છે.

આગમનું તેવું વચન છે કે અજ્ઞાનથી મોટો બીજો કોઈ શત્રુ નથી. આ શત્રુ એવો છે કે તેને આધીન બનેલો આત્મા સુક્રિયાને પણ અનર્થકારી બનાવી દે છે.

- **સિદ્ધભગવંતોનો આકાશ સાથે સંયોગ કેમ નહીં ?**

હવે, અહીં વિપક્ષ એવો પ્રતિતર્ક કરે છે કે જો તમારા મત પ્રમાણે સંયોગ દુષ્ટ જ છે તો સિદ્ધ ભગવંતનો આકાશ સાથેનો સંયોગ કેમ દુષ્ટ માનતા નથી ?

**જવાબ :** સિદ્ધ ભગવંતોનો આકાશ સાથે સંયોગ છે જ નહીં. તેઓ આકાશના આધારે મોક્ષમાં નથી રહ્યાં પરંતુ ત્યાં સ્વભાવમાં અવસ્થિત રહ્યાં છે.

**પ્રશ્ન :** જો સિદ્ધ ભગવંતો આકાશમાં આકાશના આધારે નથી રહ્યાં તો શેના આધાર પર ત્યાં રહ્યાં છે ?

**જવાબ :** કર્મક્ષયના કારણે તેમનો જે વિશુદ્ધ સ્વભાવ પ્રગટ થયો છે તે જ તેવો છે કે તેઓ ત્યાં રહે.

**પ્રશ્ન :** આકાશના આધાર વગર તેઓ આકાશમાં રહે આ તો વાત જ તર્કરહિત છે !

**જવાબ :** ના, તર્કરહિત આ અભિપ્રાય નથી. આ મત તર્કસંગત છે કેમકે જગતને આધાર આપનાર આકાશને ક્યાં કોઈ આધાર રહેલો હોય છે ? જો આધાર રહિત પણે આકાશની સત્તા ટકી શકે તો વિશુદ્ધ આત્મસ્વરૂપ એ પણ સ્વતંત્ર સત્તા છે, તે પણ આધાર વિના કેમ ન ટકી શકે ?

આકાશ આધાર વિના ટકે છે તે તમે માન્યું તેમાં જ તે વાતનો સ્વીકાર થઈ ગયો કે સિદ્ધો પણ આધાર વિના ટકી શકે કેમકે અહીં એ તર્ક પ્રતિફલિત થયો કે -

કોઈ એક સત્તા અન્ય સત્તાને પ્રાપ્ત કરતી નથી અને અન્યથા પણ થતી નથી.

કેવળી ભગવંતે પ્રરૂપેલું આ ચિન્તનાતીત સત્ય છે. સિદ્ધભગવંતો આકાશમાં નથી રહેતાં તે મત નિશ્ચય નયનો છે.

- **વ્યવહારનયનો અભિપ્રાય ભિન્ન છે :**

વ્યવહારનયનો મત તેવો છે કે સિદ્ધ ભગવંતો આકાશમાં રહે છે. હવે, વ્યવહારનયનો મત જો તેવો હોય કે સિદ્ધ ભગવંતો આકાશમાં રહે છે તો તે મત મુજબ તો આકાશ અને સિદ્ધ ભગવંતો વચ્ચે સંયોગ થઈ ગયોને ? સંયોગ તો દુષ્ટ છે તો પછી તમારા જ અભિપ્રાય મુજબ સિદ્ધોનો આકાશ સાથે સંયોગ દુષ્ટ કેમ ન કહેવાય?

ના, હરગીજ નહીં. સિદ્ધનો આકાશ સાથે સંયોગ જ જ્યાં સાબિત નથી થતો ત્યાં તેને દુષ્ટ શી રીતે કહેવાય ? **मूलं नास्ति शाखा कुतः** ? જે વૃક્ષના મૂળિયા જ નથી રહ્યાં તેની શાખા-પ્રશાખા તો હોય જ ક્યાંથી ?

વ્યવહાર નયનો મત પણ સિદ્ધ ભગવંત આકાશમાં રહે છે તેવું માને છે પણ સિદ્ધ ભગવંતનો આકાશ સાથે સંયોગ છે તેવું તો નથી જ માનતો કેમકે પૂર્વોક્ત સંયોગનું લક્ષણ જ અપેક્ષા છે. જ્યાં જ્યાં વિયોગપરિણામી સંયોગ છે ત્યાં ત્યાં તેવા સંયોગમાં અપેક્ષા અવશ્ય રહેલી હોય છે માટે અપેક્ષા એ જ સંયોગનું લક્ષણ છે અને સિદ્ધ ભગવંતમાં અપેક્ષા નામનું લક્ષણ જ ન ઘટી શકતું હોવાથી તેઓ આકાશમાં રહેલા હોવા છતાં આકાશ સાથે તેમનો સંયોગ નથી તેમ કહેવું દોષ રહિત છે.

**પ્રશ્ન :** જો સિદ્ધોને અપેક્ષા જ નથી તો પછી લોકના અંત ભાગ સુધી તેમણે ગમન કેમ કર્યું ?

**જવાબ :** આ પણ તેમનો સ્વભાવ છે. કર્મનો પૂર્ણક્ષય થવાથી આત્માનો જે અનંત સુખમય સ્વભાવ પ્રગટે છે તે સ્વભાવ જ તેમને લોકના અંત સુધી લઈ જાય છે.

**પ્રશ્ન :** સિદ્ધોનું અનંતુ સુખ કેવું છે ?

**જવાબ :** સિદ્ધોના અનંત સુખને વર્ણવવા માટે વિશ્વમાં કોઈ ઉપમા વિદ્યમાન નથી. જેમ કુંવારિકા પરણેલી સ્ત્રીના સુખને જાણી શકતી નથી તેમ સિદ્ધોના સુખને સંસારીઓ જાણી શકે તેમ નથી.

સિદ્ધોનું સુખ કેવળ અનુભવ ગમ્ય છે !

- **અનુભવગમ્ય સુખ શબ્દગમ્ય શી રીતે બન્યું ? :**

**પ્રશ્ન :** જો તે કેવળ અનુભવ ગમ્ય છે તો તે વાત તમે શબ્દગમ્ય શી રીતે કરી ? શી રીતે જાણી ?

**જવાબ :** આ વાત અમે જિનેશ્વરની આજ્ઞાના બળે જાણી છે. જિનેશ્વર ભગવંતમાં અસત્ય ભાષણ થવાનું એક પણ કારણ વિદ્યમાન ન હતું કેમકે મૃષાવાદના નિમિત્ત રૂપ રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન તેમના નાશ પામેલાં હતાં. હવે, મૃષાવાદનું કારણ જ જો વિદ્યમાન ન હોય તો મૃષાવાદ રૂપ કાર્ય તો કદી થાય નહીં. એથી, જિનાજ્ઞા એ પરમ સત્ય છે તે નક્કી થયું. સિદ્ધોનું સુખ કેવળ અનુભવગમ્ય છે એવી આજ્ઞા જિનેશ્વરની છે માટે આ અનુભવગમ્ય બાબતને પણ આપણે શબ્દો વડે જાણી શકીએ છીએ કેમકે જિનાજ્ઞા તો શબ્દ ગમ્ય છે જ, સિદ્ધનું સુખ ભલે શબ્દગમ્ય ન હોય... શબ્દ અગમ્ય એવા પણ સિદ્ધસુખની કલ્પના શબ્દગમ્ય એવી જિનાજ્ઞાના માધ્યમે થઈ શકે છે.

❈ मूलम् ।

सव्वसत्तुक्खए सव्ववाहिविगमे सव्वत्थसंजोगेणं सव्विच्छा संपत्तीए जारिसमेयं एत्तोऽणंतगुणं खु तं, भावसत्तुक्खयादितो । रागादयो भावसत्तू, कम्मोदया वाहिणो, परमलध्धीओ उ अत्था, अणि-च्छेच्छा इच्छा । एवं सुहुममेयं, न तत्तओ इयरेण गम्मइ, जइसुहमिवाजइणा, आरूग्गसुहं व रोगिण त्ति विभासा । अचिंतमेयं सरूवेणं ।

साइअपज्जवसियं एगसिद्धावेक्खाए, पवाहओ अणाई । ते वि भगवंतो एवं, तहाभव्वत्ताइभा-वओ ।

विचित्तमेयं तहाफलभेएणं । नाविचित्ते सहका-रिभेओ । तदवेक्खो तओ त्ति अणेगंतवाओ तत्त-वाओ । स खलु एवं इयरहेगंतो । मिच्छत्तमेसो, न एत्तो ववत्था । अणारहयमेयं ।

संसारिणो उ सिध्धत्तं नाबध्धस्स मुत्ती, सद्दत्थ-रहिया । अणाइमं बंधो पवाहेणं अइयकालतुल्लो,

अबध्धबंधणे, अमुत्ती पुणो बंधपसंगाओ अविसेसो बध्धमुक्काणं । अणाइजोगे वि विओगो कंचणो-वलनाएणं ।

❈ अवचूरिः ।

सर्वशत्रुक्षये सति, तथा सर्वव्याधिविगमः, सर्वार्थसंयोगेन सत्ता, तथा सर्वेच्छासम्प्राप्त्या यादृशमेतत्सुखं भवति अतोऽ-नन्तगुणमेव तत् सिध्धिसुखम् । कुत इत्याह- भावशत्रुक्षयादितः, आदि शब्दात् भावव्याधिविगमादयो गृह्यन्ते ।

तथा चाह - रागादयो भावशत्रवो राग-द्वेष-मोहाः जीवा-ऽपकारित्वात् । कर्मोदया व्याधयस्तथा जीवपीडनात् । परम-लब्धयस्त्वर्थाः परार्थहेतुत्वेन, अनिच्छेच्छा इच्छा सर्वथा तन्निवृत्त्या। एवं सूक्ष्ममेतत्सुखं । न तत्त्वतः परमार्थेनेतरणेन गम्यतेऽसिद्धेन, यतिसुखमिवाऽयतिना विशिष्टक्षायोपशमिकभाव वेद्यत्वादस्य, एवमारोग्यसुखमिव रोगिणेत्युक्तं -

रागाइणमभावे जं होइ सुहं तयं जिणोमुणइ ।
न हि संनिवाय गहिओ जाणइ तदभावजं सुक्खं ॥

इति विभाषा कर्तव्या । सर्वथाऽचिन्त्यमेतत्स्वरूपेण सिध्धिसुखं न तत्त्वतो मतेरविषयत्वात् ।

साद्यपर्यवसितं एकसिद्धापेक्षया प्रवाहतस्त्वनादि तदोघमा -श्रित्य । तथा चाह - तेऽपि भगवन्तः सिद्धा एकसिद्धापेक्षया साद्यपर्यवसिताः, प्रवाहापेक्षयाऽनाद्यपर्यवसिता ।

समाने भव्यत्वादौ कथमेतदेवमित्याह - तथा भव्यत्वादि-भावात् । तथाफलपरिपाकीह तथाभव्यत्वम् । अत एवाह - विचित्रमेतत् तथाभव्यत्वादि तथाफलभेदेन । कालादिभेद-भाविफलभेदेनेत्यर्थः । समाने भव्यत्वे सहकारिभेदात् फलभेद इत्याशङ्कापोहायाह - ना विचित्रे तथाभव्यत्वादौ सहकारिभेदः । किमित्यत आह - तदपेक्षस्तक इति, तदतत्स्वभावत्वे तदुपनिपाता -ऽभावात् ।

अनेकान्तवादस्तत्त्ववादः सर्वकारणसामर्थ्यापादनात् । स खल्वनेकान्तवाद एवं तथाभव्यत्वादिभावे, इतरथैकान्तः सर्वथा भव्यत्वादेस्तुल्यतायाम् । मिथ्यात्वमेष एकान्तः । कुत इत्याह - नातो व्यवस्था एकान्तात् । भव्यत्वाऽभेदे सहकारिभेदस्याऽयोगात् तत्कर्मताऽभावात् । कर्मणोऽपि कारकत्वात्, अतत्स्वभावस्य च कारकत्वासम्भवादिति भावनीयम् ।

अत एवाह - अनार्हतमेतदेकान्ताश्रयणम्, प्रस्तुतसाधकमेव न्यायान्तरमाह - संसारिण एव सिद्धत्वम्, नाऽन्यस्य । कोऽयं नियम इत्याह - नाऽबद्धस्य मुक्तिः शब्दार्थरहिता बन्धाऽभावेन । अयञ्चानादिमान् बन्धः प्रवाहेण सन्तत्या अतीतकालतुल्यः, स हि

**प्रवाहेणाऽनादिमान् अनुभूतवर्तमानभागश्च । यथोक्तं -**

भवति स नामातीतः, प्राप्तो यो नाम वर्तमानत्वम् ।

एर्ष्यंश्च नाम स भवति, यः प्राप्स्यति वर्तमानत्वम् ॥

**किञ्चाऽबद्धबन्धनेऽमुक्तिर्मुक्त्यभावः पुनर्बन्धः प्रसङ्गात् अबद्धत्वेन हेतुना । तथा चाह - अविशेषो बद्धमुक्त्योः, अनादिमति बन्धे मोक्षाऽभावस्तत्स्वाभाविकत्वेनेत्याशङ्का -पोहायाह - अनादियोगेऽपि सति वियोगाऽविरूद्ध एव काञ्चनो -पलज्ञातेन । लोके तथा दर्शनात् । योगोबन्ध इत्यनर्थान्तरम् ।**

❊ **'પંચસૂત્ર પ્રકાશ' :**

સિદ્ધ ભગવંતોનું સુખ શબ્દગમ્ય નથી, ફક્ત અનુભવગમ્ય છે તે વાત ઉપરના પેરામાં વર્ણવી. શબ્દ અગમ્ય એવા સિદ્ધસુખને આપણે શી રીતે જાણ્યું ? તેનું સમાધાન આપતાં વધુમાં એ પણ અહીં ઉમેરાયું કે સિદ્ધના સુખને જિનેશ્વરે જાણ્યું છે કેમકે તેઓ કેવળજ્ઞાની છે. હવે, જિનેશ્વરની આજ્ઞા તો શબ્દગમ્ય છે જ તેથી તે આજ્ઞાના અવલંબનથી સિદ્ધના સુખની સમજ આપણે પણ મેળવી શકીએ છીએ.

આજ્ઞાનું આ આલંબન સિદ્ધોના અનુભવગમ્ય સુખને સમજાવવા કલ્પનાઓ, યુક્તિઓ અને દૃષ્ટાંતોનો મજબૂત પ્રયોગ કરે છે. કેટલીક યુક્તિઓ અને દૃષ્ટાંત પૂર્વે આપ્યાં છે. સિદ્ધના સુખનો પરિચય કરાવવા માટે વધુ એક અદ્‌ભુત કલ્પના રજૂ કરી રહ્યાં છે.

- **મોક્ષના સુખ માટે દૃષ્ટાન્ત અને ઉપનય :**

કલ્પના કરો કે કોઈ વ્યક્તિના તમામ શત્રુઓ ક્ષીણ થઈ ગયાં છે, એક પણ દુશ્મન બચ્યો નથી, વળી, તેના અંગમાંથી રોગનું અસ્તિત્વમાત્ર નાશ પામી ગયું છે. કોઈ જ રોગ રહ્યો નથી, આગળ વધીને તેને પોતાને ઈષ્ટ એવી સઘળી ચીજોનો સંયોગ કરવાની સત્તા મળી ગઈ છે અને તમામ ઈષ્ટ વસ્તુઓ પ્રાપ્ત પણ થઈ ચૂકી છે તો તેવા મહાનુભાવ વ્યક્તિનું સુખ કેવું હોય ?

અ...ધ...ધ... કલ્પનાતીત સુખ હોય... કહેવું પડશે ને ?

બસ, આવા વ્યક્તિને જે સુખ છે તેના કરતાં અનંત ગણું સુખ પ્રત્યેક સિદ્ધ ભગવંત પ્રત્યેક સમયે ભોગવે છે.

**પ્રશ્ન :** તમે જે કાલ્પનિક દૃષ્ટાંત કહ્યું તેનું દ્રાષ્ટાન્તિક સિદ્ધોમાં શી રીતે ઘટે ?

**જવાબ :** અવશ્ય ઘટે છે. સિદ્ધ ભગવંતો વિશુદ્ધ આત્મા છે તેથી વ્યક્તિના સ્થાને છે. તેમના તમામ ભાવશત્રુઓ ક્ષય પામી ગયા છે તેમજ ભાવવ્યાધિઓ પણ વિલય પામી ગઈ છે, આમ શત્રુ અને રોગના સ્થાને ભાવશત્રુ અને ભાવવ્યાધિ લેવા.

રાગ, દ્વેષ અને મોહ... ભાવ શત્રુ છે કેમકે તેઓ સ્વભાવથી જ આત્મા ઉપર નિરંતર અપકાર કરનારા છે. તો કર્મોનો ઉદય એ ભાવરોગના સ્થાને છે કેમકે આત્માને પીડાનો અહેસાસ તે જ કરાવે છે. સિદ્ધોને રાગ-દ્વેષ-મોહ અને કર્મોદય... બધું જ નાશ પામ્યું છે તેથી શત્રુ ન રહ્યાં કે રોગો પણ ન રહ્યાં.

ઈચ્છારહિત અવસ્થા એ જ સિદ્ધોને ઈષ્ટ એવો સંયોગ હતો જે તેમને પ્રાપ્ત થઈ ચૂક્યો છે અને પરમ કોટીની લબ્ધિઓ તેમનો અર્થ હતો જે તેમનામાં તદાકાર બની ચૂક્યો છે.

આમ, અમે સિદ્ધોના સુખને સમજાવતું જે કાલ્પનિક દૃષ્ટાંત કહ્યું તેના દ્રાષ્ટાન્તિક સિદ્ધ ભગવંતમાં પૂરેપૂરા ઘટમાન બને છે.

આવું સૂક્ષ્મતમ સુખ સિદ્ધ ભગવંતોને છે. અસિદ્ધ એવા અપારમાર્થિક જીવોને સિદ્ધોનું સુખ ગળે ઊતરે તેવું નથી. જેમ સાધુનું સુખ ક્ષાયોપશમિક ભાવના વિશિષ્ટ સ્તર ઉપર જ અનુભવી શકાય તેમ હોવાથી સાધુ નથી તેવો વ્યક્તિ તેને જાણી ન શકે, આરોગ્યનું સુખ રોગીઓ ન જાણી શકે તેમ સિદ્ધોનું સુખ અપારમાર્થિક મતિ ધરાવનારાઓ વેદી શકે તેમ છે જ નહીં.

આગમમાં કહ્યું છે કે -

સનેપાતનો દર્દી સ્થિર આરોગ્યના સુખને જાણી શકે નહીં તેમ સિદ્ધોના રાગ-દ્વેષના અભાવથી નિષ્પન્ન એવા સુખને ફક્ત કેવળી જ જાણે. અન્યો નહીં.

ટૂંકમાં, સિદ્ધોનું સુખ મતિનો વિષય જ નહીં હોવાથી ખરેખર અચિન્ત્ય કોટીનું છે.

સિદ્ધ ભગવંતોનું ઉપરવર્ણિત સુખ એક સિદ્ધ ભગવંતની અપેક્ષાએ સાદિ- અનંતકાલીન છે એટલે કે તેની શરૂઆત છે પરંતુ સમાપન નથી અને સિદ્ધ ભગવંતોના ઓઘ = સમૂહને આશ્રયીને આ સુખ અનાદિ-અનંત કાલીન છે એટલે કે તેની શરૂઆત પણ નથી તેમજ સમાપ્તિ પણ નથી.

સિદ્ધસુખની જેમ સિદ્ધ ભગવંતો પણ એક સિદ્ધને આશ્રયીને સાદિ અનંતકાલીન છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ-અનંત તેમની સ્થિતિ છે.

**પ્રશ્ન :** દરેક સિદ્ધ ભગવંતોનું ભવ્યત્વ એક સમાન છે છતાં આવા-આવા ભેદ શા માટે પડી રહ્યાં છે ?

**જવાબ :** તેનું કારણ તેમનું તથાભવ્યત્વ છે. સિદ્ધ બનનાર દરેક જીવનું તથાભવ્યત્વ એક સરખું નથી હોતું. ભિન્ન-ભિન્ન પ્રકારનું હોય છે. તેથી આવો તફાવત તેમનામાં સંભવે છે.

- ***તથાભવ્યત્વ તથાફલપરિપાકિ છે :***

તથાભવ્યત્વ જો દરેકનું એક સરખું હોય તો તેને તથાભવ્યત્વ જ ન કહેવાય. **તથાભવ્યત્વનો અર્થ જ તેવો થાય છે કે ફળના પરિપાક માટેની અલગ-અલગ પ્રકારની પણ ચોક્કસ યોગ્યતા...** તથાભવ્યત્વ **તથાફલપરિપાકિ** છે એટલે કે અલગ-અલગ છતાં ચોક્કસ રીતે એક જ ફળનો પરિપાક કરાવે તે તથાભવ્યત્વ.

અહીં ફળની સમાનતા છે, ભેદ તેના પરિપાકના કાળ વિગેરેમાં અને પદ્ધતિમાં રહેલો છે, આ ભેદ કાલ વિગેરેના કારણે નિષ્પન્ન થાય છે.

હવે આ વિષયને એકાંતદૃષ્ટિથી જો કોઈ ગ્રહણ કરે તો તેવો કુતર્ક ઉપસ્થિત કરી શકે કે કાળ વિગેરે તો સહકારી કારણો છે, જો તેના કારણે સિદ્ધ ભગવંતોમાં આદિ-અનંત વિગેરે ભેદો થતાં હોય તો સહકારી કારણોમાં વિચિત્રતા નક્કી થઈ, તથાભવ્યત્વની વિચિત્રતા શી રીતે અહીં નક્કી કરી શકાય ?

આ કુતર્કનો જવાબ એ છે કે કાળ વિગેરે સહકારી કારણોમાં જે ભેદ દૃષ્ટિ ગોચર થઈ રહ્યો છે તે પણ તે-તે આત્માઓના તથા-ભવ્યત્વને સાપેક્ષ પણે ઉત્પન્ન થયેલો ભેદ છે એથી સહકારી કારણોમાં જેમ વિચિત્રતા છે તેમ તથાભવ્યત્વમાં વિચિત્રતા એટલે કે વિભિન્નતાઓ નિયત થઈ જાય છે.

**જો તથાભવ્યત્વમાં વૈચિત્ર્ય ન હોય તો સહકારી કારણોમાં વૈચિત્ર્ય આવ્યું ક્યાંથી ? કેમકે સહકારી કારણ તથાભવ્યત્વને સાપેક્ષ બનીને**

**પ્રવર્તે છે,** નહીં કે તેનો તથાભવ્યત્વમાં ઉપનિપાત થઈ જાય છે... તે શક્ય જ નથી કે જીવ સ્વભાવમાં સહકારી કારણોનો ઉપનિપાત થઈ શકે.

**● અનેકાંતવાદ અને એકાંતવાદ :**

બસ, આ જ અનેકાંત્વાદ છે કે જે તથાભવ્યત્વના ભેદમાં સહકારીના ભેદને સ્વીકારે છે અને તે છતાં તે બંનેય ને પૃથક્ પૃથક્ સ્વીકારે છે... તે બંને પરસ્પર ભિન્ન છે છતાં પરસ્પર સાપેક્ષ પણ છે. આવા અનેકાંતવાદને સ્વીકારીએ તો જ તમામ કારણોને યથાસ્થાને રાખી શકાય. અનેકાંતવાદ એ તત્ત્વવાદ છે કેમકે તમામ કારણોનું સામર્થ્ય અનેકાંતવાદમાં રહેલું છે.

તથાભવ્યત્વમાં પણ અનેક જીવોને આશ્રયીને અનેકાંત રહેલો છે. જો તમામ જીવોના ભવ્યત્વની તુલ્યતા સ્વીકારી લો તો તો એકાંતવાદ ઊભો થઈ જવાની આપત્તિ રહેલી છે.

એકાંતવાદ તો મિથ્યાત્વરૂપ છે. એકાંતવાદ સ્વીકારો તો જગત્વ્યવસ્થા જ ન ઘટી શકે. એકાંતવાદ એમ કહેશે કે એકાંતે ભવ્યત્વ અને સહકારી કારણો વચ્ચે અભેદ છે તો સહકારી કારણોનો ભવ્યત્વ સાથે સંયોગ જ નહીં ઘટે. આવો સંયોગ જો ઘટે નહીં તો ભવ્યત્વના પરિપાક રૂપ ફળ પ્રવૃત્તિ જ સાકાર ન થઈ શકે.

આથી, એકાંતવાદ સ્વીકારવો સર્વથા અયોગ્ય છે.

એક સિદ્ધની અપેક્ષાએ સિદ્ધભગવંતોસાદિ - અપર્યવસિત છે અને પ્રવાહની અપેક્ષાએ અનાદિ-અનંત છે તે વાત કઈ રીતે યુક્તિ સંગત છે તે વાતનું ઉપરના સૂત્રમાં સ્થાપન કર્યું.

હવે તે જ વાતનો ન્યાયાંતર કહે છે : સિદ્ધોમાં પણ તથા-ભવ્યત્વનો ભેદ સંભવી શકે છે કેમકે જેઓ પ્રથમ સંસારી હતાં તે

જ સંસારથી નિર્મુક્ત બનીને સિદ્ધ થઈ રહ્યાં છે. સિદ્ધત્વ સંસારીની અપેક્ષાએ છે, નહીં કે સિદ્ધોની અપેક્ષાએ.

જો કર્મબંધથી આત્મા સંબદ્ધ બનેલ જ ન હોત તો મુક્તિની કોઈ કલ્પના જ કરવી ન પડત. તો તો મુક્તિ એવો શબ્દ પણ શબ્દાર્થથી વિકલ બની જાત. બંધ જ ન હોય તો મુક્તિ શાની ? જે કર્મબંધ હતો તેનાથી મુક્તિ થઈ. જે કર્મબંધ હતો તે પણ તે તે અવસ્થામાં તરતમતા વાળો હતો તેથી તેમના સહકારી કારણોમાં અને તથાભવ્યત્વમાં ભેદ હોવો તે રીતે પણ યુક્તિસંગત છે.

- **કર્મબંધ અનાદિકાલીન છે તેની સિદ્ધિ :**

કર્મબંધ પણ અનાદિકાલીન છે, પ્રવાહની અપેક્ષાએ જેટલો ભૂતકાળ છે એટલો કર્મબંધ છે. અહીં વિપક્ષ પ્રશ્ન મૂકે છે કે કર્મબંધ પ્રવાહથી અનાદિ છે તે વાત તર્ક વડે શી રીતે સિદ્ધ થાય ? જો પ્રવાહથી કર્મબંધને અનાદિ માનો તો કોઈ કર્મનો બંધ પ્રથમ થયો નહીં. એને જો એક પણ બંધ પ્રથમ ન હોય તો બંધનું અસ્તિત્વ જ ક્યાં રહે ? આ પ્રશ્નનો જવાબ તે છે કે કર્મબંધ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે તેમ વર્તમાનમાં અનુભવસિદ્ધ પણ છે તેથી તેના અસ્તિત્વને ઇન્કારી શકાશે નહીં.

ચાલો, અસ્તિત્વને નહીં ઇન્કારી શકાય પરંતુ કોઈ કર્મનો બંધ જો પ્રથમ નથી તો પૂર્વથી બંધ વિનાના આત્માને નવો કર્મબંધ થયો હતો તેવું નક્કી થઈ જાય અને એથી તો મોક્ષમાં રહેલાં જીવોને પણ કર્મબંધ થઈ શકે છે તેવી આપત્તિ ઊભી થઈ જશે.

બંધ વિનાના જીવને કર્મબંધ થઈ શકે તો બંધમુક્ત એવા સિદ્ધોને કર્મનો પુનર્બંધ કેમ ન થઈ શકે ? આમ, બંધને અનાદિ માનવાથી બંધ અને મોક્ષ એક સરખા થઈ જશે, મોક્ષનું અસ્તિત્વ

જ નહીં રહે માટે બંધને પ્રવાહની અપેક્ષાએ પણ અનાદિ માનવો જોઈએ નહીં.

વિપક્ષની આ દલીલ છે. તેનો જવાબ તે છે કે તમે જે કંઈ કલ્પના કરી તે ફક્ત મતિનો વિપર્યાસ છે. વસ્તુસ્થિતિ નહીં. બંધને અનાદિ માનો તો પણ તેનો અંત થઈ શકે છે. **काञ्चनोपल** દૃષ્ટાંત અહીં સાક્ષી રૂપ છે. જેમ સોનાને માટીનો સંયોગ અનાદિનો છે, કયો રજકણ પ્રથમ છે અને દ્વિતીય છે તે નક્કી નથી થઈ શકતું, તેમ છતાં માટીના તે સંયોગનો સંપૂર્ણ વિયોગ સોનાને થઈ શકે છે તેમ કર્મબંધ અનાદિ છે, કયો બંધ પ્રથમ અને કયો ઉત્તરવર્તી, તે નક્કી થઈ શકે જ નહીં અને તે છતાં તે તમામ બંધનો અંત શક્ય છે. અંત શક્ય છે એટલે મુક્તિનો અભાવ પણ થતો નથી.

❋ मूलम् ।

**ण दिदिक्खा अकरणस्स । ण यादिट्ठम्मि एषा । ण सहजाए णिवित्ती । ण निवित्तीए आयट्ठाणं । ण यण्णहा तस्सेसा । ण भव्वत्त तुल्लाणाएणं । ण केवलजीवरूवमेयं । ण भाविजोगावेक्खाए तुल्लत्तं, तदा केवलत्तेण सयाऽविसेसाओ । तहासहावकप्पणमप्पमाणमेव । एसेव दोसो परिकप्पियाए । परिणामभेया बंधादिभेदो त्ति साहू, सव्वणयविसुध्धीए णिरूवचरिओभयभावेणं ।**

ण अप्पभूयं कम्मं । ण परिकप्पियमेयं । ण एवं भवादिभेदो । ण भवाभावो उ सिध्धी, ण तदुच्छेदे अणुप्पाओ । ण एवं समंजसत्तं । णाणादिमं भवो । ण हेउफलभावो । तस्स तहासहावकप्प -णमजुत्तं णिराहारन्नयत्तओ णिओगेणं । तस्सेव तहाभावे जुत्तमेयं । सुहुममट्ठपयं । विचिंतियव्वं महापण्णाए त्ति ।

❈ अवचूरिः ।

आदावबद्धस्य दिदृक्षा, बद्धमुक्तस्य तु न सेति दोषाऽभावा -दादिमानेव बन्धोऽस्त्वित्याशङ्काव्यापोहायाह - न दिदृक्षाऽ -करणस्येन्द्रियरहितस्य तथा न चाऽदृष्टे एष दिदृक्षा द्रष्टुमिच्छा दिदृक्षेति कृत्वा ।

सहजैवैषा इत्यारेका निरासायाह - सहजाया निवृत्तिदिदृक्षाया-श्चैतन्यवत् । अस्तु वेयमित्यभ्युपेत्य दोषमाह - न निवृत्तौ दिदृक्षाया आत्मनः स्थानम्, तदव्यतिरेकात्, तथा चाह - नान्यथा तस्यैषा, आत्मनो दिदृक्षाऽयोगात् । तदव्यतिरेकेऽपि भव्यत्वस्येव तन्निवृत्तौ दोषाभाव इत्याशङ्कापोहायाह - न भव्यत्वतुल्या न्यायेन दिदृक्षा ।

कुतः ? इत्याह - न केवलजीवरूपमेतद् भव्यत्वम्, दिदृक्षा तु केवलजीवरूपेत्यर्थः । न भावियोगापेक्षया महदादिभावे तदा

केवलत्वेन तुल्यत्वं दिदृक्षाया भव्यत्वेन । अत्र युक्तिमाह - तदा केवलत्वेन भावियोगाऽभावे सदाऽविशेषात्, तथा सांसिद्धिकत्वेन तदूर्ध्वमपि दिदृक्षोरिति हृदयम् ।

एवं स्वभावेयं दिदृक्षा या महदादिभावाद् विकारदर्शनात् केवलावस्थायां निवर्तते इत्येतदाशङ्क्याह - तथास्वभावकल्पनं कैवल्याऽविशेषे प्रक्रमाद् दिदृक्षाया भावाभावस्वभावकल्पन -मप्रमाणमेव । आत्मनस्तद्भेदापत्तेः प्रकृतेः पुरुषाधिकत्वेन तद् -भावापत्त्येति गर्भः । अत एवाह - एष एव दोषः प्रमाणाभाव-लक्षणः परिकल्पितायां दिदृक्षायामभ्युपगम्यमानायाम्, तथा हि - परिकल्पिता न किञ्चित्, कथं तत्र प्रमाणवृत्तिरिति । तदेवं व्यवस्थिते सति परिणामभेदाद् आत्मन इति प्रक्रमः, बन्धादिभेदो बन्ध-मोक्षभेद इत्येतत् साधुप्रमाणोपपन्नं, न खल्वन्ययोग-वियोगौ विहाय मुख्यः परिणामभेदः । भवाच्च मुक्तिरनादिमान् च भव इति नीत्या । अत एवाह - सर्वनयविशुद्ध्या अनन्तरोदितं साधु -फलोपदर्शनायाह- निरूपचरितोभयभावेन प्रक्रमाद् मुख्यबन्ध-मोक्षभावेन ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

હવે, કર્મબંધને સાદિ માનવો જોઈએ તેવા અભિપ્રાય વાળો વિપક્ષ વધુ દલીલો કરતાં કહે છે કે -

કર્મબંધને અનાદિ માનીએ કે પછી બંધથી નિર્મુક્ત એવી આત્મ અવસ્થાને માનીએ, તે બંનેમાં દિદક્ષા નથી. જ્યારે કર્મબંધ

સાદિ છે તે વાતને નિહાળવાની સાહજિક ઈચ્છા થાય છે. આ વાત પણ એવું પ્રમાણિત કરે છે કે કર્મબંધ સાદિ છે કેમકે ઈન્દ્રિયરહિત જીવોને દિદક્ષા જ થાય નહીં એટલે મુક્તાત્માઓને કર્મબંધની દિદક્ષા જ નહીં હોવાથી તેમને કર્મબંધની પુનરાદિ થવાનું પ્રમાણ કર્મબંધને સાદિ માનવા છતાં નહીં રહે જ્યારે ઈન્દ્રિયધારી જીવોને બંધને સાદિ માનવાની દિદક્ષા છે, જેને પૂર્વે જોયું નથી તેની દિદક્ષા જ થાય નહીં અને અહીં તેવી દિદક્ષા થઈ એથી પણ એ નક્કી થયું કે કર્મબંધને સાદિ માનવામાં આપત્તિ નથી.

હવે તમે એવી દલીલ કરો કે દિદક્ષા આવી ક્યાંથી ? તો તેનો જવાબ તે છે કે તે આત્મચૈત્યન્યની જેમ સાહજિક નિવૃત્તિ વાળી છે.

ના, તમારી આ વાત માની શકાય તેવી નથી કેમકે દિદક્ષાનું આત્મા વિશે કોઈ સ્થાન જ નથી. દિદક્ષાને જો આત્માથી અભિન્ન જ માનો તો દિદક્ષા તો ક્ષણાંતરે - ક્ષણાંતરે નિવૃત્તિ પામી જાય છે, તેની નિવૃત્તિની સાથે આત્માની પણ નિવૃત્તિ થઈ જાય ! આથી, તમારો તર્ક સ્વીકારીએ તો આત્મા અનાદિ છે તે જ માની ન શકાય.

હવે વિપક્ષ વધુ દલીલ કરે છે કે તમે જે ભય સેવો છો તે નહીં રહે. દિદક્ષાને સાહજિક માની લેવાથી અને તેની નિવૃત્તિ સિદ્ધ હોવા છતાં તેને આત્માનું અંગ ગણો તો યે આત્મતત્ત્વ અબાધિત રહેશે, ફક્ત એ માટે દિદક્ષાને ભવ્યત્વ તુલ્ય માની લો.

ના, દિદક્ષાને ભવ્યત્વતુલ્ય માની શકાશે નહીં કેમકે ભવ્યત્વ એ કેવળ જીવત્વ રૂપ છે. જ્યારે દિદક્ષા કેવળ જીવરૂપ નથી. વળી, નિવૃત્ત થયેલી દિદક્ષા મહદાદિભાવમાં ફરી ફરી પેદા થતી હોવાથી ભવ્યત્વ સાથે તેની તુલના થઈ શકે નહીં.

તદુપરાંત, દિદક્ષાને કેવળ સાહજિક માનો તો તે સાંસિદ્ધિક ધર્મ બની જાય અને એથી તમારા મત અનુસાર આદિ કર્મબંધ થયો તે પૂર્વે પણ તેનું અસ્તિત્વ આવી પડે અને કર્મબંધથી મોક્ષ થયો ત્યારબાદ પણ તેનું અસ્તિત્વ ઊભું રહે...

આમ, તમારી વાત સ્વીકારીએ તો દિદક્ષા, કર્મ અને બંધ એકેની આદિ કે અંત સિદ્ધ જ ન થાય...

વિપક્ષ, હજી દલીલ કરે છે કે દિદક્ષાને કેવળ સ્વભાવરૂપ માનો તો પછી તમે કહી તે આપત્તિઓ ટકશે નહીં.

ના, દિદક્ષાને સ્વભાવરૂપ માનવામાં પણ કોઈ પ્રમાણની પ્રાપ્તિ નથી થતી. તમે દિદક્ષાને ભાવરૂપ, અભાવ રૂપ... જે-જે રીતે ઘટાવવા મથો છો તે બધુ જ કલ્પનામાત્ર છે. ત્યાં કશું જ પ્રમાણ મળતું નથી. તેને કેવળ સ્વભાવ રૂપ માનો તો આત્માથી તેનો સર્વથા ભેદ ઊભો થઈ જશે. આમ, દિદક્ષા અંગેની તમારી પરિકલ્પનાઓમાં પ્રમાણનો અભાવ પ્રત્યક્ષપણે દૃષ્ટિગોચર છે.

અહીં વિપક્ષ દલીલ કરે છે કે : ના રે ના, વસ્તુના કેવળ સ્વભાવને માનવામાં પ્રમાણની જરૂરીયાત ક્યાં છે ? આત્માના પરિણામનો તે તો ભેદમાત્ર છે !

ના, તમારો આ તર્ક પણ પાંગળો છે કેમકે બંધ-મોક્ષ વિગેરે ભેદો પણ નિર્બાધિત પ્રમાણો વડે નિષ્પન્ન થનારાં છે, નહીં કે માત્ર કોઈ અન્ય પદાર્થના યોગથી યોગ-વિયોગને પામનારાં છે.

ઉપસંહાર એ છે કે તમામ નયો વડે વિશુદ્ધ સાબિત થનારી હકીકત તે છે કે સંસાર અને સંસારથી મુક્તિ એ જેમ પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે, આત્મા અને કર્મ એ જેમ અનાદિ છે તેમ આત્માને કર્મનો બંધ પણ અનાદિ જ છે.

❈ अवतरणिका ।

एवं द्रव्यास्तिकमतमधिकृत्य कृता निरूपणा, पर्यायास्ति-कमतमधिकृत्य आह -

❈ 'પંચસૂત્ર પ્રકાશ' :

આમ, દ્રવ્યાસ્તિક નયને આશ્રયીને બંધ સાદિ છે કે અનાદિ છે તેની વિચારણા ઉપરના પેરામાં કરી. હવે પર્યાયાસ્તિક નયને આશ્રયીને આ મુદ્દાને વિચારતાં કહે છે કે -

❈ मूलम् ।

**ण अप्पभूयं कम्मं । ण परिकप्पियमेयं । ण एवं भवादिभेदो । ण भवाभावो उ सिध्धी, ण तदुच्छेदे अणुप्पाओ । ण एवं समंजसत्तं । णाणादिमं भवो । ण हेउफलभावो । तस्स तहासहावकप्प-णमजुत्तं, णिराहारनयत्तओ णिओगेणं । तस्सेव तहाभावे जुत्तमेयं । सुहुममट्ठपयं । विचिंतियव्वं महापण्णाए त्ति ।**

❈ अवचूरिः ।

नात्मभूतं कर्म, न बोधस्वभावलक्षणमेवेत्यर्थः । तथा न परिकल्पितमसदेवैतत् कर्मवासनादिरूपं । कुत इत्याह - नैवं भवादिभेदः, आत्मभूते परिकल्पिते वा कर्मणि बोधमात्राऽविशेषेण

क्षणभेदेऽपि मुक्तक्षणभेदवन्न भवाऽपवर्गविशेषः ।

तथा न भवाऽभाव एव सिद्धिः सन्तानोच्छेदरूपा प्रध्यात -प्रदीपोपमा । अत्र युक्तिमाह - न तदुच्छेदेऽनुत्पादो न संतानोच्छेदे -ऽनुत्पादस्तस्यैव । किं तर्ह्युत्पाद एव । यथाऽसौ सन्नुच्छिद्यते तथाऽसन्नुत्पद्यतामिति को विरोधः ?। यद्येवं ततः किमित्याह - नैवं समञ्जसत्वं न्यायोपपन्नत्वं कथमित्याह - एवं हि नानादिमान् भवः संसारः कदाचिदेव सन्तानोत्पत्तेः, तथा न हेतुफलभावः चरमाऽऽद्यक्षणयोरकारणकार्यत्वात् ।

पक्षान्तरनिरासायाह - तस्य तथास्वभावकल्पनमयुक्तम् । कुत इत्याह - निराधारोऽन्वयः कृतोनियोगेन । अयमत्र भावार्थः = स्वो भाव इत्यात्मीया सत्ता स्वभावः स निवृत्तिस्वभाव इति निराधारोऽन्वयो यद्वाऽन्वयाऽभावस्तन्निवृत्तेस्तत्त्वात् । नियोग-ग्रहणमवश्यमिदमित्थमन्यथा शब्दार्थाऽयोगात् ।

एवमाद्यक्षणेऽपि । तस्यैव तथाभावे युक्तमेतत् तथा स्वभावकल्पनं । सूक्ष्ममर्थपदमेतद् भावगम्यत्वात् । विचिन्तितव्यं महाप्रज्ञयाऽन्यथा ज्ञातुमशक्यत्वात् ।

❋ 'પંચસૂત્ર પ્રકાશ' :

● **કર્મ એ આત્મા પણ નથી કે કલ્પનામાત્ર પણ નથી :**

કર્મ એ આત્મરૂપ પણ નથી અને પરિકલ્પના માત્ર પણ નથી કેમકે કર્મને આત્મરૂપ માનો તો કર્મમાં ચેતના નામનું લક્ષણ સિદ્ધ

કરવું પડે. જે તેનામાં નથી. ચેતના એ આત્માનો સ્વભાવ છે, કર્મનો નહીં. એથી કર્મને આત્મરૂપ માની શકાય નહીં. જેમ આત્મરૂપ ન માની શકાય તેમ કર્મને ફક્ત કાલ્પનિક પણ માની શકાય નહીં. કારણ કે કર્મને જો કલ્પના માત્ર માનો તો સંસાર અને મોક્ષનો ભેદ રહે નહીં.

કર્મને જો આત્મરૂપ માની લો તેમજ કર્મને જો કલ્પનામાત્ર માની લો તો પણ 'ચેતના' નામનું આત્માનું લક્ષણ અવિશેષ બની જશે અને તેથી તો પ્રથમ ક્ષણ અને દ્વિતીય ક્ષણ, બંનેમાં કશો જ ફર્ક નહીં રહે, જેમ મુક્ત આત્માને પ્રથમ ક્ષણ અને ક્ષણાંતરમાં ક્ષણ ભેદ સિવાય કશો ભેદ નથી તેમ કર્મ જો સર્વથા આત્મા રૂપ હોય તો ક્ષણ અને ક્ષણાન્તરમાં પણ આત્મા યથાવત્ જ રહેશે, સંસારી અને મુક્ત એવો તેનો ભેદ ઘટી શકશે નહીં.

- **બૌદ્ધને કરારી જવાબો :**

અહીં બૌદ્ધમતાવલંબીઓ દલીલ કરે છે કે તમને સંસાર અને મોક્ષનો ભેદ નહીં રહે તેવો ભય છે માટે કર્મને આત્મરૂપ માનવામાં આપત્તિ છે ને ? પરંતુ વસ્તુસ્થિતિ તે છે કે તમે 'સંસારનો અભાવ એટલે મોક્ષ' એવું જે માન્યું છે એ જ અસત્ય છે અને આવી માન્યતાના કારણે કર્મને આત્મરૂપ માનવામાં આફત ઊભી થઈ રહી છે.

હકીકતમાં મોક્ષ એટલે સંસારનો અભાવ નહીં, મોક્ષ એટલે સંસારની સંતતિ = પરંપરાનો વિચ્છેદ... આવું માનો તો કશી તકલીફ રહેશે નહીં.

ના, તમારી દલીલને સ્વીકારવાથી કર્મ આત્મરૂપ છે તેવું તો સિદ્ધ નહીં થાય પરંતુ સંસારની સંતતિનો પુનઃ પુનઃ ઉત્પાદ સિદ્ધ થઈ જશે કેમકે સંસારની સંતતિ જ્યારે વિદ્યમાન માનો છો એથી તો તે સત્ છે એવું સ્વીકૃત બની જાય છે અને ત્યારે સત્ એવી સંસારની સંતતિનો જો વિચ્છેદ થઈ શકતો હોય તો વિચ્છેદ થયેલી અસત્ એવી સંસાર સંતતિનો ફરી ઉત્પાદ પણ થઈ જશે.

સત્નો વિચ્છેદ જો થઈ શકે તો અસત્નો ઉત્પાદ કેમ ન થઈ શકે ? જે પક્ષ સત્ પદાર્થના વિચ્છેદને માની શકતો હોય તે પક્ષને અસત્ પદાર્થના ઉત્પાદને માનવામાં કોઈ વિરોધ ટકી શકશે નહીં.

હવે, જો નાશ પામેલાં સંસારની ફરી-ફરી ઉત્પત્તિ, ફરી-ફરી નાશ ... માનશો તો બધી જ વ્યવસ્થા અસમંજસમાં મૂકાઈ જશે. આત્મા, ભવ અને મોક્ષ, એકેની વ્યવસ્થા સુસમંજસ નહીં થાય કેમકે તે પછી તો સંસારને અનાદિ નહીં મનાય અને આત્માને પણ અનાદિ નહીં મનાય... તે બંને ક્યારેક ક્યારેક ઉત્પન્ન થનારા અને છેદ પામનારાં બની જશે.. એટલું જ નહીં, હેતુ અને ફળના ભાવો જ નહીં ઘટે કેમકે મોક્ષને સંસારસંતતિના છેદ રૂપ માનો એટલે તેની ફરી ઉત્પત્તિનો અવકાશ ખડો થાય, ફરી ફરી ઉત્પત્તિનો અવકાશ સદા રહેતો હોવાથી મોક્ષની પ્રથમ ક્ષણ કંઈ અને સંસારની ચરમ ક્ષણ કંઈ, નક્કી જ નહીં કરી શકાય.

અહીં બૌદ્ધ એવો વિતર્ક કરે છે કે તે પદાર્થનો તેવો જ સ્વભાવ છે તેવું માની લો કે પ્રથમ ક્ષણે અસત્ પણ ઉત્પન્ન થઈ જાય અને ચરમ ક્ષણે સત્ પણ અસત્ થઈ જાય ! તો શું વાંધો ?

ના, આવો મત કદાપિ માની શકાય નહીં કેમકે આ મતને માનો તો સંતતિરૂપ પદાર્થનો પરસ્પરનો અન્વય નિરાધાર બની જાય. સંતતિ કોઈ પણ હોય, તેમાં પરસ્પર અન્વય ઘટેલો હોવો

જોઈએ. તો જ તેને સંતતિ કહેવાય. હવે જો સંતતિમાં પારસ્પરિક અન્વય તૂટે તો સંતતિ જ અસત્તાક બની જાય.

તમે જે 'સ્વભાવ' શબ્દનો અર્થ કરો છો કે **'સ્વ'** એટલે પોતાની અને **'ભાવ'** એટલે સત્તા. પોતાની સત્તા એટલે સ્વભાવ, સ્વભાવ શબ્દનું આવું અર્થઘટન અન્વય રહિત છે અને એથી જ અયોગ્ય છે.

આમ, આદ્ય ક્ષણમાં અસત્‌નો ઉત્પાદ માનો તો અન્વય નિરાધાર બની જતાં આ માન્યતામાં કારણની જ ગેરહાજરી થઈ જાય અને ચરમ ક્ષણમાં સત્ અસત્ થઈ જાય છે તેવું માનો તો તે માટે તથાસ્વભાવની કલ્પના કરવી પડે અને તથાસ્વભાવની કલ્પના કરો તો તે પણ અન્વય રહિત બની જતી હોવાથી સત્-અસત્ બની જતું હોવાની આ માન્યતા પણ કારણ રહિત બની જાય છે.

આથી, સંસારનો અભાવ એટલે મોક્ષ એવો મત જ યુક્તિયુક્ત છે. 'ભવસંતતિનો છેદ એટલે મોક્ષ' એવી માન્યતા દરેક રીતે અસંગત છે.

### ❇ अवतरणिका ।

**आनुषाङ्गिकमभिधाय प्रकृतमाह –**

### ❇ 'પંચસૂત્ર પ્રકાશ' :

દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક નય વિગેરેની બંધ સાદિ છે કે અનાદિ, કર્મ આત્મરૂપ છે કે કલ્પનામાત્ર, મોક્ષ સંતતિવિચ્છેદરૂપ છે કે ભવના અભાવરૂપ... વિગેરે માન્યતાઓની આનુષાંગિક ચર્ચા કરીને હવે મૂળભૂત વિષયને આગળ વધારતાં કહે છે કે –

❉ मूलम् ।

अपज्जवसियमेव सिध्धसुक्खं । एत्तो चेवुत्तमं इमं, सव्वहा अणुस्सुगत्ते अणंतभावाओ । लोगंत-सिध्धिवासिणो एए । जत्थ एगो तत्थ णियमा अणंता । अकम्मुणो गई पुव्वपओगेण अलाबुप्पभि-इणायओ । नियमो अओ चेव । अफुसमाणगईए गमणं । उक्करिसविसेसओ इयं । अव्वोच्छेदो भव्वाणं अणंतभावेण, एयमणंताणंतयं, समया एत्थ णायं ।

भव्वत्तं जोगयामेत्तमेव केसिंचि पडिमाजोग्ग-दारुणिदंसणेणं, ववहारमयमेयं, एसो वि तत्तंगं पवित्तिविसोहणेण, अणेगंतसिध्धिओ, निच्छयंग-भावेण परिसुध्धो उ केवलं । एसा आणा इह भगवओ समंतभद्दा तिकोडीपरिसुध्धिए अपुण-बंधाइगम्मा ।

एयपियत्तं खलु एत्थ लिंगं, ओचित्तपवित्ति-विन्नेयं, संवेग-साहगं नियमा, न एसा अन्नेसिं देया,

लिंगविवज्जयाओ तप्परिण्णा, तयणुग्गहट्ठाए आम-कुंभोदगनासनाएणं, एसा करुणत्ति वुच्चइ एगंत-परिसुध्धा अविराहणाफला तिलोगणाहबहुमाणेणं निस्सेयस साहिग त्ति पव्वज्जाफलसुत्तं ॥५॥

॥ समत्तं पंचसुत्तं ॥

❃ अवचूरिः ।

अपर्यवसितमेवमुक्तेन विधिना सिद्धसौख्यम् । अत एव कारणादुत्तममिदम् । एतदेव स्पष्टमभिधातुमाह - सर्वथाऽनुत्सुकत्वे अनन्तभावात् कारणात् । क्व निवास एषामित्याह- लोकान्त-सिद्धिवासिन एते लोकान्ते या सिद्धिः प्रशस्तक्षेत्ररूपा तद्वासिन एते सिद्धा । कथं व्यवस्थिताः ? इत्याह -

यत्रैकः सिद्धस्तत्र क्षेत्रे नियमादनन्ताः सिद्धाः । कथमिह कर्मक्षये लोकान्तगमनमित्याह- अकर्मणः सिद्धस्य गतिरितो - लोकान्तं पूर्वप्रयोगेण हेतुना तत्स्वाभाव्यात् । कथमेतदेवं प्रति -पत्तव्यमित्याह - अलाबुप्रभृतिज्ञाततः । अष्टमृल्लेपलिप्त जल-क्षिप्ताऽधोनिमग्नतदपगमोर्ध्वगमनस्वभावाऽलाबुवत् प्रकृतिग्रहणा -देरंडफलादिग्रहः ।

तत्रैव वाऽसकृद् गमनागमनं किं नेत्येतदाशङ्क्याह - नियमतोऽत एवाऽलाबुप्रभृतिज्ञाततः । अस्पृशद्गत्या गमनं सिद्धस्य

सिद्धक्षेत्रं प्रति । कथमियं सम्भवतीत्याह - उत्कर्ष - विशेषत इयं गत्युत्कर्षविशेषदर्शनादेवमस्पृशद्गतिः सम्भवति सिद्धस्य पुनराग-मनात् कालस्य चानादित्वात्, षण्मासान्तः प्रायोऽनेकसिद्धेः भव्योच्छेदप्रसङ्ग इति विभ्रमनिरासार्थमाह - अव्यवच्छेदो भव्या -नामनन्तभावेन तथा सिद्धिगमनादावपि । वनस्पत्यादिषु काय-स्थितिक्षयदर्शनादनन्तस्याऽपि राशेः क्षयोपपत्तेः पुनः संशयेति तद्व्यवच्छित्त्यर्थमाह- एतदनन्तानन्तकं न युक्ताऽनन्तकादि, समया अत्र ज्ञातम्, तेषां प्रतिक्षणमतिक्रमेऽनुच्छेदोऽनन्तत्वात् ।

एवञ्च सति भव्यत्वं योग्यतामात्रमेव सिद्धिं प्रति, केषाञ्चित् प्राणिनां ये न कदाचिदपि सेत्स्यन्ति को वा एवमभव्येभ्यो विशेषो - भव्यानामित्याशङ्काव्यपोहायाह - प्रतिमायोग्यदारूनिदर्शनेन । एतद् दारू प्रतिमायोग्यं ग्रन्थ्यादिशून्यतया, तदन्यत् तद्युक्ततयेति । व्यवहारमतमेतत् । एषोडपि तत्त्वाङ्गं, एषोऽपि व्यवहारनयः परमार्थाऽङ्गं मोक्षाऽङ्गमित्यर्थः ।

कुतः ? इत्याह - प्रवृत्तिविशोधनेन, तन्मतेन प्रव्रज्यादिप्रदानात् परलोकप्रवृत्तिविशोधनेन, एवमनेकान्तसिद्धिस्तन्नीत्या । तथा निश्चयाऽङ्गभावेन, एवं प्रवृत्त्याऽपूर्वकरणादिप्राप्तेः । परिशुद्धस्तु केवलमाज्ञापेक्षी पुष्टालम्बनः ।

एषा आज्ञा इह भगवत उभयनयगर्भा अथवा पञ्चसूत्रोक्ता सर्वैव समन्तभद्रा सर्वतो निर्दोषा । त्रिकोटिपरिशुद्ध्या कष-च्छेद-

तापपरिशुद्ध्या । इयञ्च भगवदाज्ञा सर्वैवाऽपुनर्बन्धकादिगम्या । अपुनर्बन्धका ये सत्त्वा उत्कृष्टां कर्मस्थितिमपुनःस्थितिबन्धकत्वेन क्षपयन्ति । आदिशब्दाद् मार्गाभिमुख-मार्गपतितादयः परिगृह्यन्ते ।

एतत् प्रियत्वं खल्वत्र लिङ्गं, आज्ञाप्रियत्वमपुनर्बन्धकादि लिङ्गम् । प्रियत्वमुपलक्षणं श्रवणाऽभ्यासादेः । एतदप्यौ-चित्यप्रवृत्तिविज्ञेयम् । तदाराधनेन तद् बहुमानात् । संवेगसाधकं नियमात् । यस्य भगवदाज्ञा प्रिया तस्य नियमतः संवेगः, यत एवमतो नैषान्येभ्योऽपुनर्बन्धकादिव्यतिरिक्तेभ्यः संसाराभिनन्दिभ्यो [देया] इत्यर्थः । कथं ज्ञायन्ते ? इत्याह - लिङ्गविपर्ययात् तत्परिज्ञा उक्तञ्च -

क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ।।७६।।

[यो.द / यो. बिन्दु.]

किमिति न तेभ्यो देयेत्याह - तदनुग्रहार्थं संसाराभिनन्दि-सत्त्वानुग्रहार्थं । उक्तञ्च -

अप्रशान्तमतौ शास्त्रसद्भावप्रतिपादनम् ।
दोषायाभिनवोदीर्णे शमनीयमिवज्वरे ।।७७।।

[लोकतत्त्वनिर्णये]

आमकुम्भोदकन्यासज्ञातेन । एषा करूणोच्यते, अयोग्येभ्यः सदाज्ञाऽप्रदानरूपा । एकान्तपरिशुद्ध्या तदपायपरिहारेण । अत

एवेयमविराधनाफला सम्यगालोचनेन । न पुनर्ग्लानाऽपथ्यप्रदान निबन्धनकरूणावत्तदाभासा । इयं चैवम्भूता त्रिलोकनाथबहुमानेन हेतुना निःश्रेयससाधिकेति । किमुक्तं भवति ?। ना ऽ नागमिकस्येयं भवति किन्तु परिणताऽऽगमिकस्य । अस्य च भगवत्येवं बहुमानः, एवं चेयं मोक्षसाधिकैव सानुबन्धशुभप्रवृत्तिभावेन ।

॥ इति प्रव्रज्याफलसूत्रस्यावचूरिः ॥

प्रशस्तिः ॥

श्रीहरिभद्रसूरिकृतवृत्तेस्तदुपरिलिखितेय [ मवचूरिः ] भट्टारक श्रीज्ञानसागरसूरिपादकमलोपासकेन उदयकलशगणिना स्वपरार्थ -मिति ॥

॥ इति पञ्चसूत्रोपर्यवचूरिः सम्पूर्णा ॥

❋ **'પંચસૂત્ર પ્રકાશ' :**

સિદ્ધ ભગવંતોનું જે અતુલનીય સુખ છે તે તેઓને સદાક્ષણ અનુભવ ગમ્ય હોય છે અને તે સુખ કદાપિ અંત પામવાનું નથી. તેથી જ જગતમાં અદ્વિતીય ઉત્તમ સુખ આ શ્રી સિદ્ધ ભગવંતોનું સુખ છે. આ સુખ ઉત્તમ હોવાના પણ બે કારણો છે. એક તો આ સુખ અંતરહિત છે તે અને બે, આ સુખમાં ઉત્સુકતા નામનો દોષ નથી.

સિદ્ધોનું સુખ અનંતુ છે તે જ તે સુખની ઉત્સુક્તા મુક્ત સ્થિતિનું કારણ છે કેમકે ઉત્સુકતા જ્યાં આવે છે ત્યાં તે પદાર્થના અંતનો અપ્રગટ ભય પણ રહેલો હોય છે. અહીં એવું નથી તેથી ઉત્સુક્તાનું તાર્કિક કારણ પણ રહે તેમ નથી.

- **સિદ્ધભગવંતો ક્યાં રહે છે ? કેવી રીતે ત્યાં ગમન કર્યું ?**

૧૪ રાજલોકના અંતભાગે 'સિદ્ધશિલા' નામે જે ધરતી છે જે ૪૫ લાખ યોજન લાંબી અને એક યોજન ઊંચી છે તેના ઉપર આ સિદ્ધ ભગવંતો રહેલાં છે, સાદિ અનંતકાળ માટે ત્યાં તેમની સ્થિતિ છે.

વિશેષતા તો તે છે કે ત્યાં એક સિદ્ધભગવંત જ્યાં રહેલાં છે તે જ આકાશપ્રદેશને અવગાહીને અનંત-અનંત સિદ્ધો રહેલાં છે.

હવે પ્રશ્ન જો તેવો થતો હોય કે કર્મનો ક્ષય થતાં આત્મા લોકાગ્ર ભાગે કેમ ગમન કરે છે ? તો તેનો જવાબ તે છે કે સંપૂર્ણ કર્મક્ષય કરીને ચરમ નિર્વાણ પામતાં પહેલાં આત્માએ કર્મના પૂર્ણ ક્ષય માટે જે પ્રકૃષ્ટતમ અધ્યવસાયો ધારણ કરવાનો પુરુષાર્થ કર્યો, આ પૂર્વપ્રયોગ છે અને તેના જ કારણે આત્મા અંતિમ નિર્વાણ પામીને લોકાગ્ર ભાગે ગમન કરે છે. વળી, આત્માનો તેવો સ્વભાવ પણ છે કે વિશુદ્ધ આત્મદશા પામેલો આત્મા હંમેશાં ઊર્ધ્વગમન કરે.

વિશુદ્ધ આત્મદશા પામેલા જીવની આવી પ્રકૃતિ સાબિત કરનારાં દૃષ્ટાંતો અનેક છે. જેમ કે **अलाबुदृष्टान्त** । તુંબડાને માટીના આઠ લેપ કરીને પાણીમાં મૂકી દો, તે સીધું પાણીના તળિયે પહોંચી જશે. તે પછી ધીરે ધીરે એક પછી એક માટીના લેપ ઉખડતાં જશે ત્યાં સુધી તે તળિયે જ બેઠું રહેશે અને જ્યાં આઠે આઠ લેપ ઉખડી જશે કે તુરંત ક્ષણમાત્રમાં સપાટી પર આવી જઈ ત્યાં સ્થિર થઈ જશે. સપાટી પર આવ્યાં પછી તે પાછું પાણીમાં ડૂબશે પણ નહીં.

બસ, તેવું જ આ આત્માનું છે. આઠ કર્મરૂપી મળ આત્માને વળગ્યાં છે તેથી તે સંસારમાં ડૂબ્યો છે. આઠે કર્મોના મળ નષ્ટ થઈ જશે એટલે તે સંસારથી મુક્ત થઈ લોકાગ્ર ભાગે પહોંચી જશે.

મોક્ષમાં ગયેલાં સિદ્ધો ફરી કેમ સંસારમાં આવતાં નથી ? એવી જો શંકા થતી હોય તો તેનો જવાબ તે છે કે સંસારમાં આત્માને ડૂબાડી રાખનાર પ્રેરક બળ કર્મ હતું. હવે તેમને કર્મનામનું પ્રેરક બળ જ અસરકર્તા નથી તેથી તેઓ ફરી વાર સંસારમાં આગમન કરતાં નથી.

તુંબડાનું દૃષ્ટાંત અહીં પણ સાક્ષીરૂપ છે. તુંબડાને લાગેલી માટી તેને જળમાં ડૂબાડે છે. હવે જો માટીનો સંગ તેને થાય જ નહીં તો તે કદી જળમાં ડૂબે નહીં.

સિદ્ધ ભગવંતો અહીંથી લોકાગ્રભાગે પહોંચે છે તેમાં એક સમયથી વધુ તેમને સમય થતો નથી અને આ એક સમયની તેમની ઉર્ધ્વગતિ પણ **'अस्पृशद् गति'** કહેવાય છે એટલે કે તિર્છાલોકમાંથી લોકાગ્ર સુધી તેઓ પહોંચે ત્યારે વચ્ચે જે-જે દ્રવ્યો આવે તે પૈકી એકેય ને તે સ્પર્શતા નથી.

- **તો સંસારનો અંત થઈ નહીં જાય ? :**

એક તરફ જિનાજ્ઞા એમ કહે છે કે સંસાર અનાદિ છે, બીજી તરફ એમ કહે છે કે સિદ્ધો સંસારમાં પુનરાગમન કરતાં નથી અને ત્રીજી તરફ એવું પણ ઉમેરે છે કે છ મહિનામાં એક આત્મા તો જરૂર મોક્ષમાં જાય અર્થાત્ એક આત્માનું સંસારમાંથી મોક્ષ ગમન થયું તે પછી બીજો આત્મા સંસારમાંથી મોક્ષે જાય તે બે ઘટનાનો અંતરાલ કાળ વધુમાં વધુ છ મહિનાનો હોઈ શકે. તેથી વધુ નહીં...

જો આમ જ છે તો આ સંસાર જ એક દિવસ ખાલી નહીં થઈ જાય ? કમ સે કમ ભવ્યોનો સંસારમાંથી સંપૂર્ણ અંત નહીં થઈ જાય ?

ના, તેવું નહીં થાય. કોઈ કાળ તેવો નહીં આવે કે આ સંસારમાં અનંતા ભવ્યો વિદ્યમાન હોય નહીં. અનંતા ભવ્યો સિદ્ધ

થયાં અને થશે છતાં સંસારમાં ભવ્યોની સંખ્યા અનંત જ રહી છે અને રહેવાની છે કેમકે તેઓ અનંતા છે.

ચાલો, ભવ્યોની સંખ્યાનો કે સંસારનો ઉચ્છેદ ન થાય, પરંતુ વનસ્પતિકાય વિગેરેમાં તેમની કાયસ્થિતિનો વિચ્છેદ તો થઈ જાય ને ?

ના, તેવું પણ ન થાય કેમકે ભવ્યો અનંતાનંત છે. પ્રતિ ક્ષણ એકેક જીવ વનસ્પતિકાયમાંથી બહાર નીકળે તો પણ તેની કાયસ્થિતિ અંત નહીં પામે.

- **તો પછી ભવ્યો અભવ્યથી જુદાં શી રીતે ? :**

કેટલાં ય ભવ્યો તેવા છે જે કદી પણ મોક્ષમાં જવાના નથી, ભવ્યત્વ તો ફક્ત મોક્ષગમનની યોગ્યતારૂપ છે, મોક્ષગમનની Garrenty નથી. હવે જે ભવ્યો કદી મોક્ષમાં નથી જવાના તેમનામાં અને અભવ્યોમાં ફર્ક શો રહ્યો ?

ફર્ક યોગ્યતાનો છે. અભવ્યો પણ મોક્ષમાં જતાં નથી અને કેટલાંય ભવ્યો પણ મોક્ષમાં જનાર નથી, બંને અનાદિ - અનંત સંસારી છે છતાં અભવ્યોમાં મોક્ષગમનની યોગ્યતા જ નથી, જ્યારે બીજા નંબરના જીવોમાં મોક્ષગમનની યોગ્યતા તો છે જ.

જેમકે લાકડામાંથી મૂર્તિ બનાવવી હોય તો લાકડું સૌ પ્રથમ પ્રાયોગ્ય હોવું જોઈએ. તેમાં ગાંઠ વિગેરે ન હોવી જોઈએ. હવે જે લાકડામાં ગાંઠ વિગેરે નથી તે મૂર્તિ બનવા માટે લાયક તો છે જ છતાં તેવું તમામ લાકડું મૂર્તિ બને તેવું કદી બનતું નથી.

- **વ્યવહાર નયથી દીક્ષાદાન થાય છે :**

આ વ્યવહાર નયનો અભિપ્રાય છે. વ્યવહાર નય પણ તત્ત્વનું અભિપ્રેત અંગ છે, મોક્ષનું સાધક અંગ છે કેમકે મોક્ષની સાધનાની

તમામ ક્રિયાઓ વ્યવહાર નય વડે જ ચાલે છે. જીવોને દીક્ષાનું પ્રદાન થાય છે તે પણ વ્યવહારનયને અનુસરીને થનારી ક્રિયા છે.

આ વ્યવહારનય પણ નિશ્ચયનયને પમાડનારું અંગ છે કેમકે તે જ અપૂર્વકરણ - ગ્રંથિભેદ વિગેરે ભાવોને પમાડે છે.

નિશ્ચયનય તો અત્યંત વિશુદ્ધ છે અને માત્ર આજ્ઞાગ્રાહી છે.

હવે જિનાજ્ઞા કોને સ્વીકારે છે ? વ્યવહારને કે નિશ્ચયને ? તેવી જિજ્ઞાસા રહેતી હોય તો તેનો ઉત્તર એ છે કે જિનાજ્ઞા તે બંનેને સ્વીકારે છે, વ્યવહાર અને નિશ્ચય, બંને નયથી તે પરિકર્મિત અને ગર્ભિત છે.

સાચે, આ જિનાજ્ઞા સંપૂર્ણપણે દોષરહિત છે, સમન્તભદ્રા છે. કષ, છેદ અને તાપ... ત્રણે પ્રકારની પરીક્ષા વડે શુદ્ધ સાબિત થયેલી છે.

- **જિનાજ્ઞા અપુનર્બંધકને જ આપવી :**

આવી જિનાજ્ઞાને અપુનર્બંધક વિગેરે જીવો જ સમજી શકે. મોહનીય વિગેરે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ જેઓ હવે કદાપિ ફરી નહીં બાંધે તેને અપુનર્બંધક જીવો કહેવાય. હા, તેઓમાં માર્ગપતિત અને માર્ગાભિમુખ... જેવા ભેદો પડે અને તે અહીં ગ્રાહ્ય છે.

**અપુનર્બંધકને જ જિનાજ્ઞા સમજાવવી. દીક્ષા પણ જઘન્યથી અપુનર્બંધકને જ આપવી.** અપુનર્બંધક કોણ છે અને કોણ નહીં તે નક્કી શી રીતે કરવું ?

તેના લક્ષણો શાસ્ત્રે દર્શાવ્યાં છે. જેને જિનાજ્ઞાનો પ્રેમ હોય તેવા જીવો અપુનર્બંધક હોવાની સંભાવના છે. **આજ્ઞાનો પ્રેમ એ અપુનર્બંધકપણાનું પ્રધાન લક્ષણ છે.**

જેમને જિનાજ્ઞાનો પ્રેમ છે તેમને નિયમા સંવેગ ગમે છે, પ્રગટે છે. એથી તેઓ આત્માનંદી બને છે. ભવાભિનંદી જીવો કરતાં તેઓ જુદાં છે. ભવાભિનંદી જીવોને આ જિનાજ્ઞા આપવી નહીં, તાત્પર્ય એ છે કે ભવાભિનંદી જીવોને આ શ્રુતજ્ઞાન અને પ્રવ્રજ્યા આપવા નહીં.

- **ભવાભિનંદી જીવોને દીક્ષા ન આપો તેમાં કરુણા રહેલી છે...**

(૧) ક્ષુદ્રતા (૨) લાલચ (૩) દીનતા (૪) ઈર્ષ્યા (૫) ડર (૬) કપટ (૭) જડતા... આ સાત દોષોનો પ્રકર્ષ ભવાભિનંદી પણાની નિશાની છે.

આ સાત દોષોનો પ્રકર્ષ ધરાવનારા ભવાભિનંદીને દીક્ષા ન આપવામાં પણ તેવા જીવો ઉપર ઉપકાર થાય છે... કેમકે એવા જીવોને જિનાજ્ઞા સમજાવવાથી અને તેના આચરણનો અધિકાર આપવાથી તેઓ જિનાજ્ઞાની વધુ ને વધુ કદર્થના કરનારા જ બને છે.

**"ઉદ્ધત બુદ્ધિવાળા જીવને શાસ્ત્રજ્ઞાન આપવું નહીં કેમકે તેથી તેમની ઉદ્ધતાઈ વધતી જ ચાલે છે, ચડતાં તાવમાં પાણી ન અપાય તેમસ્તો."**

**'લોકતત્ત્વ નિર્ણય'** ગ્રંથમાં ઉક્ત અભિપ્રાય આપ્યો છે.

કાચા ઘડામાં પાણી ન ભરી શકાય તેમ ભવાભિનંદી, જીવોને અરિહંતની આજ્ઞાનું પ્રદાન ન કરી શકાય. તે ન કરવામાં પણ કરૂણા જ રહેલી છે. કારણ કે તેવા જીવો જિનાજ્ઞાને સ્વીકારીને પણ અપાયો જ પેદા કરનારા બને છે અને તે રીતે સ્વયંના આત્માનું વધુ અહિત કરે છે. આ અપકારને ટાળવો છે માટે તેવી જિનાજ્ઞા છે કે ભવાભિનંદી જીવોને શાસ્ત્રજ્ઞાન અને સંયમ આપવા નહીં.

દર્દીને કુપથ્ય ખવડાવો તેમાં જે કરૂણા દેખાય છે તે ફક્ત આભાસ માત્ર છે, વાસ્તવિક નથી. તે જ રીતે અયોગ્યને શાસ્ત્રજ્ઞાન - સંયમ વિગેરે પ્રદાન કરવામાં ક્યાંય કરૂણા નથી, જે છે તે કરૂણાનો આભાસ છે.

આ વિધાન પણ ત્રિલોકપતિ અરિહંતે જ કરેલું છે.

અરિહંતની આજ્ઞા એવી છે કે બહુમાનપૂર્વક તેને આરાધો તો તે પરમ કલ્યાણને કરનારી બને છે. અપરિણત કે અતિપરિણત જીવોને તે તારતી નથી, પરિણત જીવોને જ તે તારે છે, પરિણત જીવોને જિનાજ્ઞા પ્રત્યે અપરંપાર બહુમાન છે, તેઓ સાનુબંધ પણે મોક્ષને સાધનારી તેવી શુભક્રિયાઓને આરાધનારા છે...

॥ ઈતિ 'પંચસૂત્ર પ્રકાશ' ગુજરાતી વિવરણ ॥

# ગીતાર્થ પ્રવરશ્રી

## દ્વારા સર્જિત-સંપાદિત સાહિત્ય

❖ **લિખિત :**

- ☞ સિદ્ધાંતોના ધનુર્ધારી.......................................... અપ્રાપ્ય
- ☞ નહીં જોઈએ, ૨૬૦૦ની રાષ્ટ્રીય ઉજવણી.......................... અપ્રાપ્ય
- ☞ ૬ માસથી અધિક ઉપવાસ જૈન શાસનને માન્ય ખરાં ? .......... અપ્રાપ્ય
- ☞ ૨૬૦૦નું ઝેરીલું આક્રમણ...................................... અપ્રાપ્ય
- ☞ હાંકી કાઢો ગિરનાર રોપ-વે ને.................................. અપ્રાપ્ય
- ☞ સમાધિ ધારા................................................. અપ્રાપ્ય
- ☞ મારી ૧૨ પ્રતિજ્ઞાઓ (ચાર આવૃત્તિ) ........................ રૂા. ૧૦/-
- ☞ ભાવાચાર્ય વંદના (બે આવૃત્તિ)................................ રૂા. ૧૦/-
- ☞ નૂતન અરિહંત વંદનાવલી (બે આવૃત્તિ) ........................ રૂા. ૧૦/-
- ☞ સમેતશિખર તીર્થની ભાવયાત્રા-સચિત્ર (ત્રણ આવૃત્તિ) ........ રૂા. ૫૦/-
- ☞ અષ્ટાપદ તીર્થની ભાવયાત્રા - સચિત્ર (ત્રણ આવૃત્તિ).......... રૂા. ૭૦/-
- ☞ શ્રદ્ધાંજલિ..................................................... સાદર
- ☞ જપો નામ, સૂરિરામ ............................................ રૂા. ૬૦/-
- ☞ સીમંધરસ્વામીની ભાવયાત્રા (ત્રણ આવૃત્તિ) ...................... રૂા. ૧૦/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો -૧ ..........................................અપ્રાપ્ય/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો -૨ ..........................................અપ્રાપ્ય/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો -૩ ..........................................અપ્રાપ્ય/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો -૪ .......................................... રૂા. ૧૦/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો -૫ .......................................... રૂા. ૧૦/-

- ☞ કેટલાંક પૂર્વજન્મો -૬ ........................................ રૂા. ૧૦/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો - ૭ ........................................ રૂા. ૧૦/-
- ☞ કેટલાંક પૂર્વજન્મો - ૮ ........................................ રૂા. ૧૦/-
- ☞ તપવંદના ........................................ રૂા. ૧૦/-
- ☞ જૈન લગ્નવિધિની જૈનશાસ્ત્ર નિરપેક્ષતા ........................................ સાદર
- ☞ પૂર્વપુરૂષોની અંતિમ આરાધના (બે આવૃત્તિ) .................. રૂા. ૧૦/-
- ☞ કીર્તિગાથા શ્રી હેમચંદ્રાચાર્યની (સચિત્ર) (બે આવૃત્તિ)........ રૂા. ૧૦૦/-
- ☞ વૈરાગ્યધારા (વૈરાગ્યશતકનો પદ્યાનુવાદ) ................................ સાદર
- ☞ વૈરાગ્યપતાકા (ઈન્દ્રિયપરાજયશતકનો પદ્યાનુવાદ) ................ અપ્રાપ્ય
- ☞ નેમિનાથ કથા ........................................ રૂા. ૧૦/-
- ☞ પાર્શ્વનાથ કથા ........................................ રૂા. ૧૦/-
- ☞ સુપાર્શ્વનાથ કથા ........................................ રૂા. ૧૦/-
- ☞ શાસ્ત્રીય પ્રશ્નોત્તર - ૧ ........................................ રૂા. ૩૦/-
- ☞ અષ્ટમંગલના દર્શની ઉછામણીઓ : તટસ્થ સમીક્ષા .................. સાદર

❖ **हिन्दी साहित्य (लिखित)**

- ☞ नई अरिहंत वंदनावली (दो आवृत्ति)........................................ रु. 10/-
- ☞ समेतशिखर तीर्थ की भावयात्रा (सचित्र)................................ रु. 50/-
- ☞ सफर पूर्वजन्मो का - 1 (सचित्र)........................................ रु. 200/-
- ☞ सफर पूर्वजन्मो का - 2 (सचित्र) ........................................ रु. 200/-
- ☞ *सफर पूर्वजन्मो का - 3 (सचित्र)* ........................................ रु. 100/-
- ☞ यशोगाथा श्री हेमचन्द्राचार्य की (सचित्र) .............................. रु. 100/-
- ☞ अष्टापद तीर्थ की भावयात्रा (सचित्र)........................................ रु. 50/-
- ☞ भावाचार्य वंदना ........................................रु. 10/-

❖ **સંસ્કૃત નૂતન ટીકા + ગુજરાતી સટીક અનુવાદવાળા ગ્રંથો :**

- ☞ आत्मनिंदाद्वात्रिंशिका + 'तत्त्वरुचि' टीका
- ☞ रत्नाकर पञ्चविंशतिका + 'मङ्गलमाला' टीका

- ☞ सम्यक्त्व रहस्य प्रकरण + 'बोधिपताका' टीका
- ☞ सुमतिसम्भव महाकाव्य + 'मोक्षमञ्जरी' टीका

## ❖ સંપાદિત સાહિત્ય (સંસ્કૃત)

- ☞ स्तुतिनंदिनी ........................................................ रु. 65/-
- ☞ शोभनस्तुति ........................................................ अप्राप्य
- ☞ धन्यचरित्रम् ........................................................ अप्राप्य
- ☞ कादम्बरी-1-2 ........................................................ रु. 400/-
- ☞ शोभनस्तुति वृत्ति माला - 1-2 .................................... रु. 400/-
- ☞ प्रबोधचिन्तामणिः ........................................................ अप्राप्य
- ☞ पार्श्वनाथचरित्रम् ........................................................ रु. 100/-
- ☞ चन्द्रप्रभचरित्रम् - 1-2 ................................................ रु. 400/-
- ☞ श्री कल्याणमंदिर स्तोत्रम् (पदच्छेद-अन्वय-अनुवाद समास सहित) .... रु. 200/-

## ❖ ભાવાનુવાદ વાળા ગ્રંથો

- ☞ सिद्धहेमचन्द्रधातुपाठ : (अर्थ-गण-पद-सेट विभाग सहित) .......... अप्राप्य
- ☞ पञ्चसूत्र (अवचूरि) भावानुवाद साथे .................................... रु. .....
- ☞ तपा-खरतर भेद (ગુજરાતી) ................................................ अप्राप्य

## ❖ સંપાદિત સાહિત્ય (ગુજરાતી)

- ☞ ગાયું, માનતુંગસૂરિએ ................................................ અપ્રાપ્ય
- ☞ કુમારપાળ રાજાનાં રાસનું રહસ્ય .................................... રૂા. ૩૦૦
- ☞ પ્રબંધ ચિંતામણી ........................................................ રૂા. ૨૦૦

## ❖ हिन्दी साहित्य (संपादित)

- ☞ चैत्री पूर्णिमा के देववंदन-सविधि
  (शत्रुंजय की नव टूंक के फोटोग्राफस सहित) ........................ रु. 50/-

❖ નિશ્રિત

☞ મીઠા સંભારણા........................................................... સાદર

☞ પોષદશમીની વિસ્તૃત આરાધના.................................... અપ્રાપ્ય

❖ **પૂજ્યશ્રી દ્વારા પ્રેરિત અને ડૉ. કવિન શાહ દ્વારા સંપાદિત સંશોધિત પુસ્તકો**

☞ 'વેલી' કાવ્ય સંગ્રહ

☞ લાવણી કાવ્ય સ્વરૂપ અને સમીક્ષા

☞ *ચાલો, વિવાહલો કાવ્યને જાણીએ*

☞ જૈન સાહિત્યની પરિભાષા

☞ જૈન ગીતા દર્શન

## આગામી પ્રકાશનો

☞ ૭૨-યાત્રા નવ્વાણું કરીએ

☞ ૭૩-શાસ્ત્રીય પ્રશ્નોત્તર (ભાગ-૨)

☞ 74-अष्टमंगल के दर्शन की बोलियाँ : निष्पक्ष समीक्षा (हिन्दी)

☞ 75-यतिप्रतिक्रमणसूत्रम् - અપ્રગટ વૃત્તિના સંશોધન સાથે...

☞ 76-तपा-खरतर भेद - हिन्दी

કુસુમ-અમૃત ટ્રસ્ટ, વાપીના સરનામે સંપર્ક કરવાથી
ઉપલબ્ધ સાહિત્ય મેળવી શકાશે.

**પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને
તમામ સાહિત્ય સાદર અર્પણ કરાય છે.**

# અભિપ્રાય પત્રો


संस्कृतछायोपेतं, सटीकगूर्जरानुवादसमन्वीतं,
'बोधिपताका' टीकया समलङ्कृतं
सम्यक्त्वरहस्यप्रकरणम्
-: ग्रन्थसङ्कलनकर्ता :-
सुगृहीतनामधेयाः शास्त्रज्ञशिरोमणयश्च
पूज्यपादाः पूर्वाचार्यश्री सिद्धसेनसूरीश्वराः
-: टीकारचयिता :-
मुनिर्हितवर्धनविजयः

**આસો સુદ-૧૦, કાંડાગરા, કચ્છ**

ધર્મલાભ સહ જણાવવાનું કે તમારા તરફથી બોધિપતાકા ટીકોપેત **सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથ મળ્યો. ટીકાકાર મુનિરાજ શ્રી હિતવર્ધન વિજયજી. મ.ને ખૂબ-ખૂબ ધન્યવાદ ! વિશદ ટીકા અને ગુજરાતી વિવરણ સાથેનો આ અપ્રગટ ગ્રંથ પ્રગટ થયો છે તેથી તે અનેક આત્માઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ-વૃદ્ધિ-શુદ્ધિમાં ઉપયોગી બનશે.

**આ. કલાપ્રભસાગરસૂરિ**
(અંચલગચ્છીય)

---

**આસો વદ-૧૪, ઉદયપુર**

તમારા તરફથી પ્રકાશિત **सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથ પ્રાપ્ત થયો. અદ્યાવધિ અપ્રગટ ગ્રંથનું સંશોધન-પ્રકાશન તેમજ વિદ્વાન મુ.શ્રી હિતવર્ધન વિ.ની **बोधिपताका** ટીકા ભાવાનુવાદ સહિત જોઈ આનંદ થયો. મુનિશ્રી તેમજ તમો આવા સુંદર ગ્રંથો પ્રકાશિત કરતાં રહો તે જ અભ્યર્થના

**મુ. દિવ્યકીર્તિ વિ. ગણીના ધર્મલાભ**
('સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**કારતક સુદ-૨, જામનગર**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથ મળ્યો. આપના તરફથી થયેલ ટીકા રચનાની ભૂરિ ભૂરિ અનુમોદના. ગ્રંથનું વાંચન કરતાં કંઈક નવું જાણવા મળ્યું એનો આનંદ થયો.

**મુનિ પ્રશમપૂર્ણના વંદન**
('સૂરિ રામચન્દ્ર' સમુદાય)

**આસો સુદ-૩, મુલુંડ**

**'बोधिपताका'** ટીકાથી સમલંકૃત 'સમ્યક્ત્વ રહસ્ય પ્રકરણમ્' પુસ્તક મળ્યુ છે. ૧૩૨ સાક્ષી પાઠોથી યુક્ત આ નજરાણું અનેક આત્માઓ માટે માર્ગદર્શક પુરવાર થઈને રહે એ જ અંતરની શુભકામના સાથે...

**રત્નસુંદરસૂરિની અનુવંદના**
(આ.જયઘોષ સૂ.મ.નો સમુદાય)

---

**૧૨/૧૦/૨૦૧૦, પાટણ**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** મળ્યું. મુ. હિતવર્ધન વિજયજી મ.સા. એ **'बोधिपताका'** ટીકા પોતે લખી જે મહેનત કરી છે તે ધન્યવાદને પાત્ર છે. ઉપરાંત ગુજરાતી અનુવાદ પણ લખ્યો હોઈ વિદ્વાનો, પ્રાથમિક અભ્યાસુ વર્ગ અને સામાન્ય જન સહુ કોઈને ખૂબ જ ઉપયોગી થશે.

**પંન્યાસ પુંડરિકરત્ન વિજય**
(શાસનસમ્રાટ્ - સમુદાય)

---

**મરીનડ્રાઈવ-મુંબઈ**

પં. કૈવલ્યબોધિ વિ. મ. / પૂ. પં. પદ્મબોધિ વિ. મ. તરફથી.. **सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથ મળ્યો. દુર્બોધ - ગહન શ્લોકો પર વિસ્તૃત અને પ્રૌઢ વિવરણ જોઈને આનંદ થયો. શાસનનો વિસ્તાર ખૂબ વધ્યો છે ત્યારે એના ઉંડાણને બતાવનારાં આવા પ્રકાશનો વર્તમાનમાં ખરેખર ઈચ્છનીય છે. હજી અનેક ગ્રંથપુષ્પોથી શાસનની પૂજા કરતા રહો એ જ અભ્યર્થના...

**ગુર્વાજ્ઞાથી મુ. તીર્થબોધિ વિ.**
(આ. જયઘોષ સૂ.મ.નો સમુદાય)

**આસો સુદ-પૂનમ, નંદરબાર**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** મળ્યું.ટીકાકારશ્રીએ અનેક ગ્રંથોમાંથી સામગ્રીનું ઉદ્ધરણ કરીને પ્રસ્તુત ગ્રંથને ખરેખર આદેય બનાવ્યો છે. તેમના હાથે ભવિષ્યમાં પણ આવા અનેક ગ્રંથોની રચના થાય એ જ અભિલષણીય છે.

**વિ. કુલચન્દ્રસૂરિના ધર્મલાભ**

(આ. જયઘોષ સૂ.મ.નો સમુદાય)

---

**આસો સુદ-૨, આણંદ**

ધર્મલાભ,

સટીક **सम्यक्त्वरहस्यप्रकरणम्** ગ્રંથ મળી ગયો. સમ્યક્ત્વનો વિષય આમ પણ મને વધુ પ્રિય છે એટલે આ ગ્રંથના પ્રકાશનથી વિશેષ આનંદ થયો. ટીકાકાર મુનિવરનો શ્રમ ટીકામાં જણાઈ આવે છે. લુપ્ત થયેલ ટીકારચનાનો પુરૂષાર્થ પુનઃ જાગૃત કરી રહ્યાં છે તેથી ખૂબ આનંદ. પૂ.આ.ભ.શ્રી ચન્દ્રગુપ્ત સૂ.મ.એ આ ગ્રંથને સૂક્ષ્મદષ્ટિએ તપાસ્યો છે તે મોટી વિશેષતા છે.

**પં. જયદર્શન વિ. ગણીના ધર્મલાભ**

('સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**આસો સુદ-૪, વઢવાણ**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** સટીક ગ્રંથ મળ્યો. તમારો પ્રયાસ સ્તુત્ય છે. મહેનત જોરદાર છે. તેના દ્વારા ક્ષાયિક સમ્યગ્દર્શનના ભાગી બનીએ એ જ શુભાભિલાષા.

**ધર્મતિલક વિ.ની અનુવંદના**

(હાલઃ ગણિવર / 'સૂરિ રામચન્દ્ર' સમુદાય)

**કારતક સુદ-૯, સેટેલાઈટ, અમદાવાદ.**

**'सम्यक्त्वरहस्यप्रकरणम्'** નું જે પુસ્તક તમે પ્રગટ કર્યું તે મળી ગયું છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી રક્ષણ માટે મિથ્યાત્વના સ્થાનોથી દૂર રહેવાની વધુ જરૂર છે અને તે તમોએ પુસ્તકમાં મિથ્યાત્વના પરિહાર માટે જે સુંદર સમજણ આપી છે તે અનુમોદનીય છે. સંસારના સુખો ગુણની પ્રાપ્તિની આડે નથી આવતા પણ સુખ પરનો રાગ ગુણની પ્રાપ્તિની આડે આવે છે. આ વસ્તુ તમે જે ખૂબીથી સમજાવી છે તે મનનીય છે.

**મુ. પ્રશાંતદર્શન વિ.ની અનુવંદના**

('સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**આસો સુદ-૧૩, સાબરમતી**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** મળ્યું. તમોએ લિપ્યંતર – શુદ્ધિકરણ કરવા પૂર્વક ટીકાની રચના કરીને અનેક ગ્રંથોની સાક્ષી તેમાં આપવા પૂર્વક આ અપ્રગટ ગ્રંથને સરળભાષામાં બનાવીને ખૂજ જ સુંદર કાર્ય કરેલ છે. ખૂબ-ખૂબ અનુમોદના...

**નયભદ્ર વિ. ની અનુવંદના**

(હાલઃ પંન્યાસ / 'સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**ભાદરવા સુદ-પૂનમ, અમદાવાદ.**

**सम्यक्त्वरहस्यप्रकरणम् ! મારી દષ્ટિએ મહારાજજીને અપાયેલી આ સર્વશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ છે.** એ માટે તમને હૃદયથી અભિનંદન. તમારી હૃદયથી અનુમોદના...

**હિતરતિ વિજય**

('સૂરિ રામચન્દ્ર' સમુદાય)

**ભાદરવા વદ-૧૨, નવસારી**

એક અપ્રગટ કૃતિને ટીકા+અનુવાદથી મંડિત કરીને પ્રકાશમાં લાવવા માટે ખૂબ ખૂબ ધન્યવાદ ! છાપામાં 'બોધિપતાકા'ની સત્કારયાત્રા - વિમોચન વિગેરેના સમાચાર હતા. પ્રસંગ સરસ રહ્યો હશે.

**આ. મુનિચન્દ્રસૂરિ**

(બાપજી મ.નો સમુદાય)

---

**૧૨/૧૦/૨૦૧૦, છાણી**

**'सम्यक्त्वरहस्यप्रकरणम्'** નું વિહંગાવલોકન કરવાનું થયેલ. આપણા સહુના પરમતારક ગુરુદેવશ્રીનો અતિપ્રિય વિષય પ્રસ્તુત ગ્રંથમાં નૂતન ટીકા દ્વારા અલંકૃત થઈને અને અનેક વિધ ગ્રંથોના સાક્ષીપાઠો સાથે સમૃદ્ધિવંત થઈને પ્રાપ્ત થયો છે. **આ અહોભાગ્ય તમારી પરિકર્મિત-તીક્ષ્ણ પ્રજ્ઞાને પ્રાપ્ત થયું તે તમારા માટે અનહદ આનંદદાયી કહેવાય.**

આ વિષમ કાળમાં શ્રદ્ધાને પણ જીવંત રાખવી અને તદનુસાર પાલન કરવા સદા જાગૃત રહેવુ અત્યન્ત કઠિન બની ગયેલ છે ત્યારે આ ગ્રંથરત્ન જરૂર દીવાદાંડીની ગરજ સારશે.

**મુનિ રમ્યદર્શન વિજય**

(હાલઃ ગણિવર / 'સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**વિ.સં. ૨૦૬૬, આસો સુદ-૧૦, નાશિક**

**सम्यक्त्वरहस्यप्रकरणम्-सटीक** મળ્યું. શ્રી આગમસૂત્રો આદિ ગ્રંથોના અનેક સાક્ષીપાઠો સાથે કરેલ ટીકાનું સર્જન અનુમોદનીય છે. જોતાં ખૂબ આનંદ થયો.

અપ્રગટ એવા બીજા અનેક ગ્રંથોના સંશોધન - નવ્ય ટીકાના સર્જન દ્વારા તમારી શક્તિ શાસનને લાભકારી બને અને તેમાં તમે સફલતાને પામો એ જ...

**હ. મુનિ પુન્યપ્રભ વિ.ની અનુવંદના**

(હાલ : પંન્યાસ / 'સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**૧૩/૧૦/૨૦૧૦, રોહા**

**सम्यक्त्वरहस्यप्रकरणम्** મળેલ છે.

શાસ્ત્રશિરોમણિ મહાપુરુષના દુર્લભ ગ્રંથને સુલભ બનાવી સાથે સાથે એ પુન્ય પુરૂષના સમ્યક્ત્વ વિષયક ભાવોને સંસ્કૃત-ગુર્જર બન્ને ભાષામાં ખોલી બાલ+વિદ્વજ્જનો ઉપર તમે ઉપકાર કરેલ છે.

આપણા સમુદાયમાં ગુજ. આદિમાં લખનાર, કાવ્ય રચનાર ઘણા મહાત્માઓ છે જ્યારે સંસ્કૃતમાં લખનાર વિરલ મહાત્માઓ છે. સંસ્કૃત સાહિત્યનું આયુષ્ય દીર્ઘ છે. પ્રાંતીય ભાષાઓ સમયે સમયે બદલાતી રહે છે.

તમારા સુકૃતની ભૂરિ ભૂરિ અનુમોદના...

**પં. રત્નસેન વિજય (હાલઃ આચાર્ય)**

('સૂરિ રામચન્દ્ર' સમુદાય)

---

**ભાદરવા વદ-૧૩-૧૪, અમદાવાદ**

**'सम्यक्त्वरहस्यप्रकरणम्'** વાચ્યું, ખૂબ ખૂબ આનંદ થયો.

આપણે ત્યાં સંસ્કૃતમાં ટીકા રચનારા ઓછા છે અને એમાં પણ આવા તાત્ત્વિક ગ્રંથ ઉપર ૧૩૨ સમ્યક્ત્વ અંગેના સાક્ષીપાઠ સાથે ટીકાની રચના કરેલ છે તેથી ગૌરવ અનુભવાય છે.

આપણા સમુદાયમાં ટીકાની રચના.... પ્રાયઃ આપની જ કૃતિઓ હશે. હજુ સુધી કોઈ ગ્રંથ ઉપર કોઈની સંપૂર્ણ વૃત્તિ જોવામાં આવી નથી. આપને ધન્યવાદ આપીએ એટલાં ઓછા છે.

**સા. ચંદનબાળાશ્રી ની વંદના**

---

**ભાદરવા વદ-૧૧, અમદાવાદ**

'**सम्यक्त्वरहस्यप्रकरणम्**' ગ્રંથ મળ્યો.

પ્રાચીન ગ્રંથનું પ્રકાશન... અભિનવ ટીકાની રચના સાથે... શ્રુત ભક્તિનો હાર્દિક રસ ધરાવનાર વિના બને નહિ. મુ. શ્રી હિતવર્ધન વિજયજીનું કાર્ય ખુબ જ અનુમોદનીય છે. આ ગ્રંથ જ્ઞાન પિપાસુ આત્માઓને સ્વશક્તિ અનુસાર ખૂબ ઉપયોગી નીવડશે.

**હેમપ્રભસૂરિના ધર્મલાભ**

(હાલઃ ગચ્છાધિપતિશ્રી -આ. નીતિ સૂ મ.નો સમુદાય)



# 'સૂરિ રામચન્દ્ર'ની ૨૫ મી પુન્યતિથિ

વિ.સં. ૨૦૪૭ થી ૨૦૭૨
25 Years
સ્વર્ગગમન
રજત વર્ષ
વિજય રામચન્દ્રસૂરિ મહારાજા











## પ્રસંગે હાલોલ જૈન સંઘમાં ઉજવાયો,

# ૨૫ દિવસીય મહા મહોત્સવ

**મહોત્સવ પ્રારંભ :**
વિ.સં.૨૦૭૨, અષાઢ વદ-૧૧,
તા.૩૦-૭-૨૦૧૬



**સમાપન :**
વિ.સં.૨૦૭૨, શ્રાવણ વદ-૬,
તા.૨૩-૮-૨૦૧૬







જે મહાશાસ્ત્રના એકેક શબ્દમાં
ભારે કર્મીપણાને હચમચાવી દેવાની તાકાત છે,
ચિત્તના તરંગોને નિર્મળ બનાવી દેવાનું બળ છે,
આત્માભિમુખ દ્રષ્ટિ પ્રગટાવી દેવાની શક્તિ છે અને
વિશુદ્ધ સાધનાના ફળરૂપે પ્રગટ થયેલાં જ્ઞાનની પરમ જ્યોતિ છે
તેવું મહાનશાસ્ત્ર એટલે શ્રી પઞ્ચસૂત્રમ્ ।
આ મહાશાસ્ત્ર, તેના ઉપર પૂ. પૂર્વર્ષિ
શ્રી ઉદયકલશ ગણીએ સંકલિત કરેલી અવચૂરિ
તેમજ તે બંનેના રહસ્યભૂત
પદાર્થોનું ઉદ્‌ઘાટન કરતું તથા વાચકના
હૃદયને પરમાર્થી ભાવોથી તરબતર કરતું
સરળ ગુજરાતી વિવેચન...
ત્રણે અહીં પ્રસ્તુત છે...

**ચાલો, સ્વાધ્યાય કરીએ...**

ડિઝાઈન : જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ૯૮૯૫૮ ૫૧૧૩૦